કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય વિરચિત

શ્રી સિદ્ધહેમ શબ્દાનુશાસનમ્

(લઘુવૃતિ વિવરણ)

ભાગ–૩

(અધ્યાય–૨ : પાદ–૨)

કારક પ્રકરણ

: સંપાદિકા :
પૂ.સા. પરમયશાશ્રીજી

: પ્રકાશક :
આ. શ્રી વિજયનીતિસૂરિ જૈન
તત્ત્વજ્ઞાન પાઠશાળા –અમદાવાદ

ચિત્રકૂટ-રૈવતાદિ તીર્થોદ્ધારક
પ. પૂ. આચાર્ય ભગવંત
શ્રી નીતિસૂરીશ્વરજી મ.સા.

ગચ્છાધિપતિ શાસનપ્રભાવક
પ. પૂ. આચાર્ય ભગવંત
શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મ.સા.

પૂ.સા. શ્રી મહિમાશ્રીજી મ.સા.

પૂ.સા. શ્રી નિરુપમાશ્રીજી મ.સા.

પૂ.સા. શ્રી કલ્પલતાશ્રીજી મ.સા.

॥ શાસનપતિ શ્રી મહાવીરાય નમઃ ॥ ॥ શ્રી ગૌતમસ્વામીને નમઃ ॥
॥ ૐ હ્રીં અર્હં શ્રી સીમંધરસ્વામિને નમઃ ॥
॥ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યાય નમઃ ॥ ॥ નમો નમો ગુરુ શ્રી નીતિસૂરયે ॥
॥ શ્રી નીતિ-હર્ષ-મહેન્દ્ર-મંગલપ્રભ-અરિહંતસિદ્ધ-હેમપ્રભસૂરિગુરુભ્યો નમઃ ॥

કલિકાલસર્વજ્ઞ-શ્રીહેમચંદ્રાચાર્ય-વિરચિત

શ્રી-સિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસન લઘુવૃત્તિ વિવરણ

ભાગ-૩

અધ્યાય-૨, પાદ-૨
કારક પ્રકરણ

: દિવ્યકૃપાધારા :
ગિરનારાદિ તીર્થોદ્ધારક પ.પૂ.આ.ભ.
શ્રીમદ્વિજય**નીતિસૂરીશ્વરજી મ.સા.**

: આશીર્વાદધારા :
જીરાવલાતીર્થપ્રતિષ્ઠાચાર્ય-રાયણવૃક્ષક્ષીરાભિષિક્ત
ગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. **શ્રીમદ્વિજયહેમપ્રભસૂરીશ્વરજી મ.સા.**

: પ્રેરક :
પ.પૂ.આ.ભ. શ્રીમદ્વિજયમુક્તિનિલયસૂરીશ્વરજી મ.સા.
પ.પૂ.પં.શ્રી હેમનિલયવિજયજી મ.સા.

: સંપાદિકા :
પૂ.સા. શ્રી પરમયશાશ્રીજી

: પ્રકાશક :
આ.શ્રી વિજયનીતિસૂરિ જૈન તત્ત્વજ્ઞાન પાઠશાળા
અમદાવાદ

પ્રાપ્તિસ્થાન

સુરત

- **આ. શ્રી વિજયનીતિસૂરિ આરાધના ભવન**
  C/o. જીતુભાઈ ઝવેરી, કતારગામ, સુરત (M) 93745 14860
- **રાજુભાઈ બી. શેઠ**
  કલ્પવૃક્ષ જ્વેલર્સ, 176, કુબેરનગર-1, કતારગામ દરવાજા, સુરત
  ફોન : 0261-2534863/64 (M) 94268 54714

અમદાવાદ

- **આ. શ્રી વિજયનીતિસૂરિ આરાધના ભવન**
  લુહારની પોળ, માણેકચોક, અમદાવાદ
  (M) 93740 51080, પેઢી : 079-2214 0494
- **ઉપેન્દ્રભાઈ એચ. શાહ**
  ઈ-19, આયોજનનગર સોસાયટી, શ્રેયસ રેલ્વે ક્રોસીંગ પાસે,
  નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-7
  (M) 93270 13814
- **દીપકભાઈ જીતમલજી બાગરેચા**
  ડી-104, મલ્લિનાથ એપાર્ટમેન્ટ, જૈન કોલોની સામે,
  શાહીબાગ, અમદાવાદ
  (M) 93740 51080 (રહે.) 079-3042 3313

પાટણ

- **આ. શ્રી વિજયનીતિસૂરિ તત્ત્વજ્ઞાન પાઠશાળા**
  સાગર ઉપાશ્રય બહાર, ઘીવટો, પાટણ (ઉ.ગુ.)
  (M) 94270 60603 - વિક્રમભાઈ

મુંબઈ

- **સંજયભાઈ શાહ**
  એસ.આર. ક્રિએશન્સ, 227/જી, ઝવેરબાગ, પહેલે માળ,
  ઓફિસ નં. 16, નરનારાયણ વાડી, કાલબાદેવી રોડ, મુંબઈ-400002
  (M) 98202 29419

મુદ્રક : **જય જિનેન્દ્ર ગ્રાફિક્સ** (નીતિનભાઈ-જય જિનેન્દ્ર)
30, સ્વાતિ સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ
જય જિનેન્દ્ર : 98250 24204 • કુશ : 99256 17992

સાદર સમર્પણ

જેના શાસનના કારણે જ્ઞાનનું મહત્ત્વ મળ્યું
તેવા **શ્રી મહાવીરપ્રભુ**

જેના જ્ઞાનને પામી શકાય તેવી ભાષાની પ્રાપ્તિ થઈ
તેવા કલિકાલસર્વજ્ઞ
શ્રી હેમચંદ્રાચાર્યજી ભગવંત

જેમની કૃપાના કારણે ભાષાને યત્કિંચિત્ સમજી શક્યા
તેવા ગચ્છાધિપતિ
શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મહારાજા

વાત્સલ્ય દ્વારા સિંચન કરીને રત્નત્રયીમાં
વૃદ્ધિંગત બનાવનાર
પૂ.સા. શ્રી નિરૂપમાશ્રીજી મ.સા.

જ્ઞાનગંગાનું અમૃતપાન કરાવનાર
પૂ.સા. શ્રી કલ્પલત્તાશ્રીજી મ.સા.ના
ચરણકમલમાં

સાદર સમર્પણ

''युष्मदीयं युष्मभ्यं समर्पयामि''

ગ્રંથ લાભાર્થી

ગિરનાર, ચિત્તોડ, તારંગા જેવા અનેક પ્રાચીન તીર્થોદ્ધારક
પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્
વિજયનીતિસૂરીશ્વરજી મ.સા. દ્વારા
ગિરનાર તીર્થોદ્ધારક શતાબ્દિ વર્ષ અનુમોદનાર્થે
નિકટભવ મોક્ષગામી ગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રીમદ્
વિજયહેમપ્રભસૂરીશ્વરજી મ.સા.ના
સદુપદેશથી
શ્રી આદિનાથ તપાગચ્છ શ્વેતામ્બર જૈન સંઘ
આચાર્યશ્રી વિજયનીતિસૂરિ આરાધના ભવન
કતારગામ, સુરત
તથા
પૂ.સા. શ્રી નિરૂપમાશ્રીજી મ.સા.,
પૂ.સા. શ્રી કલ્પલત્તાશ્રીજી મ.સા.ના
સદુપદેશથી
શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વે.મૂ.પૂ. જૈન સંઘ
આયોજનનગર, અમદાવાદનાં
જ્ઞાનદ્રવ્યમાંથી

ગિરનાર તીર્થોદ્ધારક પરમ પૂજ્ય આચાર્ય ભગવંત
શ્રીમદ્ વિજયનીતિસૂરીશ્વરજી મ.સા.નું

જીવનદર્શન

સામાન્ય વ્યક્તિત્ત્વનું સર્જન સમય કરે છે. વિરલ વ્યક્તિત્ત્વ તો સમયનું સર્જન કરે છે. અખંડ વહેતો કાળખંડ હવે એમના નામથી ઓળખાણ પામે છે. એવા જ એક મહાપુરૂષ ગિરનાર તીર્થોદ્ધારક પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ **વિજયનીતિસૂરીશ્વરજી મ.સા.**

વિદ્વાન, ગીતાર્થ, શાસનસમર્પિત અને પુણ્યપ્રભાવક આ મહાપુરુષના જીવન-કવનને ત્રણ શબ્દોમાં વર્ણવવું હોય તો તે છે - પોથી, પંડિત અને પ્રતિમા.

પોથી : પૂજ્યશ્રીને જ્ઞાન સાથે અનહદ લગાવ હતો. પોતાના સાધુઓને સાત-સાત કલાક વાચના આપવી, પ્રાચીન જ્ઞાનભંડારોનાં જીર્ણોદ્ધાર કરવા, પોતે પણ સતત અધ્યયન-અધ્યાપનમાં વ્યસ્ત રહેવું એ પૂજ્યશ્રીનાં પોથી (જ્ઞાન) પ્રેમનું ઉદાહરણ છે.

પંડિત : દીર્ઘદૃષ્ટા પૂજ્યશ્રી સમજતા હતા કે માત્ર સાધુ સંસ્થા જ જૈનશાસનના બધાં અંશો સુધી નહિ પહોંચી શકે. શાસનસમર્પિત પંડિતોની એના માટે અનિવાર્ય જરૂરત રહેશે. એટલે એમને તેજસ્વી બાળકો અને આશાસ્પદ યુવા પંડિતોને તૈયાર કરવામાં ખંતપૂર્વક પ્રયત્ન આદર્યો. એની ફળશ્રુતિ પણ બહુ જ ભવ્ય પ્રાપ્ત થઈ. પંન્યાસપ્રવર શ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા.ના વિદ્યાગુરુ પંડિતવર્ય શ્રી પ્રભુદાસ બેચરદાસ, પં. ભગવાનદાસ હરખચંદ એવા મૂર્ધન્ય પંડિતો પ્રભુશાસનને પૂજ્યશ્રીની કૃપાથી પ્રાપ્ત થયા.

પ્રતિમા : આ મહાપુરૂષે નવનિર્માણ કરવા જીર્ણોદ્ધાર ઉપર વધુ લક્ષ્ય આપ્યું. શ્રી ગિરનારજી, ચિત્તોડ, તારંગા જેવા પ્રાચીન તીર્થોનાં સ્થાપત્યનો એવી રીતે જીર્ણોદ્ધાર કરાવ્યો કે તે તીર્થોની ઊર્જાને પૂજ્યશ્રીએ જીવંત રાખી આપણા ઉપર ઉપકાર વરસાવ્યો છે.

જન્મ : સં. ૧૯૩૦, પોષ સુદ-૧૧, વાંકાનેર
દીક્ષા : સં. ૧૯૪૯, અષાઢ સુદ-૧૧, મહેરવાડા
વડીદીક્ષા : સં. ૧૯૫૦, મહા સુદ-૪, સીમોર
ગણિપદ : સં. ૧૯૬૧, માગસર સુદ-૫, સુરત
પંન્યાસપદ : સં. ૧૯૬૨, કારતક વદ-૧૧, પાલીતાણા
આચાર્યપદ : સં. ૧૯૭૬, માગસર સુદ-૧૧, અમદાવાદ
કાળધર્મ : ૧૯૯૮, પોષ વદ-૩, એકલિંગજી (ઉદેપુર)

- સ્વહસ્તે દીક્ષા ગ્રહણ કરી જગતના જવાહીર બન્યા.
- બ્રહ્મનિષ્ઠ ગુરુદેવે અનેકને બ્રહ્મચારી-વ્રતધારી બનાવ્યા.
- અનેક રાજા-મહારાજા-નવાબને પ્રતિબોધ કર્યા.
- ૧ કરોડ સૂરિમંત્ર સાધના દ્વારા જિનશાસનની અદ્‌ભુત સેવા કરી.
- જૂનાગઢ-રાધનપુર-ચિત્તોડ જેવા અનેક સ્થળે ગુરુકુળ સ્થાપ્યા.
- સ્વસમુદાય-પરસમુદાયના અનેક મહાત્માઓને યોગોદ્વહન કરાવ્યા. પદવીપ્રદાન કરી.
- વચનસિદ્ધપુરુષના વચનથી સિદ્ધિ મળતી.
- ૯ સ્થાનકવાસી સંપ્રદાયના ૩૫ વર્ષ જેવા પર્યાયી સાધુને સંવેગીદીક્ષા આપી સત્યમાર્ગે લાવ્યા.

• • •

सद्गुरु वचनामृत

> અધ્યાત્મ માર્ગની આધારશિલા છે : સ્વાનુભૂતિની અનન્ય ઝંખના. 'હું કોણ છું'નો જવાબ જ્યાં સુધી મુમુક્ષુને નથી મળતો, ત્યાં સુધી એ જંપીને બેસી નથી શકતો. પણ અધ્યાત્મની કેડીઓ અદીઠ છે, ગુહ્ય છે. સદ્‌ગુરુના ઈશારા વિના એમને જાણવી અશક્યપ્રાયઃ છે.

આપણા સદ્‌ભાગ્યે આપણે ત્યાં એવા બહુ બધા અનુભૂતિવાન મહાપુરૂષો થયા છે. જેમણે 'भव्यजनहिताय' અનુભવરસને શબ્દોમાં કંડારવાનો પ્રયત્ન કર્યો છે. પણ એ ગ્રંથો, જેમાં આ અનુભવ માર્ગના સંકેતો છે, મહદંશે સંસ્કૃત અને પ્રાકૃતમાં નિબદ્ધ છે.

એટલે મુમુક્ષુએ સંસ્કૃતમાં સજ્જતા કેળવવી અત્યંત આવશ્યક બની જાય છે. સંસ્કૃતમાં પારંગત થવા માટે વ્યાકરણનું અધ્યયન અનિવાર્ય છે. **કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્યભગવંતે** એના માટે જ "શ્રી સિદ્ધહેમ વ્યાકરણ" જેવા સાંગોપાંગ સંપૂર્ણ વ્યાકરણની રચના કરી છે.

પણ એ વ્યાકરણમાં સેંકડો નહીં પરંતુ હજારો સૂત્રોમાં મંદગતિ છાત્ર ક્યારેક અટવાઈ પણ જાય છે. અને થાકીને વ્યાકરણ ભણવાનું જ મૂકી દે. એવું ન થાય એ માટે **સા.શ્રી નિરૂપમાશ્રીજી મ.સા.**ના શિષ્યા સા.શ્રી **આર્યયશા મ.સા.**એ ભણતી વખતે નોટ્સ બનાવી હતી. તેને છપાવવાનું આ કાર્ય વ્યાકરણ પઠન-પાઠન પરંપરાની સેવા છે. પૂર્વે પણ આવી પુસ્તકો છપાઈ છે. જેમાં નિયમો, સાધનિકાઓને ગુજરાતીમાં સરળ રીતે બતાવ્યા છે, તો'ય ભિન્ન-ભિન્ન કક્ષાના વિદ્યાર્થીઓ માટે ભિન્ન-ભિન્ન આયામ, ભિન્ન દૃષ્ટિથી આલેખાયેલ પુસ્તકો વધુ સહાયક બની શકે છે. પ્રભુની અનહદ કૃપાને ઝીલવા અને એમના શબ્દ સામ્રાજ્યમાં પ્રવેશવા માટેની ઝંખના ધરાવતા મુમુક્ષુઓ, જિજ્ઞાસુઓને આ પુસ્તક યત્કિંચિત્ પણ મદદરૂપ થાય તો પ્રકાશન સફળ છે.

સાધ્વીજી મ.સા.ની સરસ મહેનત બદલ અનુમોદના. પંડિતવર્ય શ્રી ચંદ્રકાંતભાઈ, ચિરાગભાઈ આદિને સાથ-સહકાર માટે ધન્યવાદ.

- હેમપ્રભસૂરિના ધર્મલાભ

નાનું પગલું : વિરાટ ફલાંગ

શ્રીજૈન સંઘમાં શ્રુતસાધનાના ક્ષેત્રે શ્રમણી ભગવંતોનું બહુમૂલ્ય પ્રદાન હોવા છતાં તે પ્રાયઃ ઉપેક્ષિત જ રહ્યું છે. શ્રમણી ભગવંતોએ ગ્રંથસર્જન પણ કર્યું છે, શ્રમણ ભગવંતો દ્વારા રચાતા ગ્રંથમાં સહાય પણ કરી છે, શ્રમણ ભગવંતો દ્વારા થતી ગ્રંથરચનામાં સ્વઅધ્યયનનું નિમિત્ત પણ પૂરું પાડ્યું છે, સ્વયં હસ્તપ્રતો પણ લખી છે અને પોતાની દેખરેખમાં અથવા ઉપદેશ આપીને લહિયાઓ પાસે લખાવી પણ છે. પરંતુ આ બધું જાણવા માટે જો ઐતિહાસિક સંદર્ભો જોવા હશે તો તે સળંગ સૂત્રમાં પરોવાયેલા ક્યાંય જોવા પણ નહીં મળે.

કલિંગરાજ ભિક્ખુરાય ખારવેલે આર્ય સુસ્થિત અને સુપ્રતિબુદ્ધની અધ્યક્ષતામાં કુમારગિરિ પર જે વાચના કરાવી તેમાં શ્રુતની રક્ષાના કાર્યમાં મહત્ત્વનું પ્રદાન કરનાર આર્યા પોઈણી હોય કે શ્રી ધનેશ્વરસૂરિજી પાસે સુરસુંદરીકક્ષાની રચના કરાવનાર મહત્તરા કલ્યાણમતિ હોય કે મલધારી આચાર્ય શ્રી હેમચંદ્રસૂરીશ્વરજીને શ્રી વિશેષાવશ્યકભાષ્યની વૃત્તિ રચવામાં સહાયભૂત થનારા મહત્તરા આનંદશ્રી અને વીરમતી ગણિની હોય કે સિદ્ધસારસ્વત આચાર્ય શ્રી બાલચંદ્રસૂરિજીના ધર્મમાતા રત્નશ્રી ગણિની હોય કે સ્વયં તપગચ્છપતિ શ્રી મુનિસુંદરસૂરિજીએ સ્વરચિત ગુર્વાવલીમાં જેમનો અતિશય બહુમાનપૂર્વક ઉલ્લેખ કર્યો છે તે મહત્તરા ચારિત્રચૂલા અને મહત્તરા ભુવનચૂલા હોય કે પં. શ્રી સત્યવિજયજી ગણિવર્યને ક્રિયોદ્ધારમાં સાથ આપનારા સાધ્વી સહજશ્રી હોય કે તીવ્ર પુણ્યના સ્વામિની મહત્તરા પદ્મલક્ષ્મી હોય કે વિવિધ ગ્રંથરચના કરનારાં સાધ્વી જ્ઞાનશ્રી, સિરિમા, મહત્તરા મહિમાશ્રી, પ્રવર્તિની મેરુલક્ષ્મી, મહત્તરા ગુણસમૃદ્ધિ, પદ્મશ્રી, આર્યિકા રણમતિ,

આર્યા રત્નમતિ, હેમશ્રી, પ્રવર્તિની સોમસિદ્ધિ આદિ હોય - આપણને ક્યાં આ બધાનો વિશિષ્ટ પરિચય મળે છે ? અરે, પરિચયની વાત તો જવા દો, આ બધાનાં નામ સુદ્ધાં આપણા માટે તો અજ્ઞાત જ છે.[1]

આ માનસિકતા બદલાવી જ જોઈશે. ધર્મ ભલે પુરુષપ્રધાન રહેતો, પરંતુ શાસનનું વ્યવસ્થાતંત્ર તો શ્રમણ-ભગવંતો અને શ્રમણી ભગવંતોને - ઉભયપક્ષને સમાન તક મળે તેવું ઘડવું પડશે. સત્તા અને સંચાલનતંત્ર શ્રમણ ભગવંતોના હાથમાં જ રહે તેવું જ ઈચ્છીએ તો પણ, ઓછામાં ઓછું, શ્રુતસાધનાના ક્ષેત્રે શ્રમણ ભગવંતો જેટલી જ અનુકૂળતા શ્રમણી ભગવંતોને પણ મળે તેવી જાગૃતિ લાવવી જ પડશે. ભણે એટલે સાધ્વીજી અભિમાની થાય, ઉદ્દંડ થાય, સ્વભાવ બગડે વગેરે... એના કરતાં તો ન ભણે કે માપનું (એટલે કે ઓછું જ) ભણે તો વધારે સારું. એમાંય શ્રુતસર્જન, શ્રુતસંશોધન, શ્રુતસંપાદન આદિના ક્ષેત્રે તો તેમને સક્રિય ન જ બનવા દેવાય, એનાથી ચારિત્રમાં ખામી આવે. સ્ત્રીઓ તુચ્છ અને ક્ષુદ્ર સ્વભાવની જ હોય, એ કંઈ સાધુઓની જેમ પોતાની પ્રશંસાને જીરવી ન શકે. આવી આવી માનસિકતામાંથી સ્વયં વડીલ શ્રમણી ભગવંતોને બહાર કાઢવા પડશે. થોડાક અનુભવો એવા થયા હોય તો પણ, એથી કંઈ બધાને એક લાકડીએ હાંકી શકાતા નથી.

મહાન પૂજ્યાચાર્યોએ શ્રમણી ભગવંતો માટે અધ્યયનની જે મર્યાદા નક્કી કરી છે તે અંગે પ્રવર્તમાન દેશ-કાળ-સાપેક્ષપણે જે પુનર્વિચાર કરવો ઘટે તે પૂજ્ય ગીતાર્થ ભગવંતો જ કરી શકે. તે અંગે અત્રે કોઈ ચર્ચા કરવાનો આશય નથી. પરંતુ આજે તો એ સ્થિતિ આવી છે કે સ્વયં શ્રમણી ભગવંતો એવું માનતા થયા છે કે, શ્રુતસાધનાનું ક્ષેત્ર

---

૧. પૂજ્ય પં.શ્રી વૈરાગ્યરતિવિજયજી ગણિવર્યે સંબોધિ પત્રિકાના ઈ.સ. ૨૦૧૮ના અંકોમાં 'શ્રુતસાધનાના ક્ષેત્રે સાધ્વીજી ભગવંતોનું પ્રદાન' એવી ચાર ભાગમાં લેખમાળા કરીને આ સંબંધે જાગૃતિ લાવવા માટે સરસ પ્રયાસ કર્યો છે. ઉપરોક્ત સંદર્ભો તે લેખમાળામાંથી જ નોંધ્યા છે તેનું કૃતજ્ઞતાપૂર્વક સ્મરણ કરું છું. સંપૂર્ણ લેખમાળા વાંચવા માટે ખાસ ભલામણ છે.

તો માત્ર શ્રમણ ભગવંતો માટે જ છે, અમારું એમાં કામ જ નથી. અને આ માનસિકતામાંથી ઉપર ઊઠીને જો કોઈ શ્રમણી ભગવંત શ્રુતસાધનાના ક્ષેત્રે નાનું-મોટું કામ કરવા ધારે તો પણ તેમાં તેમના વડીલોની આજ્ઞા-અનુજ્ઞા અને સહવર્તીઓની સહાય મળવી તેમને માટે દુર્લભ બને છે. શ્રમણ ભગવંતોની તુલનામાં શ્રમણી ભગવંતો શ્રુતોપાસના પણ ઓછી જ કરે છે અને જે કરે છે તેમને પૂરતી અનુકૂળતા પણ મળતી નથી એ આજની એક દુઃખદ વાસ્તવિકતા છે તેનો ઈન્કાર કોઈ કરી શકે તેમ નથી.

પરંતુ ઉપર જે વર્ણવ્યું તેના પણ સુખદ અપવાદો છે જ. એવો જ એક અપવાદ અત્યારે તમારા હાથમાં છે. આ એક ગંજાવર જ ગણી શકાય તેવું કાર્ય એક શ્રમણી ભગવંતે જ ઉપાડ્યું છે અને માત્ર ઉપાડ્યું છે એટલું જ નહીં, આપણે ચકિત જ થઈ જઈએ એવો પરિશ્રમ કરીને એના ત્રીજા પડાવ સુધી પણ તે પહોંચી ગયા છે. ખંત હોય, ધૈર્ય હોય, ક્ષયોપશમની તીવ્રતા હોય, સંયોગોની અનુકૂળતા હોય, વડીલોની આશિષ હોય અને દેવગુરુધર્મની મહતી કૃપા હોય તો જ આવાં કાર્યો કરવાની તમન્ના જાગે છે અને એ પાર પણ પડે છે. પંડિતજી શ્રી ચંદ્રકાંતભાઈ સંઘવી પાસે શ્રી સિદ્ધહેમશબ્દાનુશાસનના અધ્યયન વખતે દાદીગુરુ સાધ્વીજી શ્રી આર્યયશાશ્રીજીએ સ્વઅભ્યાસ અર્થે કરેલી નોંધ ગુરુમા સાધ્વીજી શ્રી સૌરભયશાશ્રીજીની પ્રેરણાથી શિષ્યરત્ના સાધ્વીજી શ્રી પરમયશાશ્રીજી દ્વારા આવી રીતે પરિમાર્જિત-સંવર્ધિત થઈને પુસ્તકરૂપને પામશે તેવું તો સ્વયં પંડિતજીએ પણ નહીં જ કલ્પ્યું હોય. શ્રમણી પરંપરાની ત્રણ-ત્રણ પેઢી આ રચનામાં સંકળાયેલી છે. આચાર્યપ્રવર શ્રી મુક્તિનિલયસૂરીશ્વરજી મહારાજશ્રીના શિષ્ય અધ્યાત્મરસિક પં.શ્રી હેમનિલયવિજયજીની પ્રેરણા, ઋજુતાને વરેલા ભ્રાતૃમુનિ શ્રી સોહંપ્રભવિજયજી મહારાજની પ્રસન્નતા અને પંડિતવર્ય શ્રી ચિરાગભાઈ, શ્રી અક્ષયભાઈ આદિની સહાયતાનો ત્રિવેણી સંગમ

આ કાર્યને પખાળી રહ્યો છે તે મહાન સૌભાગ્ય જ ગણાય. પૂજ્યપાદ ગચ્છાધિપતિ શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મહારાજ તથા પ્રવર્તિની સાધ્વીજી શ્રી નિરુપમાશ્રીજી મહારાજના આશિષ આ કાર્યનું ચાલકબળ છે. ઉપરોક્ત સૌ મહાપુરૂષો, મહાનુભાવો અને મહાસતીજીઓને ધન્યવાદ અર્પીએ.

ત્રીજા પડાવ પર પહોંચેલી આ યાત્રા એના અંતિમ પડાવ સુધી નિર્વિઘ્ને પ્રગતિ કરતી રહે તેવી પરમકૃપાળુ પરમતત્ત્વના ચરણે કાયમ પ્રાર્થના રહેશે.

—●—

આ કાર્ય સાથે આંશિકરૂપમાં મારે પણ જોડાવાનું થયું તે મને બહુ ગમ્યું છે. શ્રી સિદ્ધહેમશબ્દાનુશાસન પ્રત્યે પ્રેમ, આદર, બહુમાન - જે કહો તે, બધું અસ્થિમજ્જાવત્ છે. પૂજ્યપાદ ગુરુભગવંત સંઘહિતચિંતક આચાર્યપ્રવર શ્રી વિજયશીલચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીએ આ વ્યાકરણનું મહત્ત્વ ચિત્તમાં એટલું તો સ્થિર કર્યું કે એને અર્થે કંઈ પણ કરવાનું થાય તો તે માટે મન ઉત્સાહિત જ રહે છે.

શ્રી સિદ્ધહેમશબ્દાનુશાસનના અભ્યાસની અનિવાર્યતા, તેની શ્રેષ્ઠતા, આ ગ્રંથનિર્માણની કાર્યપદ્ધતિ અને તેમાં સહાયક બનેલાં તત્ત્વો વિશે કર્તા સાધ્વીજી તથા અન્ય લેખકોએ પ્રથમ ભાગમાં વાત કરી હોવાથી તે અંગે અહીં લખવાનું જતું કર્યું છે. પણ આ કાર્યમાંથી પસાર થયા પછી એટલું તો અવશ્ય કહીશ કે, વ્યાકરણના અભ્યાસમાં સહાયક બની શકે તેવી સામગ્રી ઉપલબ્ધ કરાવવાની તાતી જરૂર છે. આવાં કાર્યો વિદ્યાર્થીઓને સહાય તો પૂરી પાડે જ છે, પરંતુ વ્યાકરણનો અભ્યાસ કરવાનો વિદ્યાર્થીઓનો રસ આવાં કાર્યોની સહાયથી જળવાઈ રહે છે તે જ આવાં કાર્યોની ખરી ઉપાદેયતા છે. 'શ્રી સિદ્ધહેમશબ્દાનુશાસન વ્યાકરણની દૃષ્ટિએ સર્વશ્રેષ્ઠ હોવા છતાં તેના અધ્યયનમાં સહાયક બને

તેવી સામગ્રી તમે જૈનો પૂરી નથી પાડતા' એવું અજૈન પંડિતોનું મહેણું આંશિક રીતે આવાં કાર્યોથી જ ભાંગે છે તેનો આનંદ છે. ગુરુનિશ્રાએ શ્રી સિદ્ધહેમશબ્દાનુશાસનનો અભ્યાસ કરવાની મજા તો કંઈક ઓર જ હોય છે, તો પણ જેમને તેવો સુખદ સંયોગ નથી સાંપડતો તેવા વિદ્યાર્થીઓ આ કાર્યથી અવશ્ય લાભાન્વિત થશે. સામાન્યથી શ્રી સિદ્ધહેમશબ્દાનુશાસનનો અભ્યાસ કરનાર સૌ કોઈને આમાંથી કશુંક નવું સાંપડશે તેવી ખાતરી આપી શકાય તેવું આ કાર્ય છે.

શ્રી નીતિસૂરિ સમુદાયની ગરિમા આ કાર્યથી ઘણી વધી છે. શ્રમણી ભગવંતોમાં આવાં કાર્યો જોઈને શ્રુતસાધના કરવાની જે પ્રેરણા જાગશે તે પણ આ કાર્યની એક મોટી સાર્થકતા હશે.

અંતમાં એટલું કહીને વિરમીશ કે, એક શ્રમણી ભગવંત માટે આ કાર્ય કદાચ એક નાનું પગલું હશે, પરંતુ આના પડઘા એવા પડશે કે શ્રી જૈન શાસન માટે આ એક વિરાટ ફલાંગ બની રહેશે તેવી શ્રદ્ધા છે. અભિનંદન સહ...

- મુનિ ત્રૈલોક્યમંડનવિજયજી

•••

...પ્રકાશકીય નિવેદન...

શ્રી સિદ્ધહેમશબ્દાનુશાસન સમુદ્ર જેવો છે. મરજીવા બનીને ડુબકી લગાવો તો મોતી હાથમાં આવે જ. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય ભગવંતની આ અનુપમ કૃતિ ઉપર આજ સુધી અનેક ટીકાઓ, વિવેચન પ્રકાશિત થયા છે અને થતાં રહેશે. આ જ આ મહાગ્રંથની શોભા પણ છે.

એ જ પાવન પરંપરામાં એક મણકો આ પ્રકાશનથી ઉમેરાઈ રહ્યો છે. ગચ્છાધિપતિ પ.પૂ.આ.શ્રી વિ.હેમપ્રભસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાનુવર્ત્તિની સા.શ્રી નિરૂપમાશ્રીજી મ.સા.ના પ્રશિષ્યા પ.પૂ.સા. આર્યયશાશ્રીજી મ.સા.ના પ્રશિષ્યા પ.પૂ.સા.શ્રી પરમયશાશ્રીજી મ.સા.એ ખૂબ જહેમત અને ખંતપૂર્વક આ બાલભોગ્ય છતાંય વિદ્વત્માન્ય વિવેચન તૈયાર કર્યું છે.

આ વિવેચન શ્રી સિદ્ધહેમના પ્રેમીજનોને અંતઃસંતોષ આપનાર બનશે. અમારી સંસ્થા આ ગ્રંથનું પ્રકાશન કરતાં ગૌરવ અનુભવે છે.

આ ગ્રંથના પ્રકાશનમાં શ્રી આદિનાથ તપાગચ્છ શ્વેતામ્બર જૈન સંઘ આ. શ્રી વિજયનીતિસૂરી આરાધના ભવન કતારગામ-સુરત તેમજ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વે.મૂ.પૂ. જૈન સંઘ, આયોજનનગર, અમદાવાદે જ્ઞાનનિધિમાંથી લાભ લીધો છે. તેઓના અમે ઋણી છીએ.

વિ.સં.૨૦૭૮
ચૈત્ર સુદ-૫

લિ.
આ. શ્રીવિજયનીતિસૂરિ
જૈન તત્ત્વજ્ઞાન પાઠશાળા
અમદાવાદ

સંપાદકીય નિવેદન

કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્ય ભગવંતે શ્રી સિદ્ધરાજ જયસિંહની વિનંતીથી માત્ર એક વર્ષમાં જ સવા લાખ શ્લોક પ્રમાણ જે શ્રીસિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસનની રચના કરી તે ખરેખર અદ્વિતીય છે. આ સમુદ્ર એવો છે કે, જેનાં પેટાળમાં અઢળક રત્નો ભર્યા છે. મરજીવા બનીને તે રત્નોને પામવાનો જે યત્કિંચિત્ પ્રયાસ થયો છે. તેનાં પરિણામ સ્વરૂપે ત્રીજો ભાગ પ્રકાશિત થઈ રહ્યો છે. જે ખરેખર તત્ત્વત્રયીની કૃપા વિના શક્ય નથી.

આ ગ્રંથની વિવેચનયાત્રા, વિવરણની સામાન્ય વિશેષતાઓ, ધન્યવાદ, ઋણસ્વીકાર, સંદર્ભગ્રંથ સૂચિ વિ. પ્રથમ ભાગમાં જણાવેલ છે. જેની નૂતન વાચક વર્ગે ખાસ મુલાકાત લેવી.

તથા આ ભાગમાં દરેક સંજ્ઞા અને વિભક્તિની પછી તેનું સારાંશ કોષ્ટક કરેલ છે તેમજ, પરિશિષ્ટ-૩માં વિવેચન અંતર્ગત કેટલીક વિશેષતા અને જિજ્ઞાસાનાં સંદર્ભ સ્થાનો પ.પૂ.આ.શ્રીવિજય લાવણ્યસૂરીશ્વરજી મ.સા. દ્વારા સંપાદિત બૃહન્ન્યાસ વિ. ટીકાથી યુક્ત શ્રીસિદ્ધહેમશબ્દાનુશાસનમ્ પુસ્તકાધારે લખેલ છે.

અત્યંત સહકાર આપીને શીઘ્રાતિશીઘ્ર સુંદર રીતે મુદ્રણ કરી આપનાર જય જિનેન્દ્ર ગ્રાફિક્સ (નિતીનભાઈ-જય જિનેન્દ્ર)ને ખૂબ ખૂબ ધન્યવાદ.

જિનાજ્ઞા વિરુદ્ધ કંઈપણ લખાયું હોય તો

'મિચ્છામિ દુક્કડમ્'

દ. નિરૂપમ-કલ્પ-આર્ય-સૌરભ શિશુ
સા. પરમયશાશ્રી

• • •

વિષયાનુક્રમ

ક્રમ	વિષય	પત્રક્રમ
૧.	સંકેતસૂચિ	—
૨.	કારકની વ્યાખ્યા (૨.૨.૧)	૧
૩.	કર્તાની વ્યાખ્યા (૨.૨.૨)	૪
૪.	કર્મની વ્યાખ્યા (૨.૨.૩)	૬
૫.	કર્મસંજ્ઞા કરનારાં સૂત્રો (૨.૨.૪ થી ૨.૨.૨૩)	૮
૬.	કરણ કારકની વ્યાખ્યા (૨.૨.૨૪)	૪૫
૭.	સંપ્રદાન કારકની વ્યાખ્યા (૨.૨.૨૫)	૪૭
૮.	સંપ્રદાન સંજ્ઞા કરનારાં સૂત્રો (૨.૨.૨૬ થી ૨.૨.૨૮)	૫૧
૯.	અપાદાન કારકની વ્યાખ્યા (૨.૨.૨૯)	૫૨
૧૦.	અધિકરણ કારકની વ્યાખ્યા (૨.૨.૩૦)	૫૫
૧૧.	કારક સંજ્ઞાનું સારાંશ કોષ્ટક	૫૭
૧૨.	પ્રથમા વિભક્તિ કરનારાં સૂત્રો (૨.૨.૩૧ થી ૨.૨.૩૨)	૬૦
૧૩.	દ્વિતીયા વિભક્તિ કરનારાં સૂત્રો (૨.૨.૩૩ થી ૨.૨.૪૩)	૬૩
૧૪.	દ્વિતીયા વિભક્તિનું સારાંશ કોષ્ટક	૭૬
૧૫.	તૃતીયા વિભક્તિ કરનારાં સૂત્રો (૨.૨.૪૪ થી ૨.૨.૫૨)	૭૯
૧૬.	તૃતીયા વિભક્તિનું સારાંશ કોષ્ટક	૯૩
૧૭.	ચતુર્થી વિભક્તિ કરનારાં સૂત્રો (૨.૨.૫૩ થી ૨.૨.૬૮)	૯૫

ક્રમ	વિષય	પત્રક્રમ
૧૮.	ચતુર્થી વિભક્તિનું સારાંશ કોષ્ટક	૧૧૭
૧૯.	પંચમી વિભક્તિ કરનારાં સૂત્રો (૨.૨.૬૯ થી ૨.૨.૭૯)	૧૧૯
૨૦.	પંચમી વિભક્તિનું સારાંશ કોષ્ટક	૧૩૧
૨૧.	ષષ્ઠી વિભક્તિ કરનારાં સૂત્રો (૨.૨.૮૦ થી ૨.૨.૯૪)	૧૩૩
૨૨.	ષષ્ઠી વિભક્તિનું સારાંશ કોષ્ટક	૧૫૫
૨૩.	કૃદંતનાં કર્તા-કર્મ વિષયક ષષ્ઠીનું સારાંશ કોષ્ટક	૧૫૬
૨૪.	સપ્તમી વિભક્તિ કરનારાં સૂત્રો (૨.૨.૯૫ થી ૨.૨.૧૦૬)	૧૫૮
૨૫.	સપ્તમી વિભક્તિનું સારાંશ કોષ્ટક	૧૭૨
૨૬.	એક સાથે અનેક વિભક્તિનું વિધાન (૨.૨.૧૦૭ થી ૨.૨.૧૨૦)	૧૭૪
૨૭.	બહુત્વનું વિધાન (૨.૨.૧૨૧ થી ૨.૨.૧૨૪)	૧૮૯
૨૮.	ઉત્સર્ગ, નિષેધ સૂત્રો	૧૯૫
૨૯.	અપવાદ, વિકલ્પ સૂત્રો	૧૯૬
૩૦.	અભ્યાસ-૧	૨૦૧
૩૧.	અભ્યાસ-૨	૨૦૩
૩૨.	અભ્યાસ-૩	૨૦૫
૩૩.	પરિશિષ્ટ-૧ ધાતુનાં પ્રકાર	૨૦૭
૩૪.	પરિશિષ્ટ-૨ ન્યાયોનાં અર્થ	૨૧૨
૩૫.	પરિશિષ્ટ-૩ સંદર્ભ સ્થાનો	૨૧૬

સંકેતસૂચિ

અ.અ.સૂ.	:	અન્વય અનુવૃત્તિ સૂત્ર
સ.	:	સમાસ
ઉદા.	:	ઉદાહરણ
પ્ર.ઉદા.	:	પ્રતિ ઉદાહરણ
વિ.	:	વિશેષતા
જિ.	:	જિજ્ઞાસા
સમા.	:	સમાધાન
શ્લો.	:	શ્લોક
પ્ર.	:	પ્રથમા વિભક્તિ
દ્વિ.	:	દ્વિતીયા વિભક્તિ
તૃ.	:	તૃતીયા વિભક્તિ
ચ.	:	ચતુર્થી વિભક્તિ
પં.	:	પંચમી વિભક્તિ
ષ.	:	ષષ્ઠી વિભક્તિ
સ.	:	સપ્તમી વિભક્તિ
સં.	:	સંબોધન
એ.વ.	:	એકવચન
દ્વિ.વ.	:	દ્વિવચન
બ.વ.	:	બહુવચન
પરસ્મૈ.	:	પરસ્મૈપદ
આત્મને.	:	આત્મનેપદ
ન્યાય.	:	ન્યાય
સં.સૌ.	:	સંગ્રહ સૌરભ. (પરિશિષ્ટ પુસ્તિકા)
મ.વૃ.	:	મધ્યમવૃત્તિ
બૃ.વૃ.	:	બૃહદ્વૃત્તિ
બૃ.ન્યા.	:	બૃહન્ન્યાસ
લ.ન્યા.	:	લઘુન્યાસ

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય વિરચિત

શ્રી સિદ્ધહેમ શબ્દાનુશાસનમ્

॥ ॐ ह्रीँ श्रीँ अर्हँ नमः ॥
॥ श्री पंचासरा पार्श्वनाथाय नमः ॥

द्वितीयेऽध्याये द्वितीयः पादः

कारक प्रकरणम्

★ કારકનું લક્ષણ :

क्रियाहेतुः कारकम् २/२/१

અર્થ : ક્રિયાનાં કારણભૂત કર્ત્રાદિ (કર્ત્તા વિ.) કારકસંજ્ઞક થાય છે. અહીં અન્વર્થ સંજ્ઞાનો આશ્રય કરેલ હોવાથી હેતુ વિ.ને કારકસંજ્ઞા થતી નથી.

સ. : **क्रियाहेतुः**→क्रियायाः हेतुरिति ।

★ **कारकम्**→करोतीति (डुकृंग् करणे-८८८)
णक-तृचौ ५.१.४८थी णक→कृ+**अक**
नामिनोऽ०४.३.५१थी वृद्धि→**कार**क
प्रथमा सि वि.→कार**कम्** ।

વિશેષતા :

(૧) કારકનાં છ પ્રકાર છે :

(a) કર્ત્તા (b) કર્મ (c) કરણ (d) સંપ્રદાન (e) અપાદાન અને (f) અધિકરણ.

(૨) સંજ્ઞા બે પ્રકારે હોય છે. સાન્વર્થ અને નિરન્વર્થ. અહીં 'करोतीति कारकम्' એ પ્રમાણે વ્યુત્પત્તિને આશ્રયીને 'કારક' સંજ્ઞા સાન્વર્થ છે. આથી જેના વિના ક્રિયા ન થઈ શકે. અર્થાત્ ક્રિયા કરવામાં સ્પષ્ટ રીતે ઉપકારી જણાતાંને કારકસંજ્ઞા થાય છે. પણ માત્ર નિમિત્તભૂત હેતુ વિ.ને કારકસંજ્ઞા થતી નથી.

જેમકે, **धनेन वसति**→અહીં વસવાની ક્રિયામાં ધન માત્ર નિમિત્તરૂપે છે માટે ધનને કારકસંજ્ઞા ન થતાં ઉપપદ સ્વરૂપે તૃતીયા વિભક્તિ થઈ છે.

दशरथस्य पुत्रः पचति→અહીં રાંધવાની ક્રિયા પુત્ર કરે છે. માટે પુત્રને કારકસંજ્ઞા થશે. પરંતુ દશરથ ક્રિયામાં માત્ર પુત્રનાં સંબંધી તરીકે જ વિવક્ષિત છે માટે તેને કારકસંજ્ઞા ન થતાં શેષે ૨.૨.૮૧થી ષષ્ઠી થયેલ છે.

(૩) **कारकम्→क्रियाकालेऽभिव्यक्ता द्रव्यनिष्ठा शक्तिः ।**

ક્રિયાકાળે પ્રગટ થનારી એવી દ્રવ્યમાં રહેનારી કર્તૃત્વ વિ. શક્તિ કારક કહેવાય છે. પદાર્થોમાં રહેનારી શક્તિ વડે જ ક્રિયાની સિદ્ધિ થાય છે. તેથી શક્તિ જ કારક છે. ભર્તૃહરિનાં મતે જે ઘટ વિ. પદાર્થો છે તે અનેક શક્તિનાં સમૂહરૂપે છે. તેથી એક જ પદાર્થની જુદી-જુદી ક્રિયાનાં સંદર્ભમાં જુદી-જુદી શક્તિ પ્રગટ થાય છે. જો કર્તૃત્વ વિ. શક્તિને કારક ન માનીએ અને દ્રવ્યને જ માનીએ તો દ્રવ્ય હંમેશાં એક જ સ્વરૂપે હોવાથી જુદાં-જુદાં કાર્ય નહીં કરી શકે. એટલે કે, એક જ દ્રવ્ય કોઈ એક ક્રિયાનાં સંદર્ભમાં કર્ત્તા બન્યું હશે, તો બીજી ક્રિયાનાં સંદર્ભમાં કર્મ નહીં બની શકે.

(૪) **ક્રિયાનાં ત્રણ પ્રકાર છે :**

(a) **સ્વાશ્રિતા :** જે ક્રિયાનું ફળ કર્ત્તામાં જ જણાય તે. **ઉદા.** ચૈત્ર आस्ते ।

(b) પરાશ્રિતા : જે ક્રિયાનું ફળ અન્યમાં જ જણાય તે. **ઉદા.** घटं करोति ।

(c) ઉભયાશ્રિતા : સ્વ અને પર બંનેમાં ક્રિયાનું ફળ જણાય તે. **ઉદા.** अन्योन्यमाश्लिष्यतः ।

(૫) કારક સંજ્ઞાનાં પ્રદેશો : कारकं कृता ૩.૧.૬૮ વિ.

જિ. : જો શક્તિ જ કારક છે તો चैत्रो गच्छति વિ.માં શક્તિવાળા ચૈત્ર વિ.ને કારકસંજ્ઞા કેમ કરો છો ?

સમા. : દ્રવ્યાર્થિક નયને આશ્રયીને શક્તિ અને શક્તિવાળાનો અભેદ મનાય છે. માટે ઉપચારથી શક્તિવાળા ચૈત્રને જ કારકસંજ્ઞા થાય છે.

જિ. : સંજ્ઞા પ્રકરણ તો પૂર્વે સમાપ્ત થઈ ગયું છે. તેથી સૂત્રમાં कारक વિ.નું વિધાન સંજ્ઞા છે તેવું કેવી રીતે જણાશે ?

સમા. : જેમ કોઈ બાળકને માતા-પિતા 'ચૈત્ર' નામથી બોલાવે છે. ત્યારે અન્યને પણ માતા-પિતાનાં તેવા આચારથી જ જાણ થઈ જાય છે કે, આનું નામ 'ચૈત્ર' એ પ્રમાણે છે. એ જ પ્રમાણે આચાર્ય ભગવંતની ઉચ્ચારણ પ્રવૃત્તિનાં આચારથી જ સૂત્રમાં દર્શાવેલ કારક વિ.નું સંજ્ઞાપણું સિદ્ધ થાય છે.

જિ. : અહીં 'क्रियाहेतुः' સંજ્ઞા નહીં પણ સંજ્ઞી જ છે. અને 'कारक' સંજ્ઞી નહીં પણ સંજ્ઞા જ છે. એવું કેવી રીતે સિદ્ધ થાય ?

સમા. : લોકવ્યવહારથી આ સ્પષ્ટતા થઈ જાય છે. તે આ રીતે,

(a) જેના વડે જણાવાય તે સંજ્ઞા. અને જે જણાય તે સંજ્ઞી. અહીં કારકથી ક્રિયાનાં હેતુ-કર્ત્તા વિ. જણાવાય છે.

(b) જે આકૃતિ રહિત છે તે સંજ્ઞા. અને જે આકૃતિવાળા છે તે સંજ્ઞી. અહીં કર્તૃત્વ વિ. સંજ્ઞા આકૃતિ રહિત છે અને ક્રિયાનાં હેતુભૂત કર્ત્તા વિ. આકૃતિવાળાં છે.

(c) જે એક હોય તે સંજ્ઞા. અને અનેક હોય તે સંજ્ઞી. અહીં કારકસંજ્ઞા એક છે. અને ક્રિયાનાં હેતુ અનેક છે.

(d) જે શબ્દનો વારંવાર પ્રયોગ થતો હોય તે સંજ્ઞા. અને તે શબ્દથી જે જણાય તે સંજ્ઞી. આ વ્યાકરણશાસ્ત્રમાં કર્ત્તા વિ.નો વારંવાર પ્રયોગ થશે. જેનાંથી ક્રિયાનાં હેતુભૂત 'ચૈત્ર' વિ. જણાવાય છે.

(e) સામાન્યથી પશ્ચાદુચ્ચારિત સંજ્ઞા અને પૂર્વોચ્ચારિત સંજ્ઞી. અહીં સૂત્રમાં 'कारकम्' પછી રહેલ છે અને क्रियाहेतुः પૂર્વમાં રહેલ છે.

★ **કર્ત્તાનું લક્ષણ :**

स्वतन्त्रः कर्त्ता २/२/२

અ.અ.સૂ. : स्वतन्त्रः कारकं कर्त्ता ।

અર્થ : ક્રિયાની સિદ્ધિમાં જે હેતુ સ્વયં જ પ્રધાનપણે (સ્વતંત્રપણે) હોય તે કર્તૃસંજ્ઞક થાય છે.

★ **कर्त्ता**→करोतीति (डुकृंग् करणे-८८८)
णक-तृचौ ५.१.४८થી तृच्→कृ+**तृ**
नामिनो०४.३.१થી गुण→**कर्तृ**
પ્રથમા સિ વિ.→**कर्त्ता** ।

ઉદા. **मैत्रेण कृतः**→મૈત્ર વડે કરાયું.

★ અહીં આ સૂત્રથી 'મૈત્ર'ને કર્તૃસંજ્ઞા થવાથી हेतु-कर्तृ० २.२.४४થી તૃતીયા થઈ છે.

વિશેષતા :

કર્તૃસંજ્ઞાનાં પ્રદેશો : इङ्तः कर्त्तरि ૩.૩.૨૨ વિ.

જિ. : સૂત્રમાં કર્ત્તા કારકને સ્વતંત્ર જણાવ્યું છે. તો શું અન્ય કારક સ્વતંત્ર નથી ?

સમા. : **रामोऽग्निना स्थाल्यां तण्डुलान् पचति→**રામ અગ્નિ વડે થાળીમાં ચોખા રાંધે છે. અહીં અગ્નિ, થાળી અને ચોખાને રાંધવાની ક્રિયામાં જોડનાર 'રામ' છે. પરંતુ તેઓ પોતાની જાતે રાંધવાની ક્રિયામાં જોડાઈ શકતાં નથી. આમ, તે પદાર્થોનો વ્યાપાર પરાધીન અર્થાત્ રામને આધીન છે. અને તેથી ક્રિયા જન્માવવામાં સ્વાતંત્ર્ય રામનું જ છે, બીજા કોઈનું નહીં. તેમજ, કર્ત્તા બધા કારકને બદલી શકે છે. પણ કર્ત્તા સિવાયનાં અન્ય કારકો કર્ત્તાને બદલી શકતાં નથી. માટે બીજા બધા કારકો પરાધીન છે. પણ કર્ત્તા તો સ્વતંત્ર છે.

જિ. : **पाचयत्योदनं देवदत्तो यज्ञदत्तेन→**દેવદત્ત યજ્ઞદત્તની પાસે ચોખા રંધાવે છે. અહીં યજ્ઞદત્ત પોતાની ઈચ્છાથી નહીં પણ દેવદત્તની પ્રેરણાથી કાર્ય કરે છે. તો યજ્ઞદત્તનું સ્વાતંત્ર્ય કેવી રીતે ઘટે ? તેને કર્તૃસંજ્ઞા કેવી રીતે થાય ?

સમા. : પ્રેરકકર્ત્તાનાં સંનિધાનમાં પણ મૂળકર્ત્તા સ્વતંત્ર તરીકે કરણાદિ કારકનો ઉપયોગ કરી ક્રિયા કરે છે. માટે મૂળકર્ત્તા પણ સ્વતંત્ર જ મનાય છે.

અન્યથા કરણ વિ.નાં ઉપયોગ વિના માત્ર પ્રેરણા કરવા દ્વારા પ્રેરકકર્ત્તાને જ કર્ત્તા કહેવાની આપત્તિ આવે.

જિ. : ઉપરોક્ત રીતે જો મૂળકર્ત્તા સ્વતંત્ર છે તો પ્રેરકકર્ત્તાનું સ્વાતંત્ર્ય કેવી રીતે ઘટે ? જો સ્વાતંત્ર્ય નથી તો કર્ત્તૃસંજ્ઞા કેવી રીતે થાય ?

સમા. : પ્રેરકકર્ત્તા પ્રેરણા કરે છે, ત્યારે જ પ્રયોજ્યકર્ત્તા ક્રિયામાં જોડાય છે. અહીં પ્રેરકકર્ત્તાનું પણ સામર્થ્ય જણાતું હોવાથી તે પણ સ્વતંત્ર છે અને કર્ત્તા છે.

★ **કર્મનું લક્ષણ :**

कर्तुर्व्याप्यं कर्म २/२/३

અ.અ.સૂ. : कर्तुः व्याप्यं कारकं कर्म ।

અર્થ : કર્તા ક્રિયા દ્વારા જેને વિશેષ પ્રાપ્ત કરવાને ઈચ્છે છે તે કારક વ્યાપ્યસંજ્ઞક અને કર્મસંજ્ઞક થાય છે. તે ત્રણ પ્રકારે છે. નિર્વર્ત્ય, વિકાર્ય અને પ્રાપ્ય.

★ **કર્મ→**क्रियते इति । (डुकृंग् करणे-८८८)
ઉણાદિ-૫૮૪થી મન્→કૃ+**મન્**
નામિનો૦૪.૩.૧થી ગુણ→**કર્મન્** પ્રથમ સિ વિ. કર્મ ।

ઉદા. (૧) **कटं करोति→**તે કટ કરે છે.
(૨) **काष्ठं दहति→**તે લાકડાંને બાળે છે.
(૩) **ग्रामं याति→**તે ગામ તરફ જાય છે.

★ ઉપરોક્ત ઉદા.માં કટ વિ.ને આ સૂત્રથી કર્મસંજ્ઞા થતાં कर्मणि २.२.४०થી દ્વિતીયા થઈ છે.

વિશેષતા :

(૧) કર્મનાં ત્રણ પ્રકાર :

(a) **નિર્વર્ત્ય→**જે ન હોય અને ઉત્પન્ન થાય. घटं करोति । તથા, જન્મ વડે જે પ્રકાશાય. पूत्रं प्रसूते ।

(b) **વિકાર્ય→**મૂળ પ્રકૃતિનો નાશ કરીને જે વિકૃતિને પમાડાય. काष्ठं दहति । તથા, બીજા ગુણની સ્થાપના કરવા દ્વારા મૂળ દ્રવ્યને વિકારી બનાવાય. जलं मधुरं करोति ।

(c) **પ્રાપ્ય→**જેમાં ક્રિયા વડે કરાએલું વિશેષ નથી. रविं पश्यति ।

★ **ઉપરોક્ત પ્રત્યેક કર્મનાં ત્રણ-ત્રણ પ્રકાર :**

(a) **ઈષ્ટ→**પોતાની રુચિથી જેને પ્રાપ્ત કરવા માટે ક્રિયા આરંભાય. पाठं पठति ।

(b) **અનિષ્ટ→**જે ન ગમતું હોય તેને પ્રાપ્ત કરાય. भूतं पश्यामि ।

(c) **અનુભય→**જેમાં ઈચ્છા પણ નથી, દ્વેષ પણ નથી. उपाश्रये गच्छन् आपणं पश्यामि ।

★ **દ્વિકર્મક[1] ધાતુનાં વિષયમાં ઉપરોક્ત પ્રત્યેક કર્મનાં બે-બે પ્રકાર :**

(a) **પ્રધાન→**જેની માટે ક્રિયાનો આરંભ કરાય તે.

(b) **અપ્રધાન→**મુખ્ય કર્મની સિદ્ધિ માટે ક્રિયા દ્વારા જે બીજા સાથે સંબંધ કરાય તે. જેમકે, **छात्रं पन्थानं पृच्छति→**અહીં પૂછવાની ક્રિયા પંથ માટે થઈ છે. માટે પંથ પ્રધાન કર્મ છે. અને પંથ પૂછવા માટે છાત્ર સાથે સંબંધ કરાય છે. માટે છાત્ર અપ્રધાન કર્મ છે.

(૨) આ સૂત્રથી આરંભીને काला-ऽध्व-भाव०૨.૨.૨૩ સુધી કર્મસંજ્ઞાનાં અધિકારનાં સૂત્રો જાણવા.

(૩) **કર્મસંજ્ઞાનાં પ્રદેશો :** कर्मणोऽण् ૫.૧.૭૨ વિ.

વ્યાપ્યસંજ્ઞાનાં પ્રદેશો : व्याप्याच्चेवात् ૫.૪.૭૧ વિ.

---

૧. પ્રધાન અને અપ્રધાન કર્મનાં વિષયમાં વિશેષ વિવેચન માટે પરિશિષ્ટ-૧ જોવું.

★ મૂળકર્ત્તાને કર્મસંજ્ઞા : ૨.૨.૪ થી ૨.૨.૯

वाऽकर्मणामणिक्कर्त्ता णौ २/२/४

અ.અ.સૂ. : अकर्मणां(धातूनाम्) अणिक्कर्त्ता णौ कर्म वा ।

અર્થ : અવિવક્ષિતકર્મક ધાતુઓનો અણિગ્કર્ત્તા णिग् અવસ્થામાં કર્મસંજ્ઞક વિકલ્પે થાય છે.

સ. : (૧) **अकर्मणाम्**→न विद्यते कर्म येषां ते अकर्माणः, तेषामिति ।
(૨) **अणिक्कर्त्ता**→णिगि कर्त्ता इति णिक्कर्त्ता, न णिक्कर्त्ता इति ।

ઉદા. (૧) **पच्** (डुपचींष् पाके-૮૯૨)
(a)[1] पचति चैत्रः→ચૈત્ર રાંધે છે.
(b) पच्यते चैत्रेण→ચૈત્ર વડે રંધાય છે.
(c) पाचयति चैत्रं/चैत्रेण (मैत्रः)→મૈત્ર ચૈત્રની પાસે રંધાવે છે.
(d) पाच्यते चैत्रो/चैत्रेण (मैत्रेण)→મૈત્ર વડે ચૈત્રની પાસે રંધાવાય છે.

★ આ સૂત્રથી મૂળકર્ત્તા ચૈત્રને પ્રેરક કર્ત્તરિ પ્રયોગ (c)માં કર્મસંજ્ઞા વિકલ્પે થતાં कर्मणि ૨.૨.૪૦થી દ્વિતીયા અને વિકલ્પ પક્ષમાં કર્મસંજ્ઞાનાં અભાવમાં તૃતીયા થઈ છે.

વિશેષતા :

(૧) વાસ્તવમાં પ્રેરકકર્ત્તા અને મૂળકર્ત્તાને હેતુ-कर्तृ૦૨.૨.૪૪થી તૃતીયા થાય છે. પરંતુ પ્રેરકકર્ત્તરિ પ્રયોગમાં ધાતુને પ્રેરકકર્ત્તા પ્રમાણે પ્રત્યય થતાં હોવાથી પ્રેરકકર્ત્તા ઉક્ત થાય છે. તેથી **'उक्ते कारके प्रथमा स्यात्'** પંક્ત્યનુસારે પ્રેરકકર્ત્તાને પ્રથમા થશે.

---

૧. (a) = अणिग् कर्त्तरि प्रयोग. (b) = अणिग् कर्मणि प्रयोग.
(c) = णिग् कर्त्तरि प्रयोग. (d) = णिग् कर्मणि प्रयोग.

તથા, પ્રેરક કર્મણિ પ્રયોગમાં ધાતુને કર્મ પ્રમાણે પ્રત્યય થતાં હોવાથી કર્મ ઉક્ત થાય છે. તેથી કર્મને '**उक्ते कारके०**' પંક્ત્યનુસારે પ્રથમા થશે.

(૨) ઉત્તરસૂત્રમાં નિત્ય-અકર્મક ધાતુનું ગ્રહણ કરેલ છે. તેથી પારિશેષ્ય ન્યાયાનુસારે આ સૂત્રમાં 'अकर्मणाम्' પદ દ્વારા અવિવક્ષિતકર્મક ધાતુનું જ ગ્રહણ થશે.

गति-बोधा-ऽऽहारार्थ-शब्दकर्म-नित्याकर्मणा-मनी-खाद्यदि-ह्वा-शब्दाय-क्रन्दाम् २/२/५

અ.અ.સૂ. : अनीखाद्यदि-ह्वा-शब्दाय-क्रन्दां गति-बोधा-ऽऽहारार्थ-शब्दकर्म-नित्यकर्मणां(धातूनाम्) अणिक्कर्त्ता णौ कर्म ।

અર્થ : ગતિ=બીજા દેશની પ્રાપ્તિ. શબ્દકર્મ=શબ્દ છે ક્રિયા/વ્યાપ્ય સ્વરૂપે જેને એવો તે नी, खाद्, अद्, ह्वे, शब्दाय् અને क्रन्द् સિવાયનાં ગતિ અર્થવાળાં, બોધ અર્થવાળા, આહાર અર્થવાળાં, શબ્દકર્મક તથા નિત્ય-અકર્મક ધાતુઓનો અણિગ્કર્ત્તા णिग् અવસ્થામાં કર્મસંજ્ઞક થાય છે.

સ. : (૧) गतिबोधाऽऽहारार्थशब्दकर्मनित्याकर्मणाम्→गतिश्च बोधश्च आहारश्च इति गतिबोधाहाराः, गतिबोधाहारा अर्था येषां ते इति गतिबोधाहारार्थाः, शब्दः कर्म येषां ते इति शब्दकर्माणः, नित्यं न विद्यते कर्म येषां ते इति नित्याकर्माणः, गतिबोधाहारार्थाश्च शब्दकर्माणश्च नित्याकर्माणश्च इति गतिबोधाहारार्थशब्दकर्मनित्याकर्माणः, तेषामिति ।

(२) **अनीखाद्यदिह्वाशब्दायक्रन्दाम्**→नीश्च खादिश्च अदिश्च ह्वाश्च शब्दायश्च क्रन्द् च इति नीखाद्यदिह्वाशब्दायक्रन्दः, न नीखाद्यदिह्वाशब्दायक्रन्दः, इति अनीखाद्यदिह्वाशब्दायक्रन्दः, तेषामिति ।

ઉદા. (१) **गत्यर्थक** : गम् (गम्लृं गतौ-७८६)

(a) गच्छति मैत्रः→મૈત્ર જાય છે.

(b) गम्यते मैत्रेण→મૈત્ર વડે જવાય છે.

(c) **गमयति मैत्रं ग्रामं (चैत्रः)**→ચૈત્ર મૈત્રને ગામ મોકલે છે.

(d) गम्यते मैत्रो ग्रामं (चैत्रेण)→ચૈત્ર વડે મૈત્રને ગામ મોકલાય છે.

★ અહીં गम् ધાતુ ગત્યર્થક હોવાથી તેનાં મૂળકર્ત્તા મૈત્રને (c) પ્રયોગમાં આ સૂત્રથી કર્મસંજ્ઞા થઈ છે. તેથી कर्मणि ૨.૨.૪૦થી દ્વિતીયા થાય છે.

(२) **बोधार्थक** : बुध् (बुधिं ज्ञाने-१२६२)

(a) बुध्यते शिष्यो धर्मम्→શિષ્ય ધર્મને જાણે છે.

(b) बुध्यते शिष्येण धर्मः→શિષ્ય વડે ધર્મ જણાય છે.

(c) **बोधयति शिष्यं धर्मं (गुरुः)**→ગુરૂ શિષ્યને ધર્મ જણાવે છે.

(d) बोध्यते शिष्यो धर्मं (गुरुणा)/बोध्यते शिष्यं धर्मो (गुरुणा)→ ગુરૂ વડે શિષ્યને ધર્મ જણાવાય છે.

★ અહીં बुध् ધાતુ બોધાર્થક હોવાથી તેનાં મૂળકર્ત્તા શિષ્યને (c) પ્રયોગમાં આ સૂત્રથી કર્મસંજ્ઞા થઈ છે. તેથી कर्मणि ૨.૨.૪૦થી દ્વિતીયા થાય છે.

(૩) **આહારાર્થક :** भुज् (भुजंप् पालना-ऽभ्यव०-१४८७)

(a) भुङ्क्ते बटुरोदनम्→બાળક ભાત ખાય છે.

(b) भुज्यते बटुना ओदनम्→બાળક વડે ભાત ખવાય છે.

(c) **भोजयति बटुमोदनं (माता)**→માતા બાળકને ભાત ખવડાવે છે.

(d) भोज्यते बटुरोदनं (मात्रा)/भोज्यते बटुमोदनः (मात्रा)→માતા વડે બાળકને ભાત ખવડાવાય છે.

★ અહીં भुज् ધાતુ આહારાર્થક હોવાથી તેનાં મૂળકર્ત્તા बटुने (c) પ્રયોગમાં આ સૂત્રથી કર્મસંજ્ઞા થઈ છે. તેથી कर्मणि ૨.૨.૪૦થી દ્વિતીયા થાય છે.

(૪) **शब्दकर्मक :**

(i) **शब्दक्रिया**→जल्प् (जल्प व्यक्ते वचने-૩૩૭)

(a) जल्पति मैत्रः→મૈત્ર બોલે છે.

(b) जल्प्यते मैत्रेण→મૈત્ર વડે બોલાય છે.

(c) **जल्पयति मैत्रं द्रव्यम्**→દ્રવ્ય મૈત્રની પાસે બોલાવે છે.

(d) जल्प्यते मैत्रो द्रव्येण→દ્રવ્ય વડે મૈત્ર પાસે બોલાવાય છે.

(ii) **शब्दकर्म**→इ (इङ्क् अध्ययने-११०४)

(a) अधीते बटुर्वेदम्→બાળક વેદ ભણે છે.

(b) अधीयते बटुना वेदम्→બાળક વડે વેદ ભણાય છે.

(c) **अध्यापयति बटुं वेंदम् (होता)**→હોતા બાળકને વેદ ભણાવે છે.

(d) अध्याप्यते बटुर्वेदं (होत्रा)/अध्याप्यते बटुं वेदः (होत्रा)→ હોતા વડે બાળકને વેદ ભણાવાય છે.

★ ઉપરોક્ત (i)માં શબ્દ તે ક્રિયા રૂપે હોવાથી અને (ii)માં શબ્દ તે વેદ સ્વરૂપ કર્મ હોવાથી બંને ધાતુ શબ્દકર્મક થાય છે. તેથી આ સૂત્રથી મૂળકર્ત્તા મૈત્ર અને બટુને (c) પ્રયોગમાં કર્મસંજ્ઞા થઈ છે. તેથી કર્મણિ ૨.૨.૪૦થી દ્વિતીયા થાય છે.

(૫) નિત્ય-અકર્મક : શી (शीङ्क्-स्वप्ने-૧૧૦૫)

(a) શેતે મૈત્રઃ→મૈત્ર સુવે છે.

(b) શય્યતે મૈત્રેણ→મૈત્ર વડે સુવાય છે.

(c) **શાયયતિ મૈત્રં ચૈત્રઃ**→ચૈત્ર મૈત્રને સુવાડે છે.

(d) શાય્યતે મૈત્રશ્ચૈત્રેણ→ચૈત્ર વડે મૈત્ર સુવડાવાય છે.

★ અહીં શી ધાતુ નિત્ય-અકર્મક હોવાથી તેનાં મૂળકર્ત્તા મૈત્રને (c) પ્રયોગમાં આ સૂત્રથી કર્મસંજ્ઞા થઈ છે. તેથી કર્મણિ ૨.૨.૪૦થી દ્વિતીયા થાય છે.

પ્ર.ઉદા. (૧) गत्यर्थादीनामिति किम् ? પચ્ (डुपचींष् पाके-૮૯૨)

(a) પચતિ ઓદનં ચૈત્રઃ→ચૈત્ર ભાત રાંધે છે.

(b) પચ્યતે ઓદનશ્ચૈત્રેણ→ચૈત્ર વડે ભાત રંધાય છે.

(c) **પાચયતિ ઓદનં ચૈત્રેણ (મૈત્રઃ)**→મૈત્ર ચૈત્રની પાસે ભાત રંધાવે છે.

(d) પાચ્યતે ઓદનશ્ચૈત્રેણ (મૈત્રેણ)→મૈત્ર વડે ચૈત્રની પાસે ભાત રંધાવાય છે.

★ આ સૂત્રથી ગતિ વિ. અર્થવાળાં ધાતુનાં જ મૂળકર્ત્તાને પ્રેરક અવસ્થામાં કર્મસંજ્ઞા થાય છે. જ્યારે અહીં પચ્ ધાતુ ગતિ વિ. અર્થવાળો નથી માટે આ સૂત્રથી પ્રેરક અવસ્થામાં મૂળકર્ત્તાને કર્મસંજ્ઞા ન થતાં કર્મણિ ૨.૨.૪૦થી દ્વિતીયા થઈ નથી પરંતુ કર્ત્તૃસંજ્ઞા હોવાથી હેતુ-કર્તૃ૦૨.૨.૪૪થી તૃતીયા થઈ છે.

(૨) न्यादिवर्जनं किम् ?

(A) नी (णींग् प्रापणे-८८४)

(a) नयति भारं चैत्रः→ચૈત્ર ભાર લઈ જાય છે.

(b) नीयते भारश्चैत्रेण→ચૈત્ર વડે ભાર લઈ જવાય છે.

(c) **नाययति भारं चैत्रेण (मैत्रः)**→મૈત્ર ચૈત્રની પાસે ભાર લેવડાવે છે.

(d) नाय्यते भारश्चैत्रेण (मैत्रेण)→મૈત્ર વડે ચૈત્રની પાસે ભાર લેવડાવાય છે.

(B) खाद् (खादृ भक्षणे-२९४)

(a) खादत्यपूपं मैत्रः→મૈત્ર પુડલો ખાય છે.

(b) खाद्यतेऽपूपं मैत्रेण→મૈત્ર વડે પુડલો ખવાય છે.

(c) **खादयत्यपूपं मैत्रेण (चैत्रः)**→ચૈત્ર મૈત્રને પુડલો ખવડાવે છે.

(d) खाद्यतेऽपूपं मैत्रेण (चैत्रेण)→ચૈત્ર વડે મૈત્રને પુડલો ખવડાવાય છે.

(C) अद् (अदं भक्षणे-१०५९)

(a) अत्योदनं सुतः→પુત્ર ભાત ખાય છે.

(b) अद्यते ओदनं सुतेन→પુત્ર વડે ભાત ખવાય છે.

(c) **आदयत्योदनं सुतेन (माता)**→માતા પુત્રને ભાત ખવડાવે છે.

(d) आद्यते ओदनः सुतेन (मात्रा)→માતા વડે પુત્રને ભાત ખવડાવાય છે.

(D) ह्वे (ह्वेंग्-स्पर्धा-ऽ०-९९४)

(a) ह्वयति चैत्रं मैत्रः→મૈત્ર ચૈત્રને બોલાવે છે.

(b) हूयते चैत्रो मैत्रेण→મૈત્ર વડે ચૈત્ર બોલાવાય છે.

(c) **ह्वाययति चैत्रं मैत्रेण (देवदत्तः)**→દેવદત્ત મૈત્ર પાસે ચૈત્રને બોલાવડાવે છે.

(d) ह्वाय्यते चैत्रो मैत्रेण (देवदत्तेन)→દેવદત્ત વડે મૈત્ર પાસે ચૈત્ર બોલાવડાવાય છે.

(E) शब्दाय् (शब्दण् उपसर्गाद्०-१७३९)

(a) शब्दायते बटुं मैत्रः→મૈત્ર બાળકને બોલાવે છે.

(b) शब्दाय्यते बटुर्मैत्रेण→મૈત્ર વડે બાળક બોલાવાય છે.

(c) **शब्दाययति बटुं मैत्रेण (चैत्रः)**→ચૈત્ર મૈત્રની પાસે બાળકને બોલાવડાવે છે.

(d) शब्दायय्यते बटुर्मैत्रेण (चैत्रेण)→ચૈત્ર વડે મૈત્રની પાસે બાળકને બોલાવડાવાય છે.

(F) क्रन्द् (क्रदु रोदना-ऽह्वा०-३१९)

(a) क्रन्दति मैत्रं चैत्रः→ચૈત્ર મૈત્રને બોલાવે છે.

(b) क्रन्द्यते मैत्रश्चैत्रेण→ચૈત્ર વડે મૈત્રને બોલાવાય છે.

(c) **क्रन्दयति मैत्रं चैत्रेण (देवदत्तः)**→(દેવદત્ત) ચૈત્રની પાસે મૈત્રને બોલાવડાવે છે.

(d) क्रन्द्यते मैत्रश्चैत्रेण (देवदत्तेन)→(દેવદત્ત વડે) ચૈત્રની પાસે મૈત્રને બોલાવડાવાય છે.

★ ઉપરોક્ત ઉદા.માં દર્શાવેલ ધાતુઓનું સૂત્રમાં વર્જન હોવાથી તેના મૂળકર્ત્તા મૈત્ર વિ.ને આ સૂત્રથી (c) પ્રયોગમાં કર્મસંજ્ઞા ન થતાં कर्मणि २.२.४०થી દ્વિતીયા થઈ નથી પણ कर्तृसंज्ञा હોવાથી हेतु-कर्तृ०२.२.४४થી તૃતીયા થઈ છે.

વિશેષતા :

(१) અહીં ધ્યાનમાં લેવું કે, પ્રેરક કર્મણિ (d) પ્રયોગમાં ગત્યર્થક ધાતુ સિવાયનાં ધાતુનાં બંને કર્મનો ક્રિયાની સાથે સૌ

પ્રથમ સંબંધ થઈ શકવાની સંભાવના હોવાથી બંને કર્મને વારાફરતી પ્રથમા વિભક્તિ થાય છે. તેથી બે પ્રયોગ સિદ્ધ થાય. આ વાત આગામી સૂત્રોમાં પણ જાણવી.

(૨) नी ધાતુ ગત્યર્થક, खाद्-अद् આહારાર્થક તથા ह्वे, शब्दाय् અને क्रन्द् ધાતુ શબ્દકર્મક હોવાથી આ ધાતુનાં મૂળકર્ત્તાને કર્મસંજ્ઞાની પ્રાપ્તિ હતી તેથી સૂત્રમાં તેમનું વર્જન દર્શાવેલ છે.

(૩) **'चैत्रो मैत्रं गमयति'** અહીં ધાતુ ગત્યર્થક અને અવિવક્ષિત કર્મક પણ છે. તેથી અહીં વાડકર્મણા૦૨.૨.૪ અને આ સૂત્ર બંનેથી 'મૈત્ર'ને કર્મસંજ્ઞાની પ્રાપ્તિ હતી પણ સ્પર્દ્ધે ૭.૪.૧૧૯ પરિભાષાનુસારે આ સૂત્રથી નિત્ય કર્મસંજ્ઞા થશે. પણ પૂર્વ સૂત્રથી વિકલ્પે નહીં.

(૪) કેટલાંક વ્યાકરણકારો વિશેષ બોધ અર્થવાળાં दृश् ધાતુનાં વિષયમાં જ આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છે છે. અન્ય બોધાર્થક ધાતુનાં વિષયમાં નહીં. તેથી તેઓનાં મતે मैत्रेण उत्पलं घ्रापयति વિ. સ્થાને આ સૂત્રથી મૂળકર્ત્તા મૈત્રને કર્મસંજ્ઞા થશે નહીં.

(૫) અહીં સૂત્રમાં 'नित्याकर्मणाम्' પદમાં 'नित्य'નું ગ્રહણ ઉપરોક્ત સૂત્રમાં અકર્મક તરીકે અવિવક્ષિતકર્મક ધાતુનાં ગ્રહણ માટે છે.

(૬) **द्वन्द्वात्परः प्रत्येकमभिसम्बध्यते**[1] ૩/૧૫ ન્યાયાનુસારે સૂત્રગત અર્થ શબ્દનો દ્વન્દ્વ સમાસગત ગતિ, આહાર અને બોધ ત્રણે પદ સાથે સંબંધ થાય છે.

જિ. : સૂત્રમાં શબ્દકર્મક ધાતુનું ગ્રહણ કર્યું છે. તેમ છતાં ઉદા.માં બે પ્રકાર બતાવીને શબ્દ-ક્રિયાવાળા ધાતુનું ગ્રહણ કોના આધારે કર્યું ?

---

૧. ન્યાયનાં અર્થ માટે પરિશિષ્ટ-૨માં જોવું. તેમજ, વિશેષ અર્થ માટે સં.સૌ.માં જોવું.

સમા. : સૂત્રમાં હ્વે, શબ્દાય્ અને ક્રન્દ્ ધાતુનો નિષેધ કર્યો છે. જે શબ્દ કર્મ=વ્યાપ્યવાળાં નથી. પણ શબ્દક્રિયાવાળાં જણાય છે. તે નિષેધથી જ જણાય છે કે, 'ગ્રંથકારશ્રીને શબ્દકર્મ= ક્રિયાવાળા ધાતુનું પણ ગ્રહણ ઈષ્ટ છે. અન્યથા નિષેધ વ્યર્થ જવાની આપત્તિ આવે. તેથી શૃણોતિ વિ. શબ્દ ક્રિયાવાળાં ધાતુનાં વિષયમાં પણ આ સૂત્રથી મૂળકર્ત્તાને કર્મસંજ્ઞા થશે. વસ્તુતઃ અન્યનાં મતે જલ્પતિ વિ. ધાતુઓ શબ્દકર્મક ન ગણાતાં નિત્ય-અકર્મક ગણવામાં આવે છે. તેથી તેઓનાં મતે શબ્દકર્મનાં બે ભેદ મનાતાં નથી. પરંતુ ગ્રંથકારશ્રીએ જલ્પતિ વિ. ધાતુઓ શબ્દકર્મક દર્શાવ્યાં છે.

જિ. : ઉપરોક્ત કથનાનુસારે શબ્દકર્મકની જેમ નિત્ય-અકર્મકમાં પણ નિત્ય-અક્રિય ભેદ ગ્રહણ કરવો જોઈએ તેવું કેમ નથી કર્યું ?

સમા. : ક્રિયા વગરનો કોઈ ધાતુ સંભવતો જ નથી. માટે નિત્ય-અકર્મકમાં રહેલ અકર્મક અક્રિયાનું ગ્રહણ થશે નહીં.

भक्षेर्हिंसायाम् २/२/६

અ.અ.સૂ. : हिंसायां भक्षेः(धातोः) अणिक्कर्त्ता णौ कर्म ।

અર્થ : હિંસા અર્થમાં વર્ત્તતાં ભક્ષ્ ધાતુનો અણિગ્કર્ત્તા ણિગ્ અવસ્થામાં કર્મસંજ્ઞક થાય છે.

ઉદા. (૧) भक्ष् (ભક્ષણ્ અદને-૧૭૧૭)

(a) भक्षयन्ति सस्यं बलीवर्दाः→બળદો ઘાસ ખાય છે.

(b) भक्ष्यते सस्यं बलीवर्दैः→બળદો વડે ઘાસ ખવાય છે.

(c) **भक्षयति सस्यं बलीवर्दान् मैत्रः**→મૈત્ર બળદોને ઘાસ ખવડાવે છે.

(d) भक्ष्यते सस्यं बलीवर्दान् मैत्रेण/भक्ष्यन्ते सस्यं बलीवर्दा मैत्रेण→મૈત્ર વડે બળદોને ઘાસ ખવડાવાય છે.

★ અહીં હિંસા અર્થવાળો ભક્ષ્ ધાતુ હોવાથી તેનાં મૂળકર્ત્તા બલીવર્દને (c) પ્રયોગમાં આ સૂત્રથી કર્મસંજ્ઞા થઈ છે. તેથી કર્મણિ ૨.૨.૪૦થી દ્વિતીયા થાય છે.

પ્ર.ઉદા. હિંસાયામિતિ કિમ્ ?

(a) भक्षयति पिण्डीं शिशुः→બાળક ખારેક ખાય છે.

(b) भक्ष्यते पिण्डी शिशुना→બાળક વડે ખારેક ખવાય છે.

(c) **भक्षयति पिण्डीं शिशुना (माता)→**(માતા) બાળકને ખારેક ખવડાવે છે.

(d) भक्ष्यते पिण्डी शिशुना (मात्रा)→(માતા વડે) બાળકને ખારેક ખવડાવાય છે.

★ ખારેક અચિત્ત હોવાથી અહીં હિંસાર્થક ભક્ષ્ ધાતુ નથી. માટે આ સૂત્રથી (c) પ્રયોગમાં મૂળકર્ત્તા શિશુને કર્મસંજ્ઞા થઈ નથી. કર્ત્તૃસંજ્ઞા હોવાથી હેતુ-કર્તૃ૦૨.૨.૪૪થી તૃતીયા થઈ છે.

વિશેષતા :

જિ. : ભક્ષ્ ધાતુ આહારાર્થક હોવાથી તેનાં વિષયમાં મૂળકર્ત્તાને ગતિ-બોધ૦૨.૨.૫ થી કર્મસંજ્ઞાની પ્રાપ્તિ હતી તો આ સૂત્રની રચના શા માટે કરી ?

સમા. : અહીં **सिद्धे सत्यारम्भो नियमार्थः ૧/૨૫** ન્યાયની પ્રવૃત્તિ થાય છે. તેથી આ સૂત્ર રચના દ્વારા નિયમ કરવામાં આવ્યો છે કે,

નિયમ : ભક્ષ્ ધાતુનાં મૂળકર્ત્તા હિંસા અર્થમાં જ કર્મસંજ્ઞક થાય છે. અન્યત્ર નહીં એટલે કે, હવે, આહાર અર્થવાળાં ભક્ષ્ ધાતુનાં

વિષયમાં મૂળકર્ત્તાને હિંસા અર્થ ન હોય તો ગતિ-બોધ૦૨.૨.૫થી પણ કર્મસંજ્ઞા કરવી નહીં.

वहेः प्रवेयः २/२/७

અ.અ.સૂ. : वहेः(धातोः) प्रवेयः अणिक्कर्त्ता णौ कर्म ।

અર્થ : વહ્ ધાતુનો અણિગ્કર્ત્તા પ્રવેય હોય તો ણિગ્ અવસ્થામાં કર્મસંજ્ઞક થાય છે.

ઉદા. वह् (वहीं प्रापणे-૯૯૬)

(a) वहन्ति भारं बलीवर्दाः→બળદો ભાર ઉપાડે છે.

(b) उह्यते भारो बलीवर्दैः→બળદો વડે ભાર ઉપાડાય છે.

(c) **वाहयति भारं बलीवर्दान् (मैत्रः)**→મૈત્ર બળદો પાસે ભાર વહન કરાવે છે.

(d) वाह्यन्ते बलीवर्दा भारं (मैत्रेण)/वाह्यन्ते बलीवर्दान् भारो (मैत्रेण)→મૈત્ર વડે બળદો પાસે ભાર વહન કરાવાય છે.

★ વહ્ ધાતુનો મૂળકર્ત્તા પ્રવેય હોવાથી આ સૂત્રથી (c) પ્રયોગમાં તેને કર્મસંજ્ઞા થઈ છે. તેથી कर्मणि ૨.૨.૪૦થી દ્વિતીયા થાય છે.

પ્ર.ઉદા. प्रवेय इति किम् ?

(a) वहति भारं मैत्रः→મૈત્ર ભાર ઉપાડે છે.

(b) उह्यते भारो मैत्रेण→મૈત્ર વડે ભાર વહન કરાય છે.

(c) **वाहयति भारं मैत्रेण (चैत्रः)**→(ચૈત્ર) મૈત્ર પાસે ભાર વહન કરાવે છે.

(d) वाह्यते भारो मैत्रेण (चैत्रेण)→(ચૈત્ર વડે) મૈત્ર પાસે ભાર વહન કરાવાય છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ મૂળકર્ત્તા પ્રવેય હોય તો જ થાય છે. જ્યારે અહીં મૂળકર્ત્તા મૈત્ર પ્રવેય નથી. માટે આ સૂત્રથી

કર્મસંજ્ઞા થઈ નથી. તેથી (c) પ્રયોગમાં કર્મણિ ૨.૨.૪૦થી દ્વિતીયા ન થતાં હેતુ-કર્તૃ૦૨.૨.૪૪થી તૃતીયા થઈ છે.

વિશેષતા :

પ્રવેય = નિત્ય વહન કરવાનો ધર્મ છે જેનો તે.

જિ. : વહ્ ધાતુ પ્રાપ્ત કરવું અને કરાવવું અર્થમાં ગત્યર્થક હોવાથી તેમજ, વહન કરવું અર્થમાં નિત્ય-અકર્મક હોવાથી તેનાં મૂળકર્ત્તાને નિત્ય કર્મસંજ્ઞાની પ્રાપ્તિ હતી. તેમજ, જો કર્મની વિવક્ષા ન કરીએ તો વાઽકર્મણા૦૨.૨.૪થી વિકલ્પે કર્મસંજ્ઞાની પ્રાપ્તિ હતી. તો આ સૂત્રની રચના શા માટે કરી ?

સમા. : અહીં પણ પૂર્વસૂત્રની જેમ **સિદ્ધે સત્યારમ્ભો નિયમાર્થઃ ૧/૨૫** ન્યાયની પ્રવૃત્તિ થઈ છે. તેથી નિયમ થયો કે, વહ્ ધાતુનો મૂળકર્ત્તા જો પ્રવેય હોય તો જ કર્મસંજ્ઞા કરવી. અન્યથા ગતિ-બોધ૦૨.૨.૫ અને વાઽકર્મણા૦૨.૨.૪થી પણ કર્મસંજ્ઞા થશે નહીં.

હૃ-ક્રોર્નવા ૨/૨/૮

અ.અ.સૂ. : હૃ-ક્રોઃ(ધાત્વોઃ) અણિક્કર્ત્તા ણૌ કર્મ નવા ।

અર્થ : હૃ અને કૃ ધાતુનો અણિગ્કર્ત્તા ણિગ્ અવસ્થામાં વિકલ્પે કર્મસંજ્ઞક થાય છે.

સ. : **હૃ-ક્રોઃ**→હા ચ કા ચ ઇતિ હૃ-ક્રૌ, તયોરિતિ ।

ઉદા. (૧) વિ+હૃ (હૃંગ્ હરણે-૮૮૫)

(a) વિહરતિ દેશં ગુરુઃ→ગુરૂ દેશ તરફ વિહાર કરે છે.

(b) વિહ્રિયતે દેશો ગુરુણા→ગુરૂ વડે દેશ તરફ વિહાર કરાય છે.

(c) **विहारयन्ति देशं गुरुं/गुरुणा (श्रावकाः)**→શ્રાવકો ગુરૂને દેશ તરફ વિહાર કરાવે છે.

(d) विहार्यते देशो गुरुं/गुरुणा (श्रावकैः)/विहार्यते देशं गुरुः (श्रावकैः)→શ્રાવકો વડે ગુરૂને દેશ તરફ વિહાર કરાવાય છે.

(૨) **आ + हृ**

(a) आहरत्योदनं बालः→બાળક ભાત ખાય છે.

(b) आह्रियते ओदनो बालेन→બાળક વડે ભાત ખવાય છે.

(c) **आहारयत्योदनं बालं/बालेन (माता)**→(માતા) બાળકને ભાત ખવડાવે છે.

(d) आहार्यते ओदनो बालं/बालेन (मात्रा)/आहार्यते ओदनं बालो (मात्रा)→(માતા વડે) બાળકને ભાત ખવડાવાય છે.

(૩) **कृ** (डुकृंग् करणे-८८८)

(a) कुर्वते कटं चैत्रः→ચૈત્ર સાદડી કરે છે.

(b) क्रियते कटश्चैत्रेण→ચૈત્ર વડે સાદડી કરાય છે.

(c) **कारयति कटं चैत्रं/चैत्रेण (मैत्रः)**→મૈત્ર ચૈત્રની પાસે સાદડી કરાવે છે.

(d) कार्यते कटश्चैत्रं/चैत्रेण (मैत्रेण)/कार्यते कटं चैत्रः (मैत्रेण)→(મૈત્ર વડે) ચૈત્રની પાસે સાદડી કરાવાય છે.

★ અહીં હૃ અને કૃ ધાતુનાં વિષયમાં (c) પ્રયોગમાં મૂળકર્ત્તાને આ સૂત્રથી વિકલ્પે કર્મસંજ્ઞા થઈ છે. તેથી કર્મણિ ૨.૨. ૪૦થી દ્વિતીયા અને વિકલ્પે કર્મસંજ્ઞા ન હોવાથી હેતુ-કર્તૃ૦૨.૨.૪૪થી તૃતીયા થઈ છે.

વિશેષતા :

(૧) યદ્યપિ ગતિ અને આહાર અર્થવાળાં हृ ધાતુને તેમજ નિત્ય-અકર્મક અને શબ્દકર્મક कृ ધાતુનાં મૂળકર્ત્તાને નિત્ય કર્મસંજ્ઞાની પ્રાપ્તિ હતી તથા, તેના જેવા અન્ય અર્થમાં વર્ત્તતાં कृ ધાતુનાં મૂળકર્ત્તાને કર્મસંજ્ઞાની પ્રાપ્તિ ન હતી તે તમામ પ્રાપ્તા-પ્રાપ્ત પ્રયોગમાં વિકલ્પે પ્રાપ્તિ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ જાણવો.

(૨) સંસ્કૃત પ્રવેશિકામાં कृ ધાતુને આઠમા ગણનો દર્શાવવામાં આવ્યો છે. પરંતુ વ્યાકરણાનુસારે डुकृंग्-८८८ ધાતુપાઠથી નિર્દિષ્ટ कृ ધાતુ પ્રથમ ગણનો છે. જેને कृग्-तनादे०उ.४.८उથી उ વિકરણ પ્રત્યય થાય છે. તેથી અહીં **साहचर्यात् सदृशस्यैव** ૨/૬ ન્યાયાનુસારે हृનાં સાહચર્યથી कृ ધાતુ પણ પહેલાં ગણનો જ ગ્રહણ કરવામાં આવે છે.

दृश्यभिवदोरात्मने २/२/९

અ.અ.સૂ. : आत्मने दृश्यभिवदोः(धात्वोः) अणिक्कर्त्ता णौ कर्म नवा ।

અર્થ : આત્મને.નાં વિષયવાળાં दृश् અને अभि+वद् ધાતુનો अणिग्कर्त्ता णिग् અવસ્થામાં કર્મસંજ્ઞક વિકલ્પે થાય છે.

સ. : **दृश्यभिवदोः**→दृशिश्च अभिवद् च इति दृश्यभिवदौ, तयोरिति ।

ઉદા. (૧) दृश् (दृशृं-प्रेक्षणे-४९५)

(a) पश्यन्ति राजानं भृत्याः→નોકરો રાજાને જુએ છે.

(b) दृश्यते राजा भृत्यैः→નોકરો વડે રાજા જોવાય છે.

(c) **दर्शयते भृत्यान्/भृत्यैः राजा**→રાજા નોકરોને પોતાનાં દર્શન કરાવે છે.

(d) दर्शयन्ते भृत्याः राज्ञा/दर्श्यते भृत्यैः राज्ञा→રાજા વડે નોકરોને પોતાનાં દર્શન કરાવાય છે.

(૨) **अभि+वद्** (वद व्यक्तायां वाचि-૯૯૮)

(a) अभिवदति गुरुं शिष्यः→શિષ્ય ગુરુનું અભિવાદન કરે છે.

(b) अभ्युद्यते गुरुः शिष्येण→શિષ્ય વડે ગુરૂનું અભિવાદન કરાય છે.

(c) **अभिवादयते गुरुः शिष्यं/शिष्येण**→ગુરૂ શિષ્ય પાસે પોતાનું અભિવાદન કરાવે છે.

(d) अभिवाद्यते गुरुणा शिष्यः/शिष्येण→(ગુરૂ વડે) શિષ્ય પાસે પોતાનું અભિવાદન કરાવાય છે.

★ આ ઉદા.માં અણિગ્ અવસ્થાનું કર્મ જ પ્રેરકમાં કર્ત્તા બને છે. આવા કર્મકર્ત્તરિ પ્રયોગમાં સ્મૃતિ ભિન્ન અર્થમાં વર્ત્તતો દૃશ્ અને અભિ+વદ્ ધાતુ અણિક્કર્મણિ૦૩.૩.૮૮થી આત્મને. થાય છે. માટે તેનાં કર્ત્તાને વિકલ્પે કર્મસંજ્ઞા થઈ છે. તેથી કર્મણિ ૨.૨.૪૦થી દ્વિતીયા અને વિકલ્પે હેતુ-કર્તૃ૦ ૨.૨.૪૪થી તૃતીયા થાય છે.

પ્ર.ઉદા. आत्मन इति किम् ?

(a) पश्यति रुपतर्कः रुपम्→બહુરૂપી રૂપને જુએ છે.

(c) **दर्शयति रुपतर्कं रुपं(चैत्रः)**→(ચૈત્ર) બહુરૂપીને રૂપ બતાવે છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ દૃશ્ ધાતુ આત્મને.નાં વિષયવાળો હોય તો જ થાય છે. જ્યારે અહીં કર્મ પોતે કર્ત્તા સ્વરૂપ ન બનતાં દૃશ્ ધાતુ આત્મને. થયો નથી, માટે આ

સૂત્રથી મૂળકર્ત્તાને (c) પ્રયોગમાં વિકલ્પે કર્મસંજ્ઞા ન થઈ. પણ ગતિ-બોધ૦૨.૨.૫થી નિત્ય કર્મસંજ્ઞા થતાં કર્મણિ ૨.૨.૪૦થી દ્વિતીયા થાય છે.

વિશેષતા :

(૧) દૃશ્ ધાતુ બોધાર્થક છે તથા અભિવાદન અર્થમાં રહેલ અભિ+વદ્ ધાતુ શબ્દકર્મક છે. તેથી તેમનાં વિષયમાં રહેલાં મૂળકર્ત્તાને પ્રેરક અવસ્થામાં નિત્ય કર્મસંજ્ઞાની પ્રાપ્તિ છે. તથા, પ્રણામ અર્થમાં રહેલાં અભિ+વદ્નાં વિષયમાં પ્રાપ્તિ ન હતી તેવા પ્રાપ્ત-અપ્રાપ્ત પ્રયોગમાં વિકલ્પે કર્મસંજ્ઞા કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે. માટે આને પ્રાપ્ત-અપ્રાપ્ત વિભાષા જાણવી.

(૨) શકટ વિ. વ્યાકરણકારો ણિગન્ત ધાતુનાં વિષયમાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છે છે. તેથી તેમના મતે अभिवादयते गुरुमाशिषं शिष्यं/शिष्येण मैत्रः । આવા પ્રયોગો થાય છે. તો કેટલાંક રત્નમતિ વિ. વ્યાકરણકારો નામધાતુનાં વિષયમાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છે છે. કેટલાંક વ્યાકરણકારો વદિણ્-૧૯૬૩ ધાતુથી પણ આ સૂત્રની પ્રવૃત્તિ કરે છે.

(૩) અહીં ધ્યાનમાં લેવું કે, આ સૂત્રની પ્રવૃત્તિ આત્મને.નાં તમામ વિષયમાં થશે. તેથી કર્મકર્ત્તરિ સિવાય પણ ફલવાન કર્ત્તાની અપેક્ષાએ ઉભયપદી પ્રેરક પ્રયોગને આત્મને.માં દર્શાવવામાં આવે ત્યારે પણ આ સૂત્રની પ્રવૃત્તિ કરવી. જેમકે, अभिवादयते गुरुं शिष्यं/शिष्येण मैत्रः ।

તેમજ, કર્મણિ પ્રયોગમાં તત્ साप्या૦૩.૩.૨૧થી થતાં આત્મને.નાં વિષયમાં પણ સૂત્રપ્રવૃત્તિની સંભાવના છે. જેમકે, चैत्रेण रुपतर्केण/रुपतर्कः रुपं दर्श्यते આ વાત ઉત્તરસૂત્રમાં પણ જાણવી.

णिगन्त अवस्थामां मूळकर्त्ताने थती संज्ञानुं कोष्टक

सूत्र	निमित्त	संज्ञा	विकल्पे/ नित्य	उदा. (कर्त्तरि)	उदा. (कर्मणि)
वाऽकर्मणा०४	अविवक्षित कर्मक धातु	कर्म.	विकल्पे	(a) चैत्रः पचति। (c) **चैत्रं/चैत्रेण** पाचयति।	(b) चैत्रेण पच्यते। (d) **चैत्रः/चैत्रेण** पाच्यते।
गति-बोधा-ऽऽहारार्थ०५	गत्यर्थक धातु (नी सिवाय)	कर्म	नित्य	(a) चैत्रो ग्रामं गच्छति। (c) **चैत्रं** ग्रामं गमयति।	(b) चैत्रेण ग्रामो गम्यते। (d) **चैत्रो** ग्रामं गम्यते।
	बोधार्थक धातु	कर्म	नित्य	(a) शिष्यो धर्मं बुध्यते। (c) **शिष्यं** धर्मं बोधयति।	(b) शिष्येण धर्मो बुध्यते। (d) **शिष्यो** धर्मं बोध्यते। शिष्यं धर्मो बोध्यते।
	आहारार्थक धातु (खाद्, अद् सिवाय)	कर्म	नित्य	(a) बटुरोदनं भुङ्क्ते (c) **बटुमोदनं** भुङ्क्ते	(b) बटुना ओदनं भुज्यते। (d) **बटुरो**दनं भोज्यते। **बटुमो**दनं भोज्यते।
	शब्दकर्मक धातु (ह्वे, शब्दाय्, क्रन्द् सिवाय)	कर्म.	नित्य	(a) बटुर्वेदमधीते। (c) **बटुं वेदमध्या**पयति।	(b) बटुना वेदमधीयते। (d) **बटुर्वे**दमध्याप्यते। बटुं **वेदम**ध्याप्यते।
	नित्य-अकर्मक धातु	कर्म	नित्य	(a) मैत्रः शेते। (c) **मैत्रं** शाययति।	(b) मैत्रेण शय्यते। (d) **मैत्रः** शाय्यते।

भक्षेर्हिंसायाम्०६	હિંસાર્થક भक्ष् ધાતુ	કર્મ	નિત્ય	(a) बलीवर्दाः सस्यं भक्षयन्ति। (c) **बलीवर्दान्** सस्यं भक्षयति।	(b) बलीवर्दैः सस्यं भक्ष्यते। (d) **बलीवर्दाः** सस्यं भक्ष्यन्ते। बलीवर्दान् सस्यं भक्ष्यते।
वहेः प्रवेयः०७	પ્રવેય કર્ત્તાવાળો वह् ધાતુ.	કર્મ	નિત્ય	(a) बलीवर्दाः भारं वहन्ति। (c) **बलीवर्दान्** भारं वाहयति।	(b) बलीवर्दैः भार उह्यते। (d) **बलीवर्दाः** भारं वाह्यन्ते। बलीवर्दान् **भारो** वाह्यते।
हृ-क्रोर्नवा०८	हृ અને कृ ધાતુ	કર્મ	વિકલ્પે	(a) गुरुर्देशं विहरति। (c) **गुरुं/गुरुणा** देशं विहारयन्ति।	(b) गुरुणा देशो विह्रियते। (d) **गुरुं/गुरुणा** देशो विहार्यते। **गुरुर्देशं** विहार्यते।
दृश्यभिवदोरात्मने०९	આત્મને.નાં વિષય-વાળો दृश् અને अभि+वद् ધાતુ.	કર્મ	વિકલ્પે	(a) भृत्याः राजानं पश्यन्ति। (c) राजा **भृत्यान्/भृत्यैः** दर्शयते।	(b) भृत्यैः राजा दृश्यते। (d) राज्ञा **भृत्याः** दर्श्यन्ते। राज्ञा **भृत्यैः** दर्श्यते।

★ કર્મને વિકલ્પે કર્મસંજ્ઞા : ૨.૨.૧૦ થી ૨.૨.૧૭

નાથઃ ૨/૨/૧૦

અ.અ.સૂ. : આત્મને નાથઃ(ધાતોઃ) વ્યાપ્યં કર્મ નવા ।

અર્થ : આત્મને.નાં વિષયવાળાં નાથ્ ધાતુનું વ્યાપ્ય કર્મસંજ્ઞક વિકલ્પે થાય છે.

ઉદા. નાથ્ (નાથૃઙ્ યાચને-૭૧૬)

સર્પિષો/સર્પિર્નાથતે→'ઘી મને થાઓ' એમ તે ઈચ્છા કરે છે.

★ અહીં નાથ્ ધાતુ આશીઃ અર્થમાં હોવાથી આશિષિ૦ ૩.૩.૩૬થી આત્મને. વિષયક થાય છે. તેથી આ સૂત્ર દ્વારા તેનાં કર્મ સર્પિસ્ને કર્મસંજ્ઞા વિકલ્પે થાય છે. માટે કર્મસંજ્ઞાનાં અભાવમાં શેષે ૨.૨.૮૧થી ષષ્ઠી અને વિકલ્પે કર્મસંજ્ઞા રહેતાં કર્મણિ ૨.૨.૪૦થી દ્વિતીયા થઈ છે.

પ્ર.ઉદા. આત્મન ઇતિ કિમ્ ? પુત્રમુપનાથતિ પાઠાય→

પુત્રને પાઠ માટે ઠપકો આપે છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ આત્મને. વિષયક નાથ્ ધાતુ હોય તો જ થાય છે. જ્યારે અહીં નાથ્ ધાતુ આશીઃ અર્થમાં ન હોવાથી આત્મને.નાં વિષયવાળો નથી માટે આ સૂત્રથી વ્યાપ્યને કર્મસંજ્ઞા વિકલ્પે ન થતાં કર્તુ વ્યાપ્યં૦૨.૨.૩થી નિત્ય કર્મસંજ્ઞા થાય છે. તેથી માત્ર કર્મણિ ૨.૨.૪૦થી દ્વિતીયા જ થઈ છે.

વિશેષતા :

(૧) નાથ્ ધાતુ ઉપતાપ, ઐશ્વર્ય, આશીઃ અને યાચના આમ ચાર અર્થમાં વર્ત્તે છે. પણ કર્ત્તરિ પ્રયોગમાં આશિષિ૦૩.૩.૩૬ સૂત્રથી માત્ર આશીર્વાદ અર્થમાં જ આત્મને. થાય છે.

(૨) પૂર્વસૂત્રથી આ સૂત્રની પૃથક્ રચના દ્વારા 'अणिकर्त्ता णौ'નો અધિકાર અટકાવવામાં આવ્યો છે. અને **अपेक्षातोऽधिकारः** ૧/૧૨ ન્યાયાનુસારે कर्तुर्व्याप्यं૦૨.૨.૩થી 'व्याप्यं'નો અધિકાર ગ્રહણ કરાય છે.

स्मृत्यर्थ-दयेशः २/२/११

અ.અ.સૂ. : स्मृत्यर्थ-दयेशः(धातोः) व्याप्यं कर्म नवा ।

અર્થ : સ્મૃતિ અર્થવાળાં તેમજ दय् અને ईश् ધાતુનું વ્યાપ્ય કર્મસંજ્ઞક વિકલ્પે થાય છે.

સ. : **स्मृत्यर्थ-दयेशः**→स्मृतिरर्थो येषां ते इति स्मृत्यर्थाः, स्मृत्यर्थाश्च दयश्च ईश् च इति स्मृत्यर्थदयेश्, तस्येति ।

ઉદા. (૧) સ્મૃતિઅર્થક (स्मृं-चिन्तायाम्-૧૮)

(a) **मातुः/मातरं स्मरति**→માતાને યાદ કરે છે.

(b) **मातुः/माता स्मर्यते**→(તેના) વડે માતા યાદ કરાય છે.

★ આ ઉદા.માં स्मृ ધાતુ સ્મૃતિ અર્થવાળો હોવાથી તેનાં વ્યાપ્ય માતૃને આ સૂત્રથી કર્મસંજ્ઞા વિકલ્પે થાય છે. તેથી (a)-(b) પ્રયોગમાં કર્મસંજ્ઞાનાં અભાવમાં ષષ્ઠી થઈ છે. તેમજ, વિકલ્પે કર્મ હોવાથી (a) કર્ત્તરિપ્રયોગમાં कर्मणि ૨.૨.૪૦થી દ્વિતીયા અને (b) કર્મણિપ્રયોગમાં કર્મ ઉક્ત થતાં **'उक्ते कारके प्रथमा स्यात्'** પંક્ત્યનુસારે પ્રથમા થઈ છે.

(૨) **दय्**- (दयि-दान-गति०७९९)
सर्पिषो/सर्पिर्दयते→તે ઘીને આપે છે.

(૩) **ईश्**- (ईशिक् ऐश्वर्ये-१११६)
लोकानाम्/लोकानीष्टे→લોકો પર શાસન કરે છે.

★ આ ઉદા.માં અનુક્રમે दय् અને ईश् ધાતુનાં વ્યાપ્યને આ સૂત્રથી કર્મસંજ્ઞા વિકલ્પે થાય છે. તેથી કર્મસંજ્ઞાનાં અભાવમાં શેષે ૨.૨.૮૧થી ષષ્ઠી અને વિકલ્પે કર્મસંજ્ઞા હોવાથી कर्मणि ૨.૨.૪૦થી દ્વિતીયા થઈ છે.

વિશેષતા :

જિ. : **विवक्षातः कारकाणि ૧/૧૧** ન્યાયાનુસારે કર્મસંજ્ઞાની અવિવક્ષામાં શેષે ૨.૨.૮૧થી ષષ્ઠી સિદ્ધ જ હતી છતાં વિકલ્પનું વિધાન કરી શા માટે પુનઃ કાર્ય કરવામાં આવે છે ?

સમા. : આ સૂત્રની પ્રવૃત્તિ દ્વારા અહીં નિયમ કરવામાં આવ્યો કે, કોઈપણ ક્રિયાનાં વિષયમાં વિવક્ષાનાં વશથી પણ કર્મને જ અવિવક્ષિત કરીને તે-તે સૂત્રથી ષષ્ઠી થશે. પણ અન્ય કરણ વિ. કારકને નહીં તેથી मात्रा स्मृतम् સ્થાને मातुः स्मृतम् આવો દુષ્પ્રયોગ થશે નહીં. તથા, વિવક્ષાવશાત્ કારકોને અવિવક્ષિત કરીને જે ષષ્ઠી કરવામાં આવે છે. તેને અયત્નજ ષષ્ઠી કહેવાય છે. જે षष्ठ्ययत्ना૦૩.૧.૭૬ સૂત્ર દ્વારા સમાસનો વિષય બને છે. જ્યારે આ રીતે વિકલ્પ દર્શાવીને કરવામાં આવતી ષષ્ઠી યત્નજ ષષ્ઠી હોવાથી સમાસનો વિષય બનતી નથી. માટે અહીં પણ ગ્રંથકારશ્રીનાં આશયને અનુરૂપ આ સૂત્રથી આરંભીને उपसर्गा૦૨.૨.૧૭ સુધીનાં સૂત્ર દ્વારા કર્મસંજ્ઞાનાં વિકલ્પ રૂપે પ્રાપ્ત થતી ષષ્ઠી વિભક્તિ સમાસનાં વિષય તરીકે નિષિદ્ધ કરાય છે. તેથી मातुः स्मृतम् સ્થાને સમાસ થઈ मातृस्मृतम् આવો દુષ્પ્રયોગ થશે નહીં.

कृगः प्रतियत्ने २/२/१२

अ.अ.सू. : प्रतियत्ने कृगः(धातोः) व्याप्यं कर्म नवा ।

अर्थ : **प्रतियत्न**=पुनर्यत्न. (वारंवार यत्न करवो.)
प्रतियत्न अर्थमां वर्त्ततो कृ धातुनुं व्याप्य कर्मसंज्ञक विकल्पे थाय छे.

ઉદા. **उप+कृ** (डुकृंग् करणे-८८८)
एधोदकस्य/एधोदकम् उपस्कुरुते→लाकडामां कोई विशेष गुण लावववा माटे लाकडांने वारंवार पाणीमां डूबाडे छे.

★ अहीं प्रतियत्न अर्थमां वर्त्ततां कृ धातुनां व्याप्य एधोदकने आ सूत्रथी कर्मसंज्ञा विकल्पे थाय छे. तेथी कर्मसंज्ञानां अभावमां शेषे २.२.८१थी षष्ठी अने विकल्पे कर्मसंज्ञा रहेतां कर्मणि २.२.४०थी द्वितीया थई छे.

विशेषता :

सूत्रगत 'प्रतियत्न'नां बे अर्थ जाणवा :

(a) विद्यमान गुणोमां विशेष गुणोने आधान करवानो प्रयत्न.
(b) अपायनां परिहार माटे के अशुभने दूर करवा माटेनी ईच्छाथी थतो प्रयत्न.

रुजार्थस्याऽज्वरि-सन्तापेर्भावे कर्त्तरि २/२/१३

अ.अ.सू. : भावे कर्त्तरि अज्वरि-सन्तापेः रुजार्थस्य(धातोः) व्याप्यं कर्म नवा ।

अर्थ : ભાववाचक नाम कर्त्ता होते छते ज्वर् अने सम्+ताप् सिवायनां पीडार्थक धातुनुं व्याप्य कर्मसंज्ञक विकल्पे थाय छे.

સ. : (૧) **रुजार्थस्य**→રુજાऽર્થો યસ્યાऽસૌ ઇતિ રુજાર્થ:, તસ્યેતિ ।

(૨) **अज्वरि-सन्तापे:**→જ્વરિશ્ચ સન્તાપિશ્ચ ઇતિ જ્વરિસન્તાપિ, ન જ્વરિસન્તાપિ ઇતિ અજ્વરિસન્તાપિ, તસ્યેતિ ।

ઉદા. **रुज्** (रुजोंत् भङ्गे-૧૩૫૦)

चौरस्य/चौरं रुजति रोग:→ચોરને રોગ પીડે છે.

★ અહીં કર્ત્તા घञ् પ્રત્યયાન્ત ભાવવાચક નામ છે. તેથી આ સૂત્ર દ્વારા રુજ્ ધાતુનાં કર્મ 'चौर'ને કર્મસંજ્ઞા વિકલ્પે થાય છે. માટે કર્મસંજ્ઞાનાં અભાવમાં શેષે ૨.૨.૮૧થી ષષ્ઠી અને વિકલ્પે કર્મસંજ્ઞા રહેતાં કર્મણિ ૨.૨.૪૦થી દ્વિતીયા થઈ છે.

પ્ર.ઉદા. (૧) **अज्वरिसन्तापेरिति किम् ?**

ज्वर् (ज्वर रोगे-૧૦૫૪), **सम्+तप्** (तपं-संतापे-૩૩૩)

आद्यूनं ज्वरयति/सन्तापयति→ઘણું ખાનારને (રોગ) પીડે છે, સંતાપ પમાડે છે.

★ આ સૂત્રમાં જ્વર્ અને સમ્+તપ્ ધાતુનું વર્જન છે. જ્યારે અહીં તે જ બે ધાતુનો વિષય હોવાથી આ સૂત્ર દ્વારા તેનાં વ્યાપ્ય આદ્યૂનને કર્મસંજ્ઞા વિકલ્પે ન થતાં कर्तुर्व्याप्यं० ૨.૨.૩થી નિત્ય થાય છે. માટે કર્મણિ ૨.૨.૪૦થી માત્ર દ્વિતીયા થઈ છે.

(૨) **भाव इति किम् ? मैत्रं श्लेष्मा रुजति**→મૈત્રને કફ પીડે છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ભાવવાચી કર્ત્તા હોય તો જ થાય છે. જ્યારે અહીં 'श्लेष्मा' દ્રવ્યવાચી કર્ત્તા છે, ભાવવાચી નથી. માટે આ સૂત્રથી 'मैत्र'ને કર્મસંજ્ઞા વિકલ્પે ન થતાં

कर्तुर्व्याप्यं०२.२.३थी नित्य थाय छे माटे कर्मणि २.२.४०थी मात्र द्वितीया थई छे.

जास-नाट-क्राथ-पिषो हिंसायाम् २/२/१४

अ.अ.सू. : हिंसायां जास-नाट-क्राथ-पिषः(धातोः) व्याप्यं कर्म नवा ।

अर्थ : हिंसा अर्थमां वर्त्तता जास्, नाट्, क्राथ् अने पिष् धातुनुं व्याप्य कर्मसंज्ञक विकल्पे थाय छे.

स. : **जास-नाट-क्राथ-पिषः→**जासश्च नाटश्च क्राथश्च पिष् च इति जासनाट-क्राथ-पिष्, तस्येति ।

उदा. (१) **उद्+जास-** (जसण् ताडने-१७५८)
चौरस्य/चौरम् उज्जासयति→ते चोरने मारे छे. (हिंसा करे छे.)

(२) **उद्+नाट-** (नटण् अवस्यन्दने-१५९३)
चौरस्य/चौरम् उन्नाट्यति→ते चोरने पछाडे छे. (हिंसा करे छे.)

(३) **उद्+क्राथ-** (क्रथ हिंसायाम्-१०४५)
चौरस्य उत्क्राथयति/चौरम् उत्क्रथयति→ते चोरनी हिंसा करे छे.

(४) **पिष्-** (पिष्लृंप् संचूर्णने-१४९३)
चौरस्य/चौरं पिनष्टि→ते चोरने पीसे छे. (हिंसा करे छे.)

★ आ उदा.मां जास् वि. धातुओ हिंसार्थक होवाथी तेनां व्याप्य 'चौर'ने आ सूत्र द्वारा कर्मसंज्ञा विकल्पे थाय छे. तेथी कर्मसंज्ञानां अभावमां शेषे २.२.८१थी षष्ठी, विकल्पे कर्मसंज्ञा रहेतां कर्मणि २.२.४०थी द्वितीया थई छे.

પ્ર.ઉદા. हिंसायामिति किम् ? जस् (जसूच् मोक्षणे-१२२३)
चौरं बन्धनाज्जासयति→ચોરને બંધનથી છોડાવે છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ હિંસાર્થક जास् વિ. ધાતુઓથી જ થાય છે. જ્યારે અહીં जास् ધાતુ હિંસાર્થક નથી માટે તેના વ્યાપ્ય 'चौर'ને આ સૂત્રથી કર્મસંજ્ઞા વિકલ્પે ન થતાં कर्तुर्व्याप्यं૦ ૨.૨.૩થી નિત્ય થાય છે. તેથી कर्मणि ૨.૨.૪૦થી માત્ર દ્વિતીયા થઈ છે.

વિશેષતા :

(૧) સૂત્રગત ધાતુસંબંધી કેટલાંક વિશેષ નિર્દેશો :

(a) દિવાદિ ગણનો जसूच्-१२२३ ધાતુ હિંસાર્થક ન હોવાથી તેનું ગ્રહણ થતું નથી. પણ ચુરાદિ ગણનો जसण्-१७५८ ધાતુનું ગ્રહણ થાય છે.

(b) તેવી જ રીતે, ભ્વાદિ ગણનાં णट्-१८७ ધાતુનું ગ્રહણ ન કરતાં नटण्-१५९३ ધાતુનું ગ્રહણ થાય છે.

(c) યુજાદિ સંબંધી क्रथण्-१९६० ન લેતાં ઘટાદિ સંબંધી क्रथ-१०४५ ધાતુનું જ ગ્રહણ થાય છે. પરંતુ અહીં ધ્યાનમાં લેવું કે, સૂત્રમાં ઉપાન્ત્ય આ પૂર્વકનાં क्राथ्નો નિર્દેશ કર્યો હોવાથી ગ્રંથકારશ્રી घटादेर्ह्रस्वो૦૪.૨.૨૪થી થનારાં હ્રસ્વાદેશનો આ સૂત્ર દ્વારા થતાં પ્રયોગમાં નિષેધ કરે છે. તેથી આ સૂત્રનાં પ્રયોજનભૂત કર્મસંજ્ઞાનાં અભાવમાં 'क्राथ' એ પ્રમાણે દીર્ઘનું ઉપાદાન છે. (चौरस्य उत्क्राथयति) અન્યત્ર घटादे૦૪.૨.૨૪થી હ્રસ્વ થાય છે. (चौरम् उत्क्रथयति)

(૨) 'जस्, नट्' એ પ્રમાણે ધાતુ હોવા છતાં પણ સૂત્રમાં 'जास-नाट' એવો આકારાન્ત નિર્દેશ કર્યો હોવાથી ઉપાન્ત્ય

આકારનો અભાવ હોય ત્યારે આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં. ઉદા. दस्युमजीजसत् ।

જિ. : પૂર્વસૂત્રથી 'रुजाऽर्थस्य' એ પ્રમાણે હિંસાર્થની અનુવૃત્તિ આવતી જ હતી તો પણ અહીં ફરીથી 'हिंसायाम्'નું ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : પૂર્વસૂત્રગત 'रुजाऽर्थस्य' પદની સાથે 'भावे कर्त्तरि'નો પણ અધિકાર જોડાયેલો છે. જેની અનુવૃત્તિ પણ **सन्नियोग-शिष्टानामेकापायेऽन्यतरस्याऽप्यपायः** ૧/૩૦ ન્યાયાનુસારે આ સૂત્રમાં આવવાની પ્રાપ્તિ હતી તેનું વારણ કરવા માટે પુનઃ 'हिंसायाम्'નું ગ્રહણ કરેલ છે.

नि-प्रेभ्यो घ्नः २/२/१५

અ.અ.સૂ. : **नि-प्रेभ्यः हिंसायां घ्नः(धातोः) व्याप्यं कर्म नवा ।**

અર્થ : સમસ્ત (निप्र), વ્યસ્ત (નિ, પ્ર) અને વિપર્યસ્ત (પ્રનિ) એવા નિ, પ્રથી પર રહેલાં, હિંસાર્થવાળાં हन् ધાતુનું વ્યાપ્ય કર્મસંજ્ઞક વિકલ્પે થાય છે.

સ. : **नि-प्रेभ्यः**→निश्च प्रश्च इति निप्रौ, प्रश्च निश्च इति प्रनी, प्रनी च निप्रौ च इति निप्राः, तेभ्य इति ।

ઉદા. **हन्** (हनंक्-हिंसा-गत्योः-૧૧૦૦)

चौरस्य/चौरं निप्रहन्ति→ચોરને પ્રકર્ષે કરીને હણે છે.

★ આ ઉદા.માં હિંસાર્થક हन् ધાતુ હોવાથી તેનાં વ્યાપ્ય 'चौर'ને આ સૂત્ર દ્વારા કર્મસંજ્ઞા વિકલ્પે થાય છે. તેથી કર્મસંજ્ઞાનાં અભાવમાં ષષ્ઠી, વિકલ્પ પક્ષમાં કર્મસંજ્ઞા રહેતાં कर्मणि ૨.૨.૪૦થી દ્વિતીયા થઈ છે.

પ્ર.ઉદા. हिंसायामित्येव→रागादीन्निहन्ति→તે રાગાદિનો નાશ કરે છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ હિંસાર્થક હન્નાં વિષયમાં જ થાય છે. જ્યારે અહીં હન્ ધાતુ હિંસાર્થક નથી માટે તેનાં વ્યાપ્ય 'રાગાદિ'ને આ સૂત્રથી કર્મસંજ્ઞા વિકલ્પે ન થતાં कर्तृर्व्याप्यं૦ ૨.૨.૩થી નિત્ય થાય છે. તેથી कर्मणि ૨.૨.૪૦થી માત્ર દ્વિતીયા થઈ છે.

વિશેષતા :

(૧) વસ્તુતઃ હન્ ધાતુ મૂળથી હિંસાર્થમાં જ વર્ત્તે છે. પરંતુ **'प्राणाव्यपरोपणं हिंसा'** વ્યાખ્યાનુસારે અહીં ચેતનની હિંસા ગ્રહણ કરવી. પણ રાગાદિને હણવા સ્વરૂપ માત્ર હિંસાર્થક વચનનું ગ્રહણ કરવું નહીં.

(૨) સૂત્રમાં 'नि-प्रेभ्यः' એ પ્રમાણે બ.વ. સમસ્ત, વ્યસ્ત અને વિપર્યસ્ત એમ ત્રણે'ય પ્રકારે નિ-પ્રનો પ્રયોગ કરવા માટે છે.

विनिमेय-द्यूतपणं पणि-व्यवहोः ૨/૨/૧૬

અ.અ.સૂ. : पणि-व्यवहोः(धात्वोः) विनिमेय-द्यूतपणं व्याप्यं नवा कर्म ।

અર્થ : विनिमेय=લેં-વહેંચ યોગ્ય વસ્તુ, **द्यूतपण**=જુગારમાં જીતવા યોગ્ય વસ્તુ. पण् અને वि+अव+हृ ધાતુનું विनिमेय અને દ્યૂતપણ એવું વ્યાપ્ય વિકલ્પે કર્મસંજ્ઞક થાય છે.

સ. : (૧) विनिमेय-द्यूतपणम्→विनिमेयश्च द्यूतपणश्च इति ।

(૨) **पणि-व्यवहोः→**विपूर्वश्चासौ अवश्च व्यवः, व्यवस्य परो हा इति व्यवहा, तस्येति । पणिश्च व्यवहा च इति पणिव्यवहारौ, तयोरिति ।

ઉદા. (૧) **पण्** (पणि व्यवहार-स्तुत्योः-७१०)
शतस्य/शतं पणायति→લેં-વહેંચમાં/જુગારમાં જીતવામાં ૧૦૦નો ઉપયોગ કરે છે.

(૨) **वि+अव+हृ** (हृंग् हरणे-८८५)
दशानां/दश व्यवहरति→લેં-વહેંચમાં/જુગારને જીતવામાં ૧૦નો ઉપયોગ કરે છે.

★ આ ઉદા.માં પણ્ અને વ્યવહૃ ધાતુનો પ્રયોગ છે. તેનાં વિનિમેય-દ્યૂતપણ વ્યાપ્ય શત અને દશને આ સૂત્રથી કર્મસંજ્ઞા વિકલ્પે થાય છે. તેથી કર્મનાં અભાવમાં શેષે ૨.૨.૮૧થી ષષ્ઠી, વિકલ્પ પક્ષમાં કર્મસંજ્ઞા રહેતાં कर्मणि ૨.૨.૪૦થી દ્વિતીયા થઈ છે.

પ્ર.ઉદા. विनिमेय-द्यूतपणमिति किम् ? साधून् पणायति→
તે સાધુઓની સ્તુતિ કરે છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ વિનિમેય અને દ્યૂતપણ એવા વ્યાપ્યથી જ થાય છે. જ્યારે અહીં વ્યાપ્ય 'સાધુ' વિનિમેય કે દ્યૂતપણ નથી. માટે આ સૂત્રથી કર્મસંજ્ઞા વિકલ્પે ન થતાં कर्तुर्व्याप्यं०૨.૨.૩થી નિત્ય થાય છે. તેથી કર્મણિ ૨.૨.૪૦થી માત્ર દ્વિતીયા થઈ છે.

વિશેષતા :

(૧) યદ્યપિ 'વિનિમેય-દ્યૂતપણ' અને પણ-વ્યવહૃની સંખ્યા સમાન હોવાથી **यथासङ्ख्यमनुदेशः समानाम् ૧/૧૦** ન્યાયની પ્રવૃત્તિ દ્વારા તે બે વચ્ચે અનુક્રમની પ્રાપ્તિ હતી. પરંતુ દ્વિ.વ. દ્વારા બન્નેમાં વચનભેદ કરીને **यथासङ्ख्य० ૧/૧૦** ન્યાયની પ્રવૃત્તિનો નિષેધ કર્યો છે.

(૨) પણ્ ધાતુને ગુપૌ-ધૂપ૦૩.૪.૧થી સ્વાર્થિક આય્ પ્રત્યય પણ લાગે છે. અને **प्रकृतिग्रहणे स्वार्थिकप्रत्ययान्तानामपि ग्रहणम्** ૨/૧ ન્યાયાનુસારે પણ્નાં ગ્રહણથી પણાય્નું ગ્રહણ થતાં પણાયતિમાં કર્મસંજ્ઞા વિકલ્પે થાય છે. પરંતુ આત્મને.નાં વિષયમાં આ ન્યાય અનિત્ય હોવાથી પણાયતે વિ. પ્રયોગમાં આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં.

उपसर्गाद् दिवः २/२/१७

અ.અ.સૂ. : उपसर्गात् दिवः(धातोः) विनिमेय-द्यूतपणं व्याप्यं नवा कर्म ।

અર્થ : ઉપસર્ગથી પર રહેલાં દિવ્ ધાતુનું વિનિમેય અને દ્યૂતપણ રૂપ વ્યાપ્ય વિકલ્પે કર્મસંજ્ઞક થાય છે.

ઉદા. दिव् (दिवूच्-क्रीडा-जयेच्छा-पणि-द्यूति-स्तुति-गतिषु-११४४) **शतस्य/शतं प्रदीव्यति→**તે લેં-વહેંચમાં/જુગાર જીતવામાં ૧૦૦નો ઉપયોગ કરે છે.

★ આ ઉદા.માં પ્ર+દિવ્ ધાતુના વ્યાપ્ય 'શત'ને વિનિમેય અને દ્યૂતપણ અર્થમાં હોવાથી આ સૂત્ર દ્વારા કર્મસંજ્ઞા વિકલ્પે થાય છે. તેથી કર્મસંજ્ઞાનાં અભાવમાં શેષે ૨.૨.૮૧થી ષષ્ઠી અને વિકલ્પ પક્ષમાં કર્મસંજ્ઞા રહેતાં कर्मणि ૨.૨.૪૧થી દ્વિતીયા થઈ છે.

પ્ર.ઉદા. उपसर्गादिति किम् ? शतस्य दीव्यति→તે લેં-વહેંચમાં/જુગારને જીતવામાં ૧૦૦નો ઉપયોગ કરે છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉપસર્ગ પૂર્વકનાં દિવ્ ધાતુનાં વિષયમાં થાય છે. જ્યારે અહીં ઉપસર્ગ રહિત દિવ્ ધાતુ હોવાથી આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં. તેમજ, ઉત્તરસૂત્રથી કર્મસંજ્ઞાનો નિષેધ થતાં શેષે ૨.૨.૮૧થી ષષ્ઠી થઈ છે.

વિશેષતા :

સૂત્રગત માત્ર दिव् ધાતુનો અધિકાર નીચે લઈ જવા માટે પૂર્વસૂત્રથી આ સૂત્રની પૃથક્ રચના કરવામાં આવી છે. અન્યથા **सन्नियोगशिष्टानामेकापायेऽन्यतरस्याप्यपायः** ૧/૩૦ ન્યાયાનુસારે પણ-વ્યવહ્રોઃનો પણ અધિકાર આવે.

न २/२/१८

અ.અ.સૂ. : (अनुपसर्गात्) दिवः(धातोः) विनिमेय-द्यूतपणं व्याप्यं कर्म न ।

અર્થ : ઉપસર્ગ રહિત दिव् ધાતુનું વિનિમેય અને દ્યૂતપણ રૂપ વ્યાપ્ય કર્મસંજ્ઞક થતું નથી.

ઉદા. शतस्य दीव्यति→તે લેં-વહેંચમાં/જુગારને જીતવામાં ૧૦૦નો ઉપયોગ કરે છે.

★ આ ઉદા.માં ઉપસર્ગ રહિત दिव् ધાતુ છે. માટે વિનિમેય અને દ્યૂતપણ એવાં વ્યાપ્ય 'शत'ને આ સૂત્રથી કર્મસંજ્ઞાનો નિષેધ થાય છે. તેથી શેષે ૨.૨.૮૧થી ષષ્ઠી થઈ.

★ **दिव् ધાતુનાં વિષયમાં કર્મસંજ્ઞા અંગે ચતુર્ભંગી :**

ક્રમ	ઉપસર્ગ	વિનિમેય/દ્યૂતપણ રૂપ વ્યાપ્ય	કર્મસંજ્ઞા વિક./નિત્ય.	સૂત્ર	ઉદાહરણ
૧.	✓	✓	વિકલ્પે	उपसर्गा०૧૭	**शतस्य/शतं** दीव्यति।
૨.	✓	×	નિત્ય	कर्तुर्व्या०૩	**साधून्** पणायति ।
૩.	×	✓	નિષેધ.	न ૧૮	**शतस्य** दीव्यति।
૪.	×	×	નિષેધ.	कर्तुर्व्या०૩	**जिनं** दीव्यति।

★ કરણને કર્મસંજ્ઞા : ૨.૨.૧૯

करणं च २/२/१९

અ.અ.સૂ. : दिवः(धातोः) करणं कर्म-करणं च युगपत् ।

અર્થ : દિવ્ ધાતુનું કરણ યુગપત્=એકી સાથે કર્મ, કરણ-સંજ્ઞક થાય છે.

ઉદા. अक्षान्/अक्षैः दीव्यति→તે પાસાઓથી જુગાર રમે છે.
मैत्रश्चैत्रेण अक्षैर्देवयते→મૈત્ર ચૈત્રને પાસા વડે જુગાર રમાડે છે.

★ આ સૂત્રથી કર્મ-કરણસંજ્ઞા યુગપત્ થતાં પ્રથમ પ્રયોગમાં કર્મસંજ્ઞાનાં કાર્ય સ્વરૂપે कर्मणि ૨.૨.૪૦થી દ્વિતીયા અને દ્વિતીય પ્રયોગમાં કરણસંજ્ઞાનાં કાર્ય સ્વરૂપે हेतु-कर्तृ० ૨.૨.૪૪થી તૃતીયા થઈ છે.

તેમજ, તૃતીય પ્રયોગમાં યુગપત્ કર્મ-કરણ સંજ્ઞામાં કાર્ય સ્વરૂપે કર્મસંજ્ઞા કરવા દ્વારા નિત્ય-અકર્મક ધાતુથી પ્રાપ્ત गति-बोध० ૨.૨.૫ સૂત્ર વડે ચૈત્રને થતી કર્મસંજ્ઞાનો નિષેધ કરવામાં આવે છે. અને કરણ સંજ્ઞા કરવા દ્વારા हेतु-कर्तृ०૨.૨.૪૪થી તૃતીયા થઈ છે.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, 'करणं वा' એ પ્રમાણે સૂત્ર નિર્દેશ દ્વારા પણ કર્મ અને કરણ બન્ને સંજ્ઞાની પ્રાપ્તિ છે. પરંતુ યુગપત્ કાર્ય કરવા માટે વાને બદલે ચકારનું ગ્રહણ કરેલ છે.

જિ. : કોઈપણ પદની એકી સાથે દ્વિતીયા-તૃતીયા વિભક્તિ સંભવતી જ નથી, તો અહીં કર્મ-કરણ સંજ્ઞા એકી સાથે કેવી રીતે સંભવે ?

સમા. : અહીં વિભક્તિનું વિધાન એકી સાથે દર્શાવ્યું નથી. પણ સંજ્ઞાનું વિધાન કરવામાં આવ્યું છે. વિભક્તિ એ સંજ્ઞાનાં

કાર્યરૂપ છે. તેથી, **संज्ञा न संज्ञान्तरबाधिका (प्रतिकार्यं संज्ञा न भिद्यन्ते)** ૨/૨૭ ન્યાયાનુસારે જ્યારે જે કાર્ય કરવામાં આવ્યું હોય તેનાં કારણભૂત સંજ્ઞાની પ્રધાનતા જાણવી. અને અન્ય સંજ્ઞાને ગૌણ રૂપે સ્વીકારવી એ પ્રમાણે યુગપત્ કાર્ય સંભવી શકે છે. જે સૂત્રગત ઉદા.થી પણ સમજી શકાય છે.

★ **अक्षने आ सूत्रथी विविध संज्ञा करवाथी थतां प्रयोगो :**

प्रत्यय	कर्मनी प्रधानता	करणनी प्रधानता	कर्म-करणनी प्रधानता
तिव्	मैत्रोऽक्षान् दीव्यति ।	अक्षैः दीव्यति ।	अक्षैः देवयते मैत्रः चैत्रेण ।
अनट्	अक्षाणां देवनम् ।	अक्षैः देवनम् ।	
तव्य	अक्षाः देवितव्याः ।	अक्षैः देवितव्यम् ।	
खल्	अक्षाः सुदेवाः ।	अक्षैः सुदेवं मैत्रेण ।	
अण्	अक्षदेवः ।	अक्षाः देवनाः ।	
क्त	अक्षाः द्यूताः चैत्रेण ।	अक्षैः द्यूतं चैत्रेण ।	
भावे.	—	अक्षैः दीव्यते ।	

★ **अधिकरणनी कर्मसंज्ञा : २.२.२० थी २.२.२१ :**

अधेः शीङ्-स्था-ऽऽस आधारः २/२/२०

अ.अ.सू. : अधेः शीङ्-स्था-ऽऽसः धातोः आधारः कर्म ।

अर्थ : અધિથી યુક્ત શી, સ્થા અને આસ્ ધાતુનો આધાર કર્મસંજ્ઞક થાય છે.

स. : **शीङ्-स्था-ऽऽसः**→शीङ् च स्थाश्च आस् च इति शीङ्स्थास्, तस्येति ।

ઉદા. (૧) **अधि+शीङ्-** (शीङ्क् स्वप्ने-૧૧૦૫)
ग्राममधिशेते→તે ગામમાં ઊંઘે છે.

(૨) **अधि+स्था-** (ष्ठां-गतिनिवृत्तौ-૫)
ग्राममधितिष्ठते→તે ગામમાં રહે છે.

(૩) **अधि+आस्-** (आसिक्-उपवेशने-૧૧૧૯)
ग्राममध्यास्ते→તે ગામમાં બેસે છે.

★ સુવાની, રહેવાની અને બેસવાની ક્રિયાનો આધાર ગ્રામને આ સૂત્રથી કર્મસંજ્ઞા થતાં कर्मणि ૨.૨.૪૦થી દ્વિતીયા થઈ છે.

વિશેષતા :

અહીં આધાર અર્થ હોવાથી सप्तम्य०૨.૨.૯૫થી સપ્તમી વિભક્તિ થવાની હતી પણ આ સૂત્ર દ્વારા તેનો બાધ થાય છે.

જિ. : આ ત્રણે ધાતુ અકર્મક છે. પણ ઉપસર્ગ સહિત હોય તો સકર્મક થાય છે, તેથી गुरुमधिशेते ઈત્યાદિ પ્રયોગની જેમ ગ્રામને પણ કર્મસંજ્ઞા થવાની જ હતી તો શા માટે આ સૂત્રનો નિર્દેશ કર્યો ?

સમા. : गुरुमधिशेते આ પ્રયોગમાં ગુરુ વ્યાપ્ય હોવાનાં કારણે કર્મસંજ્ઞક થાય છે. જ્યારે ग्राममधिशेतेમાં ગ્રામ આધાર છે. તેથી, આ સૂત્રનો નિર્દેશ આધારને સપ્તમીનો બાધ કરી કર્મસંજ્ઞા કરવા દ્વારા દ્વિતીયા વિભક્તિ માટે છે.

તેમજ, પ્રયોગમાં જ્યારે કર્મ હાજર હોય તો પણ આધારને આ સૂત્રથી કર્મસંજ્ઞા કરી માત્ર દ્વિતીયા જ કરવી.

उपान्वध्याङ्वसः २/२/२१

अ.अ.सू. : उपान्वध्याङ्वसः(धातोः) आधारः कर्म ।

अर्थ : उप, अनु, अधि अने आङ् उपसर्गथी पर वस् धातुनो आधार कर्मसंज्ञक थाय छे.

स. : **उपान्वध्याङ्वसः→**उपश्च अनुश्च अधिश्च आङ् च इति उपान्वध्याङ्, उपान्वध्याङ्पूर्वो वस् इति उपान्वध्याङ्वस्, तस्येति ।

उदा. वस्- (वसं-निवासे-९९९)

(१) **उप+वस्→ग्राममुपवसति**
(२) **अनु+वस्→ग्राममनुवसति**
(३) **अधि+वस्→ग्राममधिवसति**
(४) **आङ् +वस्→ग्राममावसति**

} ગામની પાસે રહે છે.

★ આ उदा.માં उप वि. पूर्वकनां वस् धातुनां आधार ग्रामने आ सूत्रथी कर्मसंज्ञा थतां कर्मणि २.२.४०थी द्वितीया थई छे.

विशेषता :

(१) अनु+वस्नां साहचर्यथी **साहचर्यात् सदृशस्यैव** २/६ न्यायानुसारे उप+वस् धातुनो अर्थ पण 'पासे रहेवुं' ज करवो. तेथी, 'उपवास करवो' अर्थवाळां उप+वस् धातुनां आधारने आ सूत्रथी कर्मसंज्ञा थती नथी.

(२) **अदाद्यनदाद्यारनदादिरेव ग्रहणम्** २/३ न्यायानुसारे सूत्रगत वस् धातु अनदादि अर्थात् बीजा सिवायनां भ्वादि गणनो ज लेवो.

(३) **द्वन्द्वात्परः प्रत्येकमभिसम्बध्यते** ३/१५ न्यायानुसारे उप वि. द्वन्द्व समासगत प्रत्येक पदनी साथे वस्नो अन्वय थाय छे.

★ આધારને વિકલ્પે કર્મસંજ્ઞા : ૨.૨.૨૨ થી ૨.૨.૨૩

वाऽभिनिविशः २/२/२२

અ.અ.સૂ. : अभिनिविशः(धातोः) आधारः कर्म वा ।

અર્થ : અભિ અને નિ ઉપસર્ગથી યુક્ત વિશ્ ધાતુનો આધાર વિભાષાપૂર્વક કર્મસંજ્ઞક થાય છે.

સ. : **अभिनिविशः→**अभिश्चासौ निश्च इति अभिनिः, अभिनेः परो विड् अभिनिविड्, तस्येति ।

ઉદા. अभि+नि+विश्- (विशंत्-प्रवेशने-૧૪૧૫)

(૧) **ग्राममभिनिविशते→**ગામમાં પ્રવેશ કરે છે.

(૨) **कल्याणेऽभिनिविशते→**કલ્યાણમાં પ્રવેશ કરે છે.

★ અહીં અભિ+નિ પૂર્વકનાં વિશ્ ધાતુનાં આધાર ગ્રામ અને કલ્યાણને આ સૂત્ર દ્વારા વિભાષાપૂર્વક પ્રથમ પ્રયોગમાં કર્મસંજ્ઞા થવાથી कर्मणि ૨.૨.૪૦થી દ્વિતીયા તથા બીજા પ્રયોગમાં અધિકરણ સંજ્ઞા રહેતાં सप्तम्य०૨.૨.૯૫થી સપ્તમી થઈ છે.

જિ. : પ્રાયઃ અત્યાર સુધીનાં સૂત્રમાં 'वा' પદ વિકલ્પ અર્થમાં જણાવ્યો છે. જ્યારે અહીં સૂત્રગત 'वा' શબ્દનો અર્થ વિભાષા કરવામાં આવ્યો છે. તેનું તાત્પર્ય શું છે ?

સમા. : વસ્તુતઃ અહીં 'वा' પદ વિકલ્પ અર્થમાં ગ્રહણ ન કરતાં વિભાષા અર્થમાં ગ્રહણ કરીને ગ્રંથકારશ્રી જણાવે છે કે, 'સમકક્ષ રીતે એક જ વિષયમાં એક જ પદને આ સૂત્ર દ્વારા કર્મ અને આધાર સંજ્ઞા વિકલ્પે થશે નહીં.' પરંતુ અભિ+નિ+વિશ્ ધાતુનાં યોગમાં અમુક આધારને કર્મસંજ્ઞા કરવી અને અમુક આધારને અધિકરણ સંજ્ઞા કરવી. જે આ પ્રમાણે,

(a) **કર્મસંજ્ઞા→**જ્યાં ગ્રામ, કૂપ, તડાગ વિ. અવયવવાળાં આધારનો પ્રયોગ હોય ત્યાં. જેમ કે, ગ્રામમભિનિવિશતે ।

(b) **અધિકરણ સંજ્ઞા→**જ્યાં કલ્યાણ, અર્થ, સુખવિ. અવયવ રહિત પ્રયોગ હોય ત્યાં. જેમકે, કલ્યાણેઽભિનિવિશતે ।

कालाध्व-भाव-देशं वाऽकर्म चाऽकर्मणाम् २/२/२૩

અ.અ.સૂ. : अकर्मणां(धातूनां) काला-ऽध्व-भाव-देशं आधारः कर्म वा, अकर्म च वा ।

અર્થ : અકર્મક ધાતુનાં યોગમાં કાલ, અધ્વ, ભાવ અને દેશ રૂપ આધાર વિકલ્પે કર્મસંજ્ઞક થાય છે. અને જ્યારે કર્મસંજ્ઞક થાય છે ત્યારે વિકલ્પે યુગપત્ અકર્મસંજ્ઞક પણ થાય છે.

સ. : (૧) कालाध्वभावदेशम्→कालश्च अध्वा च भावश्च देशश्च इति ।

(૨) **अकर्मणाम्→**न विद्यते कर्म येषां ते अकर्माणः, तेषामिति ।

ઉદા.

	કાલ-૧	અધ્વ-૨	ભાવ-૩	દેશ-૪
કર્મ	માસમાસ્તે મહિના સુધી બેસે છે.	ક્રોશં શેતે ગાઉ સુધી સુવે છે.	ગોદોહમાસ્તે ગાય દોહવાનાં સમયે બેસે છે.	કુરૂનાસ્તે કુરૂ દેશમાં બેસે છે.
વિકલ્પે આધાર	માસે આસ્તે મહિના સુધી બેસે છે.	ક્રોશે શેતે ગાઉ સુધી સુવે છે.	ગોદોહે આસ્તે ગાય દોહવાનાં સમયે બેસે છે.	કુરુષુ આસ્તે કુરૂ દેશમાં બેસે છે.
કર્માકર્મ (અકર્મ चेति किम् ?)	માસમાસ્યતે મહિના સુધી બેસાય છે.	ક્રોશં શય્યતે ગાઉ સુધી સુવાય છે.	ગોદોહમાસ્યતે ગાય દોહવાનાં સમયે બેસાય છે.	કુરૂન્ આસ્યતે કુરૂ દેશમાં બેસાય છે.

★ અહીં ઉદા.માં આ સૂત્ર દ્વારા માસ વિ. કાલાદિવાચી આધારને વિકલ્પે કર્મસંજ્ઞા કરી છે. તેથી (a) સૂત્રમાં પ્રથમ ચરણ દ્વારા કર્મસંજ્ઞામાં કર્મણિ ૨.૨.૪૦થી દ્વિતીયા થઈ છે. (b) વિકલ્પે-આધાર જ હોવાથી ક્રિયાશ્રયસ્ય૦૨.૨.૩૦થી અધિકરણ સંજ્ઞા થતાં સપ્તમ્યધિ૦૨.૨.૯૫થી સપ્તમી થઈ છે. (c) સૂત્રનાં બીજા ચરણ દ્વારા 'અકર્મ ચ' એ પ્રમાણે પ્રથમ ચરણગત કર્મ સંજ્ઞામાં કર્મા-કર્મ સંજ્ઞા વિકલ્પે જણાવી હોવાથી કર્મસંજ્ઞાની પ્રધાનતાએ માસ શબ્દને કર્મણિ ૨.૨.૪૦થી દ્વિતીયા થાય છે. અને એ જ પ્રયોગમાં અકર્મસંજ્ઞાની પ્રધાનતામાં ભાવે પ્રયોગ થવાથી ક્ય:૦૩.૪.૭૦થી ક્ય પ્રત્યય થતાં આસ્યતે પ્રયોગ સિદ્ધ થાય છે.

પ્ર.ઉદા. अकर्मणामिति किम् ? रात्रावुद्देशोऽधीतः→રાત્રિને વિશે ઉદ્દેશો ભણાયો.

★ આ સૂત્રની પ્રવૃત્તિ અકર્મક ધાતુથી થાય છે. જ્યારે અહીં સકર્મક ધાતુ છે માટે આ સૂત્રથી કાળસ્વરૂપ આધાર રાત્રિને કર્મસંજ્ઞા ન થતાં ક્રિયાશ્રયસ્ય૦૨.૨.૩૦થી અધિકરણ સંજ્ઞા થાય છે. તેથી સપ્તમ્ય૦૨.૨.૯૫થી સપ્તમી થઈ છે.

વિશેષતા :

(૧) (a) **काल**=મુહૂર્ત્ત, પક્ષ વિ. (b) **अध्व**=ગન્તવ્ય ક્ષેત્ર, ગાઉ વિ.

(c) **भाव**=ક્રિયાવાચી શબ્દ (d) **देश**=કુરૂ, ગામ, નદી વિ.

(૨) આ સૂત્રમાં સામાન્યથી અકર્મકની વિવક્ષા હોવાથી નિત્ય-અકર્મક અને અવિવક્ષિત કર્મક બન્ને અકર્મક ધાતુઓનું ગ્રહણ થશે.

(૩) કેટલાંક વિશ્રાન્ત વિદ્યાધર વિ. વ્યાકરણકારો તમામ ધાતુનાં કાલ વિ.નો અત્યંત સંયોગ હોય તો કર્મસંજ્ઞા તેમજ, સંયોગ ન હોય તો અધિકરણસંજ્ઞા માને છે. પરંતુ કર્મા-કર્મ યુગપત્ સંજ્ઞા માનતાં નથી.

★ **કરણનું લક્ષણ :**

साधकतमं करणम् २/२/२४

અ.અ.સૂ. : साधकतमं कारकं करणम् ।

અર્થ : ક્રિયાની સિદ્ધિમાં જે પ્રકૃષ્ટ-ઉપકારક હોય તે કરણસંજ્ઞક થાય છે.

★ **करणम्→**क्रियतेऽनेनेति (डुकृंग् करणे-८८८)
करणा-ऽऽधारे ५.३.१२९थी अनट्→कृ+**अन**
नामिनो०४.३.१थी गुण→**करन**
र-वर्णान्नो०२.३.६३थी ण्→**करण**
प्रथमा सि वि.→करण**म्** ।

ઉદા. दानेन भोगानाप्नोति→તે દાન વડે ભોગોને મેળવે છે.

★ અહીં ભોગ રૂપ કર્મની સિદ્ધિમાં દાન પ્રકૃષ્ટ-ઉપકારક છે. તેવી વિવક્ષાથી દાનને આ સૂત્રથી કરણસંજ્ઞા થતાં हेतु-कर्तृ०२.२.४०थी तृतीया थઈ છે.

વિશેષતા :

(૧) क्रियायाः परिनिष्पत्तिर्यद् व्यापारादनन्तरम् ।
विवक्ष्यते यदा तत्र करणत्वं तदा स्मृतम् ॥

★ જેનાં વ્યાપાર પછી તરત જ મુખ્ય ક્રિયાની સિદ્ધિ થાય છે. તેવા પ્રકૃષ્ટ-ઉપકારક પદાર્થમાં કરણપણું જણાય છે.

જેમકે, काष्ठैः स्थाल्यां पचति અહીં પાક ક્રિયાની અનંતર પૂર્વે અગ્નિ વ્યાપાર સ્વરૂપે વિવક્ષિત કરાય છે. જે વ્યાપાર કાષ્ઠમાં થયેલો છે. તેથી, કાષ્ઠને કરણસંજ્ઞા થતાં હેતુ-કર્તુ૦૨.૨.૪૪થી તૃતીયા થઈ છે.

(૨) **કરણસંજ્ઞાનાં પ્રદેશો :** करणं च ૨.૨.૧૯ વિ.

જિ. : સૂત્રમાં તમપ્ પ્રત્યયનાં ગ્રહણનું તાત્પર્ય શું છે ?

સમા. : અહીં તમપ્ પ્રત્યયનાં ગ્રહણ દ્વારા વ્યવધાનવાળા કે ઉપચરિત (ઉપચારથી થયેલ) અન્ય કારકોમાં સંપ્રદાન આદિની પ્રાપ્તિનો ઉલ્લેખ કર્યો છે. તેથી कुसूलात् पचति- કોઠારમાંથી રાંધે છે. વિ. સ્થાનોમાં અપાદાન કે અધિકરણ સંજ્ઞા થાય પણ કરણસંજ્ઞા નહીં.

જિ. : કોઈપણ ક્રિયામાં એક જ વિષયની પ્રકૃષ્ટોપકારકતા હોય છે. જો અહીં પ્રકૃષ્ટોપકારકને જ કરણસંજ્ઞા કરવાની હોય તો એક જ વાક્યમાં અનેક કરણ કેવી રીતે સંભવી શકે ?

સમા. : અહીં સૂત્રમાં તમપ્ પ્રત્યય દ્વારા જણાવેલ પ્રકૃષ્ટ-ઉપકારકતા અન્ય કારકની અપેક્ષાએ જણાય છે. ક્રિયાને સાધવા દ્વારા કારણ સ્વરૂપ કરણની અપેક્ષાએ નહીં. તેથી એક ક્રિયામાં તેને સાધનારાં અનેક કારણની અપેક્ષાએ અનેક કરણ પણ સંભવી શકે છે. જેમકે, रथेन पथा दीपिकया याति ।

જિ. : સૂત્રમાં પ્રકૃષ્ટ-ઉપકારકત્વનો નિર્દેશ કરેલ છે. અન્ય તમામની અપેક્ષાએ ક્રિયામાં સૌથી પ્રકૃષ્ટ-ઉપકારક કર્ત્તા જ હોય છે. તો તેને કરણસંજ્ઞા શા માટે નહીં ?

સમા. : ગ્રંથકારશ્રીએ અહીં માત્ર પ્રકૃષ્ટ-ઉપકારકતા દર્શાવેલ છે. જ્યારે પૂર્વે જ સ્વતન્ત્રઃ૦૨.૨.૨ સૂત્ર દ્વારા ત્યાં સ્વતંત્રતાની પ્રધાનતા દર્શાવી છે. તેથી જ્યાં સ્વાતંત્ર્ય રૂપ લક્ષણ હોય ત્યાં કરણસંજ્ઞા ન થતાં સ્વતન્ત્રઃ૦૨.૨.૨થી કર્ત્તાસંજ્ઞા થાય છે.

★ **સંપ્રદાનનું લક્ષણ :**

कर्माभिप्रेयः संप्रदानम् २/२/२५

અ.અ.સૂ. : कर्माभिप्रेयः कारकं संप्रदानम् ।

અર્થ : કર્મ અથવા ક્રિયા વડે જેની સાથે વિશિષ્ટ સંબંધ કરાય છે તે કારક સંપ્રદાનસંજ્ઞક થાય છે.

સ. : **कर्माभिप्रेयः**→कर्मणाऽभिप्रीयते यः स इति ।

★ **संप्रदानम्**→संप्रदीयतेऽस्मै इति । (डुदांग्क् दाने-११३८) करणाऽऽधारे ५.३.१२४थी अनट्→सम्+प्र+ दा+**अन** પ્રથમા સિ વિ.→संप्रदा**नम्** ।

ઉદા. (૧) देवाय बलिं दत्ते→દેવને બલિ આપે છે.

(૨) राज्ञे कार्यमाचष्टे→રાજાને કાર્ય જણાવે છે.

(૩) पत्ये शेते→પતિની પાસે સૂઈ જાય છે.

★ આ ઉદા.માં બલિ રૂપ કર્મ વડે દેવની સાથે શ્રદ્ધા સ્વરૂપ, કાર્યને નિવેદન કરવા દ્વારા રાજા પાસેથી અનુગ્રહની ઈચ્છા સ્વરૂપ અને પતિની સાથે સૂવા દ્વારા સંકટને દૂર કરવાની ઈચ્છા સ્વરૂપ વિશિષ્ટ સંબંધ જણાતો હોવાથી દેવ વિ.ને આ સૂત્રથી સંપ્રદાનસંજ્ઞા થતાં ચતુર્થી ૨.૨.૫૩થી ચતુર્થી થઈ છે.

વિશેષતા :

(૧) **विशिष्टः सम्बन्धः कर्तुः श्रद्धा-ऽनुग्रहा-ऽपायापगम-कामनाजनितः ।** અહીં વિશિષ્ટ સંબંધ શ્રદ્ધા, અનુગ્રહ, કીર્ત્તિ, દુઃખનાશ વિ.ની ઈચ્છાથી પ્રગટ થયેલો જાણવો. જેમકે, देवाय बलिं दत्ते અહીં કર્ત્તાની શ્રદ્ધાથી પ્રગટ થયેલ સંબંધ છે.

(૨) કેટલાંક વ્યાકરણકારો માત્ર દાન ક્રિયાનાં વિષયમાં જ સંપ્રદાન સ્વીકારે છે. જ્યારે અહીં અભિનાં ગ્રહણ દ્વારા વિશિષ્ટ સંબંધ જ્યાં જણાતો હોય ત્યાં જ સંપ્રદાન સંજ્ઞા કરી વ્યાખ્યાને વ્યાપક કરવામાં આવી છે. તેથી छात्रस्य चपेटां ददाति વિ. પ્રયોગમાં દાન ક્રિયા નથી પણ વિશિષ્ટ સંબંધ હોવાથી ત્યાં પણ સંપ્રદાન સંજ્ઞા થાય છે.

(૩) **संप्रदान संज्ञानां प्रदेशो :** दामः संप्रदाने०२.२.५२

★ **કર્મની સંપ્રદાનસંજ્ઞા : ૨.૨.૨૬-૨.૨.૨૭**

स्पृहेर्व्याप्यं वा २/२/२६

અ.અ.સૂ. : स्पृहेः(धातोः) व्याप्यं संप्रदानं वा ।

અર્થ : સ્પૃહ્ ધાતુનું વ્યાપ્ય વિકલ્પે સંપ્રદાન સંજ્ઞક થાય છે.

ઉદા. स्पृह् (स्पृहण्-ईप्सायाम्-१८२८)

पुष्पेभ्यः/पुष्पाणि स्पृहयति→તે પુષ્પોને ઈચ્છે છે.

★ અહીં સ્પૃહ્ ધાતુનાં વ્યાપ્ય પુષ્પને આ સૂત્રથી સંપ્રદાન સંજ્ઞા થતાં ચતુર્થી ૨.૨.૫૩થી ચતુર્થી અને વિકલ્પ પક્ષમાં કર્મસંજ્ઞા હોવાથી कर्मणि ૨.૨.૪૦થી દ્વિતીયા થઈ છે.

વિશેષતા :

અહીં વિકલ્પનો નિર્દેશ હોવાથી જ્યારે સ્પૃહ્ ધાતુનાં કર્મને સંપ્રદાન સંજ્ઞા થાય છે ત્યારે ધાતુ અકર્મક થતાં સ્પૃહ્ ધાતુથી કર્મણિ

પ્રયોગ થતો નથી પણ માત્ર ભાવે પ્રયોગ જ થાય છે. જેમકે, पुष्पेभ्यः स्पृह्यते मैत्रेण, पुष्पेभ्यः स्पृहयितव्यम् ।

क्रुध्-द्रुहेर्ष्या-ऽसूयार्थैर्यं प्रति कोपः २/२/२७

अ.अ.सू. : क्रुध्-द्रुहेर्ष्या-ऽसूयार्थैः(धातुभिः) यं प्रति कोपः संप्रदानम् ।

અર્થ : ક્રોધ, દ્રોહ, ઈર્ષ્યા અને અસૂયા અર્થવાળાં ધાતુનાં યોગમાં જેનાં પ્રતિ કોપ હોય તે સંપ્રદાનસંજ્ઞક થાય છે.

સ. : **क्रुध्-द्रुहेर्ष्या-ऽसूयार्थैः→**क्रुच्च, द्रुह् च ईर्ष्या च असूया च इति क्रुध्-द्रुहेर्ष्याऽसूया, क्रुध् द्रुहेर्ष्याऽसूया अर्था येषां ते इति क्रुध्-द्रुहेर्ष्यासूयार्थाः, तैरिति ।

ઉદા. (૧) **क्रुध्** (क्रुधंच् कोपे-११८४)
मैत्राय क्रुध्यति→મૈત્ર પર ક્રોધ કરે છે.

(૨) **द्रुह्-** (द्रुहौच् जिघांसायाम्-१२३९)
मैत्राय द्रुह्यति→મૈત્ર પર દ્રોહ કરે છે.

(૩) **ईर्ष्य्-** (ईर्ष्यि-ईर्ष्यार्थे-४०२)
मैत्राय ईर्ष्यति→મૈત્ર પર ઈર્ષ્યા કરે છે.

(૪) **असू-** (असू मानसो०१९९८-सौत्र)
मैत्राय असूयति→મૈત્રની નિંદા કરે છે.

★ આ ઉદા.માં क्रुध् વિ. ધાતુનાં યોગમાં મૈત્ર ઉપર કોપ જણાતો હોવાથી આ સૂત્રથી મૈત્રને સંપ્રદાન સંજ્ઞા થતાં ચતુર્થી ૨.૨.૫૩થી ચતુર્થી થઈ છે.

પ્ર.ઉદા. (૧) **यं प्रतीति किम् ? मनसा क्रुध्यति→**મન વડે ગુસ્સો કરે છે.

★ આ સૂત્ર દ્વારા જેના પર કોપ હોય તેને જ સંપ્રદાન સંજ્ઞા થાય છે. જ્યારે અહીં મનસ્ કરણ સ્વરૂપે છે. પણ તેના પ્રતિ કોપ નથી. માટે આ સૂત્રથી સંપ્રદાન સંજ્ઞા ન થઈ પરંતુ સાધકતમં૦૨.૨.૨૪થી કરણસંજ્ઞા થવાથી હેતુ-કર્તુ૦૨.૨.૪૪થી તૃતીયા થઈ છે.

(૨) **कोप इति किम् ? शिष्यस्य कुप्यति विनयार्थम्→** શિષ્યનાં વિનય માટે કોપ કરે છે. (કુપંચ્ કોપે-૧૧૯૧)

★ અહીં શિષ્યનાં અવિનયાદિ પર કોપ છે, શિષ્ય પ્રતિ નહીં, તેથી વસ્તુતઃ અનુશાસન માટે કોપ ક્રિયા થયેલી છે, પણ વાસ્તવિક કોપ નથી માટે આ સૂત્રથી સંપ્રદાનસંજ્ઞા થઈ નહીં તેથી શેષે ૨.૨.૮૧થી ષષ્ઠી થઈ છે.

વિશેષતા :

(૧) (a) **क्रोधः अमर्षः→**સહન ન કરવું તે.

(b) **द्रोहः अपचिकीर्षा→**અનાદર કરવાની ઈચ્છા.

(c) **ईर्ष्या परसम्पत्तौ चेतसे व्यारोषः→**પર સંપત્તિને વિશે ચિત્તની મલિનતા.

(d) **असूया गुणेषु दोषाविष्करणम्→**ગુણોમાં પણ દોષ જોવા.

(૨) ક્રોધ, દ્રોહ અર્થવાળા ધાતુઓ અકર્મક છે. તેથી જેના પ્રત્યે કોપ હોય તેને શેષે ૨.૨.૮૧થી ષષ્ઠી થાય છે. તથા, ઈર્ષ્યા અને અસૂયા અર્થવાળાં ધાતુઓ સકર્મક છે. તેથી જેનાં પ્રત્યે ઈર્ષ્યા કે અસૂયા હોય તેને કર્મસંજ્ઞા થાય છે. પરંતુ ઉપરોક્ત બન્ને સ્થળે આ સૂત્ર દ્વારા સંપ્રદાન સંજ્ઞા કરવામાં આવે છે.

(૩) સૂત્રમાં રહેલ દ્વન્દ્વ સમાસગત ક્રુધ્, દ્રુહ્ વિ. પ્રત્યેક પદની સાથે **द्वन्द्वात्परः प्रत्येकमभिसम्बध्यते ૩/૧૫** ન્યાયાનુસારે અર્થ પદનો અન્વય થાય છે.

જિ. : સૂત્રમાં ક્રોધ, દ્રોહ, ઈર્ષ્યા અને અસૂયા એમ ચાર ભાવનું ગ્રહણ કર્યું છે. તો 'यं प्रति कोपः'માં માત્ર ક્રોધનું ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : અહીં માત્ર ક્રોધનાં ગ્રહણ દ્વારા આશય એ છે કે, 'જ્યારે દ્રોહ, ઈર્ષ્યા કે અસૂયા વિ.માં પણ ક્રોધ હોય ત્યારે જ આ સૂત્રની પ્રવૃત્તિ કરવી. અન્યથા નહીં.' તેથી स ज्ञानिनम् (ज्ञानार्थम्) ईर्ष्यति આવા પ્રયોગમાં સંપ્રદાન સંજ્ઞા નહીં થાય.

★ **કર્મની સંપ્રદાનસંજ્ઞાનો નિષેધ :**

नोपसर्गात् क्रुद्-द्रुहा २/२/२८

અ.અ.સૂ. : उपसर्गात् क्रुद्-द्रुहा(धातुना) यं प्रति कोपः संप्रदानं न ।

અર્થ : ઉપસર્ગ સહિત ક્રુધ્ અને દ્રુહ્ ધાતુનાં યોગમાં જેનાં પ્રતિ કોપ હોય તે સંપ્રદાનસંજ્ઞક થતું નથી.

સ. : **क्रुद्-द्रुहा**→क्रुध् च द्रुह् च इति क्रुद्द्रुह्, तेनेति ।

ઉદા. (૧) मैत्रमभिक्रुध्यति→મૈત્ર પર ક્રોધ કરે છે.

(૨) मैत्रमभिद्रुह्यति→મૈત્ર પર દ્રોહ કરે છે.

★ આ ઉદા.માં ઉપસર્ગ પૂર્વક ક્રુધ્, દ્રુહ્ ધાતુ હોવાથી જેના પ્રતિ કોપ થયો હોય તેવા મૈત્રને પૂર્વ સૂત્રથી પ્રાપ્ત સંપ્રદાનસંજ્ઞાનો આ સૂત્રથી નિષેધ થાય છે. તેથી, कर्तुर्व्याप्यं૦૨.૨.૩થી કર્મસંજ્ઞા થવાથી कर्मणि ૨.૨.૪૦થી દ્વિતીયા થઈ છે.

પ્ર.ઉદા. उपसर्गादिति किम् ? मैत्राय क्रुध्यति/द्रुह्यति→મૈત્ર પર ક્રોધ/દ્રોહ કરે છે.

★ અહીં ઉપસર્ગ રહિત ધાતુ હોવાથી તેના વ્યાપ્ય મૈત્રને પૂર્વસૂત્રથી પ્રાપ્ત સંપ્રદાન સંજ્ઞાનો આ સૂત્રથી નિષેધ થયો નહીં. તેથી ચતુર્થી ૨.૨.૫૩થી ચતુર્થી વિભક્તિ થઈ છે.

વિશેષતા :

અહીં ધ્યાનમાં લેવું કે, સામાન્યથી क्रुध् અને द्रुह् ધાતુ અકર્મક છે. પરંતુ ઉપસર્ગ લાગતાં સકર્મક થતાં હોવાથી આ સૂત્રનાં કાર્ય સ્વરૂપ નિષેધ દ્વારા કર્મસંજ્ઞાની પ્રાપ્તિ કરવામાં આવે છે.

★ **અપાદાનનું લક્ષણ :**

अपायेऽवधिरपादानम् २/२/२९

અ.અ.સૂ. : अपाये अवधिः कारकम् अपादानम् ।

અર્થ : અપાય=વિયોગ, તેનું જે અવધિવાચક સ્થાન તે અપાદાનસંજ્ઞક થાય છે.

★ **अपादानम्→**अपादीयते यस्मादिति (डुदांग्क्-दाने-११३८) भुजि-पत्या०५.३.१२८थी અનટ્→અપ+આ+દા+**અન** પ્રથમા સિ વિ.→**अपादानम्** ।

ઉદા. (૧) **वृक्षात् पर्णं पतति→**વૃક્ષ પરથી પાંદડા પડે છે.

(૨) **व्याघ्रात् बिभेति→**વાઘથી ડરે છે.

(૩) **अधर्माज्जुगुप्सते/विरमति→**અધર્મથી અટકે છે.

(૪) **धर्मात् प्रमाद्यति→**ધર્મથી ચૂકે છે.

(૫) **चौरेभ्यस्त्रायते→**ચોરથી રક્ષણ કરે છે.

(૬) **अध्ययनात् पराजयते→**અધ્યયનથી પરાભવ પામે છે.

(૭) **यवेभ्यो गां रक्षति→**જવથી ગાયોનું રક્ષણ કરે છે. (જવ પાસે જતી ગાયને અટકાવે છે.)

(૮) **उपाध्यायादन्तर्धत्ते→**ઉપાધ્યાયથી છૂપાવે છે.

(૯) **शृङ्गाच्छरो जायते→**શિંગડામાંથી બાણ થાય છે.

(૧૦) **हिमवतो गङ्गा प्रभवति→**હિમાલયમાંથી ગંગા નીકળે છે.

(૧૧) **वलभ्याः शत्रुञ्जयः षड्योजनानि→**વલભીપુરથી શ્રી શત્રુંજય છ યોજન છે.

(૧૨) **कार्त्तिक्या आग्रहायणी मासे→**કાર્ત્તિક પૂનમથી માગસર પૂનમ એક મહિને આવે છે.

(૧૩) **चैत्रान्मैत्रः पटुः→**ચૈત્રથી મૈત્ર હોંશિયાર છે.

(૧૪) **माथुराः पाटलिपुत्रकेभ्यः आढ्यतराः→**મથુરાવાસીઓ પાટલીપુત્રવાસીઓથી સમૃદ્ધશાળી છે.

★ ઉપરોક્ત ઉદા.માં વૃક્ષ વિ.થી પર્ણ વિ.નો પ્રકટપણે કાયસંસર્ગપૂર્વકનો વિયોગ જણાય છે. કેટલાંક ઉદા.માં વ્યાઘ્ર વિ.થી ભયાદિનાં કારણે માનસિક વિયોગ જણાય છે. તો કેટલાંક ઉદા.માં કાર્ત્તિક પૂનમ વિ.થી કાળ, ક્ષેત્ર, ભાવ વિ. વિષયક વિયોગ જણાય છે. તેથી, આ સૂત્રથી વૃક્ષ વિ.ને અપાદાન સંજ્ઞા થતાં પઞ્ચમ્યપા૦૨.૨.૬૯થી પંચમી થઈ છે.

વિશેષતા :

(૧) **અપાયનાં મુખ્ય બે પ્રકાર :**

(a) **કાય સંસર્ગપૂર્વકનો અપાય :** વૃક્ષાત્ પર્ણં પતતિ ।

(b) **બુદ્ધિ સંસર્ગપૂર્વકનો અપાય :** વ્યાઘ્રાત્ બિભેતિ ।

(૨) **અપાદાનનાં ત્રણ પ્રકાર :**

(a) **નિર્દિષ્ટ વિષય :** જે પ્રયોગમાં ધાતુ વડે જ અપાયનો વિષય પ્રાપ્ત થાય છે તે. વૃક્ષાત્ પર્ણં પતતિ વિ.

(b) **ઉપાત્ત વિષય :** જે અપાદાન ધાતુનો સાક્ષાત્ વિષય ન બનતો હોય પણ ધાતુનો વિષય બીજો ધાતુ અને બીજા ધાતુનો વિષય અપાયનો વિષય બનતો હોય તે. કુશૂલાત્ (નિષ્કાસ્ય) પચતિ વિ.

(c) **અપેક્ષિત ક્રિયા વિષય :** જે પ્રયોગમાં સાક્ષાત્ ક્રિયાપદ સંભળાતું નથી પણ વાક્યગત શબ્દો વડે જ અપાયનો વિષય જણાય છે તે. કાર્ત્તિક્યા આગ્રહાયણી માસે વિ.

(૩) **અપાદાન સંજ્ઞાનાં પ્રદેશો :** પઞ્ચમ્યપાદાને ૨.૨.૬૯ વિ.

જિ. : કાયસંસર્ગપૂર્વકનો અપાય મુખ્ય છે. અને બુદ્ધિ સંસર્ગપૂર્વકનો અપાય ગૌણ છે. **गौणमुख्ययोः मुख्ये कार्ये संप्रत्ययः ૧/૨૨** ન્યાયાનુસારે મુખ્ય અપાય એવા કાય-સંસર્ગપૂર્વકનાં અપાયને જ આ સૂત્રથી અપાદાન સંજ્ઞા થશે ને ?

સમા. : ના, ગૌણ અને મુખ્ય આ બંને અપાયનાં વિષયમાં આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે. સાધકતમં૦૨.૨.૨૪ સૂત્રમાં ગ્રહણ કરેલ તમપ્ પ્રત્યય દ્વારા ગૌણ અને મુખ્યને ગ્રહણ કરવાની અપેક્ષા ત્યાં જણાવાઈ ગઈ છે. અને આ સૂત્ર પણ તે જ પરિપાટીનું હોવાથી બન્ને વિષયને ગ્રહણ કરનારું થશે.

★ અધિકરણનું લક્ષણ :

क्रियाश्रयस्याऽऽधारोऽधिकरणम् २/२/३०

અ.અ.સૂ. : क्रियाश्रयस्य आधारः कारकम् अधिकरणम् ।

અર્થ : ક્રિયાનાં આશ્રયભૂત કર્ત્તા અને કર્મનો આધાર અધિકરણસંજ્ઞક થાય છે.

સ. : **क्रियाश्रयस्य**→क्रियायाः आश्रय इति क्रियाश्रयः, तस्येति ।

★ **अधिकरणम्**→अधिक्रियतेऽनेनेति (डुकृंग् करणे-८८८)
करणा-ऽऽधारे ५.३.१२९थी अनट्→अधि+कृ+**अन**
नामिनो०४.३.१थी गुण→अधि**कर**न
र-षृवर्णान्नो०२.३.६३थी न्नो ण्→अधिकर**ण**
प्रथमा सि वि.→अधिकर**णम्** ।

પ્ર.ઉદા. (૧) कटे आस्ते→સાદડી ઉપર બેસે છે.

★ આ ઉદા.માં બેસવાની ક્રિયા કરનાર વ્યક્તિનો આધાર 'कट' છે. માટે આ સૂત્રથી કટને અધિકરણસંજ્ઞા થવાથી सप्तम्य०२.२.९५थी સપ્તમી થઈ છે.

(૨) स्थाल्यां तण्डुलान् पचति→તે થાળીમાં ચોખા રાંધે છે.

★ આ ઉદા.માં રાંધવાની ક્રિયાનો આશ્રય તણ્ડુલ અને તેનો આધાર સ્થાલી છે. માટે આ સૂત્રથી સ્થાલીને અધિકરણસંજ્ઞા થતાં सप्तम्य०२.२.९५थी સપ્તમી થઈ છે.

વિશેષતા :

(૧) અધિકરણનાં છ પ્રકાર :

(a) **વૈષયિક :** જેનો અન્યત્ર સંભવ જ ન હોય તે. दिवि देवाः ।

(b) **ઔપશ્લેષિક :** એક દેશ માત્રનો સંયોગ હોય તે. कटे आस्ते ।

(c) **अभिव्यापक :** જ્યાં સર્વ અવયવનો સંયોગ હોય તે. दध्नि सर्पिः ।

(d) **सामीप्यक :** સમીપપણાંની વિવક્ષાથી ક્રિયાનાં આશ્રયભૂત (શિષ્ય)નો આધાર જે છે તે. गुरौ वसति ।

(e) **नैमित्तिक :** નિમિત્તપણાંની વિવક્ષાથી ક્રિયાનાં આશ્રયભૂત (યોદ્ધા)નો આધાર જે છે તે. युद्धे सन्नह्यते ।

(f) **औपचारिक :** ઉપચારથી ક્રિયાનાં આશ્રયભૂત 'તે'(સ)નો આધાર જે છે તે. स मे मुष्टिमध्ये तिष्ठति ।

(૨) યદ્યપિ સૂત્રમાં અધિકરણસંજ્ઞાનો જ નિર્દેશ છે. પરંતુ अद्यर्थाऽच्चा०५.१.१२ સૂત્રમાં આધારસંજ્ઞાનું ગ્રહણ કર્યું છે. તેથી અહીં સૂત્રમાં આધાર અધિકરણસંજ્ઞક થાય છે. એવા અર્થની સાથે અધિકરણ આધારસંજ્ઞક થાય છે. તેવો પણ સૂત્રાર્થ જાણવો.

(૩) **अधिकरण संज्ञानां प्रदेशो :** सप्तम्यधिकरणे २.२.९५ वि.
आधार संज्ञानां प्रदेशो : अद्यर्थाच्चाऽधारे ५.१.१२ वि.

क्लुप्तं व्याकरणं नवं विरचितं छंदो नवं द्व्याश्रया-
लंकारौ प्रथितौ नवौ प्रकटितं श्रीयोगशास्त्रं नवम् ।
तर्कः संजनितो नवो जिनवरादीनां चरित्रं नवं
बद्धं येन न केन केन विधिना मोहः कृतो दूरतः ॥

"નવું વ્યાકરણ કલ્પ્યું; નવું છંદઃશાસ્ત્ર રચ્યું; દ્વ્યાશ્રય મહાકાવ્ય અને અલંકારશાસ્ત્રને વિસ્તાર્યાં અને નવાં જ પ્રકટ કર્યાં. શ્રીયોગશાસ્ત્રને પણ નવું રચ્યું; નવા તર્કશાસ્ત્રને જન્મ આપ્યો; જિનવરોનાં ચરિત્રોનો નવો ગ્રંથ રચ્યો; કઈ કઈ રીતે શ્રી હેમચંદ્રાચાર્યે અજ્ઞાનને દૂર કર્યું નથી."

- શ્રી સોમપ્રભાચાર્ય

કારક સંજ્ઞાનું સારાંશ કોષ્ટક

સૂત્ર	લક્ષણ/ઉપપદ/નિમિત્ત	કોને	કઈ સંજ્ઞા	વિકલ્પે/નિત્ય	ઉદા.
स्वतन्त्रः०२	સ્વતંત્ર	–	કર્ત્તા	નિત્ય	**मैत्रेण** कृतः ।
कर्तुर्व्या०3	કર્ત્તાનો વ્યાપ્ય.	–	કર્મ	નિત્ય	**कटं** करोति ।
નોંધ : ૪ થી ૯ સૂત્રનાં કર્મ વિષયક કોષ્ટક પેજ નં. ૨૪, ૨૫ ઉપરથી જાણી લેવું.					
नाथः १०	આત્મને.નાં વિષયવાળો नाथ् ધાતુ.	વ્યાપ્ય	કર્મ	વિકલ્પે	**सर्पिषो/सर्पि**र्नाथते ।
स्मृत्यर्थः०११	સ્મૃતિ અર્થક, दय् અને ईश् ધાતુ.	વ્યાપ્ય	કર્મ	વિકલ્પે	**मातुः/मातरं** स्मरति ।
कृगः प्रति०१२	પ્રતિયત્ન અર્થવાળો कृ ધાતુ.	વ્યાપ્ય	કર્મ	વિકલ્પે	**एधोदकस्य/एधोदकम्** उपस्कुरुते ।
रुजाऽर्थ०१3	ज्वर, सम्+तप् સિવાયનો પીડાર્થક ધાતુ અને ભાવવાચી કર્ત્તા	વ્યાપ્ય	કર્મ	વિકલ્પે	**चौरस्य/चौरं** रुजति रोगः ।
जास-नाट०१४	હિંસાર્થક जास्, नाट्, क्राथ्, पिष् ધાતુ	વ્યાપ્ય	કર્મ	વિકલ્પે	**चौरस्य/चौरम्** उज्जासयति ।
नि-प्रेभ्यो०१५	હિંસાર્થક नि, प्र+हन् ધાતુ	વ્યાપ્ય	કર્મ	વિકલ્પે	**चौरस्य/चौरं** निप्रहन्ति ।
विनिमेय०१६	पण्, वि+अव+हृ ધાતુ	વિનિમેય/ધૂતપણ વ્યાપ્ય	કર્મ	વિકલ્પે	**शतस्य/शतं** पणायति ।

સૂત્ર	લક્ષણ/ઉપપદ/નિમિત્ત	કોને	કઈ સંજ્ઞા	વિકલ્પે/નિત્ય	ઉદા.
उपसर्गाद्०१७	ઉપસર્ગ પૂર્વક दिव् ધાતુ.	વિનિમેય/દ્યૂતપણ વ્યાપ્ય	કર્મ	વિકલ્પે	**शतस्य/शतं** प्रदीव्यति।
करणं च १९	दिव् ધાતુ	કરણ	કર્મ-કરણ યુગપત્	નિત્ય	मैत्रः चैत्रेण **अक्षैः** देवयते।
अधेः शीङ्०२०	अधि પૂર્વક शी, स्था, आस् ધાતુ	આધાર	કર્મ	નિત્ય	**ग्राम**मधिशेते।
उपान्वध्या०२१	उप, अनु, अधि, आङ्पૂર્વક वस् ધાતુ	આધાર	કર્મ	નિત્ય	**ग्राम**मुपवसति।
वाऽभिनिवि०२२	अभि+नि+विश्	આધાર	કર્મ	વિભાષા	**ग्राम्/कल्याणे** अभिनिविशते।
कालाऽध्व०२३	અકર્મક ધાતુઓનો કાલ, અધ્વ, ભાવ, દેશવાચી	આધાર	કર્મ/કર્માકર્મ	વિકલ્પે	**मासम्/मासे** आस्ते/**मासमास्यते**।
साधकतमं०२४	ક્રિયાની સિદ્ધિમાં પ્રકૃષ્ટ-ઉપકારક	–	કરણ	નિત્ય	**दानेन भो**गानाप्नोति।
कर्माभिप्रे०२५	કર્મ/ક્રિયા વડે વિશિષ્ટ સંબંધ કરાય.	–	સંપ્રદાન	નિત્ય	**देवाय** बलिं दत्ते।
स्पृहेर्व्या०२६	स्पृह् ધાતુ	વ્યાપ્ય	સંપ્રદાન	વિકલ્પે	**पुष्पेभ्यः/पुष्पाणि** स्पृहयति।

क्रुध्-द्रुहे०२७	ક્રોધ, દ્રોહ, ઈર્ષ્યા અને અસૂયા અર્થક ધાતુ	જેના પ્રતિકોપ	સંપ્રદાન	નિત્ય	**मैत्राय** क्रुध्यति।
नोपसर्गात्०२८	ઉપસર્ગ પૂર્વક क्रुध्, द्रुह् ધાતુ	જેના પ્રતિકોપ	કર્મ	નિત્ય	**मैत्रमभि**क्रुध्यति।
अपायेऽवधि०२९	વિયોગનું અવધિવાચી સ્થાન.	–	અપાદાન	નિત્ય	**वृक्षात्** पर्णं पतति।
क्रियाश्रय०३०	ક્રિયાનાં આશ્રયનો આધાર.	–	અધિકરણ	નિત્ય	**कटे** आस्ते।

नाम्नः प्रथमैक-द्वि-बहौ ૨/૨/૩૧

અ.અ.સૂ. : एक-द्वि-बहौ नाम्नः प्रथमा ।

અર્થ : એ.વ., દ્વિ.વ. અને બ.વ.માં વર્ત્તતાં નામથી પર અનુક્રમે સિ, ઔ અને જસ્ સ્વરૂપ પ્રથમા વિભક્તિ થાય છે.

સ. : एक-द्वि-बहौ→एकश्च द्वौच बहवश्च इति एकद्विबहु, तस्मिन्निति ।

ઉદા. (૧) **डित्थः→**વિશેષ નામ. डित्थ+**सि**
(૨) **गौः→**ગાય. गो+**सि**
(૩) **शुक्लः→**સફેદ. शुक्ल+**सि**
(૪) **कारकः→**કરનારો. कारक+**सि**
(૫) **दण्डी→**દંડવાળો. दण्डिन्+**सि**

★ ઉપરોક્ત ઉદા.માં આગળની સાધનિકા નામ પ્રકરણ પ્રમાણે કરવી. અને આ વાત આગામી સૂત્રમાં પણ જાણવી. અહીં એ.વ.માં વર્ત્તતાં डित्थ વિ.ને આ સૂત્રથી પ્રથમા સ્વરૂપ सि પ્રત્યય થયો છે.

વિશેષતા :

(૧) કર્માદિ કારકોને વિશે આગળ દ્વિતીયાદિ વિભક્તિનું વિધાન કરેલું હોવાથી તથા અહીં 'કોને પ્રથમા કરવી ?' એવા વિશેષ કથનનો અભાવ હોવાથી દ્વિતીયા વિ. વિભક્તિ સિવાયનાં સામાન્ય અર્થમાં પારિશેષ્ય ન્યાયથી પ્રથમાનો નિર્દેશ કરાય છે.

★ તે સામાન્ય અર્થ પાંચ પ્રકારે છે :

(a) **સ્વાર્થ→**જે શબ્દની પ્રવૃત્તિનાં નિમિત્તભૂત હોય, સ્વરૂપ, જાતિ, ગુણ, ક્રિયા વિ. રૂપ હોય અને त्व, तल् પ્રત્યયથી વાચ્ય હોય તે સ્વાર્થ. ઉદા. डित्थः, गौः, शुक्लः વિ.

(b) **द्रव्य→**तद् वि. सर्वनामथी જેનો વ્યપદેશ થાય, સ્વાર્થ સિવાયનું લિંગ, સંખ્યા, શક્તિ આદિનાં આશ્રયભૂત હોય અને જે મૂર્ત્ત સ્વરૂપે હોય તે દ્રવ્ય. **ઉદા.** इयं जातिः, अयं गुणः વિ.

(c) **લિંગ→**ङी, आप् વિ. પ્રત્યયની પ્રવૃત્તિનાં હેતુભૂત. **ઉદા. :** સ્ત્રી, पुमान्, पट्वी વિ.

(d) **સંખ્યા→**એ.વ., દ્વિ.વ. અને બ.વ. રૂપ ભેદસ્વીકારનાં હેતુભૂત એકત્વ વિ. **ઉદા.** वृक्षौ, वृक्षाः વિ.

(e) **શક્તિ→**સ્વ અને પર સ્વરૂપ અધિકરણમાં રહેલી ક્રિયાની ઉત્પત્તિનાં હેતુભૂત કારક રૂપ અને તેની સાથેનાં સંબંધ રૂપ શક્તિ.

ઉપરોક્ત શક્તિ જ્યારે પ્રત્યયાદિ દ્વારા અભિહિત થાય છે. ત્યારે તેને પ્રથમા થાય છે. અને આ જ જણાવવા માટે '**उक्ते कारके प्रथमा स्यात्**' આવો નિયમ પણ જણાવેલ છે.

★ કારક અને સંબંધની પ્રત્યયાદિ દ્વારા અભિહિતતા :

(i) **અભિહિતકર્તા : जिनो जयति→**અહીં જિન કર્ત્તા જયતિમાં રહેલ તિવ્ પ્રત્યય દ્વારા ઉક્ત થાય છે. કારણ કે कर्त्तर्यनद्०૩.૪.૭૧થી शव् પ્રત્યય કર્ત્તામાં થયો છે.

(ii) **અભિહિતકર્મ : मुनिना धर्मोपदेशो दीयते→**અહીં ધર્મોપદેશ રૂપ કર્મ કર્મણિ પ્રયોગમાં રહેલ क्य પ્રત્યય દ્વારા ઉક્ત થાય છે. કારણ કે क्यः शिति ૩.૪.૭૦થી क्य પ્રત્યય કર્મમાં થયો છે.

(iii) **અભિહિતકરણ : पीयतेऽनेनेति पानम्→**અહીં પાન કરણ છે. करणा०૫.૩.૧૨૯થી કરણમાં अनट् પ્રત્યય થતાં અહીં કરણ અભિહિત થાય છે.

(iv) **अभिहित संप्रदान : दीयतेऽस्मै ब्राह्मणाय इति दानीयोऽयं ब्राह्मणः**→અહીં बहुलम् ५.१.२.થી संप्रदान અર્થમાં अनीय પ્રત્યય થાય છે. તેથી संप्रदान अभिहित થયો છે.

(v) **अभिहित अपादान : भयानकोऽयं व्याघ्रः**→અહીં भयानक શબ્દ भीमादयोऽ०५.१.१४ સૂત્રથી अपादान અર્થમાં ઉણાદિ-७१થી आनक પ્રત્યય લાગીને નિપાતન થયેલ છે. તેથી अपादान अभिहित થાય છે.

(vi) **अभिहित संबंध : धनमस्ति अस्येति धनवान्**→અહીં तदस्या०७.२.१થી मतु પ્રત્યય संबंध અર્થમાં લાગે છે. તેથી संबंध अभिहित થયો છે.

(vii) **अभिहित अधिकरण : आस्यतेऽस्मिन् आसनम्**→અહીં करणा-ऽऽधारे ५.३.१२८થી अनट् પ્રત્યય आधार અર્થમાં થાય છે. તેથી आधार अभिहित થયો છે.

★ ઉપરોક્ત સર્વ સ્થાને તે-તે કારક अभिहित થતાં **उक्ते कारके०** નિયમાનુસારે પ્રથમા થાય છે.

(૨) અહીં સ્થાની એક-દ્વિ-બહૌ અને કાર્ય પ્રથમા સ્વરૂપ સિ-औ-जस् વચ્ચે સંખ્યા અને વચન સમાન હોવાથી **यथा-सङ्ख्यमनुदेशः समानाम् १/१०** ન્યાયાનુસારે અનુક્રમ જાણવો.

(૩) यद्यपि डित्थः વિ. ઉદા.માં ક્રિયાપદ દર્શાવ્યાં નથી. તો પણ **यत्रान्यत् क्रियापदं न श्रूयते तत्रास्तिर्भवन्तीपरः प्रयुज्यते २/६५** ન્યાયાનુસારે ત્યાં अस्ति કે भवति સ્વરૂપ ક્રિયા ગ્રહણ થાય છે.

आमन्त्र्ये २/२/३२

અ.અ.સૂ. : आमन्त्र्ये एक-द्वि-बहौ नाम्नः प्रथमा ।

અર્થ : આમન્ત્ર્ય અર્થમાં વર્ત્તતાં નામથી પ્રથમા વિભક્તિ થાય છે.

ઉદા. **हे देव !**→હે દેવ ! દેવ+સિ

★ અહીં આમન્ત્ર્ય અર્થમાં વર્ત્તતાં દેવ નામને આ સૂત્રથી પ્રથમા થઈ છે.

પ્ર.ઉદા. **आमन्त्र्य इति किम् ? राजा भव**→તું રાજા થા.

★ આ સૂત્રની પ્રવૃત્તિ આમન્ત્ર્યવાચી નામથી જ થાય છે. જ્યારે અહીં આમન્ત્ર્ય અર્થ નથી. માટે આ સૂત્રથી પ્રથમા થઈ નથી. પણ ભવમાં રહેલ શવ્ દ્વારા કર્ત્તા અભિહિત થતાં '**उक्ते कारके०**' નિયમાનુસારે પ્રથમા થઈ છે.

દ્વિતીયા વિભક્તિ : ૨.૨.૩૩ થી ૨.૨.૪૨

गौणात् समया-निकषा-हा-धिगन्तरा-ऽन्तरेणा-ऽति-येन-तेनैर्द्वितीया ૨/૨/૩૩

અ.અ.સૂ. : **समया-निकषा-हा-धिगन्तरा-ऽन्तरेणा-ऽति-येन-तेनैः एक-द्वि-बहौ गौणात् नाम्नः द्वितीया ।**

અર્થ : સમયા, નિકષા, હા, ધિગ્, અન્તરા, અન્તરેણ, અતિ, યેન અને તેન થી યુક્ત, એ.વ., દ્વિ.વ. અને બ.વ.માં વર્ત્તતાં ગૌણ નામથી અનુક્રમે અમ્, ઔ અને શસ્ સ્વરૂપ દ્વિતીયા વિભક્તિ થાય છે.

સ. : **समया-निकषा-हा-धिगन्तरा-ऽन्तरेणा-ऽति-येन-तेनैः**→ समयाश्च निकषाश्च हाश्च धिग् च अन्तराश्च अन्तरेणश्च अतिश्च येनश्च तेनश्च इति समया-निकषा-हा-धिगन्तरान्त-रेणातियेनतेनाः, तैरिति ।

ઉદા. (૧) **समया ग्रामम्**→ગામની પાસે.

(૨) **निकषा गिरिं नदी**→પર્વત્તની પાસે નદી.

(૩) **हा ! मैत्रं व्याधिः**→અરે ! મૈત્રને વ્યાધિ.

(૪) **धिग् जाल्मम्**→દુષ્ટને ધિક્કાર થાઓ.

(૫) **अन्तरा/अन्तरेण निषधं नीलं च विदेहाः**→નિષધ અને નીલવંત પર્વત્તની વચ્ચે મહાવિદેહ ક્ષેત્ર છે.

(૬) **अन्तरेण धर्मं सुखं न स्यात्**→ધર્મ વિના સુખ થતું નથી.

(૭) **अतिवृद्धं कुरून् महद्बलम्**→કુરૂઓ કરતાં (પાંડવોનું) સૈન્ય મોટું છે.

(૮) **येन पश्चिमां गतः**→જે બાજુથી પશ્ચિમમાં ગયો.

(૯) **तेन पश्चिमां नीतः**→તે બાજુથી પશ્ચિમમાં લઈ જવાયો.

★ આ ઉદા.માં સમયા વિ.થી યુક્ત ગ્રામ વિ. ગૌણ નામને આ સૂત્રથી દ્વિતીયા થઈ છે.

વિશેષતા :

(૧) આ સૂત્રથી શરૂ થતો गौणात्નો અધિકાર **सर्वादेः सर्वाः** ૨.૨.૧૧૯ સૂત્ર સુધી ચાલે છે.

(૨) સૂત્રમાં બ.વ. અભિ-પ્રતિથી યુક્ત ગૌણ નામથી પણ દ્વિતીયા કરવા માટે છે. **ઉદા.** : न देवदत्तं प्रति भाति किञ्चित् ।

જિ. : आप् પ્રત્યયાન્ત અને અવ્યય એમ બે પ્રકારે अन्तरा શબ્દ છે. તેમજ, अन्तरेण પણ तृ.એ.વ.નું રૂપ અને અવ્યય એમ બે પ્રકારે છે. તો માત્ર અવ્યયનું જ ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : સમયા વિ. અવ્યયનાં સાહચર્યથી **साहचर्यात् सदृशस्यैव** ૨/૬ ન્યાયાનુસારે अन्तरेण પણ અવ્યય સ્વરૂપ જ ગ્રહણ થાય છે.

द्वित्वेऽधोऽध्युपरिभिः २/२/३४

अ.अ.सू. : द्वित्वेऽधोऽध्युपरिभिः एकः-द्वि-बहौ गौणात् नाम्नः द्वितीया ।

स. : अधोऽध्युपरिभिः→अधश्च, अधिश्च उपरिश्च इति अधोऽध्युपरयः, तैरिति ।

उदा. (१) अधोऽधो ग्रामं ग्रामाः→ગામની નજીક ગામ છે.

(२) अध्यधि ग्रामं ग्रामाः→ગામની નજીક ગામ છે.

(३) उपर्युपरि ग्रामं ग्रामाः→ગામની નજીક ગામ છે.

★ આ ઉદા.માં સામીપ્યે ૭.૪.૭૯થી અધસ્ વિ. દ્વિત્વ થયેલ છે. માટે આ સૂત્રથી અધસ્ વિ.થી યુક્ત ગૌણ નામ ગ્રામને દ્વિતીયા થઈ છે.

प्र.उदा. द्वित्व इति किम् ? अधो गृहस्य→ઘરની નીચે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ અધસ્ વિ. દ્વિત્વ થયે છતે થાય છે. જ્યારે અહીં સામીપ્ય અર્થ નથી માટે અધસ્ વિ. દ્વિત્વ ન થતાં આ સૂત્રથી ગૌણ નામ ગૃહને દ્વિતીયા થઈ નથી પણ શેષે ૨.૨.૮૧થી ષષ્ઠી થઈ છે.

विशेषता :

यद्यपि अधोऽध्युपरिभिः अने एक-द्वि-बहौनी संख्या समान होवाथी ते बन्ने वच्चे अनुक्रमनी प्राप्ति छे. परंतु अहीं अधोऽध्युपरिभिःमां ब.व. करवा द्वारा वचनभेद करीने **यथासङ्ख्यमनुदेशः समानाम् १/१०** न्यायनी प्रवृत्तिनो निषेध करेल छे. ते प्रमाणे आगामी (२.२.३६ अने २.२.३७) सूत्रमां पण जाणवुं.

सर्वोभया-ऽभि-परिणा तसा २/२/३५

અ.અ.સૂ. : तसा सर्वोऽभया-ऽभि-परिणा एक-द्वि-बहौ गौणात् नाम्नः द्वितीया ।

અર્થ : तस् प्रत्ययान्त सर्व, उभय, अभि अने परिथी युक्त गौण नामथी द्वितीया विभक्ति थाय छे.

સ. : **सर्वोऽभया-ऽभि-परिणा→**सर्वश्च उभयश्च अभिश्च परिश्च इति सर्वोभयाभिपरि, तेनेति ।

ઉદા. (१) **सर्वतो ग्रामं वनानि→**गामनी चारे बाजु वन छे.
(२) **उभयतो ग्रामं वनानि→**गामनी बंने बाजु वन छे.
(३) **अभितो ग्रामं वनानि→**गामनी सामे बाजु वन छे.
(४) **परितो ग्रामं वनानि→**गामनी चारे बाजु वन छे.

★ आ ઉદા.मां सर्वने किमद्व्यादि०७.२.८९थी तथा अभि अने परिने पर्यभेः०७.२.८३थी तस् प्रत्यय थाय छे. तेथी तस् प्रत्ययान्त सर्व वि.थी युक्त गौण नाम ग्रामने आ सूत्रथी द्वितीया थई छे.

लक्षण-वीप्स्येत्थम्भूतेष्वभिना २/२/३६

અ.અ.સૂ. : अभिना लक्षण-वीप्स्येत्थम्भूतेषु एक-द्वि-बहौ गौणात् नाम्नः द्वितीया ।

અર્થ : **लक्षण**=चिह्न, **वीप्स्य**=वीप्सानुं कर्म, **ईत्थम्भूत**=कांईक प्रकारताने पामेल. अभिथी युक्त लक्षण, वीप्स्य अने ईत्थंभूत अर्थमां वर्त्ततां गौण नामथी द्वितीया विभक्ति थाय छे.

સ. : **लक्षणवीप्स्येत्थम्भूतेषु→**लक्षणं च वीप्स्यं च इत्थम्भूतश्च इति लक्षणवीप्स्येत्थम्भूताः, तेष्विति ।

ઉદા. (૧) **लक्षण=वृक्षमभि विद्युत्→**વૃક્ષ તરફ વીજળી છે.

★ આ ઉદા.માં વીજળીને દર્શાવવા વૃક્ષ બતાવાય છે. માટે લક્ષણવાચી વૃક્ષને આ સૂત્રથી દ્વિતીયા થઈ છે.

(૨) **वीप्स्य=वृक्षं वृक्षमभि सेकः→**પ્રત્યેક વૃક્ષને સીંચવું.

★ આ ઉદા.માં પ્રત્યેક વૃક્ષને સીંચવાની ક્રિયા વીપ્સા અને તેનું કર્મ વૃક્ષ છે. માટે આ સૂત્રથી વીપ્સ્યવાચી વૃક્ષને દ્વિતીયા થઈ છે.

(૩) **ईत्थंभूत=साधुर्मैत्रो मातरमभि→**મૈત્ર માતા પ્રતિ સારો છે.

★ આ ઉદા.માં સાધુત્વવાળાં મૈત્રનાં વિષયમાં વર્ત્તતું, અભિથી યુક્ત માતૃ નામને આ સૂત્રથી દ્વિતીયા થઈ છે.

પ્ર.ઉદા. **लक्षणादिष्विति किम् ? यदत्र ममाभि स्यात् तद् दीयताम्→**જે મારું હોય તે (મને) અપાય.

★ આ સૂત્રની પ્રવૃત્તિ લક્ષણ વિ.માં જ વર્ત્તતાં ગૌણ નામથી થાય છે. જ્યારે અહીં 'अस्मद्' સર્વનામ સ્વામીત્વવાચી છે. માટે આ સૂત્રથી દ્વિતીયા ન થતાં शेषे ૨.૨.૮૧થી ષષ્ઠી થઈ છે.

વિશેષતા :

(૧) **लक्षण=लक्ष्यते/दर्श्यतेऽनेन तदिति→**જેના વડે વસ્તુ ઓળખાય તે.

(૨) **वीप्स्य=अवयवशः समुदायस्य क्रियादिना साकल्येन प्राप्तीच्छा→**અવયવ-અવયવ કરીને ક્રિયા વડે સમુદાયને સંપૂર્ણપણાથી પ્રાપ્ત કરવાની ઈચ્છા.

(૩) ઈત્થંભૂત=**केनचित् विवक्षितेन विशेषेण भावः इत्थम्भावः, तद्विषयः इत्थम्भूतः**→કોઈપણ વિવક્ષિત વિશેષણ વડે જે થવું તે ઈત્થંભાવ, તેનો વિષય તે.

भागिनि च प्रति-पर्यनुभिः २/२/३७

અ.અ.સૂ. : प्रतिपर्यनुभिः भागिनि च (लक्षणवीप्स्येत्थम्भूतेषु) एक-द्वि-बहौ गौणात् नाम्नः द्वितीया ।

અર્થ : સ્વીકાર કરવા યોગ્ય અંશ=**ભાગ.** અને તેનો સ્વામી=**ભાગી.**

પ્રતિ, પરિ અને અનુથી યુક્ત ભાગી, લક્ષણ, વીપ્સ્ય અને ઈત્થંભૂત અર્થમાં વર્ત્તતાં ગૌણ નામથી દ્વિતીયા વિભક્તિ થાય છે.

સ. : **प्रतिपर्यनुभिः**→प्रतिश्च परिश्च अनुश्च इति प्रतिपर्यनवः, तैरिति ।

ઉદા. (૧) ભાગી : यदत्र मां प्रति/परि/अनु स्यात् तद् दीयताम्→ અહીં મારો જે ભાગ હોય તે (મને) અપાય.

★ આ ઉદા.માં પ્રતિ વિ.થી યુક્ત ભાગી અર્થમાં વર્ત્તતાં અસ્મદ્ સર્વનામને આ સૂત્રથી દ્વિતીયા થઈ છે.

(૨) **લક્ષણ : वृक्षं प्रति/परि/अनु विद्युत्**→વૃક્ષ તરફ વીજળી.

(૩) **વીપ્સ્ય : वृक्षं प्रति/परि/अनु सेकः**→પ્રત્યેક વૃક્ષ તરફ સિંચન.

(૪) **ઈત્થંભૂત : साधुर्मैत्रो मातरं प्रति/परि/अनु**→મૈત્ર માતા પ્રતિ સજ્જન છે.

★ આ ઉદા.માં પ્રતિ વિ.થી યુક્ત, લક્ષણાદિમાં વર્ત્તતાં વૃક્ષ અને માતૃ નામને આ સૂત્રથી દ્વિતીયા થઈ છે.

પ્ર.ઉદા. એતેષ્વિતિ કિમ્ ? અનુ વનસ્યાઽશનિર્ગતા→વનની પાસે થઈ વીજળી ગઈ.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ભાગી વિ.માં જ વર્ત્તતાં ગૌણ નામથી થાય છે. જ્યારે અહીં વન નામ ભાગી વિ. અર્થમાં વિવક્ષિત ન હોવાથી આ સૂત્રથી દ્વિતીયા ન થતાં શેષે ૨.૨.૮૧થી ષષ્ઠી થઈ છે.

વિશેષતા :

યદ્યપિ અહીં 'ભાગિનિ'નો અધિકાર લેવાથી 'લક્ષણ-વીપ્સ્યેત્થમ્ભૂતેષુ'નો અધિકાર અટકી જાય છે. પરંતુ **चकारो यस्मात्परस्तत्सजातीयमेव समुच्चिनोति ૨/૬૧** ન્યાયાનુસારે અહીં ચકાર દ્વારા 'લક્ષણવીપ્સ્યેત્થમ્ભૂતેષુ'નાં અધિકારનું ગ્રહણ કર્યું છે. તેમજ, **चानुकृष्टं नाऽनुवर्त्तते ૨/૬૨** ન્યાયાનુસારે આ અધિકાર નીચેનાં સૂત્રમાં જશે નહીં.

हेतु-सहार्थेऽनुना ૨/૨/૩૮

અ.અ.સૂ. : हेतु-सहार्थे एक-द्वि-बहौ गौणात् नाम्नः द्वितीया ।

અર્થ : હેતુ=જનક. સહાર્થ=તુલ્યયોગ અને વિદ્યમાનતા. આ બન્ને અર્થમાં વર્ત્તતા, અનુથી યુક્ત ગૌણ નામથી દ્વિતીયા વિભક્તિ થાય છે.

સ. : **हेतु-सहार्थे→**सह लक्षणोऽर्थो यस्य स इति सहार्थः, हेतुश्च सहार्थश्च हेतुसहार्थः, तस्मिन्निति ।

ઉદા. (૧) **जिनजन्मोत्सवमन्वागच्छन् सुराः**→જિનેશ્વરનાં જન્મોત્સવનાં હેતુથી દેવો આવ્યા.

★ અહીં આગમન રૂપ ક્રિયા-ઉત્પત્તિનો હેતુ પરમાત્માનો જન્મોત્સવ છે. તેથી અનુથી યુક્ત જિનજન્મોત્સવને આ સૂત્રથી દ્વિતીયા થઈ છે.

(૨) **गिरिमन्ववसिता सेना**→સેના પર્વત્તની સાથે સંબદ્ધ થઈ છે.

★ અહીં સેના પર્વત્તની પાસે વિદ્યમાન છે. એવો ભાવ અનુથી જણાય છે. તેથી અનુથી યુક્ત ગૌણ નામ ગિરિને આ સૂત્રથી દ્વિતીયા થઈ છે.

વિશેષતા :

(૧) હેતુ બે પ્રકારે છે. (a) જ્ઞાપક (b) જનક.

(a) **જ્ઞાપક :** જે ક્રિયા/દ્રવ્યને માત્ર જણાવે તે. વૃક્ષમનુ વિદ્યુત્ ।

(b) **જનક :** જેના વડે ક્રિયા/દ્રવ્યની ઉત્પત્તિ થાય. जिन-जन्मोत्सवमन्वागच्छन् सुराः ।

જ્ઞાપક હેતુ લક્ષણાદિ ભાવમાં જ હોવાથી भागिनी च० २.२.૩૭થી દ્વિતીયા સિદ્ધ હતી માટે પારિશેષ્ય ન્યાયથી આ સૂત્રમાં જનક હેતુનું ગ્રહણ કરેલ છે.

(૨) સહાર્થ બે પ્રકારે છે. (a) વિદ્યમાનતા (b) તુલ્યયોગ.

(a) **વિદ્યમાનતા :** અસ્તિત્ત્વ (હોવાપણું)

(b) **તુલ્યયોગ :** ક્રિયા આદિ દ્વારા ગૌણ નામનો મુખ્ય નામની સાથે સંબંધ તે.

(૩) કેટલાંક અન્ય વ્યાકરણકારો અનુનાં યોગમાં તૃતીયાને ઈચ્છે છે. તેથી તેમનાં મતે पर्वत्तेन अन्ववसिता सेना આવો પ્રયોગ થાય છે.

(૪) અહીં ધ્યાનમાં લેવું કે, હેતુ અર્થમાં हेतु-कर्तृ०२.२.४४ દ્વારા તૃતીયા વિભક્તિનું વિધાન આગળ જણાવવાનાં છે. પરંતુ આ

સૂત્ર વિશેષ હોવાથી આ સૂત્રનાં વિષયમાં તૃતીયાનો બાધ થાય છે. યદ્યપિ **येन नाप्राप्ते यो विधिरारभ्यते स तस्यैव बाधकः** ૧/૪૦ ન્યાયાનુસારે આ સૂત્ર તૃતીયાનાં અપવાદ સ્વરૂપે ન જણાતાં ષષ્ઠીનાં અપવાદ સ્વરૂપે જાણવા યોગ્ય છે. પરંતુ એ ષષ્ઠીનો બાધ હેતુ-કર્તૃ૦૨.૨.૪૪થી થતો હોવાથી આ સૂત્ર તૃતીયાનો બાધક બને છે. તેથી આ સૂત્રને તૃતીયાનાં જ અપવાદ સ્વરૂપે જાણવું.

उत्कृष्टेऽनूपेन ૨/૨/૩૯

અ.અ.સૂ. : उत्कृष्टे अनूपेन एक-द्वि-बहौ गौणात् नाम्नः द्वितीया ।

અર્થ : ઉત્કૃષ્ટ અર્થવાળા, અનુ અને ઉપથી યુક્ત ગૌણ નામથી દ્વિતીયા વિભક્તિ થાય છે.

સ. : **अनूपेन**→अनुश्च उपश्च इति अनूपम्, तेनेति ।

ઉદા. (૧) अनु सिद्धसेनं कवयः→કવિઓ શ્રી સિદ્ધસેનજીની પાછળ છે. (કવિઓમાં શ્રી સિદ્ધસેનજી શ્રેષ્ઠ છે.)

(૨) उपोमास्वातिं संग्रहीतारः→સંગ્રહકારો શ્રી ઉમાસ્વાતીજીની પાછળ છે.

★ અહીં ઉત્કૃષ્ટ અર્થમાં વર્ત્તતાં સિદ્ધસેન અને ઉમાસ્વાતિ નામ અનુક્રમે અનુ અને ઉપથી યુક્ત છે. માટે આ સૂત્રથી દ્વિતીયા થઈ છે.

★ કર્મસંજ્ઞકને દ્વિતીયા :

कर्मणि ૨/૨/૪૦

અ.અ.સૂ. : कर्मणि एक-द्वि-बहौ गौणात् नाम्नः द्वितीया ।

અર્થ : કર્મવાચી એ.વ., દ્વિ.વ. અને બ.વ.માં વર્ત્તતાં ગૌણ નામથી દ્વિતીયા વિભક્તિ થાય છે.

ઉદા. (૧) નિર્વર્ત્ય કર્મ : **कटं करोति**→તે સાદડી કરે છે.

(૨) વિકાર્ય કર્મ : **तण्डुलान् पचति**→તે ચોખાને રાંધે છે.

(૩) પ્રાપ્ય કર્મ : **रविं पश्यति**→તે સૂર્યને જુએ છે.

(૪) દ્વિકર્મક : **अजां नयति ग्रामम्**→બકરીને ગામ તરફ લઈ જાય છે.

गां दोग्धि पयः→ગાયથી દૂધ દોહે છે.

★ આ ઉદા.માં કટ વિ.ને કર્તુર્વ્યા૦૨.૨.૩થી કર્મસંજ્ઞા થતાં આ સૂત્રથી દ્વિતીયા થઈ છે.

વિશેષતા :

જિ. : '**ओदनः पक्त्वा भुज्यते चैत्रेण**'આવા પ્રયોગમાં ભુજ્ અને પચ્ બન્નેની અપેક્ષાએ 'ઓદન' કર્મ છે. તથા, ભુજ્ને લાગેલ ક્ય પ્રત્યયથી કર્મ અભિહિત થાય છે. પણ પચ્ને લાગેલ ક્ત્વા ભાવમાં થતો હોવાથી તેનાથી કર્મ અભિહિત થતું નથી. તો શા માટે ક્ત્વાની અપેક્ષાએ અનભિહિત કર્મને આ સૂત્રથી દ્વિતીયા ન થઈ શકે ?

સમા. : એક જ દ્રવ્યને આશ્રયીને જ્યારે અનેક ક્રિયાઓ રહેલી હોય ત્યારે તેમાંની એક ક્રિયા પ્રધાન હોય છે. અને અન્ય ક્રિયા અપ્રધાન હોય છે. 'ओदनः पक्त्वा भुज्यते चैत्रेण' આવા સ્થાને પ્રધાન ક્રિયાની અપેક્ષાએ જે કારક અથવા વિભક્તિ થતી હોય તેનું ગ્રહણ કરાય છે. અહીં પણ પ્રધાન એવી ભુજ્ ક્રિયાની અપેક્ષાએ કર્મ અભિહિત થાય છે. તેથી પ્રથમાનું ગ્રહણ કર્યું છે.

क्रियाविशेषणात् २/२/४१

अ.अ.सू. : क्रियाविशेषणात् एक-द्वि-बहौ गौणात् नाम्नः द्वितीया ।

अर्थ : ક્રિયાનાં વિશેષણ એવા ગૌણ નામથી દ્વિતીયા વિભક્તિ થાય છે.

स. : **क्रियाविशेषणात्→**क्रियायाः विशेषणमिति क्रियाविशेषणः, तस्मादिति ।

ઉદા. (૧) स्तोकं पचति→થોડું રાંધે છે. (પકાવવાની ક્રિયા થોડી કરે છે.)

(૨) सुखं स्थाता→સુખપૂર્વક રહેશે.

★ આ ઉદા.માં 'स्तोकं' અને 'सुखं' પદ ક્રિયાને વિશેષિત કરે છે. માટે તેમને આ સૂત્રથી દ્વિતીયા થઈ છે.

વિશેષતા :

અહીં ધ્યાનમાં લેવું કે, આ સૂત્રથી ક્રિયાવિશેષણને દ્વિતીયા કરી છે. પણ કર્મસંજ્ઞા કરીને कर्मणि ૨.૨.૪૦થી દ્વિતીયા કરી નથી. તેની પાછળ ગ્રંથકારશ્રીનો આશય એવો છે કે, 'ओदनस्य शोभनं पक्ता वि. કૃદંત વાક્યરચનામાં कर्मणि कृतः ૨.૨.૮૩થી કર્મને ષષ્ઠી વિભક્તિ થાય છે. પરંતુ ત્યાં રહેલાં ક્રિયાવિશેષણને કર્મસંજ્ઞા થઈને ષષ્ઠી ન થતાં આ સૂત્રથી દ્વિતીયા જ થાય.'

काला-ऽध्वनोर्व्याप्तौ २/२/४२

अ.अ.सू. : व्याप्तौ काला-ऽध्वनोः एक-द्वि-बहौ गौणाभ्यां नामभ्यां द्वितीया ।

અર્થ : વ્યાપ્તિ=અત્યંત સંયોગ. વ્યાપ્તિ જણાતે છતે કાલ અને અધ્વવાચી ગૌણ નામથી દ્વિતીયા વિભક્તિ થાય છે.

સ. : **काला-ऽध्वनोः**→कालश्च अध्वा च इति काला-ऽध्वनौ, तयोरिति ।

ઉદા. (૧) **કાલવાચી :**

(a) **मासं गुडधानाः**→મહિના સુધી સતત ગોળધાણા (ખવાય છે).

(b) **मासं कल्याणी**→મહિના સુધી સતત કલ્યાણવાળો (છે).

(c) **मासमधीते**→મહિના સુધી ભણે છે.

(૨) **અધ્વવાચી :**

(a) **क्रोशं गिरिः**→ગાઉ સુધી સતત પર્વત્ત (છે).

(b) **क्रोशं कुटिला नदी**→ગાઉ સુધી સતત વક્ર નદી (છે).

(c) **क्रोशमधीते**→ગાઉ સુધી સતત ભણે છે.

★ આ ઉદા.માં કાલવાચી માસનો ગુડધાના વિ. સાથે તેમજ, અધ્વવાચી ક્રોશનો ગિરિ વિ. સાથે અત્યંત સંયોગ છે. માટે આ સૂત્રથી માસ અને ક્રોશને દ્વિતીયા થઈ છે.

પ્ર.ઉદા. **व्याप्ताविति किम् ?**

(૧) **मासस्य/मासे द्व्यहं गुडधानाः**→મહિનામાં બે દિવસ (સતત) ગોળધાણા (ખાય છે).

(૨) **क्रोशस्य/क्रोशे एकदेशे कुटिला नदी**→ગાઉ સુધી એક ભાગમાં વક્ર નદી છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ વ્યાપ્તિ જણાતી હોય ત્યાં જ થાય છે. જ્યારે અહીં માસ અને ક્રોશમાં વ્યાપ્તિ જણાતી નથી. માટે આ સૂત્રથી દ્વિતીયા ન થતાં સંબંધની વિવક્ષામાં શેષે ૨.૨.૮૧થી ષષ્ઠી અને આધારની વિવક્ષામાં સપ્તમ્ય૦ ૨.૨.૯૫થી સપ્તમી થઈ છે.

વિશેષતા :

(૧) અન્ય મતે વ્યાપ્તિનાં વિષયમાં ભાવવાચક નામથી પણ આ સૂત્ર દ્વારા માત્ર દ્વિતીયા થાય છે. તેથી તેમના મતે गोदोहं वक्रः बुद्बुदाः વિ. પ્રયોગમાં 'गोदोह'ને દ્વિતીયા જ થાય છે.

(૨) काला०૨.૨.૨૩ અને આ સૂત્રની પ્રવૃત્તિનું કોષ્ટક :

વ્યાપ્તિ/ અવ્યાપ્તિ	સકર્મક/ અકર્મક	ઉદાહરણ	સૂત્ર
વ્યાપ્તિ	અકર્મક	**मासमधीते**	कालाध्वनो०४२
વ્યાપ્તિ	સકર્મક	**मासं** शास्त्रमधीते	कालाध्वनो०४२
અવ્યાપ્તિ	અકર્મક	**मासं/मासे/मासस्य** अधीते	कालाध्वभाव०२३
અવ્યાપ્તિ	સકર્મક	**मासे/मासस्य** शास्त्रमधीते	विवक्षावशात्

હેમચંદ્રાચાર્યના સાહિત્યમાનું વિષયવૈવિધ્ય આશ્ચર્યકારક લાગે છે. કાવ્ય, ન્યાય, કોષ, યોગ, છંદ, અલંકાર, ઈતિહાસ, પુરાણ અને વ્યાકરણ - એમ અનેક વિષયો પર એમણે શાસ્ત્રીય પાંડિત્યપૂર્ણ ગ્રંથોની રચના કરી છે. આ ગ્રંથોમાંથી એ પણ ખ્યાલ આવે છે કે તેઓ મંત્ર, તંત્ર, શિલ્પ, વૈદક, યંત્ર, જ્યોતિષ, યુદ્ધશાસ્ત્ર, વનસ્પતિવિદ્યા, સામુદ્રિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, રત્નવિદ્યા વગેરે વિદ્યાઓના પણ જ્ઞાતા હતા. એમનું સમગ્ર લેખનકાર્ય જોતાં એમ લાગે છે કે ગહન ચિંતનશીલતા, અપ્રતિમ સર્જકતા અને મર્મગામી ભાવયિત્રી પ્રતિભા વિના આટલું વિપુલ અને સત્ત્વશીલ સાહિત્ય એક વ્યક્તિના જીવનકાળ દરમિયાન સર્જવું લગભગ અશક્ય છે. વિદ્યાભ્યાસ, વિચારોની વિશદતા જાળવીને વિષયની સચોટ અને સાંગોપાંગ ચર્ચા થાય તેવી ઓજસ્વી આલેખન રીતિનું આયોજન એમણે કરેલી ગ્રંથરચનામાં સામાન્યતયા જોવા મળે છે.

- કુમારપાળભાઈ દેસાઈ

द्वितीया विभक्तिनुं सारांश कोष्टक

सूत्र	उपपद/निमित्त	कया नामने	विकल्पे/ नित्य	कोनो अपवाद	उदाहरण
गौणात्०३३	समया, निकषा, हा, धिग्, अन्तरा, अन्तरेण, येन, तेन	–[1]	नित्य	५ष्ठी	समया **ग्रामम्**।
द्वित्वेऽधो०३४	द्वित्व એवा अधस्, अधि, उपरि	–	नित्य	५ष्ठी	अधोऽधो **ग्रामं** ग्रामाः।
सर्वो-ऽभया०३५	तस् प्रत्ययान्त सर्व, उभय, अभि, परि	–	नित्य	५ष्ठी	सर्वतः **ग्रामं** वनानि।
लक्षणवीप्स्ये०३६	अभि	लक्षण, वीप्स्य ईत्थम्भूत	नित्य	५ष्ठी	**वृक्षम**भि विद्युत्।
भागिनि च०३७	प्रति, परि, अनु	भागी, लक्षण वि.	नित्य	५ष्ठी	यदत्र **मां** प्रति स्यात् तद् दीयताम्।
हेतु सहार्थे०३८	अनु	हेतु, सहार्थ	नित्य	तृतीया	**जिनजन्मोत्सवम**न्वागच्छन् सुराः।
उत्कृष्टेऽनू०३९	अनु, उप	उत्कृष्टार्थक	नित्य	५ष्ठी	अनु **सिद्धसेनं** कवयः।

१. तमाम सूत्रोनी प्रवृत्ति गौण नामथी थाय छे. तेवुं दरेक विभक्तिनां कोष्टकमां जाणवुं.

कर्मणि ४०	–	કર્મ	નિત્ય	ષષ્ઠી	**कटं** करोति।
क्रियाविशे०४१	–	ક્રિયાનું વિશેષણ	નિત્ય	ષષ્ઠી	**सुखं** स्थाता।
कालाऽध्वनो०४२	व्याप्ति अर्थ	કાલ, અધ્વવાચી	નિત્ય	ષષ્ઠી/ સપ્તમી	**मासं** गुडधानाः।
ऋते द्वि०११४	ऋते	–	નિત્ય	ષષ્ઠી	ऋते **धर्मं** कुतः सुखम्।
विना ते०११५	विना	–	નિત્ય	ષષ્ઠી-	विना **वातम्**।
द्वितीया०११७	अञ्च् सिवायनां एन् प्रत्ययान्त	–	નિત્ય	પંચમી	पूर्वेण **ग्रामम्**।
सर्वादेः सर्वा:११८	हेतु अर्थवाळां	सर्व वि.	નિત્ય	તૃતીયા	**कं** हेतुं याति।

★ તૃતીયા વિભક્તિ : ૨.૨.૪૩ થી ૨.૨.૫૨

सिद्धौ तृतीया २/२/४३

અ.અ.સૂ. : सिद्धौ काला-ऽध्वनोः एक-द्वि-बहौ गौणाभ्यां नामभ्यां तृतीया ।

અર્થ : सिद्धि=ફલની નિષ્પત્તિ. તે જણાતે છતે કાલ અને અધ્વવાચી એ.વ., દ્વિ.વ. અને બ.વ.માં વર્ત્તતાં ગૌણ નામથી ટા, ભ્યામ્ અને ભિસ્ સ્વરૂપ તૃતીયા વિભક્તિ થાય છે.

ઉદા. (૧) **मासेन/मासाभ्यां/मासैरावश्यकमधीतम्→**એક-બે અથવા ઘણા મહિનાઓ સુધી આવશ્યક ભણાયું.

(૨) **क्रोशेन/क्रोशाभ्यां/क्रोशैः प्राभृतमधीतम्→**એક-બે અથવા ઘણા મહિનાઓ સુધી પ્રાભૃત ભણાયું.

★ આ ઉદા.માં આવશ્યક, પ્રાભૃત ભણવા સ્વરૂપ ક્રિયાની સિદ્ધિ જણાય છે માટે કાલવાચી માસ અને અધ્વવાચી ક્રોશને આ સૂત્રથી તૃતીયા થઈ છે.

પ્ર.ઉદા. **सिद्धाविति किम् ? मासमधीत आचारो न तु गृहीतः→** એક માસ સુધી ભણાયું પણ આના વડે આચાર ગ્રહણ ન કરાયો.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ક્રિયાની સિદ્ધિ જણાય તો જ થાય છે. જ્યારે અહીં ભણવા સ્વરૂપ ક્રિયાની સિદ્ધિ (આચાર ગ્રહણ) ન થવાથી આ સૂત્રથી તૃતીયા ન થતાં પૂર્વસૂત્રથી દ્વિતીયા થઈ છે.

વિશેષતા :

અહીં પૂર્વનાં સૂત્રથી દ્વિતીયાની પ્રાપ્તિ હતી પણ ક્રિયાની સિદ્ધિ હોય તો દ્વિતીયા ન કરતાં આ સૂત્રથી તૃતીયા કરવી. આમ, આ સૂત્ર દ્વિતીયાનાં અપવાદ સ્વરૂપ છે.

જિ. : **'मासमधीते आचारो न तु गृहीतः'** આ ઉદા.માં ભણવાની ક્રિયા સિદ્ધ થઈ જ છે તો પણ આ સૂત્રની પ્રવૃત્તિ શા માટે ન થઈ ?

સમા. : વસ્તુતઃ અધૂરી ક્રિયા કંઈક અંશે તો સમાપ્ત જ કહેવાય. તેમ છતાં અહીં ક્રિયાની સિદ્ધિની વિવક્ષા કરી છે. તે દ્વારા ગ્રંથકારશ્રીનો આશય એ છે કે, 'જે ક્રિયા ફળ સહિત સિદ્ધ થતી હોય તે ક્રિયાનાં વિષયમાં આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે. પણ, નિષ્ફળ ક્રિયાનાં વિષયમાં નહીં.' 'मासमधीते आचारो न तु गृहीतः' આ પ્ર.ઉદા.માં ભણવાની ક્રિયા સિદ્ધ થયે છતે પણ તેમાં આચાર ગ્રહણ સ્વરૂપ તેનું ફળ પ્રાપ્ત થયું નથી.

★ कर्त्ता-करण संज्ञकने तृतीया :

हेतु-कर्तृ-करणेत्थम्भूतलक्षणे २/२/४४

અ.અ.સૂ. : हेतु-कर्तृ-करणेत्थम्भूतलक्षणे एक-द्वि-बहौ गौणात् नाम्नः तृतीया ।

અર્થ : **હેતુ**=ફલ સાધવામાં યોગ્ય છે તે, **ઈત્થમ્ભૂત લક્ષણ**= કાંઈક વિશેષતાને પામેલા-પદાર્થનું ચિહ્ન.

હેતુવાચી, કર્ત્તાવાચી[1], કરણવાચી અને ઈત્થમ્ભૂત લક્ષણમાં વર્ત્તતાં ગૌણ નામથી તૃતીયા વિભક્તિ થાય છે.

સ. : **हेतु-कर्तृ-करणेत्थम्भूतलक्षणे**→इत्थम्भूतस्य लक्षणमिति इत्थम्भूतलक्षणम्, हेतुश्च कर्त्ता च करणं च इत्थम्भूतलक्षणं च इति हेतुकर्तृकरणेत्थम्भूतलक्षणम्, तस्मिन्निति ।

---

१. કર્ત્તા અને કરણની વ્યાખ્યા પૂર્વે જણાવેલ છે.

ઉદા. (૧) હેતુ : **धनेन कुलम्**→ધન વડે કુળ.

(૨) કર્ત્તા : **चैत्रेण कृतम्**→ચૈત્ર વડે કરાયું.

(૩) કરણ : **दात्रेण लुनाति**→દાંતરડાં વડે કાપે છે.

(૪) ઈત્થમ્ભૂત લક્ષણ : **अपि त्वं कमण्डलुना छात्रमद्राक्षीः ?**→ શું તેં કમણ્ડલુથી (ચિહ્નિત) છાત્રને જોયો ?

★ આ ઉદા.માં ધન વિ. હેત્વાદિ નામને આ સૂત્રથી તૃતીયા થઈ છે. અને ઉદા. (૪)માં છાત્રત્વને પામેલો છાત્ર ઈત્થમ્ભૂત છે. અને તેનું ચિહ્ન કમણ્ડલુ છે. માટે ઈત્થમ્ભૂત લક્ષણ કમણ્ડલુને આ સૂત્રથી તૃતીયા થઈ છે.

વિશેષતા :

જિ. : સર્વ કારકમાં કર્ત્તા કારક મુખ્ય હોય છે. તેથી કર્ત્તાવાચી ગૌણ નામની પ્રાપ્તિ હોતી નથી. તો આ સૂત્રમાં 'કર્ત્તાવાચી ગૌણ નામને તૃતીયા થાય છે.' એ પ્રમાણે શા માટે કહ્યું ?

સમા. : સર્વ કારકોમાં કર્ત્તા કારક મુખ્ય હોય છે. એ નિયમ વાક્યનાં સંદર્ભમાં ક્રિયાપદને આશ્રયીને દર્શાવેલ છે. વસ્તુતઃ **'आख्यातपदेनासमानाधिकरणं गौणम्'** વચનાનુસારે આખ્યાત પદની સાથે જેનું સામાનાધિકરણ્ય હોય તે મુખ્ય અને જેનું સામાનાધિકરણ્ય ન હોય તે ગૌણ નામ જાણવું. તેથી વ્યાખ્યાનુસારે चैत्रेण कटः कृतः વિ. વાક્યમાં ચૈત્ર કર્ત્તૃ સંજ્ઞક હોવા છતાં પણ ક્રિયાપદની સાથે સામાનાધિકરણ્ય ન હોવાથી ગૌણ નામ છે. એવા નામને તૃતીયા કરવા માટે કર્ત્તાવાચી ગૌણ નામનો નિર્દેશ કરેલો છે.

જિ. : धनेन कुलम् અને दात्रेण लुनाति આ બન્ને ઉદા.માં અનુક્રમે 'ધન વડે' અને 'દાંતરડાં વડે' એમ સમાન અર્થની પ્રાપ્તિ

થાય છે. જ્યારે એક હેતુ છે. અને અન્ય કરણ છે. તો બન્નેમાં ભેદ શું ?

સભા. : अनाश्रिते तु व्यापारे, निमित्तं हेतुरिष्यते,
द्रव्यादिविषयो हेतुः, कारकं नियतक्रियम् -વાક્ય પદીય.

જે વ્યાપાર=ક્રિયાને આશ્રયીને રહેલું ન હોય તે હેતુ કહેવાય છે. જે અન્ય દ્રવ્યાદિનાં વિષયભૂત બનીને ક્રિયામાં નિમિત્ત બને છે. તથા, જે હંમેશાં ક્રિયાને આશ્રયીને રહેલું હોય એવા નિમિત્તને કરણ કારક કહેવાય છે. જેમકે, ઉપરોક્ત ઉદા.માં દાંતરડું એ કાપવાની ક્રિયાને આશ્રયીને રહેલું છે. જ્યારે ધન એ અન્ય દ્રવ્યાદિ દ્વારા કુલની ઉત્પત્તિ કરાવે છે. આમ, બન્ને અર્થમાં શબ્દાર્થનો ભેદ ન હોવા છતાં પણ ભાવાર્થનો ભેદ સ્પષ્ટ જણાય છે.

જિ. : ઈત્થંભૂત અને ઈત્થંભૂત વિનાના લક્ષણવાળાં પ્રયોગમાં 'वृक्षं प्रति विद्योतनम्' જેવા સ્થાને પ્રતિનાં યોગવાળાં લક્ષણવાચી નામને भागिनि च०२.२.૩૭થી વિશેષ વિધાનતયા દ્વિતીયા થાય જ છે. તથા પ્રતિ અવ્યયનો યોગ ન હોય ત્યારે अपि त्वं कमण्डलुना छात्रमद्राक्षीः ? વિ. ઉદા.માં આ સૂત્રથી ઈત્થંભૂતનું ગ્રહણ કર્યા વિના માત્ર લક્ષણનાં ગ્રહણથી પણ તૃતીયા થઈ શકે છે. તો અહીં માત્ર લક્ષણનું ગ્રહણ ન કરતાં इत्थम्भूतलक्षणनું ગ્રહણ શા માટે કર્યું ?

સભા. : भागिनि च०२.२.૩૭ સૂત્રનું કાર્ય પ્રતિ વિ. અવ્યયનાં યોગમાં થાય છે. જ્યારે આ સૂત્રનું કાર્ય અવ્યયનાં યોગ વિના સ્વતંત્રપણે પણ થાય છે. તેથી જો અહીં 'इत्थम्भूत'નું ગ્રહણ કરવામાં ન આવે તો માત્ર લક્ષણ

વિષયક વાક્યમાં જ્યારે પ્રતિ અવ્યયનો યોગ ન હોય ત્યારે તૃતીયા કરવાની આપત્તિ આવે. તેનું વારણ કરવા અહીં 'इत्थम्भूत' પદ દ્વારા માત્ર લક્ષણ વિષયક પ્રયોગમાં આ સૂત્રની પ્રવૃત્તિ ન થતાં ષષ્ઠી પ્રાપ્ત કરી છે. જેમકે, वृक्षस्य विद्योतनम् ।

જિ. : 'अपि त्वं कमण्डलुपाणिं छात्रमद्राक्षीः' આવા પ્રયોગમાં છાત્ર તે કમણ્ડલુપાણિ દ્વારા જણાય છે. તો અહીં પણ આ સૂત્રથી કમણ્ડલુની જેમ જ કમણ્ડલુપાણિ ને તૃતીયા શા માટે ન થાય ?

સમા. : 'अपि त्वं कमण्डलुना छात्रमद्राक्षीः' પ્રયોગમાં કમણ્ડલુ તે છાત્રનું વિશેષણ નથી માટે તે લક્ષણ પ્રધાન પ્રયોગ છે. જ્યારે अपि त्वं कमण्डलुपाणिं छात्रमद्राक्षीः પ્રયોગમાં કમણ્ડલુપાણિ તે છાત્રનું વિશેષણ હોવાથી લક્ષ્યપ્રધાન પ્રયોગ છે. અને તેવા લક્ષ્યપ્રધાન પ્રયોગમાં આ સૂત્રથી તૃતીયા થતી નથી.

सहार्थे २/२/४५

અ.અ.સૂ. : सहार्थे एक-द्वि-बहौ गौणात् नाम्नः तृतीया ।

અર્થ : સહાર્થ=તુલ્યયોગ અને વિદ્યમાનતા. તે જણાતે છતે ગૌણ નામથી તૃતીયા વિભક્તિ થાય છે.

સ. : **सहार्थे**→सहस्य अर्थः इति सहार्थः, तस्मिन्निति ।

ઉદા. (૧) पुत्रेण सह आगतः→પુત્રની સાથે આવ્યો.

અહીં ક્રિયાની તુલ્યતા જણાતી હોવાથી આ સૂત્રથી ગૌણ નામ પુત્રને તૃતીયા થઈ છે.

(૨) **पुत्रेण सह स्थूलः→**પુત્રની સાથે જાડો માણસ.(છે.)

અહીં સ્થૂલત્વ રૂપ ગુણ દ્વારા પુત્ર અને તેની સાથે રહેલમાં તુલ્યયોગ છે. અર્થાત્ પુત્ર પણ જાડો છે.

(૩) **पुत्रेण सह गोमान्→**પુત્રની સાથે ગાયવાળો.(છે.)

અહીં ગો રૂપ દ્રવ્ય દ્વારા પુત્ર અને गोमान्નો તુલ્યયોગ છે. અર્થાત્ પુત્ર પણ ગાયવાળો છે.

(૪) **पुत्रेण सह ब्राह्मणः→**પુત્રની સાથે બ્રાહ્મણ.(છે.)

અહીં બ્રાહ્મણત્વ જાતિ દ્વારા પુત્ર અને બ્રાહ્મણનો તુલ્યયોગ છે. અર્થાત્ પુત્ર પણ બ્રાહ્મણ છે.

(૫) **एकेनाऽपि सुपुत्रेण, सिंही स्वपिति निर्भयम्**
सहैव दशभिः पुत्रैर्भारं वहति गर्दभी→

એક પણ સુપુત્રની સાથે (વિદ્યમાનતામાં) સિંહણ નિર્ભયપણે સુવે છે. જ્યારે દશ પણ પુત્રોની સાથે (વિદ્યમાનતામાં) ગધેડી ભારને વહન કરે છે.

★ આ ઉદા.માં સિંહણનો સુપુત્ર તેમજ ગધેડીનાં પુત્રોની વિદ્યમાનતા જણાય છે. માટે આ સૂત્રથી પુત્રને તૃતીયા થઈ છે.

વિશેષતા :

સહ જેવા અર્થવાળાં બીજા સાર્ધમ્, સાકમ્, સમમ્, અમા વિ. શબ્દનાં યોગમાં તેમજ સહાર્થ પદ અધ્યાહાર્ય હોય તો પણ આ સૂત્રથી તૃતીયા કરવા 'અર્થ' પદનું ગ્રહણ કરેલ છે.

જિ. : જ્યાં-જ્યાં વિદ્યમાનતા છે ત્યાં-ત્યાં અસ્તિ ક્રિયા સ્વરૂપ તુલ્યયોગ છે. તો વિદ્યમાનતા અને તુલ્યયોગનું પૃથક્ ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : તમારી વાત સાચી છે. પણ જ્યારે વિદ્યમાનતાની વિવક્ષા હોય ત્યારે અન્ય ક્રિયાની સાથે પણ તુલ્યયોગ ન થઈ જાય તેનો નિર્દેશ કરવા માટે અહીં વિદ્યમાનતાનું પૃથક્ ગ્રહણ કરેલ છે. જેમ એકેનાપિ૦ પ્રયોગમાં સિંહણ અને ગધેડીની સાથે પુત્રનો તુલ્યયોગ માત્ર વિદ્યમાનતા સ્વરૂપ અસ્તિ ક્રિયામાં જ કરવો. પણ સુવાની કે વહન કરવાની ક્રિયામાં નહીં તેથી સુવાની કે વહન કરવાની ક્રિયા અનુક્રમે સિંહણ અને ગધેડી જ કરે છે પણ તેનાં પુત્ર નહીં, તો પણ વિદ્યમાનતા સ્વરૂપ અસ્તિત્વની ક્રિયા પુત્રમાં હોવાથી આ સૂત્ર દ્વારા તૃતીયા વિભક્તિની પ્રાપ્તિ થાય છે.

यद्भेदैस्तद्वदाख्या २/२/४६

અ.અ.સૂ. : यदभेदैः तद्वदाख्या एक-द्वि-बहौ गौणात् नाम्नः तृतीया ।

અર્થ : જે ભેદીનાં ભેદ વડે તદ્વાન્ (ભેદીવાન્)ની પ્રસિદ્ધિ થતી હોય તો તે ભેદીવાચી ગૌણ નામથી તૃતીયા વિભક્તિ થાય છે.

સ. : (૧) **यद्भेदैः**→यस्य भेदिनो भेदाः इति यद्भेदाः, तैरिति ।
(૨) **तद्वदाख्या**→ते भेदा विद्यन्ते यस्य स इति तद्वान्, तद्वतोऽर्थस्याऽऽख्या इति ।

ઉદા. (૧) **अक्ष्णा काणः**→આંખ વડે કાણો (છે).
(૨) **पादेन खञ्जः**→પગ વડે લંગડો (છે).
(૩) **प्रकृत्या दर्शनीयः**→સ્વભાવથી દર્શનીય (છે).
ભેદ=काणत्व वि., भेदवान्=अक्षि वि., भेदीवान्=चैत्र वि.
★ અહીં અક્ષિ વિ.નાં કાણત્વ વિ.થી ચૈત્ર વિ.ની પ્રસિદ્ધિ થઈ છે. તેથી ભેદી એવા અક્ષિ વિ.ને આ સૂત્રથી તૃતીયા થઈ છે.

પ્ર.ઉદા. **तद्वद्ग्रहणं किम् ? अक्षि काणं पश्य→**કાણી આંખને તું જો.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ભેદીવાન્‌ની પ્રસિદ્ધિ હોતે છતે જ થાય છે. જ્યારે અહીં આંખ સ્વરૂપ ભેદીનાં કાણત્વ રૂપ ભેદથી ભેદીવાન્‌ની પ્રસિદ્ધિ નથી. માત્ર સ્વરૂપ કથન છે. માટે આ સૂત્રથી તૃતીયા થઈ નહીં.

વિશેષતા :

आख्येति प्रसिद्धिपरिग्रहार्थं तेन अक्ष्णा दीर्घ इति न स्यात्→ સૂત્રગત આખ્યા પદ પ્રસિદ્ધિનાં ગ્રહણ માટે છે. જ્યારે **अक्ष्णा दीर्घः→**આંખ વડે લાંબો. તે વાક્યથી પ્રગટ થતો લાંબાપણાનો ભાવ લોકમાં આંખ વડે નહીં પણ કાયા વડે રૂઢ છે. આમ, અહીં લોકરૂઢ પ્રસિદ્ધિનો અભાવ હોવાથી આવો પ્રયોગ થયો નથી.

જિ. : **'चैत्रोऽक्ष्णा काणो भवति'** એ પ્રમાણે भवति વિ. ક્રિયાનું અધ્યાહારથી ગ્રહણ કરીને કરણની અપેક્ષાએ તૃતીયા સિદ્ધ જ હતી. તો પણ આ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો ?

સમા. : વસ્તુતઃ અહીં આંખની સાથે કાણત્વનો સંબંધ છે. તેથી शेषे ૨.૨.૮૧ દ્વારા સંબંધમાં ષષ્ઠી થવાની પણ પ્રાપ્તિ છે. તેનો નિષેધ કરી તૃતીયા કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

कृताद्यैः ૨/૨/૪૭

અ.અ.સૂ. : **कृताद्यैः एक-द्वि-बहौ गौणात् नाम्नः तृतीया ।**

અર્થ : નિષેધ અર્થવાળાં કૃત વિ.થી યુક્ત ગૌણ નામથી તૃતીયા વિભક્તિ થાય છે.

સ. : **कृताद्यैः→**कृतः आद्यो येषां ते इति कृताद्याः, तैरिति ।

ઉદા. (૧) **कृतं तेन**→તેનાં વડે સર્યું.

(૨) **किं गतेन**→જવા વડે સર્યું.

વિશેષતા :

સૂત્રમાં દર્શાવેલ કૃત વિ. નામો ગર્ગાદિ[૧] ગણની જેમ ગણ સ્વરૂપે દર્શાવેલાં નથી. પરંતુ અન્ય પણ આવા નિષેધાર્થક નામો આ સૂત્રનો વિષય બને છે. તથા, અહીં ગુણરત્નાવૃત્તિકારે બ.વ. દ્વારા આકૃતિગણનો નિર્દેશ કરેલ છે.

काले भान्नवाऽऽधारे ૨/૨/૪૮

અ.અ.સૂ. : काले भात् एक-द्वि-बहौ गौणात् नाम्नः आधारे तृतीया नवा ।

અર્થ : કાળમાં વર્ત્તતાં નક્ષત્રવાચી ગૌણ નામથી આધારમાં તૃતીયા વિકલ્પે થાય છે.

ઉદા. पुष्येण/पुष्ये पायसमश्नीयात्→પુષ્ય નક્ષત્રથી યુક્ત કાળમાં ખીર પીવી જોઈએ. पुष्येण चन्द्रयुक्तेन युक्तः कालः એ વિગ્રહમાં चन्द्रयुक्ता०૬.૨.૬થી अण् થવાથી પુષ્ય શબ્દ કાળવાચી બને છે. અને તેથી આધાર અર્થમાં વર્ત્તતાં કાળવાચી પુષ્યને આ સૂત્રથી તૃતીયા થઈ છે. વિકલ્પે આધાર હોવાથી सप्तम्य० ૨.૨.૯૫થી સપ્તમી થઈ છે.

પ્ર.ઉદા. (૧) काल इति किम् ? पुष्येऽर्कः→પુષ્ય નક્ષત્રમાં સૂર્ય છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ કાળ અર્થમાં વર્ત્તતાં નક્ષત્રવાચી નામથી થાય છે. જ્યારે અહીં કાળ અર્થવાળું નક્ષત્રવાચી નામ નથી માટે આ સૂત્રથી તૃતીયા ન થતાં (આધાર હોવાથી) सप्तम्यधि०૨.૨.૯૫થી સપ્તમી થઈ છે.

---

૧. गर्गादि ગણ गर्गादेर्यञ् ૬.૧.૪૨માં દર્શાવેલ છે.

(૨) **भादिति किम् ? तिलपुष्पेषु यत्क्षीरम्**→તલને ફૂલ ખીલવાનાં સમયે જે દૂધ.

★ આ સૂત્રની પ્રવૃત્તિ નક્ષત્રવાચી નામથી થાય છે. જ્યારે અહીં નક્ષત્રવાચી નામ નથી માટે આ સૂત્રથી તૃતીયા ન થતાં (આધાર હોવાથી) सप्तम्यधि०૨.૨.૯૫થી સપ્તમી થઈ છે.

(૩) **आधार इति किम् ? अद्य पुष्यं विद्धि**→આજે પુષ્ય નક્ષત્રથી યુક્ત કાળને તું જાણ.

★ આ સૂત્રની પ્રવૃત્તિ આધાર અર્થમાં જ થાય છે. જ્યારે અહીં કાળવાચી પુષ્યનક્ષત્ર આધાર અર્થમાં વર્ત્તતો નથી. માટે આ સૂત્રથી તૃતીયા ન થઈ. પરંતુ कर्तुर्व्या०૨.૨.૩થી કર્મસંજ્ઞા થતાં कर्मणि ૨.૨.૪૦થી દ્વિતીયા થઈ છે.

વિશેષતા :

यद्यपि स्थाल्या पच्यते વિ. પ્રયોગની જેમ અહીં પણ આધારની કરણમાં વિવક્ષા થાય તો તૃતીયા સિદ્ધ જ હતી. છતાં આ સૂત્રની રચના તે આધારની આધાર-આધેય સ્વરૂપ સંબંધમાં વિવક્ષા હોય ત્યારે શેષે ૨.૨.૮૧થી થતી ષષ્ઠીનો બાધ કરવા માટે છે.

જિ. : चित्रासु जाता (ચિત્રા નક્ષત્રમાં જન્મેલી) વિ. વાક્યમાં 'चित्रा' એ પ્રમાણે નક્ષત્રવાચી નામ જન્મવાનાં કાળ સ્વરૂપે થઈ જાય છે. તો પણ આ સૂત્ર દ્વારા વિકલ્પે તૃતીયા વિભક્તિ કેમ ન થઈ ?

સમા. : વસ્તુતઃ આ વાક્યમાં ચિત્રા શબ્દ ઔપાધિક રીતે કાળવાચી છે. મુખ્યતયા તો નક્ષત્રવાચી જ છે. તેથી, **गौण-मुख्ययोः मुख्ये कार्ये संप्रत्ययः ૧/૨૨** ન્યાયાનુસારે આ સૂત્ર નિર્દિષ્ટ ક્રિયાનાં વિષય તરીકે મુખ્ય કાળવાચીનું જ ગ્રહણ કરવું પણ ઔપાધિક વિ. ગૌણ કાળવાચીનું ગ્રહણ કરવું નહીં.

प्रसितोत्सुका-ऽवबद्धैः २/२/४९

अ.अ.सू. : आधारे प्रसितोत्सुकावबद्धैः एक-द्वि-बहौ गौणात् नाम्नः तृतीया नवा ।

अर्थ : આધાર અર્થમાં વર્ત્તતાં, પ્રસિત, ઉત્સુક અને અવબદ્ધથી યુક્ત ગૌણ નામથી તૃતીયા વિભક્તિ વિકલ્પે થાય છે.

स. : **प्रसितोत्सुकावबद्धैः**→प्रसितश्च उत्सुकश्च अवबद्धश्च इति प्रसितोत्सुकावबद्धाः, तैरिति ।

ઉદા. (૧) **केशैः/केशेषु प्रसितः**→કેશને વિશે પ્રકર્ષે કરીને આસક્તિવાળું.

(૨) **गृहेण/गृहे उत्सुकः**→ઘરને વિશે અત્યંત ઉત્સુક.

(૩) **केशैः/केशेषु अवबद्धः**→કેશને વિશે અત્યંત આસક્ત.

★ આ ઉદા.માં પ્રસિત વિ.થી યુક્ત આધારવાચી કેશ વિ.ને આ સૂત્રથી વિકલ્પે તૃતીયા થઈ છે. અને વિકલ્પ પક્ષમાં આધાર હોવાથી सप्तम्यधि०२.२.९५થી સપ્તમી થઈ છે.

विशेषता :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે - પ્રસિત વિ. શબ્દનાં યોગમાં આધારની વિવક્ષામાં જ આ સૂત્રની પ્રવૃત્તિ કરવી. અન્યથા કરણની વિવક્ષામાં તો નિત્ય તૃતીયા-વિભક્તિ થાય જ છે. જેમકે, મનસા अवबद्धः વિ. આમ, પૂર્વની જેમ આ સૂત્રનો નિર્દેશ પણ ષષ્ઠીનો બાધ કરવા માટે છે.

(૨) યદ્યપિ 'प्रसितोत्सुकावबद्धैः' અને 'एक-द्वि-बहौ' વચ્ચે સંખ્યાની સામ્યતા હોવાથી **यथासङ्ख्यमनुदेशः समानाम् ૧/૧૦** ન્યાયથી અનુક્રમની પ્રાપ્તિ થાય છે. પરંતુ 'प्रसितोत्सुकावबद्धैः' એ પ્રમાણે બ.વ. કરી વચનભેદ કરવા દ્વારા તે ન્યાયની પ્રવૃત્તિનો નિષેધ કર્યો છે.

(૩) सित શ્વેત અને આસક્ત બન્ને અર્થમાં વર્ત્તે છે. પણ અવબદ્ધ સ્વરૂપ ક્રિયાનાં સાહચર્યથી **साहचर्यात् सदृशस्यैव** ૨/૬ ન્યાયાનુસારે આસક્ત અર્થવાળાં જ સિતનું ગ્રહણ કરવું.

व्याप्ये द्विद्रोणादिभ्यो वीप्सायाम् ૨/૨/૫૦

અ.અ.સૂ. : वीप्सायां व्याप्ये द्विद्रोणादिभ्यः एक-द्वि-बहौ गौणेभ्यः नामभ्यः तृतीया नवा ।

અર્થ : વીપ્સા અર્થ જણાતે છતે વ્યાપ્યવૃત્તિવાળાં દ્વિદ્રોણ વિ. ગૌણનામથી તૃતીયા વિભક્તિ વિકલ્પે થાય છે.

સ. : **द्विद्रोणादिभ्यः**→દ્વિદ્રોણ આદિર્યેષાં તે ઇતિ દ્વિદ્રોણાદયઃ, તેભ્ય ઇતિ ।

ઉદા. (૧) **द्विद्रोणेन/द्विद्रोणं द्विद्रोणं धान्यं क्रीणाति**→તે બે-બે દ્રોણ પ્રમાણ (કરીને બધું) ધાન્ય ખરીદે છે.

(૨) **पञ्चकेन/पञ्चकं-पञ्चकं पशून् क्रीणाति**→તે પાંચ-પાંચનાં સમૂહમાં (કરીને બધા) પશુઓને ખરીદે છે.

★ આ ઉદા.માં બે-બે દ્રોણ પ્રમાણ અને પાંચ-પાંચનો સમૂહ કરીને બધું ધાન્ય અને બધા પશુને ખરીદવાની ઈચ્છા વીપ્સા છે. અને દ્વિદ્રોણ અને પઞ્ચક તેનું કર્મ છે. માટે આ સૂત્રથી દ્વિદ્રોણ વિ.ને વિકલ્પે તૃતીયા વિભક્તિ થઈ છે. અને વિકલ્પ પક્ષમાં वीप्सायाम् ૭.૪.૮૦થી દ્વિરૂક્તિ થઈને (કર્મ હોવાથી) कर्मणि ૨.૨.૪૦થી દ્વિતીયા થઈ છે.

વિશેષતા :

(૧) યદ્યપિ અહીં વીપ્સા અર્થ જણાતે છતે वीप्सायाम् ૭.૪.૮૦થી દ્વિરૂક્તિ થાય છે. પરંતુ આ સૂત્રથી વીપ્સામાં તૃતીયા થતાં

વીપ્સા અર્થ ઉક્ત થાય છે. તેથી **उक्तार्थानामप्रयोगः ૧/૨૮** ન્યાયાનુસારે જે પ્રયોગમાં તૃતીયા થઈ છે. તે પ્રયોગમાં દ્વિરુક્તિ થતી નથી.

(૨) સૂત્રમાં 'આદિ' પદ પ્રકારવાચી હોવાથી દ્વિદ્રોણાદિ વિ. શબ્દ તરીકે અન્ય કોઈપણ શબ્દનું ગ્રહણ ન કરતાં તેવા પ્રકારનાં જ શબ્દોનું ગ્રહણ થાય છે. તેથી વીપ્સા અર્થમાં જે-જે પ્રયોગમાં તૃતીયા વિભક્તિ જણાય તેનો દ્વિદ્રોણાદિમાં સમાવેશ થાય છે.

समो ज्ञोऽस्मृतौ वा ૨/૨/૫૧

અ.અ.સૂ. : अस्मृतौ समः ज्ञः व्याप्ये एक-द्वि-बहौ गौणात् नाम्नः तृतीया वा ।

અર્થ : સ્મૃતિ સિવાયનાં અર્થમાં વર્ત્તતાં सम् પૂર્વક જ્ઞા ધાતુનાં કર્મવાચી ગૌણનામથી તૃતીયા વિભક્તિ વિકલ્પે થાય છે.

સ. : **अस्मृतौ**→न स्मृतिरिति अस्मृतिः, तस्यामिति ।

ઉદા. (ज्ञांश् अवबोधने-૧૫૪૦)

मात्रा/मातरं संजानीते→માતાને સારી રીતે જાણે છે.

★ આ ઉદા.માં संप्रते०૩.૩.૬ સૂત્રથી सम्+ज्ञा ધાતુ સ્મૃતિ ભિન્ન અર્થમાં આત્મને. થયો છે. તેથી આ સૂત્રથી તેનાં વ્યાપ્ય માતૃને વિકલ્પે તૃતીયા થઈ છે. અને વિકલ્પપક્ષમાં (કર્મ હોવાથી) कर्मणि ૨.૨.૪૦થી દ્વિતીયા થઈ છે.

પ્ર.ઉદા. अस्मृताविति किम् ? मातरं संजानाति→તે માતાનું સ્મરણ કરે છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ સ્મૃતિ ભિન્ન અર્થમાં વર્ત્તતાં सम्+ज्ञा ધાતુનાં વિષયમાં થાય છે. જ્યારે અહીં સ્મૃતિ અર્થવાળો सम्+ज्ञा ધાતુ છે. માટે આ સૂત્રથી તૃતીયા ન થતાં (કર્મ હોવાથી) कर्मणि ૨.૨.૪૦થી દ્વિતીયા થઈ છે.

વિશેષતા :

(૧) પૂર્વસૂત્રથી ચાલતો 'નવા'નો અધિકાર અટકાવવા માટે અહીં 'વા'નું ગ્રહણ કરેલ છે.

(૨) યદ્યપિ સમ્+જ્ઞા ધાતુનો નિર્દેશ 'संज्ञः' પદ દ્વારા પણ શક્ય હતો પરંતુ તેમ સમાસ પૂર્વક નિર્દેશ કરવાથી **सन्नियोग शिष्टानामेकापायेऽन्यतरस्याप्यपायः** ૧/૩૦ ન્યાયાનુસારે તે બન્નેનો અધિકાર ઉત્તરસૂત્રમાં આવે. જે ગ્રંથકારશ્રીને ઈષ્ટ નથી. માટે 'समः ज्ञः' એ પ્રમાણે પૃથક્ નિર્દેશ કરેલ છે.

(૩) मातुः संज्ञाता પ્રયોગમાં માતૃ કર્મને આ સૂત્રથી તૃતીયા ન થતાં સ્પર્દ્ધે ૭.૪.૧૧૯ પરિભાષાનુસારે कर्मणि कृतः ૨.૨.૮૩થી ષષ્ઠી થયેલ છે.

दामः संप्रदानेऽधर्म्ये आत्मने च ૨/૨/૫૨

અ.અ.સૂ. : समः दामः अधर्म्ये संप्रदाने एक-द्वि-बहौ गौणात् नाम्नः तृतीया आत्मने च ।

અર્થ : સમ્+દા ધાતુનાં યોગમાં અધર્મ્ય અર્થમાં વર્ત્તતાં સંપ્રદાનવાચી ગૌણ નામથી તૃતીયા વિભક્તિ થાય છે. અને ત્યારે દા ધાતુ આત્મને. થાય છે.

સ. : **अधर्म्ये**→न धर्म्यमिति अधर्म्यम्, तस्मिन्निति ।

ઉદા. सम्+प्र+दा (दां दाने-૭)

दास्या संप्रयच्छते कामुकः→કામી માણસ દાસીને આપે છે.

★ આ ઉદા.માં દાસીને આપવા દ્વારા નિન્દ્ય પ્રવૃત્તિ જણાય છે. માટે આ સૂત્રથી સંપ્રદાનવાચી દાસી નામથી તૃતીયા થઈ છે. અને તૃતીયાનાં યોગમાં સમ્+પ્ર+દા ધાતુ આત્મને. થાય છે.

પ્ર.ઉદા. अधर्म्यं इति किम् ? पत्न्यै संप्रयच्छति→પત્નીને આપે છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ નિન્દ્ય અર્થનાં વિષયમાં જ થાય છે. જ્યારે અહીં પત્નીને આપવાની ક્રિયા નિન્દ્ય પ્રવૃત્તિ નથી માટે આ સૂત્રથી તૃતીયા ન થતાં સંપ્રદાન હોવાથી ચતુર્થી ૨.૨.૫૩થી ચતુર્થી વિભક્તિ થઈ છે.

વિશેષતા :

(૧) સૂત્રમાં ચકાર અન્વાચય માટે છે. તેથી **नान्वाचीयमानो निवृत्तौ प्रधानस्य ૧/૩૧** ન્યાયાનુસારે दास्या संप्रदत्तः વિ. સ્થાને આત્મને.ની પ્રાપ્તિ ન હોવા છતાં તૃતીયા થાય છે.

(૨) સૂત્રમાં 'दाम्' એ પ્રમાણે म् ઈત્નું ગ્રહણ હોવાથી માત્ર પ્રથમ ગણનાં दा ધાતુનું ગ્રહણ થાય છે. પરંતુ **एकानुबन्धग्रहणे न द्व्यनुबन्धकस्य ૧/૩૩** ન્યાયાનુસારે બે વિ. અનુબંધવાળા दांव्क्- ૧૦૭૦ ધાતુનું ગ્રહણ થશે નહીં.

જિ. : અહીં सम्+दा ધાતુનાં વિષયમાં સૂત્રની પ્રવૃત્તિ દર્શાવી છે. જ્યારે ઉદા.માં सम्+प्र+दा ધાતુ દર્શાવ્યો છે. ત્યાં આ સૂત્રની પ્રવૃત્તિ કેવી રીતે થાય ?

સમા. : સૂત્રમાં 'સંપ્રદાન અર્થમાં વર્ત્તતાં ગૌણ નામથી' એ પ્રમાણે વિધાન કરેલું છે. અને સંપ્રદાન અર્થમાં सम्+दा ધાતુનો પ્રયોગ પ્રનાં વ્યવધાન વિના શક્ય જ નથી. તેથી, **येन नाव्यवधानं तेन व्यवहितेऽपि स्यात् ૨/૧૩** ન્યાયાનુસારે પ્ર વ્યવધાન સ્વરૂપ ગણાતો જ નથી.

तृतीया विभक्तिनुं सारांश कोष्टक

सूत्र	उपपद/निमित्त	कया नामने	विकल्पे/ नित्य	कोनो अपवाद	उदाहरण
सिद्धौ तृ०४३	फळनी निष्पत्ति अर्थमां	काल, अध्ववाची	नित्य	द्वितीया	**मासेना**वश्यकमधीतम्।
हेतु-कर्तृ०४४	–	हेतु, कर्ता, करण ईत्थंभूत लक्षण	नित्य	षष्ठी	**धनेन** कुलम्।
सहार्थे ४५	सह अर्थमां	–	नित्य	षष्ठी	**पुत्रेण** सह आगतः।
यद्भेदैस्त०४६	भेदीनां भेदथी भेदीवाननी प्रसिद्धि	भेदीवाची	नित्य	षष्ठी	**अक्ष्णा** काणः।
कृताद्यैः ४७	निषेधार्थक कृत वि.	–	नित्य	षष्ठी	कृतं **तेन**।
काले भान्न०४८	कालार्थक नक्षत्रवाची	आधार	विकल्पे	सप्तमी(विक.)	**पुष्येण/पुष्ये** पायसमश्नीयात्
प्रसितोत्सुका०४९	प्रसित, उत्सुक, अवबद्ध	आधार	विकल्पे	सप्तमी(विक.)	**केशैः/केशेषु** प्रसितः।
व्याप्ये द्वि०५०	वीप्सा अर्थमां	कर्मवाची द्विद्रोण वि.	विकल्पे	द्वितीया(विक.)	**द्विद्रोणेन/द्विद्रोणं-द्विद्रोणं** धान्यं क्रीणाति।
समो ज्ञो०५१	स्मृति भिन्न अर्थक सम्+ज्ञा	कर्म	विकल्पे	द्वितीया(विक.)	**मात्रा/मातरं** संजानीते।

સૂત્ર	ઉપપદ/નિમિત્ત	કયા નામને	વિકલ્પે/ નિત્ય	કોનો અપવાદ	ઉદાહરણ
दामः संप्र०५२	અધર્મ્ય અર્થક सम+दा	સંપ્રદાન	નિત્ય	ચતુર્થી	**दास्या** संप्रयच्छते कामुकः। (સંનિયોગમાં ધાતુ આત્મને-)
तृतीयाऽल्पी०११२	ઘણાં પ્રમાણ અર્થક અધિક નામ.	અલ્પ પ્રમાણવાચી	નિત્ય	ષષ્ઠી	અધિકા ખારી **द्रोणेन**।
पृथग्नाना०११३	पृथग्, नाना	–	નિત્ય	ષષ્ઠી	पृथग् **मैत्रेण**
तुल्यार्थैः०११६	तुल्यार्थक नाम.	–	નિત્ય	ષષ્ઠી	**मात्रा** तुल्यः।
हेत्वर्थैः०११८	હેતુ અર્થક.	–	નિત્ય	તૃતીયા	**धनेन हेतुना**।
सर्वादेः०११९	હેતુ અર્થક	સર્વ વિ.	નિત્ય	તૃતીયા	**केन हेतुना**।

★ ચતુર્થી વિભક્તિ : ૨.૨.૫૩ થી ૨.૨.૬૮

સંપ્રદાન સંજ્ઞકને ચતુર્થી :

चतुर्थी २/२/५३

અ.અ.સૂ. : संप्रदाने एक-द्वि-बहौ गौणात् नाम्नः चतुर्थी ।

અર્થ : સંપ્રદાનવાચી એ.વ., દ્વિ.વ. અને બ.વ.માં વર્ત્તતાં ગૌણ નામથી ङे, भ्याम् અને भ्यस् સ્વરૂપ ચતુર્થી વિભક્તિ થાય છે.

ઉદા. (૧) **द्विजाय गां दत्ते**→બ્રાહ્મણોને ગાય આપે છે.

(૨) **पत्ये शेते**→પતિની પાસે સૂઈ જાય છે.

★ આ ઉદા.માં कर्माभिप्रेयः૦૨.૨.૨૫ સૂત્ર દ્વારા દ્વિજ વિ.ને સંપ્રદાન સંજ્ઞા થતાં આ સૂત્રથી ચતુર્થી થઈ છે.

तादर्थ्ये २/२/५४

અ.અ.સૂ. : तादर्थ्ये एक-द्वि-बहौ गौणात् नाम्नः चतुर्थी ।

અર્થ : તેની માટે આ **तदर्थ**. તેનો જે ભાવ તે **तादर्थ्य**. તાદર્થ્યનો સંબંધ જણાતે છતે ગૌણ નામથી ચતુર્થી વિભક્તિ થાય છે.

સ. : तादर्थ्ये→तस्मै इदमिति तदर्थम्, तदर्थस्य भाव इति ।

ઉદા. (૧) **यूपाय दारु**→થાંભલા માટે લાકડું.

(૨) **रन्धनाय स्थाली**→રાંધવા માટે થાળી.

★ આ ઉદા.માં યૂપ અને રન્ધનનો અનુક્રમે દારુ અને સ્થાલી સાથે તાદર્થ્ય સંબંધ છે. માટે આ સૂત્રથી યૂપ અને દારુને ચતુર્થી થઈ છે.

रुचि-कृप्यर्थ-धारिभिः प्रेय-विकारोत्तमर्णेषु २/२/५५

अ.अ.सू. : रुचि-कृप्यर्थ-धारिभिः प्रेयविकारोत्तमर्णेषु एक-द्वि-बहौ गौणात् नाम्नः चतुर्थी ।

अर्थ : रुचि अर्थक, कृप् अर्थक अने धारि धातुनां योगमां अनुक्रमे प्रेय, विकार अने उत्तमर्णवाची गौण नामथी चतुर्थी विभक्ति थाय छे.

स. : (१) **रुचिकृप्यर्थधारिभिः→**रुचिश्च कृपिश्च इति रुचिकृपी, रुचिकृपी अर्थो येषां ते इति रुचिकृप्यर्थाः, रुचिकृप्यर्थाश्च धारिश्च इति रुचिकृप्यर्थधारयः, तैरिति ।

(२) **प्रेयविकारोत्तमर्णेषु→**प्रेयश्च विकारश्च उत्तमर्णश्च इति प्रेयविकारोत्तमर्णाः, तेष्विति ।

ઉદા. (१) रुच् અર્થક ધાતુનાં યોગમાં પ્રેયવાચી નામ : (रुचि अभिप्रीत्याम्-९३८)

मैत्राय रोचते धर्मः→મૈત્રને ધર્મ ગમે છે.

★ જેને ગમે તે પ્રેય કહેવાય, અહીં મૈત્રને ધર્મ ગમે છે. માટે મૈત્ર પ્રેય થતાં આ સૂત્રથી रुच् ધાતુનાં યોગમાં ચતુર્થી થઈ છે.

(२) **कृप् અર્થક ધાતુનાં યોગમાં વિકારવાચી નામ :** (कृपौङ् सामर्थ्ये-९५९)

मूत्राय कल्पते यवागूः→મૂત્ર માટે જવનું પાણી સમર્થ છે.

★ દ્રવ્ય અન્ય જે રૂપે પરિણામ પામે તે વિકાર કહેવાય. અહીં યવાગૂ એ મૂત્ર રૂપે પરિણામ પામતું હોવાથી વિકારવાચી થાય છે. માટે આ સૂત્રથી મૈત્રને ચતુર્થી થઈ છે.

(૩) **धारि धातुनां योगमां उत्तमर्णवाची नाम :** (धृंग् धारणे-८८७) **चैत्राय शतं धारयति (मैत्रः)**→ચૈત્રનાં ૧૦૦ રૂા.ને (મૈત્ર) ધારણ કરે છે.

★ લેણદાર ઉત્તમર્ણ કહેવાય છે. તેથી અહીં લેણદાર ચૈત્રને આ સૂત્રથી ચતુર્થી થઈ છે.

વિશેષતા :

(૧) સૂત્રમાંનાં 'रुचि-कृप्यर्थ-धारिभिः' અને 'प्रियविकारोत्तमर्णेषु' આ બન્ને પદ વચ્ચે વચન અને સંખ્યાની સામ્યતા હોવાથી **यथासङ्ख्यमनुदेशः समानाम् १/१०** ન્યાયાનુસારે તે બન્ને વચ્ચે અનુક્રમ ગ્રહણ થાય છે.

તેમજ, બ.વ.થી પૂર્વસૂત્રથી અધિકૃત 'एक-द्वि-बहौ' સાથે રુચ્યર્થક વિ. અને પ્રેય વિ.નાં અનુક્રમની પ્રાપ્તિ અટકે છે.

(૨) સૂત્રગત અર્થ પદનો દ્વન્દ્વ સમાસગત રુચિ અને કૃપિ આમ બન્નેની સાથે **द्वन्द्वात्परः प्रत्येकमभिसम्बध्यते ૩/૧૫** ન્યાયાનુસારે અન્વય થાય છે.

प्रत्याङः श्रुवार्थिनि २/२/५६

અ.અ.સૂ. : प्रत्याङः श्रुवा अर्थिनि एक-द्वि-बहौ गौणात् नाम्नः चतुर्थी ।

અર્થ : પ્રતિ અને આઙ્ પૂર્વક શ્રુથી યુક્ત અભિલાષુક અર્થમાં વર્ત્તતાં ગૌણ નામથી ચતુર્થી વિભક્તિ થાય છે.

સ. : **प्रत्याङः**→प्रतिश्च आङ् च इति प्रत्याङ्, तस्मादिति ।

ઉદા. પ્રતિ, આ+શ્રુ (શ્રુંટ્ શ્રવણે-૧૨૯૬)

द्विजाय गां प्रतिशृणोति/आशृणोति→બ્રાહ્મણને ગાય આપવા માટે પ્રતિજ્ઞા કરે છે.

★ આ ઉદા.માં યાચક-બ્રાહ્મણને ગાય મેળવવાની ઈચ્છા છે. તેથી આ સૂત્રથી દ્વિજને ચતુર્થી થઈ છે.

વિશેષતા :

અહીં શ્રુવા પદનો **द्वन्द्वात्परः प्रत्येकमभिसम्बध्यते** ૩/૧૫ ન્યાયાનુસારે દ્વન્દ્વ સમાસગત પ્રતિ અને આङ् બન્ને પદ સાથે અન્વય થાય છે. તેવું ઉત્તરસૂત્રમાં પણ જાણવું.

प्रत्यनोर्गृणाऽऽख्यातरि ૨/૨/૫૭

અ.અ.સૂ. : प्रत्यनोः गृणा आख्यातरि एक-द्वि-बहौ गौणात् नाम्नः चतुर्थी ।

અર્થ : પ્રતિ અને અનુ પૂર્વક ગૃ ધાતુનાં યોગમાં કહેનાર અર્થમાં વર્ત્તતાં ગૌણ નામથી ચતુર્થી વિભક્તિ થાય છે.

સ. : **प्रत्यनोः**→प्रतिश्च अनुश्च इति प्रत्यनु, तस्मादिति ।

ઉદા. પ્રતિ, અનુ+ગૃ (गृश शब्दे-૧૫૩૮)

गुरवे प्रतिगृणाति/अनुगृणाति→ગુરૂએ કહેલાં(વચન)ને ફરી કહે છે./ગુરૂએ કહેલાં(વચન)ને પ્રોત્સાહિત કરે છે.

★ અહીં કહેનાર ગુરુ હોવાથી પ્રતિ, આ+ગૃનાં યોગમાં આ સૂત્રથી ચતુર્થી થઈ છે.

વિશેષતા :

સૂત્રમાં 'गृणा' એ પ્રમાણે ગૃ ધાતુ સાથે શ્નાનાં નિર્દેશ દ્વારા गृत्-निगरणे-૧૩૩૫ આ છઠ્ઠા ગણનાં ધાતુનો નિષેધ થાય છે. અને નવમા ગણનાં गृश्-૧૫૩૮ ધાતુનું ગ્રહણ થાય છે.

જિ. : પૂર્વ સૂત્રમાં પ્રતિનું ગ્રહણ હતું જ. તેની અનુવૃત્તિથી અહીં પણ પ્રતિનો લાભ થવાનો જ હતો. તો શા માટે આ સૂત્રમાં પુનઃ 'પ્રતિ'નું ગ્રહણ કર્યું ?

સમા. : જો આ સૂત્રમાં પ્રતિનું ગ્રહણ ન કરીએ તો પણ અનુનું ગ્રહણ તો કરવું જ પડે. આમ, એક નિમિત્તનાં ગ્રહણ દ્વારા પૂર્વસૂત્રથી આવતી નિમિત્તની અનુવૃત્તિ અટકી જાય તેમજ, પૂર્વસૂત્રમાં પ્રતિની સાથે આङ્ અવ્યય પણ જણાવ્યો છે. અને **सन्नियोगशिष्टानामेकापायेऽन्यतरस्याप्यपायः** ૧/૩૦ તેની પણ અનુવૃત્તિ સાથે આવે. આમ, બે કારણોસર ગ્રંથકારશ્રીએ પુનઃ પ્રતિનું ગ્રહણ કર્યું છે.

यद्वीक्ष्ये राधीक्षी २/२/५८

અ.અ.સૂ. : यद्वीक्ष्ये राधीक्षी एक-द्वि-बहौ गौणात् नाम्नः चतुर्थी ।

અર્થ : वीक्ष्य=ઝીણવટપૂર્વક જોવું તે.
વીક્ષ્ય અર્થનાં વિષયમાં राध् અને ईक्ष् ધાતુથી યુક્ત ગૌણ નામથી ચતુર્થી વિભક્તિ થાય છે.

સ. : (૧) **यद्वीक्ष्ये**→यस्य वीक्ष्यमिति यद्वीक्ष्यम्, तस्मिन्निति ।
(૨) **राधीक्षी**→राधिश्च ईक्षिश्च इति ।

ઉદા. (૧) (राधंच् वृद्धौ-૧૧૫૬) (ईक्षि-दर्शने-૮૮૨)
मैत्राय राध्यति/ईक्षते→મૈત્રનાં ભાગ્યને સંદેહપૂર્વક વિચારે છે.
(૨) **ईक्षितव्यं परस्त्रीभ्यः**→પરસ્ત્રીઓનાં અભિપ્રાયને (સંદેહપૂર્વક) વિચારવા યોગ્ય છે.
★ આ ઉદા.માં राध् અને ईक्ष् ધાતુ वीक्ष्य અર્થમાં હોવાથી મૈત્ર અને પરસ્ત્રી ગૌણ નામને આ સૂત્રથી ચતુર્થી થઈ છે.

પ્ર.ઉદા. वीक्ष्य इति किम् ? मैत्रमीक्षते→મૈત્રને જુએ છે.
★ આ સૂત્રની પ્રવૃત્તિ वीक्ष्य અર્થમાં જ થાય છે. જ્યારે અહીં માત્ર 'જોવું' ક્રિયા છે. वीक्ष्य ક્રિયા જણાતી નથી માટે આ

સૂત્રથી ચતુર્થી ન થતાં કર્તુર્વ્યા૦૨.૨.૩થી કર્મસંજ્ઞા થવાથી કર્મણિ ૨.૨.૪૦થી દ્વિતીયા થાય છે.

વિશેષતા :

(૧) **વીક્ષ્ય**=અહીં વીક્ષ્ય પદમાં વિ ઉપસર્ગનો ભાવ એ છે કે, પ્રશ્નાદિ સંદેહપૂર્વક વિશિષ્ટ રીતે ક્રિયા કરવી. તેથી વીક્ષ્યનો સંદેહપૂર્વક વિશિષ્ટ રીતે વિચારણા કરવી એવો અર્થ લેવો.

(૨) **સૂત્ર વિષયક વિવિધ મતો :**

★ શાકટાયન વ્યાકરણકાર ફક્ત ભાગ્યને જોવામાં વપરાતાં ધાતુનાં વિષયમાં આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છે છે. તેથી તેમનાં મતે परस्त्रीभ्यः ईक्षितव्यम् આવો પ્રયોગ થશે નહીં.

★ જ્યારે ચાન્દ્ર વિ. વ્યાકરણકારો राध् અને ईक्ष् અર્થવાળાં સર્વ ધાતુઓનાં વિષયમાં જો વીક્ષ્ય જણાતો હોય તો આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છે છે. તેથી તેમના મતે मैत्राय राधयति/साधयति વિ. પ્રયોગો પણ થાય છે.

★ તો કેટલાંક વ્યાકરણકારો राध् અને ईक्ष् અર્થવાળાં ધાતુનાં વિષયમાં વિશેષથી દરેક પ્રકારે વસ્તુને જોવી એવા અર્થમાં આ સૂત્રની પ્રવૃત્તિ કરે છે. તેથી તેમનાં મતે लाभाय पश्यति વિ. પ્રયોગો પણ થાય છે.

उत्पातेन ज्ञाप्ये ૨/૨/૫૯

અ.અ.સૂ. : उत्पातेन ज्ञाप्ये एक-द्वि-बहौ गौणात् नाम्नः चतुर्थी ।

અર્થ : ઉત્પાત=આકસ્મિક નિમિત્ત. તેના વડે જણાવવા યોગ્ય અર્થમાં વર્ત્તતાં ગૌણ નામથી ચતુર્થી વિભક્તિ થાય છે.

ઉદા. (૧) **वाताय कपिला विद्युदातपायातिलोहिनी ।**
पीता वर्षाय विज्ञेया, दुर्भिक्षाय सिता भवेत् ॥
ભૂખરી વીજળી વાવાઝોડાને સૂચવે છે. અતિશય લાલ વીજળી તડકાને, પીળી વીજળી વરસાદને અને શ્વેત વીજળી દુકાળને સૂચવે છે.

★ અહીં વાત વિ. કપિલ વિ. વીજળીથી જણાવાય છે. માટે જ્ઞાપ્ય એવા વાત વિ.ને આ સૂત્રથી ચતુર્થી થઈ છે.

પ્ર.ઉદા. उत्पातेनेति किम् ? राज्ञ इदं छत्रमायान्तं विद्धि राजानम्→
આ છત્ર રાજાનું છે. તેથી આવતા એવા રાજાને તું જાણ.

★ આ સૂત્રની પ્રવૃત્તિ આકસ્મિક નિમિત્તથી જ્ઞાપ્ય નામથી થાય છે. જ્યારે અહીં છત્ર આકસ્મિક નિમિત્ત નથી તેથી તેના જ્ઞાપ્ય રાજન્ને આ સૂત્રથી ચતુર્થી ન થતાં શેષે ૨.૨.૮૧થી ષષ્ઠી થઈ છે.

વિશેષતા :

(૧) અહીં વાત વિ. જ્ઞાપ્ય અને કપિલા વિદ્યુદ્ વિ. જ્ઞાપક હોવાથી જ્ઞાપ્ય-જ્ઞાપકભાવ સંબંધ જણાય છે. તેથી શેષે ૨.૨.૮૧થી ષષ્ઠીની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરી આ સૂત્રથી ચતુર્થી કરી છે.

જિ. : 'वाताय कपिला विद्युद्०' ઉદા.માં 'વાવાઝોડા માટે ભૂખરી વીજળી' એવું તાત્પર્ય છે. તો 'તેની માટે આ' એવા અર્થનાં વિષયમાં તાદર્થ્યે ૨.૨.૫૪થી પ્રાપ્તિ હોવા છતાં આ સૂત્રની રચના શા માટે થઈ ?

સમા. : 'તેની માટે આ' તે નિમિત્ત સૂચક અર્થ છે. અહીં નિમિત્ત બે પ્રકારે હોય છે. (a) જનક અને (b) જ્ઞાપક. તાદર્થ્યે ૨.૨.૫૪નાં કાર્ય રૂપ ચતુર્થી વિભક્તિ 'यूपाय दारु' જેવા

જનક નિમિત્તનાં વિષયમાં જ થાય છે. વાતાય કપિલા જેવા જ્ઞાપક નિમિત્તનાં વિષયમાં થતી નથી. અને તેથી આકસ્મિક જ્ઞાપક નિમિત્તનાં વિષયમાં ચતુર્થી કરવા આ સૂત્રનો નિર્દેશ છે.

श्लाघ-ह्नु-स्था-शपा प्रयोज्ये २/२/९०

અ.અ.સૂ. : ज्ञाप्ये प्रयोज्ये श्लाघ-ह्नु-स्था-शपा(धातुना) एक-द्वि-बहौ गौणात् नाम्नः चतुर्थी ।

અર્થ : શ્લાઘ્, હ્નુ, સ્થા અને શપ્ ધાતુથી યુક્ત, જ્ઞાપ્ય અને પ્રયોજ્યમાં વર્ત્તતાં ગૌણ નામથી ચતુર્થી વિભક્તિ થાય છે.

સ. : **श्लाघ्-ह्नु-स्था-शपा→**श्लाघश्च ह्नुश्च स्थाश्च शप् च इति श्लाघ-ह्नु-स्था शप्, तेनेति ।

ઉદા. (૧) **श्लाघ्** (श्लाघृङ्-कत्थने-૬૪૫)
मैत्राय श्लाघते→પ્રશંસા કરવાની ક્રિયા દ્વારા (સ્વયંને/પરને) મૈત્રને જણાવે છે.

(૨) **ह्नु** (ह्नुङ्क् अपनयने-૧૧૦૬)
मैत्राय ह्नुते→છૂપાવવાની ક્રિયા દ્વારા (સ્વયંને/પરને) મૈત્રને જણાવે છે.

(૩) **स्था** (ष्ठां गतिनिवृत्तौ-૫)
मैत्राय तिष्ठते→ઊભા રહેવાની ક્રિયા દ્વારા (સ્વયંને/પરને) મૈત્રને જણાવે છે.

(૪) **शप्** (शपीं आक्रोशे-૯૧૬)
मैत्राय शपते→સોગંદ લેવાની ક્રિયા દ્વારા (સ્વયંને/પરને) મૈત્રને જણાવે છે.

★ આ ઉદા.માં 'સ્વયંને/પરને' મૈત્રને જણાવે છે. એ પ્રમાણે સ્વયં/પર અને મૈત્ર બન્ને જ્ઞાપ્ય છે. પરંતુ તેમાંથી જાણવા સ્વરૂપ ક્રિયાનો મૂળકર્ત્તા અર્થાત્ પ્રયોજય તો માત્ર મૈત્ર છે. તેથી મૈત્ર જ્ઞાપ્ય-પ્રયોજય હોવાથી આ સૂત્ર દ્વારા ચતુર્થી થાય છે.

પ્ર.ઉદા. પ્રયોજ્ય ઇતિ કિમ્ ? મૈત્રાયાઽઽત્માનં શ્લાઘતે / આત્મનો મા ભૂત્→પ્રશંસા કરવાની ક્રિયા દ્વારા સ્વયંને મૈત્રને જણાવે છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ જ્ઞાપ્ય-પ્રયોજય ગૌણ નામથી જ થાય છે. જ્યારે અહીં આત્મન્ માત્ર જ્ઞાપ્ય છે. પણ પ્રયોજય નથી. માટે આ સૂત્રથી ચતુર્થી થઈ નથી.

વિશેષતા :

જ્ઞાપ્ય-પ્રયોજય : જ્ઞા ધાતુ જ્યારે પ્રેરક ભાવમાં જણાવવામાં આવે ત્યારે જ્ઞા ધાતુનાં કર્મને જ્ઞાપ્ય કહેવાય છે. પ્રેરક ભાવમાં જ્ઞા ધાતુનાં બે કર્મ હોય છે :

(a) મૂળકર્મ અને (b) અણિગ્કર્ત્તા રૂપ કર્મ. તે બન્ને જ્ઞાપ્ય બને છે. પણ અણિગ્ પ્રયોગનો મૂળકર્ત્તા તે પ્રેરકકર્ત્તા દ્વારા પ્રેરણા કરાએલ હોવાથી પ્રયોજય પણ બને છે. આમ, મૂળવાક્યનો મૂળકર્ત્તા પ્રેરક પ્રયોગમાં જ્ઞાપ્ય-પ્રયોજય બને છે.

तुमोऽर्थे भाववचनात् २/२/६१

અ.અ.સૂ. : तुमोऽर्थे भाववचनात् एक-द्वि-बहौ गौणात् नाम्नः चतुर्थी ।

અર્થ : तुम् પ્રત્યયનાં અર્થમાં જે ભાવવાચી घञ् વિ. પ્રત્યયો કહેવાશે તે પ્રત્યયાન્ત શબ્દરૂપ ગૌણ નામથી સ્વાર્થમાં ચતુર્થી વિભક્તિ થાય છે.

સ. : **भाववचनात्**→भावं वक्तीति भाववचनः, तस्मादिति ।

ઉદા. (૧) **पाकाय व्रजति→**રાંધવાને માટે જાય છે.

(૨) **इज्यायै व्रजति→**પૂજા કરવા માટે જાય છે.

★ આ ઉદા.માં પાક તે ભાવવચના: ૫.૩.૧૫થી પચ્‌ને ઘઞ્ લાગીને બનેલ છે. અને ઇજ્યા તે આસ્યટિ૦૫.૩.૯૭થી યજ્‌ને ક્યપ્ લાગીને બનેલ છે. આ બન્ને ભાવવાચી પ્રત્યયો પક્તુમ્ વિ. તુમ્ પ્રત્યયાન્ત અર્થમાં વર્ત્તતાં હોવાથી આ સૂત્ર દ્વારા ચતુર્થી થઈ છે.

પ્ર.ઉદા. (૧) **तुमोऽर्थं इति किम् ? पाकस्य→**રાંધવાનું

★ આ સૂત્રની પ્રવૃત્તિ તુમ્ અર્થમાં વર્ત્તતાં ભાવવાચી પ્રત્યયાન્ત નામથી થાય છે. જ્યારે અહીં ભાવવાચી ઘઞ્ પ્રત્યયાન્ત નામ છે પણ તે તુમ્ પ્રત્યયાન્ત અર્થમાં વર્ત્તતું ન હોવાથી આ સૂત્રથી ચતુર્થી ન થતાં શેષે ૨.૨.૮૧થી ષષ્ઠી થઈ છે.

(૨) **भाववचनादिति किम् ? पक्ष्यतीति पाचकस्य व्रज्या→** ભવિષ્યમાં રાંધનારની જવાની ક્રિયા.

★ આ સૂત્રની પ્રવૃત્તિ તુમ્ અર્થક ભાવવાચી પ્રત્યયાન્ત નામથી થાય છે. જ્યારે અહીં પાચકમાં રહેલ ણકચ્ પ્રત્યય ક્રિયાયાં૦૫.૩.૧૩થી કર્ત્તામાં થાય છે. ભાવમાં નહીં માટે આ સૂત્રથી ચતુર્થી ન થતાં શેષે ૨.૨.૮૧થી ષષ્ઠી થઈ છે.

વિશેષતા :

એક ક્રિયા બીજી ક્રિયાનું પ્રયોજન થતી હોય ત્યારે પ્રયોજનભૂત ક્રિયાને તુમ્ પ્રત્યય થાય છે. તેથી 'પ્રયોજનવાચી માટે' વિ. અર્થને તુમર્થ કહેવાય છે.

જિ. : સૂત્રમાં 'तुमर्थे' એ પ્રમાણે સમસ્ત પ્રયોગ ન કરતાં 'तुमोऽर्थे' એ પ્રમાણે અસમસ્ત પ્રયોગ શા માટે કર્યો ?

સમા. : અહીં તુમર્થક પદનો પ્રયોગ કરવામાં આવે તો 'तुम् પ્રત્યયનો અર્થ' એ પ્રમાણે સમસ્ત અધિકાર નીચેનાં સૂત્રમાં આવે. પરંતુ નીચેનાં સૂત્રમાં માત્ર तुम् પ્રત્યયનો અધિકાર જ ગ્રહણ કરવો છે. તેથી અહીં અસમસ્ત 'तुमोऽर्थे' પદનો નિર્દેશ કર્યો છે.

જિ. : पाकाय व्रजति અર્થાત્ 'રાંધવા માટે જાય છે.' અહીં સ્પષ્ટરૂપે તાદર્થ્યની પ્રતીતિ છે. તો તાદર્થ્યે ૨.૨.૫૪થી ચતુર્થી ન કરતાં આ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો ?

સમા. : पाकाय व्रजति પ્રયોગમાં भाववचनाः ૫.૩.૧૫થી तुम् અર્થમાં घञ् પ્રત્યય થયો છે. તેથી વાક્યમાં જે તાદર્થ્યની પ્રતીતિ થાય છે તે વસ્તુતઃ तुम् અર્થ હોવાથી घञ् દ્વારા ઉક્ત થાય છે. માટે **उक्तार्थानामप्रयोगः ૧/૨૮** ન્યાયાનુસારે તાદર્થ્ય નિમિત્તક પ્રાપ્તિ ન રહેતાં તાદર્થ્યે ૨.૨.૫૪થી ચતુર્થી થાય નહીં. પણ વિવક્ષાવશાત્ શેષ તરીકે ષષ્ઠી અને હેતુ તરીકે તૃતીયા વિભક્તિની પ્રાપ્તિ છે. તેનો બાધ કરીને આ સૂત્ર દ્વારા ચતુર્થીનો નિર્દેશ છે.

આમ, અહીં ધ્યાનમાં લેવું કે, આ સૂત્રનો વિષય ક્રિયાર્થક ક્રિયા ઉપપદમાં હોતે છતે भाववचनाः ૫.૩.૧૫ વિ. સૂત્ર દ્વારા જ થનારાં ભાવવાચી घञ् પ્રત્યયો જાણવાં. પરંતુ ક્રિયાર્થક ક્રિયાનાં અભાવમાં માત્ર સામાન્યતયા भावाऽकर्त्रोः ૫.૩.૧૮થી થનારાં घञ् વિ. પ્રત્યયનાં વિષયમાં તો તાદર્થ્યે ૨.૨.૫૪થી જ ચતુર્થી થશે. જેમકે, रन्धनाय स्थाली ।

गम्यस्याऽऽप्ये २/२/६२

અ.અ.સૂ. : गम्यस्य तुमः आप्ये एक-द्वि-बहौ गौणात् नाम्नः चतुर्थी ।

અર્થ : જેનો અર્થ જણાય છે પણ તેનાં અર્થને જણાવનાર શબ્દ પ્રયોગમાં વપરાતો નથી તે **गम्य**. ગમ્ય એવા तुम् પ્રત્યયનાં કર્મમાં વર્ત્તતાં ગૌણ નામથી ચતુર્થી વિભક્તિ થાય છે.

ઉદા. (૧) **एधेभ्यो व्रजति→**લાકડાને(લેવા) માટે જાય છે.
(૨) **फलेभ्यो व्रजति→**ફળને(લેવા) માટે જાય છે.

★ આ ઉદા.માં 'લેવા માટે' એ પ્રમાણે तुम् પ્રત્યયાન્ત (आनेतुम्) અર્થને જણાવનારાં શબ્દનો સાક્ષાત્ પ્રયોગ કર્યો નથી છતાં પણ તે ગમ્ય છે. અર્થાત્ અર્થથી જણાય છે. માટે તેના કર્મ एध અને फलને આ સૂત્રથી ચતુર્થી થાય છે.

गतेर्नवाऽनाप्ते २/२/६३

અ.અ.સૂ. : गतेः अनाप्ते आप्ये एक-द्वि-बहौ गौणात् नाम्नः चतुर्थी नवा ।

અર્થ : गति=પગ વડે જવાની ક્રિયા. ગતિરૂપ ક્રિયાનાં પ્રાપ્ત થયેલાં કર્મમાં વર્ત્તતાં ગૌણ-નામથી વિકલ્પે ચતુર્થી વિભક્તિ થાય છે.

સ. : **अनाप्ते→**न आप्तमिति अनाप्तम्, तस्मिन्निति ।

ઉદા. **इ** (इंण्क् गतौ-૧૦૭૫)
(૧) **ग्रामं/ग्रामाय याति→**તે ગામ તરફ જાય છે.
(૨) **विप्रनष्टः पन्थानं/पथे याति→**ભૂલો પડેલો તે માર્ગ તરફ જાય છે.

★ આ ઉદા.માં જવાની ક્રિયા થાય છે. જે ગતિ સ્વરૂપ છે. અને તે ક્રિયા દ્વારા ગ્રામ અને માર્ગ સ્વરૂપ કર્મ પ્રાપ્ત થતું નથી. તેથી અનાપ્ત કર્મમાં આ સૂત્રથી ચતુર્થી થઈ છે. અને વિકલ્પે કર્મસંજ્ઞા હોવાથી કર્મણિ ૨.૨.૪૦થી દ્વિતીયા થઈ છે.

પ્ર.ઉદા. (૧) गतेरिति किम् ?

(A) स्त्रियं गच्छति→સ્ત્રીને ભોગવે છે.

(B) मनसा मेरुं गच्छति→મન વડે મેરૂપર્વત્તે જાય છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ પાદવિહરણ રૂપ ગતિ અર્થવાળાં ધાતુનાં વિષયમાં જ થાય છે. જ્યારે અહીં બન્ને ઉદા.માં गम् ધાતુ પાદવિહરણ રૂપ ગત્યર્થક નથી માટે આ સૂત્રથી ચતુર્થી ન થતાં કર્મણિ ૨.૨.૪૦થી દ્વિતીયા થઈ છે.

(૨) अनाप्त इति किम् ? संप्राप्ते मा भूत्-पन्थानं याति→ માર્ગે જાય છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ પ્રાપ્ત નહીં થયેલા કર્મથી થાય છે. જ્યારે અહીં માર્ગ પ્રાપ્ત થયેલો છે. માટે અનાપ્ત કર્મ ન હોવાથી આ સૂત્રથી ચતુર્થી ન થતાં કર્મણિ ૨.૨.૪૦થી દ્વિતીયા થઈ છે.

વિશેષતા :

(૧) આ સૂત્ર વિષયક ક્રિયાપદ કૃદંત હોય તો પણ ઉત્પલ વિ. કેટલાંક વ્યાકરણકારોનાં મતે આ સૂત્રથી ચતુર્થી થાય છે. જેમકે, ग्रामाय गन्ता ।

તથા, સારસંગ્રહકાર વિ. વ્યાકરણકારો દ્વિતીયાને ઈચ્છે છે. જેમકે, ग्रामं गन्ता । જ્યારે શેષભટ્ટારક વિ. વ્યાકરણકારો દ્વિતીયા, ચતુર્થી બન્નેને ઈચ્છે છે. જેમકે, ग्रामं/ग्रामाय याति ।

પરંતુ સ્વમતે कर्मणि कृतः ૨.૨.૮૩ પર સૂત્ર હોવાથી ષષ્ઠી વિભક્તિ થશે. પણ આ સૂત્રથી ચતુર્થી નહીં થાય. જેમકે, ग्रामस्य गन्ता ।

(૨) અહીં गम् ધાતુથી નિષ્પન્ન गति શબ્દ ગતિ અને જ્ઞાન બન્ને અર્થમાં વર્ત્તે છે. પણ, અનાપ્તનું વિધાન હોવાથી ગત્યર્થકનું જ ગ્રહણ કરાય છે. કારણ કે જ્ઞાનાર્થક ધાતુનાં વિષયમાં તો કર્મનું અનાપ્તપણું સંભવતું જ નથી.

(૩) અહીં ખ્યાલ રાખવો કે, કર્મણિ પ્રયોગમાં કર્મ ઉક્ત થતું હોવાથી **'उक्ते कारके प्रथमा स्यात्'** પંક્ત્યનુસારે પ્રથમા વિભક્તિ થશે. પણ આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં.

मन्यस्याऽनावादिभ्योऽतिकुत्सने ૨/૨/૬૪

અ.અ.સૂ. : अतिकुत्सने मन्यस्य अनावादिभ्यः आप्ये एक-द्वि-बहौ गौणात् नाम्नः चतुर्थी नवा ।

અર્થ : अतिकुत्सन→જેના(વચનાદિ) વડે અત્યંત નિંદા કરાય તે. અતિકુત્સનનાં વિષયમાં, मन् ધાતુનાં વ્યાપ્યમાં વર્ત્તતાં નૌ વિ. સિવાયનાં ગૌણ નામથી વિકલ્પે ચતુર્થી વિભક્તિ થાય છે.

સ. : (૧) अनावादिभ्यः→नौरादिर्येषां ते इति नावादयः, न नावादयः इति अनावादयः, तेभ्यः इति ।

(૨) **अतिकुत्सने→**अतीव कुत्सनमिति अतिकुत्सनम्, तस्मिन्निति ।

ઉદા. (૧) मन् (मनिंच्-ज्ञाने-૧૨૬૩)

न त्वा तृणाय/तृणं मन्ये→હું તને તૃણ સમાન પણ માનતો નથી.

★ આ ઉદા.માં અતિકુત્સન વિષયમાં વર્ત્તતું મન્ ધાતુનું વ્યાપ્ય તૃણને આ સૂત્રથી વિકલ્પે ચતુર્થી થઈ છે. અને વિકલ્પ પક્ષમાં કર્મસંજ્ઞા હોવાથી કર્મણિ ૨.૨.૪૦થી દ્વિતીયા થઈ છે.

પ્ર.ઉદા. (૧) **मन्यस्येति किम् ? न त्वा तृणं मन्वे**→હું તને ઘાસ તુલ્ય માનતો નથી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ દિવાદિ ગણ અંતર્ગત મન્ ધાતુનાં વિષયમાં થાય છે. જ્યારે અહીં તનાદિ ગણ અંતર્ગત (મનૂયિ બોધને-૧૫૦૭) ધાતુ છે. માટે આ સૂત્રથી ચતુર્થી ન થતાં કર્મણિ ૨.૨.૪૦થી દ્વિતીયા થઈ છે.

(૨) **अनावादिभ्य इति किम् ? न त्वा नावं/अन्नं/शुकं/शृगालं/काकं मन्ये**→હું તને નાવડી/અન્ન/પોપટ/શિયાળ/કાગડો પણ માનતો નથી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ નાવ વિ. સિવાયનાં વ્યાપ્યથી થાય છે. જ્યારે અહીં નાવ વિ. જ વ્યાપ્ય સ્વરૂપે છે. તેથી આ સૂત્રથી ચતુર્થી ન થતાં કર્મણિ ૨.૨.૪૦થી દ્વિતીયા થઈ છે.

(૩) **कुत्सन इति किम् ? न त्वा रत्नं मन्ये**→હું તને રત્ન માનતો નથી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ અતિકુત્સન અર્થનાં વિષયમાં થાય છે. જ્યારે અહીં અતિકુત્સન અર્થ નથી તેથી આ સૂત્રથી ચતુર્થી ન થતાં કર્મણિ ૨.૨.૪૦થી દ્વિતીયા થઈ છે.

(૪) **करणाऽऽश्रयणं किम् ? न त्वा तृणाय मन्ये, युष्मदो मा भूत्**→હું તને તૃણ સમાન પણ માનતો નથી.

★ આ સૂત્રમાં 'अतीव कुत्स्यते येनेति' એ પ્રમાણે અતિકુત્સન પ્રયોગમાં કરણનો આશ્રય કર્યો હોવાથી જેના વડે નિંદાય તે શબ્દને જ ચતુર્થી થાય. પરંતુ જે નિંદાય તેને નહીં માટે ઉપરોક્ત પ્ર.ઉદા.માં તૃણ શબ્દ વડે યુષ્મદ્‌ની નિંદા કરાય છે. તેથી તૃણને ચતુર્થી થાય પણ યુષ્મદ્‌ને ચતુર્થી થતી નથી. અને યુષ્મદ્ કર્મ હોવાથી कर्मणि ૨.૨.૪૦થી દ્વિતીયા થઈ अमा त्वा०૨.૧.૨૪થી તેનો त्वा આદેશ થયેલ છે.

(૫) **अतीति किम् ? त्वां तृणं मन्ये→**હું તને તૃણ માનું છું.

★ આ સૂત્રની પ્રવૃત્તિ અતિકુત્સન અર્થમાં થાય છે. જ્યારે અહીં સામાન્ય કુત્સન છે અતિકુત્સન નથી. માટે આ સૂત્રથી ચતુર્થી ન થતાં कर्मणि ૨.૨.૪૦થી દ્વિતીયા થઈ છે.

વિશેષતા :

(૧) 'मन्यस्य' એ પ્રમાણે श्य પ્રત્યયાન્ત मन्‌નું સૂત્રમાં ગ્રહણ કર્યું છે. તેથી ચોથા ગણનાં मनिँच्-૧૨૬૩ ધાતુનાં વિષયમાં જ આ સૂત્રની પ્રવૃત્તિ થશે.

(૨) **नावादि गण :** नाव, अन्न, शुक, शृगाल, काक વિ.

અહીં સૂત્રગત 'આદિ'થી વિનશ્વર અને અચેતન પદાર્થનું ગ્રહણ કરવું. તેમજ, સૂત્રમાં બ.વ. આકૃતિ ગણ માટે છે. તેથી અન્ય પણ આવા પ્રયોગોમાં આ સૂત્રની પ્રવૃત્તિનો નિષેધ થાય છે.

(૩) પાણિની વ્યાકરણકારો માત્ર કુત્સન અર્થનાં વિષયમાં પણ આ સૂત્રથી ચતુર્થી કરે છે. તેથી તેમના મતે तृणाय त्वां मन्ये આવા પ્રયોગો પણ સિદ્ધ થાય છે.

(૪) અહીં પણ પૂર્વવત્ કર્મણિ પ્રયોગમાં કર્મ ઉક્ત થતું હોવાથી **उक्ते कारके०** પંક્ત્યનુસારે પ્રથમા થશે. પણ આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં જેમકે न त्वं बुसो मन्यसे मया ।

જિ. : 'अनावादिभ्यः' પદ દ્વારા અહીં નાવ, અન્ન વિ. શબ્દોનું વર્જન કર્યું છે. પરંતુ નાવ અને અન્ન શબ્દમાં કુત્સિતપણું શી રીતે સંભવે ?

સમા. : નાવ વિ. બીજાની પ્રેરણાથી કાર્ય કરે છે. તેમજ, અન્ન વિ. પણ અનાયાસે નાશ પામી જાય છે. આમ, ઉપકારી હોવા છતાં પણ તે નાવ વિ. પરિપૂર્ણ નથી. તેથી તેમની ઉપમા દ્વારા પણ કુત્સનત્વ પ્રગટ થઈ શકે છે.

हित-सुखाभ्याम् २/२/६५

અ.અ.સૂ. : हित-सुखाभ्याम् एक-द्वि-बहौ गौणात् नाम्नः चतुर्थी नवा ।

અર્થ : હિત અને સુખથી યુક્ત ગૌણ નામથી ચતુર્થી વિકલ્પે વિભક્તિ થાય છે.

સ. : **हित-सुखाभ्याम्→**हितं च सुखं च इति हितसुखे, ताभ्यामिति ।

ઉદા. (૧) **आमयाविने/आमयाविनो हितम्→**રોગીને હિતકારી.

(૨) **चैत्राय/चैत्रस्य सुखम्→**ચૈત્રને સુખકારી.

★ આ ઉદા.માં હિત અને સુખથી યુક્ત અનુક્રમે आमयाविन् અને चैत्र નામને આ સૂત્રથી વિકલ્પે ચતુર્થી થઈ છે. અને વિકલ્પપક્ષમાં શેષે ૨.૨.૮૧થી ષષ્ઠી થઈ છે.

तद्-भद्रा-ऽऽयुष्य-क्षेमा-ऽर्थार्थेनाऽऽशिषि २/२/९९

અ.અ.સૂ. : तद्भद्रायुष्यक्षेमार्थार्थेन एक-द्वि-बहौ गौणात् नाम्नः आशिषि चतुर्थी नवा ।

અર્થ : 'तद्' એ પ્રમાણે પદથી હિત અને સુખનું ગ્રહણ કરવું. હિત, સુખ, ભદ્ર, આયુષ્ય, ક્ષેમ અને અર્થ અર્થવાળાં શબ્દોથી યુક્ત ગૌણ નામથી આશીર્વાદ અર્થ જણાતે છતે ચતુર્થી વિભક્તિ વિકલ્પે થાય છે.

સ. : **तद्भद्रायुष्यक्षेमार्थार्थेन→**ते च भद्रं च आयुष्यं च क्षेमं च अर्थश्च इति तद्भद्रायुष्यक्षेमार्थाः, तद्भद्रायुष्यक्षेमार्था अर्था यस्याऽसौ इति तद्भद्रायुष्यक्षेमार्थार्थः, तेनेति ।

ઉદા. (૧) હિત-અર્થક : हितं जीवेभ्यो/जीवानां भूयात्
पथ्यं जीवेभ्यो/जीवानां भूयात्→
જીવોનું હિત થાઓ.

(૨) સુખ-અર્થક : सुखं प्रजाभ्यः/प्रजानां भूयात्
शं प्रजाभ्यः/प्रजानां भूयात्→
પ્રજાને સુખ થાઓ.

(૩) ભદ્ર-અર્થક : भद्रमस्तु जिनशासनाय/जिनशासनस्य→
શ્રી જિનશાસનનું ભદ્ર થાઓ.

(૪) આયુષ્ય-અર્થક : आयुष्यमस्तु चैत्राय/चैत्रस्य→
ચૈત્રને દીર્ઘ આયુષ્ય થાઓ.

(૫) ક્ષેમ-અર્થક : क्षेमं भूयात् सङ्घाय/सङ्घस्य→
શ્રી સંઘનું કલ્યાણ થાઓ.

(૬) અર્થ-અર્થક : अर्थो भूयान् मैत्राय/मैत्रस्य
कार्यं भूयान् मैत्राय/मैत्रस्य→
મૈત્રનું પ્રયોજન થાઓ.

★ આ ઉદા.માં હિત વિ. અર્થવાળાથી યુક્ત જીવ વિ. ગૌણ નામને આશીઃ અર્થ હોવાથી આ સૂત્ર દ્વારા વિકલ્પે ચતુર્થી થઈ છે. અને વિકલ્પ પક્ષમાં શેષે ૨.૨.૮૧થી ષષ્ઠી થઈ છે.

વિશેષતા :

(૧) માત્ર હિત અને સુખ શબ્દનાં યોગમાં પૂર્વનાં સૂત્રથી ચતુર્થીની પ્રાપ્તિ છે. પરંતુ આશીઃ અર્થ લેવાનો હોય ત્યારે હિત અને સુખ અર્થવાળાં અન્ય શબ્દનાં યોગમાં પણ ચતુર્થી કરવા માટે સૂત્રમાં 'તદ્'નો નિર્દેશ છે.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, ભદ્ર અને ક્ષેમમાં સૂક્ષ્મ અર્થભેદ છે. સંપત્તિનો ઉત્કર્ષ ભદ્ર કહેવાય. અને આપત્તિનો અભાવ ક્ષેમ કહેવાય. તેથી, અહીં તે બન્નેનું પૃથક્ ગ્રહણ કર્યું છે.

(૩) **द्वन्द्वात्परः प्रत्येकमभिसम्बध्यते ૩/૧૫** ન્યાયાનુસારે દ્વન્દ્વ સમાસગત તદ્ વિ. પ્રત્યેક પદની સાથે અર્થ શબ્દનો અન્વય થાય છે.

परिक्रयणे ૨/૨/૬૭

અ.અ.સૂ. : परिक्रयणे एक-द्वि-बहौ गौणात् नाम्नः चतुर्थी नवा ।

અર્થ : **પરિક્રયણ**=જેના વડે નિયતકાળ માટે (વસ્તુ/કાર્ય) સ્વીકારાય તે વેતનાદિ. તેમાં વર્ત્તતાં ગૌણ નામથી ચતુર્થી વિભક્તિ વિકલ્પે થાય છે.

ઉદા. शताय/शतेन परिक्रीतः→૧૦૦ રૂા.થી ભાડે લીધેલ.

★ આ ઉદા.માં પરિક્રયણ એવા શત ગૌણ નામને આ સૂત્રથી વિકલ્પે ચતુર્થી થઈ છે. અને વિકલ્પ પક્ષમાં હેતુની વિવક્ષા હોવાથી હેતુ-કર્તૃ૦૨.૨.૪૪થી તૃતીયા થઈ છે.

शक्तार्थ-वषड्-नमः-स्वस्ति-स्वाहा-स्वधाभिः २/२/६८

अ.अ.सू. : शक्तार्थवषड्नमःस्वस्तिस्वाहास्वधाभिः एक-द्वि-बहौ गौणात् नाम्नः चतुर्थी ।

अर्थ : शक्त अर्थवाळां शब्दो तेमज, वषड्, नमस्, स्वस्ति, स्वाहा अने स्वधा शब्दथी युक्त गौण नामथी नित्य चतुर्थी विभक्ति थाय छे.

स. : **शक्तार्थवषड्नमःस्वस्तिस्वाहास्वधाभिः**→शक्तोऽर्थो येषां ते इति शक्तार्थाः, शक्तार्थाश्च वषट्च नमश्च स्वस्तिश्च स्वाहाश्च स्वधाश्च इति शक्तार्थवषड्नमःस्वस्तिस्वाहास्वधा, ताभिरिति ।

उदा. (१) शक्तो मल्लो मल्लाय
प्रभुर्मल्लो मल्लाय→ } मल्ल मल्लने समर्थ छे.

(२) **वषडग्नये**→अग्निदेवने अर्पण थाओ.

(३) **नमोऽर्हद्भ्यः**→अरिहंतोने नमस्कार थाओ.

(४) **स्वस्ति प्रजाभ्यः**→प्रजानुं कल्याण थाओ.

(५) **स्वाहेन्द्राय**→ईन्द्रने तर्पण थाओ.

(६) **स्वधा पितृभ्यः**→पूर्वजोने तर्पण थाओ.

★ आ उदा.मां शक्त अर्थक वि. शब्दोथी युक्त मल्ल वि. गौण नामने आ सूत्रथी चतुर्थी थई छे.

विशेषता :

(१) वषड्, स्वाहा अने स्वधा यज्ञमां वपराता समर्पणने जणावनारां अव्यय छे.

(२) वस्तुतः स्वस्ति शब्दनां योगमां ज्यारे आशीः जणातो होय त्यारे तद्भद्रायुष्य०२.२.६६ सूत्रथी विकल्पे चतुर्थीनी प्राप्ति

હતી. પરંતુ આ સૂત્ર પર અને વિશેષ હોવાથી સ્પર્દ્ધે ૭.૪.૧૧૯ પરિભાષાનુસારે તથા **सर्वत्रापि विशेषेण सामान्यं बाध्यते न तु सामान्येन विशेषः** ૩/૬ ન્યાયાનુસારે આ સૂત્ર દ્વારા આશીઃનાં અર્થમાં પણ નિત્ય ચતુર્થી થશે.

(૩) અહીં સૂત્રગત 'स्वस्ति' પદ हितसुखाभ्याम् ૨.૨.૬૫ સૂત્રમાં ગ્રહણ કરીને 'हितसुखस्वस्तिभिः' એવું સૂત્ર કરવા દ્વારા આશીઃ સિવાયનાં અર્થમાં અને तद्भद्रा०૨.૨.૬૬ સૂત્રમાં તદ્નાં નિર્દેશ દ્વારા આશીઃ અર્થમાં વિકલ્પે ચતુર્થી થઈ શકતી હતી. પરંતુ તેમ ન કરતાં આ સૂત્રમાં સ્વતંત્ર રીતે 'स्वस्ति'નું ગ્રહણ કરીને ગ્રંથકારશ્રીએ 'नवा'નો અધિકાર અટકાવ્યો છે.

જિ. : નમસ્ અવ્યયને નામધાતુ બનાવીને નમસ્યતિ પ્રયોગ કરવામાં આવે છે. અને આ સૂત્રમાં નમસ્નું ગ્રહણ હોવાથી શું નમસ્યતિનાં યોગમાં પણ ચતુર્થી થશે ?

સભા. : ના, નહીં થાય. સૂત્રમાં નમસ્ અવ્યયનું ગ્રહણ કરીને **अर्थवद्ग्रहणे नानर्थकस्य** ૧/૧૪ ન્યાયાનુસારે નમસ્યતિમાં રહેલ અનર્થક નમસ્નાં યોગમાં આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં, તેમજ, આ સૂત્ર દ્વારા થતી વિભક્તિ ઉપપદ વિભક્તિ કહેવાય છે. અને નમસ્યતિનાં યોગમાં કર્મકારકને થતી વિભક્તિ કારક વિભક્તિ કહેવાય છે. તેથી **उपपद-विभक्तेः कारकविभक्तिर्बलीयसी** ૧/૪૬ ન્યાયાનુસારે નમસ્યતિનાં યોગમાં આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી.

જિ. : જો ઉપપદ વિભક્તિથી કારક વિભક્તિ બળવાન હોય તો 'स्वयंभुवे नमस्कृत्य' આ પ્રયોગમાં स्वयंभू કર્મકારકને દ્વિતીયા વિભક્તિ ન કરતાં ચતુર્થી શા માટે કરી ?

સભા. : વસ્તુતઃ 'स्वयंभुवे' કર્મ વિ. પ્રયોગમાં નમસ્કૃતિ સ્વરૂપ ક્રિયા દ્વારા વિશિષ્ટ સંબંધ થતો હોવાથી **कर्माभिप्रेयः**० ૨.૨.૨૫થી સંપ્રદાનસંજ્ઞા થઈ છે. અને સંપ્રદાનકારકમાં ચતુર્થી ૨.૨.૫૩થી ચતુર્થી થઈ છે. આ સૂત્રથી નહીં.

જિ. : सूत्रत्वात् समाहारः પંક્ત્યનુસારે અહીં સૂત્રમાં એ.વ.નો જ નિર્દેશ હોવો જોઈએ. તો પણ **स्वधाभिः** એ પ્રમાણે બ.વ.નો નિર્દેશ શા માટે કર્યો ?

સભા. : 'स्वस्ति-स्वाहा-स्वधा' એ પ્રમાણે જો માત્ર એ.વ.નો નિર્દેશ કરવામાં આવે તો અહીં વ્યંજનાન્ત स्वध् શબ્દ ગ્રહણ કર્યો છે કે આકારાન્ત स्वधा શબ્દનું ગ્રહણ કર્યું છે. તેની સ્પષ્ટતા ન થાય. તે સ્પષ્ટ કરવા માટે બ.વ. કરેલ છે.

"હેમચંદ્રાચાર્ય વિના ગુજરાતી ભાષાનો જન્મ કલ્પી શકતો નથી; એમના વિના વર્ષો સુધી ગુજરાતને જાગ્રત રાખનારી સંસ્કારિતા કલ્પી શકાતી નથી; અને એમના વિના ગુજરાતી પ્રજાનાં ખાસ લક્ષણો-સમન્વય, વિવેક, અહિંસા, પ્રેમ, શુદ્ધ સદાચાર અને પ્રામાણિક વ્યવહારપ્રણાલિકા - કલ્પી શકાતાં નથી. હેમચંદ્રાચાર્ય માનવ તરીકે મહાન હતા; સાધુ તરીકે વધારે મહાન હતા; પણ સંસ્કારદ્રષ્ટા તરીકે તો એ સૌથી વધારે મહાન હતા. એમણે જે સંસ્કાર રેડ્યા, એમણે જે ભાષા આપી, એમણે લોકોને જે રીતે બોલતા કર્યા, એમણે જે સાહિત્ય આપ્યું – એ સઘળું આજના ગુજરાતની નસમાં હજી વહી રહ્યું છે, અને એટલે, એ મહાન ગુજરાતી તરીકે ઈતિહાસમાં પ્રસિદ્ધિ પામવા યોગ્ય પુરુષ છે."

- ધૂમકેતુ

ચતુર્થી વિભક્તિનું સારાંશ કોષ્ટક

સૂત્ર	ઉપપદ/નિમિત્ત	કયા નામને	વિકલ્પે/ નિત્ય	કોનો અપવાદ	ઉદાહરણ
चतुर्थी ५३	–	સંપ્રદાનવાચી	નિત્ય	ષષ્ઠી	**द्विजाय** गां दत्ते।
तादर्थ्ये ५४	તેની માટે આ અર્થમાં	–	નિત્ય	ષષ્ઠી	**यूपाय** दारु।
रुच्यर्थ०५५	પ્રેય અર્થમાં रुच् અર્થક, વિકાર અર્થમાં कृप् અર્થક, उत्तमर्ण અર્થમાં धृ धातु.	–	નિત્ય	ષષ્ઠી	**मैत्राय रो**चते धर्मः।
प्रत्याङ्०५६	प्रति, आङ्+श्रु धातु.	અભિલાષુક અર્થક	નિત્ય	ષષ્ઠી	**द्विजाय** गां प्रतिशृणोति।
प्रत्यनो०५७	प्रति, अनु+गृ धातु	વક્તા અર્થક	નિત્ય	ષષ્ઠી	**गुरवे प्र**तिगृणाति।
यद्वीक्ष्ये०५८	वीक्ष्य અર્થક राध्, ईक्ष् धातु	–	નિત્ય	ષષ્ઠી	**मैत्राय रा**ध्यति।
उत्पातेन०५९	આકસ્મિક નિમિત્તથી જ્ઞાપ્ય અર્થક	–	નિત્ય	ષષ્ઠી	**वाताय** कपिला विद्युद्।
श्लाघ-हनु०६०	श्लाघ्, हनु, स्था અને शप् धातु	જ્ઞાપ્ય-પ્રયોજય	નિત્ય	ષષ્ઠી	**मैत्राय** श्लाघते।
तुमोऽर्थे०६१	સ્વાર્થમાં तुमर्थक घञ् प्रत्ययान्त	કર્મ	નિત્ય	ષષ્ઠી	**पाकाय** व्रजति।

સૂત્ર	ઉપપદ/નિમિત્ત	કયા નામને	વિકલ્પે/ નિત્ય	કોનો અપવાદ	ઉદાહરણ
गम्यस्या०६२	ગમ્ય તુમર્થક	કર્મ	નિત્ય	દ્વિતીયા/ સપ્તમી	**एधेभ्यो व्र**જતિ ।
गतेर्नवा०६३	ગતિ-અર્થક ધાતુ.	અનાપ્તકર્મ	વિકલ્પે	દ્વિતીયા(વિક.)	**ग्रामं/ग्रामाय** યાતિ ।
मन्यस्य०६४	અતિનિંદાર્થક મન્ ધાતુ	નૌ વિ. સિવાયનાં કર્મ	વિકલ્પે	દ્વિતીયા (વિક.)	ન ત્વા **तृणाय/तृणं** મન્યે ।
हित-सुखा०६५	હિત-સુખ	–	વિકલ્પે	ષષ્ઠી(વિક.)	**चैत्राय/चैत्रस्य** સુખમ્ ।
तद्-भद्रा०६६	હિત્, સુખ, ભદ્ર, આયુષ્ય, ક્ષેમ અને અર્થ અર્થક આશીઃ વિષય.	–	વિકલ્પે	ષષ્ઠી (વિક.)	હિતં જી**वेभ्यो/जीवानां** ભૂયાત્ ।
परिक्रयणे ६७	–	પરિક્રયણવાચી	વિકલ્પે	તૃતીયા(વિક.)	**शताय/शतेन** પરિક્રીતઃ ।
शक्तार्थ०६८	શક્ત અર્થક, વષડ્, નમઃ, સ્વસ્તિ, સ્વાહા, સ્વધા	–	નિત્ય	ષષ્ઠી	શક્તો મલ્લો **मल्लाय** ।
हेत्वर्थै०११८	હેતુઅર્થક	–	નિત્ય	તૃતીયા	**धनाय हेतवे** વસતિ ।
सर्वादेः०११९	હેતુઅર્થક સર્વ વિ.	–	નિત્ય	તૃતીયા	**कस्मै हेतवे** યાતિ ।

★ **પંચમી વિભક્તિ : ૨.૨.૬૯ થી ૨.૨.૭૯**
અપાદાન સંજ્ઞકને પંચમી :

पञ्चम्यपादाने ૨/૨/૬૯

અ.અ.સૂ. : अपादाने एक-द्वि-बहौ गौणात् नाम्नः पञ्चमी ।

અર્થ : અપાદાનવાચી એ.વ., દ્વિ.વ. અને બ.વ.માં વર્ત્તતાં ગૌણ નામથી અનુક્રમે ङसि, भ्याम् અને भ्यस् સ્વરૂપ પંચમી વિભક્તિ થાય છે.

ઉદા. (૧) **ग्रामादागच्छति→**ગામમાંથી આવે છે.
(૨) **गोदाभ्यामागच्छति→**દ્રહમાંથી આવે છે.
(૩) **वनेभ्य आगच्छति→**વનમાંથી આવે છે.

★ આ ઉદા.માં ગ્રામ વિ. ગૌણ નામને अपायेऽवधि० ૨.૨.૨૯થી અપાદાન સંજ્ઞા થવાથી આ સૂત્રથી પંચમી થઈ છે.

आङऽवधौ ૨/૨/૭૦

અ.અ.સૂ. : अवधौ आङ एक-द्वि-बहौ गौणात् नाम्नः पञ्चमी ।

અર્થ : અવધિ=મર્યાદા અને અભિવિધિ. અવધિમાં વર્ત્તતાં આङ્થી યુક્ત ગૌણ નામથી પંચમી વિભક્તિ થાય છે.

ઉદા. **आ पाटलिपुत्राद् वृष्टो मेघः→**
મર્યાદા : પાટલીપુત્ર સુધી મેઘ વરસ્યો.
અભિવિધિ : પાટલીપુત્રમાં પણ મેઘ વરસ્યો.

વિશેષતા :

વિવક્ષિત ક્ષેત્ર સુધી પ્રવૃત્તિ તે **મર્યાદા.**
વિવક્ષિત ક્ષેત્રમાં પણ પ્રવૃત્તિ તે **અભિવિધિ.**

જિ. : માત્ર 'આ'નાં ગ્રહણ દ્વારા પણ આङ્ અવ્યયનું ગ્રહણ થવાનું જ હતું તો પણ અહીં 'ङ્' ઈત્નો નિર્દેશ શા માટે કર્યો ?

સમા. : ङ્ ઈત્ વિનાનો આ અને ङ્ ઈત્વાળો आङ् ભિન્ન-ભિન્ન છે. તે આ રીતે,

ईषदर्थे क्रियायोगे मर्यादाऽभिविधौ च यः ।
एतमातं ङित्तं विद्यात्, वाक्यस्मरणयोरङित् ॥

અલ્પ, ક્રિયાનો યોગ, મર્યાદા અને અભિવિધિ અર્થમાં ङ् ઈત્વાળાં आङ्નો પ્રયોગ થાય છે. પરંતુ વાક્ય અને સ્મરણ અર્થમાં ङ् ઈત્ વિનાનાં आङ્નો પ્રયોગ થાય છે. અહીં 'आङ्' એ પ્રમાણે ङ् ઈત્નાં નિર્દેશ દ્વારા વાક્ય અને સ્મરણ અર્થ સિવાયનાં મર્યાદા અને અભિવિધિ અર્થવાળાં आङ्નું ગ્રહણ થાય છે.

पर्यपाभ्यां वर्ज्ये २/२/७१

અ.અ.સૂ. : **वर्ज्ये पर्यपाभ्याम् एक-द्वि-बहौ गौणात् नाम्नः पञ्चमी ।**

અર્થ : **वर्ज्य**=વર્જન કરવા યોગ્ય. વર્જ્ય અર્થમાં વર્ત્તતાં, परि અને अपथી યુક્ત ગૌણ નામથી પંચમી વિભક્તિ થાય છે.

સ. : **पर्यपाभ्याम्**→परिश्च अपश्च इति पर्यपौ, ताभ्यामिति ।

ઉદા. **परि/अप पाटलिपुत्राद् वृष्टो मेघः**→પાટલીપુત્રને છોડીને વરસાદ વરસ્યો.

★ આ ઉદા.માં વર્જ્ય અર્થવાળાં परि અને अप થી યુક્ત ગૌણ નામ પાટલિપુત્રને આ સૂત્રથી પંચમી થઈ છે.

વિશેષતા :

જિ. : અપ અવ્યય સામાન્યથી વર્જ્ય અર્થમાં જ વપરાય છે. અહીં તેનાં સાહચર્યથી પરિનો પણ તે જ અર્થ થવાની પ્રાપ્તિ હતી તો સૂત્રમાં 'वर्ज्ये'નું ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : જેમ 'અપ'નાં સાહચર્યથી 'પરિ'નો વર્જ્ય અર્થ થાય છે. તેમ 'પરિ'નાં સાહચર્યથી 'અપ'નો ચારે બાજુ અર્થ થઈ શકે. આમ, અહીં કોની સાથે કોનું સાહચર્ય લેવું તેનું નિયામક ન હોવાથી 'वर्ज्ये'નું ગ્રહણ કરેલ છે.

यतः प्रतिनिधि-प्रतिदाने प्रतिना २/२/७२

અ.અ.સૂ. : **यतः प्रतिनिधि-प्रतिदाने प्रतिना एक-द्वि-बहौ गौणात् नाम्नः पञ्चमी ।**

અર્થ : **પ્રતિનિધિ**=મુખ્ય વ્યક્તિ સદૃશ જેનું કાર્ય છે તે. **પ્રતિદાન**= એક વસ્તુ લઈ તેનાં બદલામાં બીજી વસ્તુ આપવી તે. પ્રતિનિધિ અને પ્રતિદાન જેનાથી થાય તદ્વાચી, પ્રતિથી યુક્ત ગૌણ નામથી પંચમી વિભક્તિ થાય છે.

સ. : **प्रतिनिधि-प्रतिदाने**→प्रतिनिधिश्च प्रतिदानं च इति प्रतिनिधि-प्रतिदानम्, तस्मिन्निति ।

ઉદા. (૧) **प्रद्युम्नो वासुदेवात् प्रति**→વાસુદેવને બદલે પ્રદ્યુમ્ન પ્રતિનિધિ છે.

★ આ ઉદા.માં પ્રદ્યુમ્ન તે વાસુદેવનો પ્રતિનિધિ છે. માટે પ્રતિથી યુક્ત વાસુદેવ રૂપ ગૌણ નામને આ સૂત્રથી પંચમી થઈ છે.

(૨) **तिलेभ्यः प्रति माषानस्मै प्रयच्छति→**તે તલનાં બદલે અડદ એને આપે છે.

★ આ ઉદા.માં તલને બદલે અડદ આપવા તે પ્રતિદાન છે. માટે પ્રતિથી યુક્ત તિલ રૂપ ગૌણ નામને આ સૂત્રથી પંચમી થઈ છે.

વિશેષતા :

અહીં પ્રદ્યુમ્નને વાસુદેવની સાથે સરખાવ્યાં છે. તેથી પ્રતિનિધિ અર્થમાં પ્રતિ સમાનદર્શક અવ્યય બનશે. માટે તુલ્યાર્થૈસ્તૃતીયા૦ ૨.૨.૧૧૬થી તૃતીયા અને ષષ્ઠીની પ્રાપ્તિ હતી તેનો બાધ કરવા આ સૂત્રનો નિર્દેશ છે. આમ, આ સૂત્ર તૃતીયા અને ષષ્ઠીનાં અપવાદ રૂપ છે.

आख्यातर्युपयोगे २/२/७७

અ.અ.સૂ. : आख्यातरि एक-द्वि-बहौ गौणात् नाम्नः पञ्चमी, उपयोगे ।

અર્થ : आख्यातृ=પ્રતિપાદન કરનાર. **उपयोग**=નિયમપૂર્વક વિદ્યા ગ્રહણ કરવી તે. આખ્યાતૃ વાચી ગૌણ નામથી પંચમી વિભક્તિ થાય છે. જો ઉપયોગ ગમ્યમાન હોય તો.

ઉદા. उपाध्यायादधीते/आगमयति→ઉપાધ્યાય પાસે નિયમપૂર્વક વિદ્યા ભણે છે/આગમને ગ્રહણ કરે છે.

★ આ ઉદા.માં નિયમપૂર્વક વિદ્યા ગ્રહણ કરવાનાં વિષયમાં આખ્યાતૃ એવા ઉપાધ્યાય રૂપ ગૌણ નામથી આ સૂત્ર દ્વારા પંચમી થઈ છે.

પ્ર.ઉદા. उपयोग इति किम् ? नटस्य शृणोति→તે નટને સાંભળે છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ નિયમપૂર્વક વિદ્યા ગ્રહણનો વિષય હોય ત્યાં જ થાય છે. જ્યારે અહીં ફક્ત મનોરંજન માટે સાંભળવાની ક્રિયા છે. તેથી આ સૂત્રથી પંચમી ન થતાં શેષે ૨.૨.૮૧થી ષષ્ઠી થઈ છે.

વિશેષતા :

જિ. : ઉપાધ્યાયાદધીતે વિ. પ્રયોગમાં ઉપાધ્યાય પાસેથી વિદ્યા ગ્રહણ થતી હોવાથી ઉપાધ્યાયને અપાદાન સંજ્ઞા થઈ શકે છે. તેથી, પञ्चम्य૦૨.૨.૬૯થી પંચમી સિદ્ધ જ હતી તો આ સૂત્રની રચના શા માટે કરી ?

સમા. : અહીં **सिद्धे सत्यारम्भो नियमार्थः ૧/૨૫** ન્યાયની પ્રવૃત્તિ થઈ છે. તે ન્યાયાનુસારે અહીં નિયમ થાય છે કે, જ્યારે નિયમપૂર્વક વિદ્યા ગ્રહણનો વિષય હશે ત્યારે જ આખ્યાતૃવાચી ગૌણ નામથી આ સૂત્ર દ્વારા પંચમી થશે. અન્યથા શેષે ૨.૨.૮૧થી ષષ્ઠી જ થશે. જેમકે, નટસ્ય શૃણોતિ ।

गम्ययपः कर्मा-ऽऽधारे ૨/૨/૭૪

અ.અ.સૂ. : **गम्ययपः कर्मा-ऽऽधारे एक-द्वि-बहौ गौणात् नाम्नः पञ्चमी ।**

અર્થ : પ્રયોગમાં નહીં વપરાએલાં પણ અર્થથી જણાતાં હોય તેવા यप् પ્રત્યયાન્ત પ્રકૃતિનાં કર્મ અને આધારમાં વર્ત્તતાં ગૌણ નામથી પંચમી વિભક્તિ થાય છે.

સ. : (૧) **गम्ययपः**→गम्यश्चासौ यप् च इति गम्ययप्, तस्येति ।
(૨) **कर्माधारे**→कर्म च आधारश्च इति कर्मा-ऽऽधारम्, तस्मिन्निति ।

ઉદા. (૧) **प्रासादात् प्रेक्षते**→મહેલ ઉપરથી(ચઢીને) જુએ છે.
(૨) **आसनात् प्रेक्षते**→આસન ઉપરથી(બેસીને) જુએ છે.

★ આ ઉદા.માં यप् પ્રત્યયાન્ત आरुह्य અને उपविश्य અર્થથી જણાય છે પણ પ્રયોગમાં દેખાતાં નથી તેથી તેનાં કર્મ અને આધારરૂપ અનુક્રમે પ્રાસાદ અને આસનને આ સૂત્રથી પંચમી થઈ છે.

પ્ર.ઉદા. **गम्यग्रहणं किम् ?**

(૧) **प्रासादमारुह्य शेते**→મહેલ ઉપર ચઢીને ઊંઘે છે.
(૨) **आसने उपविश्य भुङ्क्ते**→આસન ઉપર બેસીને ખાય છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ यप् પ્રત્યયાન્ત શબ્દ ગમ્ય હોય તો જ થાય છે. જ્યારે અહીં यप् પ્રત્યયાન્ત आरुह्य અને उपविश्यનો साक्षात् પ્રયોગ છે. તેથી તેનાં કર્મ અને આધારવાચી ગૌણ નામને આ સૂત્રથી પંચમી ન થતાં અનુક્રમે कर्मणि૨.૨.૪૦થી દ્વિતીયા અને सप्तम्यधि૦ ૨.૨.૯૫થી સપ્તમી થઈ છે.

વિશેષતા :

ગમ્યયપ્નાં કર્મ અને આધારમાં અનુક્રમે દ્વિતીયા અને સપ્તમીની પ્રાપ્તિ છે. માટે આ સૂત્ર દ્વિતીયા અને સપ્તમીનાં અપવાદરૂપ છે.

प्रभृत्यन्यार्थ-दिक्शब्द-बहिरारादितरैः २/२/७५

અ.અ.સૂ. : प्रभृत्यन्यार्थदिक्शब्दबहिरारादितरैः एक-द्वि-बहौ गौणात् नाम्नः पञ्चमी ।

અર્થ : પ્રભૃતિ અર્થ, અન્ય અર્થ, દિક્ શબ્દવાળા તથા બહિર્, આરાત્ અને ઇતરથી યુક્ત ગૌણ નામથી પંચમી વિભક્તિ થાય છે.

સ. : **प्रभृत्यन्यार्थ-दिक्शब्द-बहिरारादितरैः**→प्रभृतिश्च अन्यश्च इति प्रभृत्यन्यौ, प्रभृत्यन्यौ अर्थौ येषां ते इति प्रभृत्यन्यार्थाः, दिशि दृष्टाः शब्दाः इति दिक्शब्दाः, प्रभृत्यन्यार्थाश्च दिक्शब्दाश्च बहिश्च आराच्च इतरश्च इति प्रभृत्यन्यार्थदिक्शब्दबहिरादितराः, तैरिति ।

ઉદા. ★ **પ્રભૃતિ-અર્થક :**

(૧) **ततः प्रभृति**→ત્યારથી માંડીને.

(૨) **ग्रीष्मादारभ्य**→ગ્રીષ્મઋતુથી આરંભીને.

★ **અન્ય અર્થક :**

(૩) **अन्यो मैत्रात्**→મૈત્રથી અન્ય.

(૪) **भिन्नो मैत्रात्**→મૈત્રથી ભિન્ન.

★ **દિશાવાચી :**

(૫) **ग्रामात् पूर्वस्यां दिशि वसति**→તે ગામની પૂર્વદિશામાં રહે છે.

(૬) **उत्तरो विन्ध्यात् पारियात्रः**→પારિયાત્ર વિન્ધ્યાચલ પર્વતની ઉત્તર તરફ છે.

(૭) **पश्चिमो रामात् युधिष्ठिरः**→રામથી યુધિષ્ઠિર પાછળનાં છે.

(૮) **बहिर् : बहिः ग्रामात्**→ગામની બહાર.

(૯) **आरात् : आरात् ग्रामात्**→ગામથી નજીક.

(૧૦) **इतर : इतरो ग्रामात्**→ગામથી બીજું.

★ આ ઉદા.માં પ્રભૃતિ અર્થક શબ્દોથી યુક્ત તદ્ વિ. ગૌણ નામને આ સૂત્રથી પંચમી વિભક્તિ થઈ છે.

વિશેષતા :

(૧) પૂર્વ વિ. શબ્દો દિશા, કાળ અને દેશ અર્થમાં વપરાય છે. તેમાંથી માત્ર દિશાવાચી શબ્દોનું ગ્રહણ ન થઈ જાય તે માટે 'દિગર્થ' ન કહેતાં 'દિક્શબ્દ' પદનું ઉપાદાન કરેલ છે.

(૨) અહીં પણ ગમ્યનું ગ્રહણ હોવાથી 'દિક્શબ્દ'નાં વિષયમાં क्रोशाल्लक्ष्यं विध्यति વિ. ઉદા.માં પણ આ સૂત્રથી પંચમી થાય છે.

(૩) સૂત્રમાં બ.વ. માત્રાલાઘવ માટે છે.

જિ. : સૂત્રમાં અન્યાર્થક શબ્દનો નિર્દેશ કર્યો જ છે. તો પુનઃ અન્યાર્થક ઇતરનું ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : વસ્તુતઃ અન્ય અને ઇતરનાં અર્થમાં સૂક્ષ્મભેદ છે. બીજી કોઈપણ વિલક્ષણ પ્રકૃતિ જણાવવી હોય ત્યારે અન્ય શબ્દનો પ્રયોગ થાય છે. જેમકે, मैत्रात् अन्यः पटः । તથા, જ્યારે પ્રત્યક્ષ કોઈપણ બે પ્રકૃતિમાંથી એકને અન્ય સ્વરૂપે જણાવવું હોય ત્યારે ઇતર શબ્દનો પ્રયોગ થાય છે. જેમકે, चैत्रात् इतरो मैत्रः ।

ऋणाद्धेतोः ૨/૨/૭૬

અ.અ.સૂ. : हेतोः ऋणात् एक-द्वि-बहौ गौणात् नाम्नः पञ्चमी ।

અર્થ : હેતુભૂત ઋણવાચક ગૌણ નામથી પંચમી વિભક્તિ થાય છે.

ઉદા. शताद् बद्धः→૧૦૦નાં ઋણથી બંધાયેલ.

પ્ર.ઉદા. हेतोरिति किम् ? शतेन बद्धः→૧૦૦ વડે બંધાયેલ.

★ આ સૂત્રની પ્રવૃત્તિ હેતુરૂપ ગૌણ નામથી થાય છે. જ્યારે અહીં કરણની વિવક્ષામાં हेतु-कर्तृ०૨.૨.૪૪થી તૃતીયા થઈ છે. માટે આ સૂત્રથી પંચમી થઈ નહીં.

વિશેષતા :

જિ. : સૂત્રમાં હેતુભૂત નામનું ગ્રહણ કર્યું છે. જ્યારે દરેક કારક ક્રિયાનાં હેતુભૂત જ હોય છે. તો આ સૂત્ર દ્વારા કર્ત્તૃ વિ. કારકમાં વિદ્યમાન ઋણવાચી નામથી પણ પંચમી થશે ને ?

સમા. : ના, નહીં થાય. કારણ કે સામાન્યતયા તો દરેક કારક ક્રિયાનાં હેતુભૂત હોય જ છે. પરંતુ સ્વતંત્ર હેતુ તરીકેની વાચ્યતા દરેક કારકને નથી હોતી. ક્રિયાનાં અભાવમાં પણ માત્ર ફલ સાધનની યોગ્યતા દ્વારા હેતુ ઘટી શકે છે. પરંતુ કર્ત્તૃ વિ. કારક ક્રિયાનાં અભાવમાં સંભવી શકતાં નથી. આમ, હેતુ અને કર્ત્તા વિ. કારકમાં ભેદ છે. તેમ હેતુ-કર્તૃ૦૨.૨.૪૪ સૂત્રમાં પણ હેતુનું વિધાન કર્યું હોવા છતાં પણ કર્ત્તૃ અને કરણનું પૃથક્ વિધાન કર્યું હોવાથી કર્ત્તા વિ. સ્વતંત્ર હેતુ તરીકે થતાં નથી.

गुणादस्त्रियां नवा २/२/७७

અ.અ.સૂ. : **अस्त्रियां हेतोः गुणात् एक-द्वि-बहौ गौणात् नाम्नः पञ्चमी नवा ।**

અર્થ : સ્ત્રીલિંગ સિવાયનાં હેતુભૂત ગુણવાચક ગૌણ નામથી પંચમી વિભક્તિ વિકલ્પે થાય છે.

સ. : **अस्त्रियाम्**→न स्त्री इति अस्त्री, तस्यामिति ।

ઉદા. (૧) **जाड्यात्/जाड्येन बद्धः**→જડતાથી બંધાએલ.

★ આ ઉદા.માં जडस्य भावः આ અર્થમાં વર્ણ-દૃઢાદિ૦ ૭.૧.૫૯થી જડને ષ્ણ્ય પ્રત્યય લાગીને जाड्य ગુણવાચક થયેલ છે. તેથી આ સૂત્રથી હેતુભૂત સ્ત્રીલિંગ ન હોય તેવા

जाड्यने विकल्पे पंचमी थई छे. विकल्प पक्षमां हेतुनी विवक्षा होवाथी हेतु-कर्तृ०२.२.४४थी तृतीया थई छे.

(२) **ज्ञानात्/ज्ञानेन मुक्तः→**ज्ञानथी मुक्त.

★ आ उदा.मां हेतुभूत गुणवाची ज्ञानने आ सूत्रथी विकल्पे पंचमी थई छे. अने विकल्पपक्षमां हेतुनी विवक्षा होवाथी हेतु-कर्तृ०२.२.४४थी तृतीया थई छे.

विशेषता :

अहीं ध्यानमां लेवुं के, धूमादग्निः वि. प्रयोगमां धूम द्रव्यवाचक शब्द होवाथी आ सूत्र द्वारा पंचमी विभक्त्यन्तनी प्राप्ति हती पण धूमने जोईने अग्निनो बोध थाय छे. ते प्रमाणे गम्यमान यप् प्रत्ययान्त प्रकृतिनां कर्मने गम्ययपः०२.२.७४थी पंचमी थई छे. तेमज, जो धूमनां ज्ञान वडे अग्नि. ए प्रमाणे ज्ञापक हेतु तरीके विवक्षा लईए तो हेतु-कर्तृ०२.२.४४थी धूमेनाग्निः ए प्रमाणे हेतु अर्थमां तृतीया थाय छे.

आरादर्थैः २/२/७८

अ.अ.सू. : आरादर्थैः एक-द्वि-बहौ गौणात् नाम्नः पञ्चमी नवा ।

अर्थ : आरात् (दूर, नजीक) अर्थवाळांथी युक्त गौण नामथी पंचमी विभक्ति विकल्पे थाय छे.

स. : **आरादर्थैः→**आरादर्थो येषां ते आरादर्थाः, तैरिति ।

उदा. (१) **दूरं ग्रामात्/ग्रामस्य→**
(२) **विप्रकृष्टं ग्रामात्/ग्रामस्य→** } ગામથી દૂર.

(૩) **अन्तिकं ग्रामात्/ग्रामस्य→**
(४) **अभ्यासं ग्रामात्/ग्रामस्य→** } ગામથી નજીક.

વિશેષતા :

જિ. : આ સૂત્રમાં આરાત્ અર્થવાળાં નામને ઉપપદ તરીકે ગ્રહણ કરવામાં આવ્યું છે. તો પ્રભૃત્યન્યાર્થ૦૨.૨.૭૫ સૂત્રમાં 'આરાત્'નું ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : આ સૂત્ર વિકલ્પ સૂત્ર છે. અને પ્રભૃત્યન્યાર્થ:૦૨.૨.૭૫ નિત્ય સૂત્ર છે. તેથી, પ્રભૃત્યન્યાર્થ:૦૨.૨.૭૫ સૂત્રમાં 'આરાત્'નું ગ્રહણ કરીને ગ્રંથકારશ્રીએ જણાવ્યું છે કે, 'આરાત્' અર્થનાં યોગમાં આ સૂત્રથી વિકલ્પે પંચમી કરવી. પણ સાક્ષાત્ આરાત્નાં યોગમાં તો પ્રભૃત્યન્યાર્થ:૦૨.૨.૭૫થી નિત્ય પંચમી જ કરવી.

જિ. : દૂરં હિતં ગ્રામસ્ય (ગામથી દૂર હિતકારી) આ પ્રયોગમાં ગ્રામ પદનો દૂર અને હિત બન્નેની સાથે યોગ છે. માટે હિત-સુખાભ્યામ્ ૨.૨.૬૫થી ચતુર્થીની અને આ સૂત્ર દ્વારા પંચમી/ષષ્ઠીની પણ પ્રાપ્તિ છે. અને બન્ને વિકલ્પ સૂત્ર હોવાથી એકબીજાનો બાધ કરતાં નથી. ત્યારે શું ગ્રામને ચતુર્થી, પંચમી અને ષષ્ઠી ત્રણે વિભક્તિ થશે ?

સમા. : ખરેખર તો બે શબ્દો વાક્યમાં હોવા છતાં પણ ગૌણ નામની સાથે બન્નેનો એક સાથે સાક્ષાત્ યોગ સંભવતો નથી. તેથી પ્રધાનતયા જેની સાથે યોગ હોય તે શબ્દ વિષયક સૂત્ર પ્રવૃત્તિ કરવી. જેમકે, ગ્રામસ્ય હિતં/દૂરમ્ આ વાક્યનો અર્થ જ્યારે 'ગામથી દૂર હિતકારી' આવો કરવામાં આવે ત્યારે ગ્રામ રૂપ ગૌણ નામનો પ્રધાન યોગ આરાદર્થ શબ્દની સાથે હોવાથી આ સૂત્ર દ્વારા વિકલ્પે પંચમી થઈ ગ્રામાત્/ગ્રામસ્ય હિતં દૂરમ્ આવો પ્રયોગ થશે. તથા, જ્યારે 'ગામનો હિતકારી દૂર છે.' એવો અર્થ કરવામાં આવે ત્યારે ગ્રામ રૂપ ગૌણ નામનો પ્રધાન યોગ હિત શબ્દ સાથે

હોવાથી हित-सुखा०२.२.६५ સૂત્ર દ્વારા વિકલ્પે ચતુર્થી થઈ ग्रामाय/ग्रामस्य हितं दूरम् આવો પ્રયોગ થશે.

स्तोका-ऽल्प-कृच्छ्र-कतिपयादसत्त्वे करणे २/२/७९

અ.અ.સૂ. : असत्त्वे करणे स्तोकाल्पकृच्छ्रकतिपयात् एक-द्वि-बहौ गौणात् नाम्नः पञ्चमी नवा ।

અર્થ : असत्त्व=જે શબ્દ વડે દ્રવ્યને વિશે પ્રવૃત્તિ થાય તે સત્ત્વ. સત્ત્વ સિવાયનું જે હોય તે. અસત્ત્વરૂપ કરણમાં વર્ત્તતાં સ્તોક, અલ્પ, કૃચ્છ્ર અને કતિપયથી યુક્ત ગૌણ નામથી પંચમી વિભક્તિ વિકલ્પે થાય છે.

સ. : (૧) स्तोकाल्पकृच्छ्रकतिपयात्→स्तोकं च अल्पं च कृच्छ्रं च कतिपयश्च इति स्तोकाल्पकृच्छ्रकतिपयः, तस्मादिति ।

(૨) **असत्त्वे**→न सत्त्वमिति असत्त्वम्, तस्मिन्निति ।

ઉદા. (૧) स्तोकात्/स्तोकेन मुक्तः→થોડા વડે મૂકાયેલ.

(૨) **अल्पात्/अल्पेन मुक्तः**→અલ્પ વડે મૂકાયેલ.

(૩) **कृच्छ्रात्/कृच्छ्रेण मुक्तः**→સંકટ વડે મૂકાયેલ.

(૪) **कतिपयात्/कतिपयेन मुक्तः**→કેટલાંક વડે મૂકાયેલ.

★ આ ઉદા.માં અસત્ત્વરૂપ કરણવાચી સ્તોક વિ.ને આ સૂત્ર દ્વારા વિકલ્પે પંચમી થઈ છે. અને વિકલ્પપક્ષમાં કરણ હોવાથી હેતુ-कर्तृ०२.२.४४थी तृतीया थઈ છે.

પ્ર.ઉદા. असत्त्व इति किम् ? स्तोकेन विषेण हतः→થોડાં વિષ વડે હણાયો.

★ આ સૂત્રની પ્રવૃત્તિ અસત્ત્વરૂપ કરણથી જ થાય છે. જ્યારે અહીં સત્ત્વવાચી વિષ રૂપ કરણ છે. માટે આ સૂત્રની પ્રવૃત્તિ ન થતાં કરણ હોવાથી હેતુ-कर्तृ०२.२.४४थी तृतीया થઈ છે.

પંચમી વિભક્તિનું સારાંશ કોષ્ટક

सूत्र	ઉપપદ/નિમિત્ત	કયા નામને	વિકલ્પે/ નિત્ય	કોનો અપવાદ	ઉદાહરણ
पञ्चम्य०६९	–	અપાદાનવાચી	નિત્ય	ષષ્ઠી	**वृक्षात्** पर्णं पतति ।
आङऽवधौ ७०	મર્યાદા, અભિવિધિ અર્થક आङ् અવ્યય	–	નિત્ય	ષષ્ઠી	आ **पाटलिपुत्राद्** वृष्टो मेघः ।
पर्यपाभ्यां०७१	વર્જ્ય અર્થક પરિ, અપ	–	નિત્ય	ષષ્ઠી	परि **पाटलिपुत्राद्** वृष्टो मेघः ।
यतः प्रति०७२	પ્રતિ	પ્રતિનિધિ-પ્રતિદાનવાચી	નિત્ય	ષષ્ઠી	પ્રદ્યુમ્નો **वासुदेवात्** प्रति ।
आख्यातर्यु०७३	ઉપયોગ વિષય	આખ્યાતૃવાચી	નિત્ય	ષષ્ઠી	**उपाध्यायादधी**ते ।
गम्ययपः०७४	ગમ્ય એવા यप् પ્રત્યયાન્ત	કર્મ-આધારવાચી	નિત્ય	દ્વિતીયા/ સપ્તમી	**प्रासादात्** प्रेक्षते ।
प्रभृत्यान्य०७५	પ્રભૃતિ, અન્ય અર્થક, દિક્શબ્દ, બહિર્, આરાત્, ઇતર	–	નિત્ય	ષષ્ઠી	**ततः** प्रभृति ।
ऋणाद्धेतोः ७६	ઋણ અર્થક	હેતુવાચી	નિત્ય	તૃતીયા(વિક.)	**शताद्** बद्धः ।
गुणादस्त्रि०७७	સ્ત્રીલિંગ સિવાયનાં ગુણ અર્થક	હેતુવાચી	વિકલ્પે	તૃતીયા(વિક.)	**जाड्यात्/जाड्येन** बद्धः ।

સૂત્ર	ઉપપદ/નિમિત્ત	કયા નામને	વિકલ્પે/ નિત્ય	કોનો અપવાદ	ઉદાહરણ
आरादर्थैः ७८	દૂર, નજીક અર્થક	–	વિકલ્પે	ષષ્ઠી(વિક.)	**ग्रामात्/ग्रामस्य** दूरम्।
स्तोकाल्प०७९	અસત્ત્વરૂપ	કરણવાચી	વિકલ્પે	તૃતીયા(વિક.)	**स्तोकात्/स्तोकेन** मुक्तः।
क्रियामध्ये०११०	બે ક્રિયાની મધ્ય રહેલ	માર્ગ-કાળવાચી	નિત્ય	ષષ્ઠી/સપ્તમી	**क्रोशात् लक्ष्यं** विध्यति।
अधिकेनभू०१११	અલ્પ પ્રમાણવાચી અધિક	ભૂયોવાચી	નિત્ય	ષષ્ઠી	अधिको द्रोणः **खार्याः**।
पृथग् नाना०११३	पृथग्, नाना	–	નિત્ય	ષષ્ઠી	पृथग् **मैत्रात्**
ऋते द्वितीया०११४	ऋते	–	નિત્ય	ષષ્ઠી	धर्मादृते **कुतः** सुखम्।
विना ते०११५	विना	–	નિત્ય	ષષ્ઠી	विना **वाताद्**।
हेत्वर्थै०११८	હેતુઅર્થક	–	નિત્ય	તૃતીયા	**धनाद् हेतोः** वसति।
सर्वादेः सर्वाः११९	હેતુઅર્થક सर्व वि.	–	નિત્ય	તૃતીયા	**कस्मात् हेतोः** याति।

★ ષષ્ઠી વિભક્તિ : ૨.૨.૮૦ થી ૨.૨.૯૪

अज्ञाने ज्ञः षष्ठी २/२/८०

અ.અ.સૂ. : अज्ञाने ज्ञः करणे एक-द्वि-बहौ गौणात् नाम्नः षष्ठी ।

અર્થ : જ્ઞાન સિવાયનાં અર્થવાળાં જ્ઞા ધાતુનાં કરણવાચી એ.વ., દ્વિ.વ. અને બ.વ.માં વર્ત્તતાં ગૌણ નામથી અનુક્રમે ઙસ્, ઓસ્ અને આમ્ સ્વરૂપ ષષ્ઠી વિભક્તિ નિત્ય થાય છે.

ઉદા. (જ્ઞાંશ્ અવબોધને-૧૫૪૦)

सर्पिषः/सर्पिषोः/सर्पिषां जानीते→ઘી વડે પ્રવૃત્તિ કરે છે.

★ આ ઉદા.માં જ્ઞા ધાતુ જ્ઞાન સિવાય=પ્રવૃત્તિ અર્થમાં વર્ત્તે છે. માટે આ સૂત્રથી તેનાં કરણવાચી ગૌણ નામ સર્પિષ્ને ષષ્ઠી થઈ છે.

પ્ર.ઉદા. (૧) **अज्ञान इति किम् ? स्वरेण पुत्रं जानाति→**સ્વરથી પુત્રને જાણે છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ જ્ઞાન સિવાયનાં અર્થવાળાં જ્ઞા ધાતુનાં વિષયમાં જ થાય છે. જ્યારે અહીં જ્ઞાન અર્થક જ્ઞા ધાતુ હોવાથી તેનાં કરણવાચી સ્વરને આ સૂત્રથી ષષ્ઠી ન થતાં (કરણ હોવાથી) હેતુ-કર્તૃ૦૨.૨.૪૪થી તૃતીયા થઈ છે.

(૨) **करण इत्येव→तैलं सर्पिषो जानाति→**તેલને ઘી તરીકે જાણે છે.

★ આ સૂત્રથી કરણવાચી નામને જ ષષ્ઠી થાય છે. જ્યારે અહીં તૈલ કરણવાચી નામ નથી પણ કર્મવાચી હોવાથી કર્મણિ ૨.૨.૪૦થી દ્વિતીયા થઈ છે.

વિશેષતા :

(૧) ષષ્ઠીનો નવો અધિકાર આવ્યો તેથી પૂર્વસૂત્રથી ચાલતી નવાની અનુવૃત્તિ અટકી ગઈ.

(૨) અહીં 'અજ્ઞાન'નો અર્થ જ્ઞાન સિવાયની ક્રિયાની સાથે મિથ્યાજ્ઞાન સ્વરૂપ બોધન ક્રિયા પણ જાણવી. કારણ કે મિથ્યાજ્ઞાન પણ અજ્ઞાન જ કહેવાય છે. તેથી સર્પિષો જાનીતે નો અર્થ (જે ઘી નથી તેવા પ્રાણી વિ. દ્રવ્યને) ઘી વચન વડે સ્વીકારે છે. આવો પણ થાય છે.

જિ. : સૂત્રમાં અજ્ઞાન અર્થમાં રહેલ જ્ઞા-જા ધાતુનું ગ્રહણ કર્યું છે. પણ જ્ઞાન શબ્દ પોતે જ જ્ઞા ધાતુથી નિષ્પન્ન છે. તેથી અજ્ઞાન અર્થમાં જ્ઞા ધાતુ કેવી રીતે સંભવી શકે ?

સમા. : જ્ઞા ધાતુથી નિષ્પન્ન જ્ઞાન શબ્દનો અર્થ અવબોધ અર્થાત્ નિશ્ચય પૂર્વકનું જ્ઞાન એવો રૂઢ થયેલો છે. પરંતુ વાસ્તવિક દૃષ્ટિએ તો **धातवोऽनेकार्थाः** ૨/૪૩ ન્યાયાનુસારે કોઈપણ ધાતુનાં રૂઢ અર્થ સિવાયનાં અનેક બીજા અર્થ પણ વિદ્યમાન હોય છે. તેમ અહીં પણ સમજવું.

शेषे ૨/૨/૮૧

અ.અ.સૂ. : शेषे एक-द्वि-बहौ गौणात् नाम्नः षष्ठी ।

અર્થ : **શેષ**=કર્મ વિ.થી અન્ય તથા તેની અવિવક્ષા સ્વરૂપ સ્વ-સ્વામીભાવાદિ સંબંધ વિશેષ તે. શેષ એવા ગૌણ નામથી ષષ્ઠી વિભક્તિ થાય છે.

ઉદા. (૧) **राज्ञः पुरुषः**→રાજાનો પુરૂષ.
(૨) **उपगोरपत्यम्**→ગોવાળનું સંતાન.

★ આ ઉદા.માં રાજન્ અને પુરુષ વચ્ચે સ્વ-સ્વામીભાવ સંબંધ તેમજ, ઉપગુ અને અપત્ય વચ્ચે જન્ય-જનકભાવ સંબંધ છે. તેથી સંબંધવાચી રાજન્ અને ઉપગુ નામને આ સૂત્રથી ષષ્ઠી થાય છે.

(૩) **न माषाणामश्नीयात्**→અડદ ખાવા ન જોઈએ.

★ આ ઉદા.માં માષ કર્મ છે. પરંતુ **विवक्षातः कारकाणि** **૧/૧૧** ન્યાયાનુસારે અહીં તેની વિવક્ષા ન હોવાથી વિશેષણ-વિશેષ્ય ભાવ રૂપ સંબંધમાં ગૌણ નામ માષને આ સૂત્રથી ષષ્ઠી થઈ છે.

વિશેષતા :

(૧) અહીં નોંધનીય છે કે, नाम्नः प्रथमैक०२.२.૩૧ સૂત્રથી કર્મ વિ.થી અન્ય સર્વ ગૌણ અને મુખ્ય નામને પ્રથમાની પ્રાપ્તિ છે. પરંતુ હવે આ સૂત્ર દ્વારા ગૌણ નામને જ ષષ્ઠીનો નિર્દેશ કરાય છે. તેથી આ પ્રથમાનાં અપવાદ સ્વરૂપ છે.

(૨) આ સૂત્રમાં સંબંધની પ્રધાનતા છે. અહીં ઉદા. સહિત સંબંધનાં કેટલાંક પ્રકારો દર્શાવ્યાં છે.

(a) સ્વ-સ્વામીભાવ : राज्ञः पुरुषः→રાજાનો પુરુષ.

(b) જન્ય જનક : उपगोः अपत्यम्→ગોવાળનું સંતાન.

(c) અવયવ-અવયવી : पशोः पादः→પ્રાણીનાં પગ

(d) આધાર-આધેય : वृक्षस्य शाखा→વૃક્ષની ડાળી.

(e) પ્રકૃતિ-વિકાર : क्षीरस्य विकारः→ખીરનો વિકાર.

(f) સમૂહ-સમૂહી : गवां समूहः→ગાયોનો સમૂહ.

(g) સમીપ-સમીપી : कुम्भस्य समीपम्→ઘડાની નજીક.

(h) પાल्य-પાલક : पृथिव्याः स्वामीति→પૃથ્વીનો રાજા.

(i) આશી-અશન : न माषाणामश्नीयात्→અડદ ન ખાવા જોઈએ.

(j) શિક્ષણીય-શિક્ષણ : सुभाषितस्य शिक्षते→સુભાષિતોને શીખવું.

(k) જ્ઞાન-જ્ઞેય : न ते सुखस्य जानते→તે તારા સુખને જાણતો નથી.

(l) લક્ષ્ય-લક્ષણ : अन्नस्य नो देहि→અન્નને અમને આપો.

(m) દેવન-દ્યૂત : अक्षाणां दीव्यति→અક્ષોને રમે છે.

(n) દાન-દાની : घ्नतः पृष्ठं ददाति→હણનારને પીઠ આપે છે.

(o) શ્રવણ-શ્રવણાવધિ : नटस्य शृणोति→નટડાને સાંભળે છે.

(p) પતન-પતનાવધિ : वृक्षस्य पर्णः पतति→વૃક્ષનાં પાંદડા પડે છે.

(q) વિભાષ્ય-વિભાષણા : महतां विभाषते→સજ્જનોનું બોલે છે.

જિ. : સંબંધ હંમેશાં બેમાં રહે છે. તેથી, राज्ञः पुरुषः વિ. ઉદા.માં જેમ રાજાનો પુરૂષ સાથે સંબંધ છે. તેમ પુરૂષનો પણ રાજા સાથે સંબંધ છે. તો આ સૂત્ર દ્વારા પુરૂષને ષષ્ઠી વિભક્તિ શા માટે ન કરી ?

સમા. : राज्ञः पुरुषः વિ. ઉદા.માં अस्ति વિ. અધ્યાહારથી ગ્રહણ કરીને તેની અપેક્ષાએ પુરુષ મુખ્ય નામ છે. અને राजन् ગૌણ નામ છે. તેમજ, સૂત્રમાં સ્પષ્ટપણે ગૌણ નામથી પ્રવૃત્તિ કરવાનો નિર્દેશ છે. તેથી માત્ર राजन्ने જ ષષ્ઠી વિભક્તિ થશે.

જિ. : राज्ञः पुरुषस्य कम्बलः આ પ્રયોગમાં પુરુષ પ્રધાન હોવા છતાં ષષ્ઠી કેમ કરી ?

સમા. : અહીં પુરુષ राजन्ની અપેક્ષાએ પ્રધાન નામ છે. પણ કમ્બલની અપેક્ષાએ ગૌણ નામ છે. માટે પુરુષને ષષ્ઠી કરેલ છે.

रि-रिष्टात्-स्तादसतसाता २/२/८२

अ.अ.सू. : रिरिष्टात्स्तादस्तादसतसाता एक-द्वि-बहौ गौणात् नाम्नः षष्ठी ।

अर्थ : रि, रिष्टात्, स्तात्, अस्तात्, अस्, अतस् अने आत् प्रत्ययान्त शब्दथी युक्त गौण नामथी षष्ठी विभक्ति थाय छे.

स. : **रिरिष्टात्स्तादस्तादसतसाता→**रिश्च रिष्टाच्च स्ताच्च अस्ताच्च अस् च अतस् च आत् च इति रिरिष्टात्स्तादस्तादसतसात्, तेनेति ।

उदा. (१) **उपरि/उपरिष्टात् ग्रामस्य→**गामनी उपर.

★ आ उदा.मां उर्ध्वाद्-रि०७.२.११४थी उर्ध्वथी रि अने रिष्टात् प्रत्यय लागीने उपरि, उपरिष्टात् बनेल छे. तेथी तेनाथी युक्त गौण नाम ग्रामने आ सूत्रथी षष्ठी थई छे.

(२) **परस्तात् ग्रामस्य→**गामनी बहार.

★ आ उदा.मां पराऽवरात् ७.२.११६थी स्तात् लागीने परस्तात् बनेल छे. तेथी तेनाथी युक्त गौण नाम ग्रामने आ सूत्रथी षष्ठी थई छे.

(३) **पुरः/पुरस्तात् ग्रामस्य→**गामनी आगळ.

★ आ उदा.मां पूर्वाऽपरा०७.२.११५थी पूर्वने अस् अने अस्तात् लागीने पुरस् अने पुरस्तात् बनेल छे. तेथी तेनाथी युक्त गौण नाम ग्रामने आ सूत्रथी षष्ठी थई छे.

(४) **दक्षिणतः ग्रामस्य→**गामनी दक्षिणमां.

★ आ उदा.मां दक्षिणोत्तरा०७.२.११७थी दक्षिणने अतस् लागीने दक्षिणतस् बनेल छे. तेथी तेनाथी युक्त गौण नाम ग्रामने आ सूत्रथी षष्ठी थई छे.

(૫) **उतराद् ग्रामस्य**→ગામની ઉત્તરમાં.

★ આ ઉદા.માં અધરાऽપરા०७.૨.૧૧૮થી ઉત્તરને આત્ પ્રત્યય લાગીને ઉતરાત્ બનેલ છે. તેથી તેનાથી યુક્ત ગૌણ નામ ગ્રામને ષષ્ઠી થઈ છે.

વિશેષતા :

રિ વિ. આ સૂત્રમાં બતાવેલાં પ્રત્યયો દિશાવાચક શબ્દોથી જ થાય છે. તેથી તે પ્રત્યયાન્તવાળા નામો દિક્શબ્દ અર્થવાળાં છે. માટે ગૌણ નામથી ષષ્ઠીનો બાધ કરીને પ્રભૃત્યન્યાર્થ०૨.૨.૭૫થી પંચમી થવાની હતી. પણ આ સૂત્ર દ્વારા તેનો બાધ કરી પુનઃ ષષ્ઠીનો નિર્દેશ કર્યો છે, માટે આ પંચમીનું અપવાદ સૂત્ર છે.

कर्मणि कृतः ૨/૨/૮૩

અ.અ.સૂ. : कृतः कर्मणि एक-द्वि-बहौ गौणात् नाम्नः षष्ठी ।

અર્થ : કૃત્ પ્રત્યયાન્ત ધાતુનાં કર્મવાચી ગૌણ નામથી ષષ્ઠી વિભક્તિ થાય છે.

ઉદા. (૧) **अपां स्त्रष्टा**→પાણીને સર્જનાર.

(૨) **गवां दोहः**→ગાયોનું દોહવું તે.

★ આ તુમો०૫.૧.૧ સૂત્રથી આરંભીને થતાં પ્રત્યયોને કૃત્ સંજ્ઞા થાય છે. તેથી અહીં णक-तृचौ ૫.૧.૪૮થી तृच् લાગીને બનેલ स्रष्टृ તેમજ, भावाऽकर्त्रो ૫.૩.૧૮થી घञ् લાગીને બનેલ दोह કૃદન્ત છે. માટે તેનાં કર્મ अप् અને गो ને આ સૂત્રથી ષષ્ઠી થઈ છે.

પ્ર.ઉદા. (૧) **कर्मणीति किम् ?**

(A) **शस्त्रेण भेत्ता**→શસ્ત્ર વડે ભેદનાર.

(B) **स्तोकं पक्ता**→થોડું રાંધનાર.

★ આ સૂત્રની પ્રવૃત્તિ કર્મવાચી ગૌણ નામથી જ થાય છે. જ્યારે અહીં શસ્ત્ર તે ભેત્તાનું કરણ અને સ્તોક તે પક્તાનું વિશેષણ (ક્રિયાવિશેષણ) છે. માટે આ સૂત્રથી ષષ્ઠી ન થતાં અનુક્રમે હેતુ-કર્તૃ૦૨.૨.૪૪થી તૃતીયા અને ક્રિયાવિશેષણાત્૦ ૨.૨.૪૧થી દ્વિતીયા થઈ છે.

(૨) **कृत इति किम् ? भुक्तपूर्वी ओदनम्→**ભાતને પહેલાં ખાનાર.

★ આ સૂત્રથી કૃદંતનાં જ કર્મને ષષ્ઠી થાય છે. જ્યારે અહીં भुक्तः पूर्वमनेन આ અર્થમાં पूर्वमनेन૦૭.૧.૧૬૭થી इन् પ્રત્યય થયો છે, જે તદ્ધિતનો છે. કૃત્ નહીં માટે આ સૂત્રથી તેનાં કર્મ ઓદનને ષષ્ઠી ન થતાં कर्मणि ૨.૨.૪૦થી દ્વિતીયા થઈ છે.

વિશેષતા :

જિ. : અહીં કર્મથી ષષ્ઠી વિભક્તિનું વિધાન કર્યું છે. પરંતુ કર્મકારક ક્રિયાપદ વિના હોતું જ નથી. અને ક્રિયાપદ કૃત્ અને ત્યાદિ એમ બે પ્રત્યયોથી જ નિષ્પન્ન થાય છે. પૂર્વે ત્યાદ્યન્તનાં વિષયમાં કર્મને દ્વિતીયાનું વિધાન કરેલું હોવાથી અહીં પારિશેષ્ય ન્યાયથી કૃત્ પ્રત્યયનું ગ્રહણ થવાનું હતું. તો પણ સૂત્રમાં 'कृतः'નું ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : જો સૂત્રમાં 'कृतः'નું ગ્રહણ ન કર્યું હોય તો તદ્ધિત પ્રયોગનાં કર્મને પણ આ સૂત્રથી ષષ્ઠી થવાની આપત્તિ આવે. (જેમકે, कृतपूर्वी कटम् પ્રયોગમાં कं कृतपूर्वी એ પ્રશ્નનાં જવાબમાં कटं कृतपूर्वी એવો જવાબ મળતાં कट

કર્મ સ્વરૂપે છે.) તેનું વારણ કરવા માટે જ અહીં 'कृतः'નું ગ્રહણ કરેલું છે.

द्विषो वाऽतृशः २/२/८४

અ.અ.સૂ. : द्विषः(धातोः) अतृशः कृतः कर्मणि एक-द्वि-बहौ गौणात् नाम्नः षष्ठी वा ।

અર્થ : અતૃશ્ અન્તવાળાં દ્વિષ્ ધાતુનાં કર્મથી ષષ્ઠી વિભક્તિ વિકલ્પે થાય છે.

ઉદા. (द्विषींक् अप्रीतौ-११२६)

चौरस्य/चौरं द्विषन्→ચોરનો દ્વેષ કરનાર.

★ આ ઉદા.માં सुग्द्विषा०५.२.२६થી અતૃશ્ પ્રત્યય લાગીને द्विषन् કૃદંત બનેલ છે. તેથી તેનાં કર્મવાચી ગૌણ નામને આ સૂત્રથી વિકલ્પે ષષ્ઠી થઈ છે. અને વિકલ્પ પક્ષમાં कर्मणि २.२.४०થી દ્વિતીયા થઈ છે.

વિશેષતા :

(૧) અહીં કર્મવાચી ગૌણ નામથી कर्मणि कृतः २.२.८૩થી ષષ્ઠીની પ્રાપ્તિ હતી તેનો तृन्नुदन्ता०२.२.९०થી બાધ થવાનો હતો પણ આ સૂત્ર દ્વારા तृन्नुदन्ता०२.२.९०નો બાધ કરીને પુનઃ વિકલ્પે ષષ્ઠીનો નિર્દેશ કર્યો છે. તેથી આ સૂત્ર तृन्नुदन्ता० २.२.९०નું વિકલ્પ સૂત્ર છે.

(૨) અહીં પાણિની વિ. કેટલાંક વ્યાકરણકારો આ સૂત્રનો નિર્દેશ કરતાં નથી. પણ વિવક્ષાનાં વશથી જ ષષ્ઠી અને ષષ્ઠીનાં અભાવમાં દ્વિતીયાનું વિધાન કરે છે.

वैकत्र द्वयोः २/२/८५

अ.अ.सू. : कृतः द्वयोः एकत्र कर्मणि एक-द्वि-बहौ गौणात् नाम्नः षष्ठी वा ।

अर्थ : कृत् प्रत्ययान्त द्विकर्मक धातु होते छते बे कर्मोमांथी कोईपण एक कर्मथी षष्ठी विभक्ति विकल्पे थाय छे. अने जे कर्मथी विकल्पे षष्ठी थाय छे ते सिवायनां कर्मने कर्मणि कृतः २.२.८उथी नित्य षष्ठी थाय छे.

उदा. अजायाः स्रुघ्नं/स्रुघ्नस्य नेता/ अजां/अजायाः नेता स्रुघ्नस्य→ } स्रुघ्न देश तरफ बकरीने लई जनारो.

★ आ उदा.मां द्विकर्मक नी धातुनां बे कर्म अजा अने स्रुघ्नने वाराफरती आ सूत्रथी विकल्पे षष्ठी थई छे. अने ते सिवायनां बीजा कर्मने कर्मणि कृतः २.२.८उथी नित्य षष्ठी थई छे.

विशेषता :

वार्त्तिकाकार वि. केटलांक व्याकरणकारो नी, वह् वि. चार धातुओनां गौण कर्मथी अने दुहादि धातुओनां प्रधान कर्मथी ज विकल्पे षष्ठी ईच्छे छे.

तो शाकटायन वि. व्याकरणकारो बन्ने पण कर्मथी नित्य षष्ठी करे छे.

जि. : पूर्वसूत्रथी 'कृतः' એ प्रमाणे षष्ठ्यन्तनी अनुवृत्ति आवी रही छे. अने आ सूत्रमां 'द्वयोः' એ प्रमाणे षष्ठ्यन्त पद दर्शाव्युं छे. तो बन्नेनुं विशेषण-विशेष्य तरीके ग्रहण शा माटे कर्युं ?

સમા. : જો એ રીતે ગ્રહણ કરવામાં આવે તો સૂત્રનો અર્થ એ પ્રમાણે થાય છે કે, 'બે કૃદંતનાં એક કર્મને વિકલ્પે ષષ્ઠી થાય.' અને એ પ્રમાણે તો अपां स्रष्टा भेत्ता च मैत्रः એવા પ્રયોગોમાં જ આ સૂત્રની પ્રવૃત્તિ થશે. જે ગ્રંથકારશ્રીને ઈષ્ટ નથી. કારણ કે તેમ કરવાથી જે વાક્યમાં એક જ કૃદંત હોય તે વાક્યમાં નિત્ય અને જે વાક્યમાં બે કૃદંત હોય તે વાક્યમાં કર્મને વિકલ્પે ષષ્ઠી થશે. આવો અનિષ્ટ અર્થ પ્રાપ્ત થશે. તેનું વારણ કરવા માટે અહીં द्वयोः પદ कृतःનું નહીં પણ કર્મનું વિશેષણ જાણવું.

જિ. : સૂત્રમાં 'एकत्र'નું ગ્રહણ કર્યું છે. જેનો અર્થ બેમાંથી એક એવો જ થાય છે. તો શા માટે 'द्वयोः'નું પણ ગ્રહણ કર્યું ?

સમા. : વસ્તુતઃ અહીં કૃદંતનાં બે માંથી કોઈપણ એક કર્મને ષષ્ઠી કરવી એટલો જ અર્થ ઈષ્ટ નથી પણ કૃદંતનાં બંને કર્મને વારાફરતી વિકલ્પે ષષ્ઠી કરવી એવો અર્થ ઈષ્ટ છે. જો માત્ર 'एकत्र' પદનું જ ગ્રહણ કરવામાં આવે તો **गौण-मुख्ययोः मुख्ये कार्ये संप्रत्ययः ૧/૨૨** ન્યાયાનુસારે પ્રધાન કર્મથી જ વિકલ્પે ષષ્ઠી થવાની આપત્તિ આવશે. તેનું વારણ કરવા માટે અહીં 'द्वयोः' પદનું ગ્રહણ કરેલ છે.

कर्त्तरि ૨/૨/૮૬

અ.અ.સૂ. : कृतः कर्त्तरि एक-द्वि-बहौ गौणात् नाम्नः षष्ठी ।

અર્થ : કૃત્ પ્રત્યયાન્ત ધાતુનાં કર્તૃવાચી ગૌણ નામથી ષષ્ઠી વિભક્તિ થાય છે.

ઉદા. **भवत आसिका→**આપનો બેસવાનો વારો.

★ આ ઉદા.માં आसितुं पर्यायः અર્થમાં पर्याया०५.३.१२०થી आस् ધાતુને णक લાગીને आसिका બનેલ છે. તેથી તેનાં કર્તૃવાચી ગૌણ નામ भवत्ને આ સૂત્રથી ષષ્ઠી થઈ છે.

પ્ર.ઉદા. **कर्त्तरीति किम् ? गृहे शायिका→**ઘરને વિશે ઊંઘવાનો વારો.

★ આ સૂત્રની પ્રવૃત્તિ કર્તૃવાચી ગૌણ નામથી થાય છે. જ્યારે અહીં અધિકરણવાચી નામ છે. માટે આ સૂત્રથી ષષ્ઠી ન થતાં सप्तम्य०२.२.९५થી સપ્તમી થઈ છે.

द्विहेतोरस्त्र्यणकस्य वा २/२/८७

અ.અ.સૂ. : द्विहेतोः अस्त्र्यणकस्य कृतः कर्त्तरि एक-द्वि-बहौ गौणात् नाम्नः षष्ठी वा ।

અર્થ : સ્ત્રી. અધિકારમાં કહેવાયેલાં અ અને णक પ્રત્યયાન્ત સિવાયનાં, કર્ત્તા અને કર્મની ષષ્ઠીનાં હેતુભૂત કૃદંતનાં કર્ત્તાવાચી ગૌણ નામથી ષષ્ઠી વિભક્તિ વિકલ્પે થાય છે.

સ. : (૧) द्विहेतोः→द्वयोः हेतुः यस्य स इति द्विहेतुः, तस्येति ।

(૨) **अस्त्र्यणकस्य→**अश्च णकश्च इति अणकम्, स्त्रियामणकमिति स्त्र्यणकम्, न स्त्र्यणकमिति अस्त्र्यणकम्, तस्येति ।

ઉદા. **विचित्रा सूत्राणां कृतिराचार्यस्य/आचार्येण→**આચાર્ય ભગવંતની સૂત્રોની રચના આશ્ચર્યકારી છે.

★ આ ઉદા.માં कृ ધાતુને स्त्रियां०५.३.९२થી क्ति લાગીને कृति કૃદંત બનેલ છે. તેનું કર્મ સૂત્ર અને કર્ત્તા આચાર્યને અનુક્રમે कर्मणि कृतः २.२.८३ અને कर्त्तरि २.२.८६થી

ષષ્ઠીની પ્રાપ્તિ છે. તેથી આ સૂત્રથી કર્ત્તા આચાર્યને વિકલ્પે ષષ્ઠી થઈ અને વિકલ્પપક્ષમાં કર્ત્તા હોવાથી હેતુ-કર્તૃ૦ ૨.૨.૪૪થી તૃતીયા થઈ છે.

પ્ર.ઉદા. (૧) द्विहेतोरित्येकवचनं किम् ? आश्चर्यमोदनस्य पाकोऽतिथीनां च प्रादुर्भावः→આશ્ચર્ય છે કે ભાતનું રાંધવું અને અતિથિનું આવવું.

★ આ સૂત્રની પ્રવૃત્તિ એક જ કૃદંતનાં કર્ત્તા અને કર્મને ષષ્ઠીની પ્રાપ્તિ હોય તો જ થાય છે. તે દર્શાવવાં 'द्विहेतोः' એ પ્રમાણે એ.વ. કરેલ છે. જ્યારે અહીં કર્ત્તા અને કર્મની ષષ્ઠીનાં કારણભૂત જુદા-જુદા કૃદંત છે. માટે આ સૂત્રથી કર્ત્તાવાચી નામને વિકલ્પે ષષ્ઠી ન થતાં कर्त्तरि ૨.૨.૮૬થી નિત્ય ષષ્ઠી થઈ છે.

(૨) अस्त्यणकस्येति किम् ?

(A) चिकीर्षा मैत्रस्य काव्यानाम्→મૈત્રની કાવ્ય કરવાની ઈચ્છા.

(B) भेदिका चैत्रस्य काष्ठानाम्→ચૈત્રની લાકડાં ભેદવાની ક્રિયા.

આ સૂત્રની પ્રવૃત્તિ સ્ત્રી.માં વિહિત અ અને णक પ્રત્યયાન્ત સિવાયનાં વિષયમાં થાય છે. જ્યારે અહીં चिकीर्षा તે शंसि-પ્રત્યય૦ ૫.૩.૧૦૫ થી અ પ્રત્યય અને भेदिका તે भावे ૫.૩.૧૨૨થી णक પ્રત્યય લાગીને બનેલ છે. માટે આ સૂત્રથી વિકલ્પે ષષ્ઠી ન થતાં कर्त्तरि ૨.૨.૮૬થી નિત્ય ષષ્ઠી થઈ છે.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, જ્યારે કર્મ ગમ્યમાન હોય ત્યારે પણ આ સૂત્રથી કર્ત્તાને વિકલ્પે ષષ્ઠી થાય છે. જેમકે, अन्तर्द्धौ यस्य/

येन अदर्शनमिच्छति (પોતાને) છૂપાવવામાં ઉપાધ્યાયને (પોતાનાં) અદર્શન ઈચ્છે છે. અહીં (પોતાનાં અર્થાત્ આત્મા કર્મ તરીકે ગમ્યમાન છે.)

(૨) भेदिका चैत्रस्य मैत्रस्य काष्ठानाम् (ચૈત્ર પાસે મૈત્રનો લાકડા કપાવવાનો વારો). અહીં णिगन्त प्रयोगમાં प्रेरककर्त्ता પ્રધાન હોય છે. જ્યારે મૂળકર્ત્તા અપ્રધાન હોય છે. તેથી **गौण-मुख्ययोः मुख्ये कार्ये संप्रत्ययः १/२२** પ્રધાન એવા णिगन्त કર્ત્તાને જ આ સૂત્રથી ષષ્ઠી વિભક્તિ થવી જોઈએ પરંતુ જેમ हेतु-कर्तृ०२.२.४४થી એક વાક્યમાં રહેલાં બન્ને કર્ત્તાને તૃતીયા થાય છે. તેમ આ સૂત્રથી બન્ને કર્ત્તાને ષષ્ઠી થાય છે.

(૩) અન્ય વ્યાકરણકારો घञ् અને अल् પ્રત્યયાન્ત કૃદન્તનાં કર્મને જ ષષ્ઠી ઈચ્છે છે. કર્ત્તાને નહીં તેથી તેમનાં મતે आश्चर्यो गवां दोहोऽगोपालकेन, आश्चर्य इन्द्रियाणां जयो यूना આવા પ્રયોગો સિદ્ધ થાય છે.

कृत्यस्य वा २/२/८८

અ.અ.સૂ. : कृत्यस्य कर्त्तरि एक-द्वि-बहौ गौणात् नाम्नः षष्ठी वा ।

અર્થ : કૃત્ય પ્રત્યયાન્ત કૃદંતનાં કર્ત્તાવાચી ગૌણ નામથી ષષ્ઠી વિભક્તિ વિકલ્પે થાય છે.

ઉદા. त्वया/तव कृत्यः कटः→તારા વડે કટ કરવા યોગ્ય છે.

★ આ ઉદા.માં कृ ધાતુને कृ-वृषि०५.१.४२થી क्यप् પ્રત્યય લાગેલ છે. અને क्यप्ને તે कृत्याः ५.१.४७ સૂત્રથી કૃત્ય સંજ્ઞા થાય છે. તેથી તેનાં કર્ત્તાને આ સૂત્રથી વિકલ્પે ષષ્ઠી થઈ.

વિશેષતા :

(૧) કૃત્ય સંજ્ઞક પ્રત્યયો પાંચ છે. તવ્ય, અનીય, ય, ઘ્યણ્ અને ક્યપ્ ।

(૨) તત્ સાપ્યા૦૩.૩.૨૨થી કૃત્ય પ્રત્યયો માત્ર કર્મણિ અને ભાવે પ્રયોગમાં જ થાય છે. અને તે પ્રયોગમાં કર્ત્તૃવાચી ગૌણ નામથી કર્ત્તરિ ૨.૨.૮૬થી નિત્ય ષષ્ઠી વિભક્તિની જ પ્રાપ્તિ હતી. પણ, હવે આ સૂત્ર દ્વારા વિકલ્પે ષષ્ઠીનું વિધાન કરવામાં આવે છે.

नोभयोर्हेतोः ૨/૨/૮૯

અ.અ.સૂ. : द्विहेतोः कृत्यस्य कृतः उभयोः एक-द्वि-बहौ गोणाभ्यां नामभ्यां षष्ठी न ।

અર્થ : કર્ત્તા અને કર્મની ષષ્ઠીનાં હેતુભૂત કૃત્ય કૃદંતનાં કર્ત્તા અને કર્મવાચી ગૌણ નામથી ષષ્ઠી વિભક્તિ થતી નથી.

ઉદા. नेतव्या ग्राममजा मैत्रेण→મૈત્ર વડે બકરી ગામમાં લઈ જવા યોગ્ય છે.

★ આ ઉદા.માં तव्या-ऽऽनीयौ ૫.૧.૨૭ થી તવ્ય લાગીને नेतव्या બનેલ છે. અને તે તવ્ય પ્રત્યયને તે कृत्याः ૫.૧.૪૭થી કૃત્ય સંજ્ઞા થાય છે. અને તેનાં કર્મ ગ્રામ અને કર્ત્તા મૈત્રને અનુક્રમે कर्मणि कृतः ૨.૨.૮૩થી અને कर्त्तरि ૨.૨.૮૬થી ષષ્ઠીની પ્રાપ્તિ હતી. તેથી, આ સૂત્રથી તે ષષ્ઠીનો નિષેધ થયો છે.

વિશેષતા :

જિ. : આ સૂત્રની પ્રવૃત્તિ દ્વિકર્મક ધાતુનાં વિષયમાં જ થાય છે. પરંતુ કર્મણિ-પ્રયોગમાં પ્રધાનકર્મ પ્રત્યયથી ઉક્ત થતો

હોવાથી ષષ્ઠી વિભક્તિનો વિષય બનતો જ નથી અને કર્મણિ કૃતઃ ૨.૨.૮૩થી થતી ષષ્ઠી **गौण-मुख्ययोः मुख्ये कार्ये संप्रत्ययः ૧/૨૨** ન્યાયાનુસારે ગૌણ કર્મથી થતી નથી. આમ, પ્રધાન-અપ્રધાન બન્ને કર્મથી ષષ્ઠીની પ્રાપ્તિ જ નથી તો સૂત્રમાં કર્મ વિષયક ષષ્ઠીનો નિષેધ શા માટે કર્યો ?

સભા. : વસ્તુતઃ કર્મણિ કૃતઃ ૨.૨.૮૩થી થતી ષષ્ઠી દ્વિતીયાનો જ બાધ કરનારી છે. તેથી, દ્વિકર્મક ધાતુનાં વિષયમાં દ્વિતીયાનાં વિષયભૂત ગૌણ કર્મને **गौण-मुख्ययोः मुख्ये कार्ये संप्रत्ययः ૧/૨૨** ન્યાયનો બાધ કરીને કર્મણિ કૃતઃ ૨.૨.૮૩થી ષષ્ઠી પ્રાપ્ત હતી. પરંતુ હવે આ સૂત્ર દ્વારા તેનો બાધ થઈ પુનઃ દ્વિતીયા કરવામાં આવે છે.

तृन्नुदन्ता-ऽव्यय-क्वस्वाना-ऽतृश्-शतृ-ङि-णकच् खलर्थस्य ૨/૨/૯૦

અ.અ.સૂ. : तृन्नुदन्ताऽव्ययक्वस्वानाऽतृश्शतृङिणकच्खलर्थस्य कृतः उभयोः एक-द्वि-बहौ गौणाभ्यां नामभ्यां षष्ठी न ।

અર્થ : तृन्, ઉકારાન્ત, અવ્યયસંજ્ઞક, क्वसु, आन, अतृश्, शतृ, ङि, णकच् તથા खल् અર્થક પ્રત્યયાન્ત કૃદંતનાં કર્મ અને કર્ત્તાવાચી ગૌણ નામથી ષષ્ઠી થતી નથી.

સ. : तृन्नुदन्ताऽव्ययक्वस्वानातृश्शतृङिणकच्खलर्थस्य→उत् अन्ते यस्याऽसौ इति उदन्तः, खलर्थो यस्याऽसौ खलर्थः, तृन् च उदन्तश्च अव्ययश्च क्वसुश्च आनश्च अतृश् च शता च

ङिश्च णकच् च खलर्थश्च इति तृन्नुदन्ताऽव्ययक्वस्वानाऽतृश् शतृङिणकच्खलर्थम्, तस्येति ।

ઉદા. (૧) **तृन्→वदिता जनापवादान्→**મનુષ્યનાં અપવાદોને બોલવાનાં સ્વભાવવાળો. तृन्-शील०૫.૨.૨૭થી **तृन् प्रत्यय.**

(૨) **उदन्त→(i) इष्णु→कन्यामलङ्करिष्णुः→**કન્યાને શણગારવાનાં સ્વભાવવાળો. भ्राज्य०૫.૨.૨૮થી **इष्णु प्रत्यय.**

(ii) **आलु→श्रद्धालुस्तत्त्वम्→**તત્ત્વને સારી રીતે ધારણ કરવાનાં સ્વભાવવાળો. शीङ्०૫.૨.૩૭થી **आलु प्रत्यय.**

(૩) **अव्यय→**

(i) **क्त्वा→कटं कृत्वा→**કટ કરીને.
प्राक्काले ૫.૪.૪૭થી **क्त्वा प्रत्यय.**

(ii) **तुम्→ओदनं भोक्तुं व्रजति→**ભાત ખાવા માટે જાય છે.
क्रियायां क्रियार्था०૫.૩.૧૩થી **तुम् प्रत्यय.**
અહીં બન્ને કૃદન્તને क्त्वा-तुमम् ૧.૧.૩૫થી **अव्यय संज्ञा.**

(૪) **क्वसु→ओदनं पेचिवान्→**ભાત રાંધેલ.
तत्र क्वसु०૫.૨.૨થી **क्वसु प्रत्यय.**

(૫) **आन→**

(i) **कान→कटं चक्राणः→**કટને કરેલ.
तत्र क्वसु०૫.૨.૨થી **कान प्रत्यय.**

(ii) **शान→मलयं पवमानः→**મલયને પવિત્ર કરનાર.
पूङ्-यजः०૫.૨.૨૩થી **शान प्रत्यय.**

(iii) **आनश्→ओदनं पचमानः→**ભાતને રાંધતો.
शत्रानशा०૫.૨.૨૦થી **आनश् प्रत्यय.**

(૬) **अतृश्→अधीयंस्तत्त्वार्थम्→**તત્ત્વાર્થને સુખપૂર્વક ભણતો. ધારીડો૦૫.૨.૨૫થી **अतृश् प्रत्यय.**

(૭) **शतृ→कटं कुर्वन्→**સાદડીને કરતો. शत्रानशा०૫.૨.૨૦થી **शतृ प्रत्यय.**

(૮) **ङि→परिषहान् सासहिः→**પરિષહોને વારંવાર સહન કરનારો. ङौ सासहि०૫.૨.૩૮થી **ङि प्रत्यय.**

(૯) **णकच्→कटं कारको व्रजति→**કટને કરવા માટે જાય છે. क्रियायां क्रियार्थायां०૫.૩.૧૩થી **णकच् प्रत्यय.**

(૧૦) **खल्→ईषत्करः कटो भवता→**આપના વડે સાદડી સહેલાઈથી બનાવી શકાય તેમ છે. दुःस्वीषतः०૫.૩.૧૩૯થી **खल् प्रत्यय.**

(૧૧) **खलर्थक-सुज्ञानं तत्त्वं त्वया→**તારા વડે તત્ત્વ સારી રીતે જાણી શકાય તેમ છે. शासू-युधि०૫.૩.૧૪૧થી **अन प्रत्यय.**

★ આ ઉદા.માં तृन् વિ. પ્રત્યયાન્ત કૃદંતનાં કર્મ અને કર્ત્તાને અનુક્રમે कर्मणि कृतः ૨.૨.૮૩થી અને कर्त्तरि ૨.૨.૮૬થી પ્રાપ્ત ષષ્ઠીનો આ સૂત્ર દ્વારા નિષેધ થયો છે.

વિશેષતા :

'आन' એ પ્રમાણે નિરનુબંધનાં નિર્દેશથી **निरनुबन्धग्रहणे सामान्येन ૨/૫** ન્યાયાનુસારે कान, शान, आनश् વિ. અનુબંધ સહિતનાં પ્રત્યયનું પણ ગ્રહણ થાય છે. તથા, णकच્માં च् ઈત્નો નિર્દેશ હોવાથી णक પ્રત્યયાન્તનાં વિષયમાં આ સૂત્રની પ્રવૃત્તિ ન થવાથી કર્ત્તા અને કર્મને પ્રાપ્ત ષષ્ઠીનો નિષેધ થશે નહીં.

क्तयोरसदाधारे २/२/९१

अ.अ.सू. : असदाधारे क्तयोः कृतोः उभयोः एक-द्वि-बहौ गौणयोः नाम्नोः षष्ठी न ।

अर्थ : वर्तमान अने आधार सिवायनां अर्थमां वर्त्ततां क्त अने क्तवतु प्रत्ययान्त कृदंतनां कर्त्ता अने कर्मवाची गौण नामथी षष्ठी विभक्ति थती नथी.

स. : (१) क्तयोः→क्तश्च क्तवांश्च इति क्तौ, तयोरिति ।

(२) **असदाधारे**→सत् च आधारश्च इति सदाधारम्, न सदाधारमिति असदाधारम्, तस्मिन्निति ।

उदा. (१) कटः कृतो मैत्रेण→मैत्र वडे सादडी कराई.

★ आ उदा.मां क्त-क्तवतू ५.१.१७४थी थतो क्त प्रत्यय तत् साप्या०३.३.२२थी कर्ममां थयो छे. तेथी भूतकाळ विषयक कर्त्ता मैत्र गौण थतां कर्त्तरि २.२.८६थी प्राप्त षष्ठीनो आ सूत्र द्वारा निषेध थयो छे. अने हेतु-कर्तृ०२.२.४४थी तृतीया थई छे.

(२) **ग्रामं गतवान्**→ते गाम गयो.

★ पूर्व प्रमाणे क्तवतु प्रत्यय अहीं कर्त्ता अर्थमां थयेलो छे. तेथी कर्मणि कृतः २.२.८३थी ग्रामने षष्ठीनी प्राप्ति हती तेनो आ सूत्र द्वारा निषेध थतां कर्मणि २.२.४०थी द्वितीया थई छे.

प्र.उदा. असदाधार इति किम् ?

(१) **राज्ञां पूजितः**→राजानुं (वर्त्तमानमां) पूजवुं ते.

★ आ सूत्रनी प्रवृत्ति वर्त्तमान अने आधार अर्थ सिवायनां क्त प्रत्ययान्त कृदंतनां विषयमां थाय छे. ज्यारे अहीं

ज्ञानेच्छा०५.२.९२थी वर्त्तमान अर्थमां क्त थयेल छे. तेथी कर्त्तावाची गौण नाम राजन्ने आ सूत्रथी षष्ठीनो निषेध न थतां कर्त्तरि २.२.८६थी षष्ठी थई छे.

(२) **इदं सक्तूनां पीतम्**→આ साथवाने पीवानुं (पात्र).

★ पूर्वनी जेम अहीं पण ज्ञानेच्छा०५.२.९२थी थयेल क्त आधार अर्थमां होवाथी क्त प्रत्ययान्त पीतनां कर्मवाची गौण नाम सक्तुने आ सूत्रथी षष्ठीनो निषेध न थतां कर्मणि कृतः २.२.८७थी षष्ठी थई छे.

विशेषता :

'क्तयोः' એ प्रमाणे द्वि.व.क्तनां साहचर्यथी क्तवतुनां ग्रहण माटे छे. आ वात व्याकरणशास्त्रमां आगामी आख्यात प्रकरण वि. प्रकरणोमां विशेष ध्यानमां लेवी.

वा क्लीबे २/२/९२

अ.अ.सू. : क्लीबे क्तयोः कृतोः उभयोः एक-द्वि-बहौ गौणाभ्यां नामभ्यां षष्ठी न वा ।

अर्थ : नपुं.मां कहेल क्त प्रत्ययान्त कृदंतनां कर्त्तावाची गौण नामथी षष्ठी विभक्ति विकल्पे थती नथी.

उदा. मयूरस्य/मयूरेण नृत्तम्→मोरनुं नाचवुं.

★ आ उदा.मां क्लीबे ५.३.१२३थी नपुं.मां क्त प्रत्यय लागीने नृत्तम् कृदंत बनेल छे. तेथी तेनां कर्त्तावाची मयूर नामने कर्त्तरि २.२.८६थी प्राप्त षष्ठीनो आ सूत्र द्वारा विकल्पे निषेध थयो छे. अने विकल्पपक्षमां हेतु-कर्तृ० २.२.४४थी तृतीया थई छे.

વિશેષતા :

વસ્તુતઃ નપું.માં નિર્દિષ્ટ ક્ત પ્રત્યય વર્ત્તમાનમાં આધાર સિવાયનાં અર્થમાં થતો હોવાથી કર્ત્તરિ ૨.૨.૮૬ દ્વારા પ્રાપ્ત ષષ્ઠી વિભક્તિનો પૂર્વસૂત્રથી નિષેધ થતો હતો. પરંતુ આ સૂત્ર દ્વારા તે નિષેધનો વિકલ્પ કરીને વિકલ્પે તૃતીયા કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

જિ. : નોભયોઃ૦૨.૨.૮૯ સૂત્રથી ઉભયોઃ પદ દ્વારા ગ્રહણ કરેલ કર્ત્તા અને કર્મ એમ બન્નેની અનુવૃત્તિ આવે છે. તો અહીં કર્મનું ગ્રહણ ન કરતાં માત્ર કર્ત્તાનું જ ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : અહીં સૂત્રમાં 'क्लीबे'નો નિર્દેશ છે. નપું.માં દર્શાવેલ ક્ત પ્રત્યય માત્ર ભાવમાં જ લાગે છે. અને ભાવે પ્રયોગમાં કર્મની પ્રાપ્તિ હોતી નથી માટે કર્મને વિશે અધિકાર હોવા છતાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ કરેલ નથી.

अकमेरुकस्य ૨/૨/૯૩

અ.અ.સૂ. : **अकमेः उकस्य कृतः उभयोः एक-द्वि-बहौ गौणाभ्यां नामभ्यां षष्ठी न ।**

અર્થ : कम् ધાતુ સિવાયનાં उक प्रत्ययान्त कृदंतनां કર્મવાચી ગૌણ નામથી ષષ્ઠી વિભક્તિ થતી નથી.

સ. : **अकमेः**→न कमि इति अकमि, तस्येति ।

ઉદા. भोगानभिलाषुकः→ભોગોની અભિલાષાવાળો.

★ આ ઉદા.માં लष-पत०५.२.४१थी उक प्रत्यय લાગીને અભિલાષુક બનેલ છે. તેથી તેનાં કર્મવાચી ભોગને कर्मणि

कृतः २.२.८૩થી પ્રાપ્ત ષષ્ઠીનો આ સૂત્ર દ્વારા નિષેધ થયો છે.

પ્ર.ઉદા. अकमेरिति किम् ? दास्याः कामुकः→દાસીને ભોગવવાની ઈચ્છાવાળો.

★ આ સૂત્રની પ્રવૃત્તિ कम् સિવાયનાં ધાતુનાં વિષયમાં થાય છે. જ્યારે અહીં (कमूङ् कान्तौ-७८९) ધાતુ છે. માટે આ સૂત્રથી ષષ્ઠીનો નિષેધ ન થતાં कर्मणि कृतः २.२.८૩થી ષષ્ઠી થઈ છે.

વિશેષતા :

અહીં પણ પૂર્વ સૂત્રની જેમ જ 'उभयोः' પદ દ્વારા કર્ત્તા અને કર્મ બન્નેની અનુવૃત્તિ આવે છે પરંતુ આ સૂત્ર उकण् પ્રત્યય વિષયક છે. જે કર્ત્તા અર્થમાં થાય છે. તેથી, આ સૂત્રનાં વિષયમાં કર્ત્તા ઉક્ત થતાં કર્ત્તાને પ્રથમા થાય છે. અને માત્ર કર્મને જ ષષ્ઠીની પ્રાપ્તિ છે. માટે અહીં કર્ત્તાનો અધિકાર હોવા છતાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી.

एष्यदृणोनः २/२/९४

અ.અ.સૂ. : एष्यदृणोनः कृतः उभयोः एक-द्वि-बहौ गौणाभ्यां नामभ्यां षष्ठी न ।

અર્થ : ભવિષ્ય અને ઋણ અર્થમાં કહેવાયેલ इन् પ્રત્યયાન્ત કૃદંતનાં કર્મવાચી ગૌણ નામથી ષષ્ઠી વિભક્તિ થતી નથી.

સ. : **एष्यदृणोनः**→एष्यत् च ऋणं च इति एष्यदृणे, तयोः इन् इति एष्यदृणोन्, तस्येति ।

ઉદા. (૧) **ग्रामं गामी/आगामी→**ગામમાં જશે/આવશે.

★ આ ઉદા.માં वर्त्स्यति०५.૩.૧થી ભવિષ્ય અર્થમાં इन् પ્રત્યય લાગીને गमिन् કૃદંત બનેલ છે. તેથી તેનાં કર્મ ગ્રામને कर्मणि कृतः ૨.૨.૮૩થી પ્રાપ્ત ષષ્ઠીનો આ સૂત્ર દ્વારા નિષેધ થાય છે.

(૨) **शतं दायी→**૧૦૦ રૂા. આપનાર.

★ આ ઉદા.માં णिन् चावश्यके०५.૪.૩૬થી ઋણ અર્થમાં णिन् પ્રત્યય લાગીને दायिन् કૃદંત બનેલ છે. તેથી તેનાં કર્મ શતને कर्मणि कृतः ૨.૨.૮૩થી પ્રાપ્ત ષષ્ઠીનો આ સૂત્ર દ્વારા નિષેધ થયો છે.

પ્ર.ઉદા. **एष्यदृणेति किम् ? साधु दायी वित्तस्य→**સારી રીતે ધનને આપનાર.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ભવિષ્ય અને ઋણ અર્થક इन्નાં વિષયમાં થાય છે. જ્યારે અહીં साधौ ૫.૧.૧૫૫થી साधु અર્થમાં इन् થયેલ છે. માટે આ સૂત્રથી ષષ્ઠીનો નિષેધ ન થતાં कर्मणि कृतः ૨.૨.૮૩થી ષષ્ઠી થયેલ છે.

વિશેષતા :

સૂત્રમાં 'इनः' એ પ્રમાણે નિરનુબંધનો નિર્દેશ હોવાથી **निरनुबन्धग्रहणे सामान्येन** ૨/૫ ન્યાયાનુસારે णिन् વિ. સાનુબંધ એવા પણ इन् સ્વરૂપવાળા બધા પ્રત્યયોનું ગ્રહણ થાય છે.

ષષ્ઠી વિભક્તિનું સારાંશ કોષ્ટક

સૂત્ર	ઉપપદ/નિમિત્ત	કયા નામને	વિકલ્પે/ નિત્ય	કોનો અપવાદ	ઉદાહરણ
अज्ञाने ज्ञः०८०	જ્ઞાન ભિન્ન અર્થક જ્ઞા ધાતુ	કરણવાચી	નિત્ય	તૃતીયા	**सर्पिषो** જાનીતે ।
शेषे ८१	–	શેષ	નિત્ય	પ્રથમા	**राज्ञः** પુરુષઃ ।
रि-रिष्टात्०८२	રિ, રિષ્ટાત્, સ્તાત્, અસ્તાત્, અસ્, અતસ્, આત્ પ્રત્યયાન્ત	–	નિત્ય	પંચમી	ઉપરિ **ગ્રામસ્ય** ।
	કર્તા. કર્મ વિષયક ષષ્ઠીનાં સૂત્રનું સારાંશ કોષ્ટક આગળ દર્શાવાશે.				
षष्ठी वा०१०८	ભાવ લક્ષણમાં અનાદર	–	વિકલ્પે	સપ્તમી(વિક.)	રુદતો **लोकस्य/लोके** પ્રાવ્રાજીત્ ।
सप्तमी चा०१०८	નિર્ધારણ અર્થમાં અવિભાગ હોતે છતે	–	નિત્ય	પંચમી	ક્ષત્રિયો **નૃણાં** શૂરઃ ।
तुल्यार्थै०११६	તુલ્ય અર્થક નામ	–	નિત્ય	ષષ્ઠી	**માતુઃ** તુલ્યઃ ।
द्वितीया षष्ठ्या०११७	અञ્ચ સિવાયનાં એન પ્રત્યયાન્ત નામ.	–	નિત્ય	પંચમી	પૂર્વેણ **ગ્રામસ્ય** ।
हेत्वर्थै०११८	હેતુઅર્થક	–	નિત્ય	તૃતીયા	**ધનસ્ય હેતોઃ** વસતિ ।
सर्वादेः सर्वा:११९	હેતુઅર્થક	સર્વ વિ.	નિત્ય	તૃતીયા	**કસ્ય હેતોઃ** વસતિ ।

કૃદંતનાં કર્ત્તા-કર્મ વિષયક ષષ્ઠી વિભક્તિનું સારાંશ કોષ્ટક

સૂત્ર	નિમિત્ત	કૃત્પ્રત્યય	કર્ત્તાષષ્ઠી	કર્મષષ્ઠી	ઉદાહરણ
कर्मणि कृतः ८३	–	બધા	–	નિત્ય	**अपां** स्रष्टा।
द्विषो वा०८४	द्विष् धातु	अतृश्	–	વિકલ્પે	**चौरस्य/चौरं** द्विषन्।
वैकत्र०८५	द्विकर्मक धातु	બધા	–	વિકલ્પે	अजायाः **स्रुघ्नं/स्रुघ्नस्य** नेता **अजां/अजायाः** नेता स्रुघ्नस्य।
कर्त्तरि ८६	–	બધા	નિત્ય	–	**भवत** आसिका।
द्विहेतोर०८७	કર્ત્તા-કર્મની ષષ્ઠીનાં હેતુભૂત, સ્ત્રીમાં વિહિત अ અને णक વર્જીને.	બધા	વિકલ્પે	–	विचित्रा सूत्राणां कृतिरा**चार्यस्य आचार्येण**।
कृत्यस्य०८८	–	कृत्य	વિકલ્પે	–	**त्वया/तव** कृत्यः कटः।
नोभयो०८९	કર્ત્તા-કર્મની ષષ્ઠીનાં હેતુભૂત.	कृत्य	નિષેધ	નિષેધ	नेतव्या **ग्राममजा** मैत्रेण।
तृन्नुदन्ता०९०	–	तृन्, उदन्त, अव्यय, क्वसु, आन, अतृश्, शतृ, ङिः णकच्, खल्, खलर्थक	નિષેધ	નિષેધ	वदिता **जनापवादान्**।

क्तयोरस०९१	વર્ત્તમાન અને આધાર સિવાયનો અર્થ	क्त, क्तवतु	નિષેધ	નિષેધ	**कटः** कृतो **मैत्रेण** ।
वा क्लीबे ९२	નપું.માં	क्त	વિકલ્પે	–	**मयूरस्य/मयूरेण** नृत्तम् ।
अकमेरु०९३	कम् ધાતુ સિવાયનાં ધાતુ	उक्त	–	નિષેધ	**भोगान**भिलाषुकः ।
एष्यदृणेनः ९४	ભવિષ્ય અને ઋણ અર્થ	इन्	–	નિષેધ	**ग्रामं** गामी/आगामी ।

★ **સપ્તમી વિભક્તિ : ૨.૨.૯૫ થી ૨.૨.૧૦૬**

અધિકરણને સપ્તમી :

सप्तम्यधिकरणे २/२/९५

અ.અ.સૂ. : अधिकरणे एक-द्वि-बहौ गौणात् नाम्नः सप्तमी ।

અર્થ : અધિકરણવાચી એ.વ., દ્વિ.વ. અને બ.વ.માં વર્ત્તતાં ગૌણ નામથી અનુક્રમે ઙિ, ઓસ્ અને સુપ્ સ્વરૂપ સપ્તમી વિભક્તિ થાય છે.

ઉદા. (૧) दिवि देवाः→દેવલોકમાં દેવ.

(૨) तिलेषु तैलम्→તલમાં તેલ.

★ આ ઉદા.માં दिव् વિ.ને क्रियाऽऽश्रयस्य०૨.૨.૩૦થી અધિકરણ સંજ્ઞા થવાથી આ સૂત્રથી સપ્તમી થઈ છે.

વિશેષતા :

અહીં ભિન્ન વિભક્તિનું વિધાન કરવા દ્વારા 'न'(નિષેધ)નો અધિકાર અટકાવવામાં આવે છે.

नवा सुजर्थैः काले २/२/९६

અ.અ.સૂ. : काले अधिकरणे सुजर्थैः एक-द्वि-बहौ गौणात् नाम्नः सप्तमी नवा ।

અર્થ : સુજર્થ=વાર અર્થમાં થતાં પ્રત્યયાન્ત નામ. તે નામથી યુક્ત કાળસ્વરૂપ અધિકરણમાં વર્ત્તતાં ગૌણ નામથી સપ્તમી વિભક્તિ વિકલ્પે થાય છે.

સ. : सुजर्थैः→सुजर्थो येषां ते इति सुजर्थः, तैरिति ।

ઉદા. (૧) **द्विरह्नि/अह्नो भुङ्क्ते→**દિવસમાં બે વાર જમે છે.

★ આ ઉદા.માં દ્વિ-ત્રિ૦૭.૨.૧૧૦થી સુચ્ પ્રત્યય લાગીને દ્વિઃ પ્રયોગ થયેલ છે. તેથી તેનાથી યુક્ત કાળસ્વરૂપ અધિકરણ એવા અહન્ને આ સૂત્રથી સપ્તમી વિકલ્પે થાય છે. અને વિકલ્પ પક્ષમાં શેષે ૨.૨.૮૧થી ષષ્ઠી થઈ છે.

પ્ર.ઉદા. **काल इति किम् ? द्विः कांस्यपात्र्यां भुङ्क्ते→**બે વાર કાંસાની થાળીમાં જમે છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ કાળસ્વરૂપ અધિકરણવાચી નામથી જ થાય છે. જ્યારે અહીં પાત્રી અધિકરણ છે. માટે આ સૂત્રથી વિકલ્પે સપ્તમી ન થતાં સપ્તમ્યધિકરણે ૨.૨.૯૫થી નિત્ય સપ્તમી થઈ છે.

વિશેષતા :

અહીં ધ્યાનમાં લેવું કે, સૂત્રગત 'सुजर्थैः' પદ બહુવ્રીહિ સમાસ દ્વારા નિષ્પન્ન છે. તેથી જ, 'વાર અર્થવાળાં શબ્દથી યુક્ત' એવો અર્થ પ્રાપ્ત થાય છે. અન્યથા જો તત્પુરુષ સમાસનો આશ્રય કરવામાં આવે તો 'વાર અર્થથી યુક્ત' એવો અર્થપ્રધાન અર્થ પ્રાપ્ત થતાં જ્યાં સાક્ષાત્ દ્વિ વિ.નું ગ્રહણ ન હોય, પરંતુ અનુસંધાનાદિ દ્વારા ગમ્યમાન હોય ત્યાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ થવાની આપત્તિ આવે.

જિ. : આધારવાચી ગૌણ નામથી અધિકરણની વિવક્ષામાં સપ્તમ્યધિકરણે ૨.૨.૯૫થી સપ્તમી અને અવિવક્ષામાં શેષે ૨.૨.૮૧થી ષષ્ઠી સિદ્ધ જ હતી તો પણ આ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો ?

સભા. : અહીં **सिद्धे सत्यारम्भो नियमार्थः ૧/૨૫** ન્યાયની પ્રવૃત્તિ થઈ છે. તેથી અહીં બે પ્રકારે નિયમ સંભવે છે. (૧) સુજર્થક પ્રત્યયાન્ત નામથી જ યુક્ત કાલવાચી અધિકરણ નામને વિકલ્પે સપ્તમી થાય છે. (૨) સુજર્થક પ્રત્યયાન્ત નામનાં યોગમાં કાળવાચી અધિકરણ નામને જ વિકલ્પે સપ્તમી થશે.

અહીં ઉપરોક્ત બન્ને નિયમનું ગ્રહણ કર્યું હોવાથી સુજર્થ પ્રત્યયાન્ત નામનાં અભાવમાં જો માત્ર કાળવાચી અધિકરણ હશે તો ત્યાં વિવક્ષાવશાત્ પણ ષષ્ઠી અને સપ્તમી બન્ને ન થતાં માત્ર સપ્તમી જ થશે. તેમજ, सुच् પ્રત્યયાન્તનાં યોગમાં કાળવાચી સિવાયનાં અન્ય અધિકરણને વિવક્ષાવશાત્ ષષ્ઠી/સપ્તમી ન થતાં માત્ર સપ્તમી જ થશે.

અહીં યાદ રાખવું કે, ઉપરોક્ત બન્નેથી ભિન્ન સ્થાનમાં અર્થાત્ સુજર્થ પ્રત્યયાન્ત નામનાં અભાવમાં તો આ સૂત્રની પ્રવૃત્તિ વિના પણ વિવક્ષાવશાત્ ષષ્ઠી/સપ્તમી બન્ને થશે.

સુજર્થ પ્રત્યયાન્ત અને કાળવાચી અધિકરણની ચતુર્ભંગીમાં વિભક્તિનો નિર્દેશ

सुच् પ્રત્યયાન્ત	કાળવાચી	વિભક્તિ	સૂત્ર
✓	✓	સપ્તમી/ષષ્ઠી	૯૬
✓	×	સપ્તમી	૯૫
×	✓	સપ્તમી	૯૫
×	×	સપ્તમી/ષષ્ઠી	૯૫/૮૧(વિવક્ષાવશાત્)

कुशला-ऽऽयुक्तेनाऽऽसेवायाम् २/२/९७

अ.अ.सू. : कुशला-ऽऽयुक्तेन अधिकरणे एक-द्वि-बहौ गौणात् नाम्नः सप्तमी नवा, आसेवायाम् ।

अर्थ : કુશલ અને આયુક્તથી યુક્ત આધારવાચી ગૌણ નામથી સપ્તમી વિભક્તિ વિકલ્પે થાય છે. જો આસેવા= તત્પરતા જણાતી હોય તો.

स. : कुशला-ऽऽयुक्तेन→कुशलश्च आयुक्तश्च इति कुशलायुक्तम्, तेनेति ।

ઉદા. (૧) **कुशलो विद्यायां/विद्यायाः**→તે (તત્પરતા પૂર્વક) વિદ્યામાં કુશળ છે.

(૨) **आयुक्तो तपसि/तपसः**→તે (તત્પરતા પૂર્વક) તપમાં જોડાયેલો છે.

★ આ ઉદા.માં તત્પરતા જણાતી હોવાથી કુશલ અને આયુક્તથી યુક્ત અધિકરણવાચી વિદ્યા અને તપસ્ને આ સૂત્રથી વિકલ્પે સપ્તમી થઈ છે. અને વિકલ્પ પક્ષમાં શેષે ૨.૨.૮૧થી ષષ્ઠી થઈ છે.

પ્ર.ઉદા. आसेवायामिति किम् ?

(૧) **कुशलश्चित्रे न तु करोति**→ચિત્ર(કરવા)માં કુશળ છે. પણ કરતો નથી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ તત્પરતા જણાતી હોય તો જ થાય છે. જ્યારે અહીં તત્પરતા જણાતી નથી માટે આ સૂત્રથી વિકલ્પે સપ્તમી ન થતાં सप्तम्यधिकरणे ૨.૨.૯૫થી નિત્ય સપ્તમી થઈ છે.

(૨) **आयुक्तो गौः शकटे, आकृष्य युक्त इत्यर्थः**→ગાડામાં બળદો (ખેંચીને) જોડાય છે.

★ પૂર્વની જેમ આ ઉદા.માં પણ ઈચ્છાપૂર્વકની પ્રવૃત્તિ ન હોવાથી તત્પરતા જણાતી નથી માટે આ સૂત્રથી વિકલ્પે સપ્તમી ન થતાં सप्तम्यधिकरणे ૨.૨.૯૫થી નિત્ય સપ્તમી થઈ છે.

વિશેષતા :

અહીં પણ પૂર્વ પ્રમાણે **सिद्धे सत्यारम्भो नियमार्थः ૧/૨૫** ન્યાયાનુસારે બે નિયમ પ્રાપ્ત થાય છે. **નિયમ :** (૧) આસેવા અર્થમાં કુશલ અને આયુક્તથી જ યુક્ત ગૌણ નામને વિકલ્પે સપ્તમી થાય છે. અને (૨) આસેવા અર્થમાં જ કુશલ અને આયુક્તથી યુક્ત ગૌણ નામને વિકલ્પે સપ્તમી થાય છે.

આસેવા અર્થ અને કુશલ-આયુક્તની ચતુર્ભંગીમાં વિભક્તિનો નિર્દેશ :

આસેવા	કુશલ/આયુક્ત	વિભક્તિ	સૂત્ર
✓	✓	સપ્તમી/ષષ્ઠી	कुशलाऽयुक्तेन०૯૭
✓	×	સપ્તમી	सप्तम्यधि०૯૫
×	✓	સપ્તમી	सप्तम्यधि०૯૫
×	×	સપ્તમી/ષષ્ઠી	विवक्षावशात्

स्वामीश्वरा-ऽधिपति-दायाद-साक्षी-प्रतिभू-प्रसूतैः २/२/૯૮

અ.અ.સૂ. : स्वामीश्वराधिपतिदायादसाक्षिप्रतिभूप्रसूतैः एक-द्वि-बहौ गौणात् नाम्नः सप्तमी नवा ।

અર્થ : સ્વામી, ઈશ્વર, અધિપતિ, દાયાદ, સાક્ષી, પ્રતિભૂ અને પ્રસૂત શબ્દથી યુક્ત ગૌણ નામથી સપ્તમી વિભક્તિ વિકલ્પે થાય છે.

સ. : **स्वामीश्वराधिपतिदायादसाक्षिप्रतिभूप्रसूतैः**→स्वामी च ईश्वरश्च अधिपतिश्च दायादश्च साक्षी च प्रतिभूश्च प्रसूतश्च इति स्वामीश्वराधिपतिदायादसाक्षिप्रतिभूप्रसूतः, तैरिति ।

ઉદા. (૧) **गोषु/गवां स्वामी**→ગાયોનો સ્વામી.

(૨) **गोषु/गवामीश्वरः**→ગાયોનો ઈશ્વર.

(૩) **गोषु/गवामधिपतिः**→ગાયોનો સ્વામી.

(૪) **गोषु/गवां दायादः**→ગાયોનો ભાગીદાર.

(૫) **गोषु/गवां साक्षीः**→ગાયોનો સાક્ષી.

(૬) **गोषु/गवां प्रतिभूः**→ગાયોનો પ્રતિનિધિ.

(૭) **गोषु/गवां प्रसूतः**→ગાયોનું વાછરડું.

★ આ ઉદા.માં સ્વામી વિ.થી યુક્ત ગૌણ નામ गो ને આ સૂત્રથી વિકલ્પે સપ્તમી થઈ છે. અને વિકલ્પ પક્ષમાં शेषे २.२.८१थी ષષ્ઠી થઈ છે.

વિશેષતા :

(૧) અહીં સ્વ-સ્વામીભાવ વિ. સંબંધમાં शेषे २.२.८१थी નિત્ય ષષ્ઠીની પ્રાપ્તિ હતી. પણ વિકલ્પે સપ્તમી કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

(૨) સૂત્રમાં સ્વામી અર્થક ત્રણ શબ્દનું ગ્રહણ હોવાથી તદર્થક તદન્ય પતિ વિ. શબ્દોથી યુક્ત ગૌણ નામથી આ સૂત્ર દ્વારા વિકલ્પે સપ્તમી ન થતાં शेषे २.२.८१थी માત્ર ષષ્ઠી જ થશે.

व्याप्ये क्तेनः २/२/९९

अ.अ.सू. : क्तेनः व्याप्ये एक-द्वि-बहौ गौणात् नाम्नः सप्तमी ।

अर्थ : क्तथी પર રહેલ इन् प्रत्ययान्त नामनां व्याप्यमां वर्त्ततां गौण नामथी सप्तमी विभक्ति नित्य थाय छे.

स. : **क्तेनः**→क्तात् इन् इति क्तेन्, तस्येति ।

ઉદા. (૧) अधीती व्याकरणे→व्याकरण ભણાયું છે જેના વડે તે.

(૨) इष्टी यज्ञे→यज्ञ કરાયો છે જેના વડે તે.

★ આ ઉદા.માં अधि+इ તેમજ यज् ધાતુને क्त લાગીને અનુક્રમે अधीत અને इष्ट કૃદંત બનેલ છે. ત્યારબાદ इष्टादेः ૭.૧.૧૬૮ સૂત્રથી તે બન્નેને કર્ત્તામાં इन् લાગતાં अधीतिन्, इष्टिन् પ્રયોગ થતાં કર્મ ગૌણ થાય છે. તેથી તેનાં આ સૂત્રથી વ્યાપ્ય વ્યાકરણ અને યજ્ઞ રૂપ ગૌણ નામને સપ્તમી થાય છે.

પ્ર.ઉદા. क्तेनेति किम् ? कृतपूर्वी कटम्→પહેલાં ચટાઈ બનાવનારો.

★ આ સૂત્રની પ્રવૃત્તિ क्त થી અનંતર પર इन् હોય તો જ થાય છે. જ્યારે અહીં क्त થી અનંતર પર પૂર્વ શબ્દ છે. इन् નથી માટે આ સૂત્રથી તેનાં વ્યાપ્ય कटને સપ્તમી ન થતાં कर्मणि ૨.૨.૪૦થી દ્વિતીયા થઈ છે.

વિશેષતા :

અહીં વ્યાપ્યમાં વર્ત્તતાં ગૌણ નામનું વિધાન હોવાથી અથવા પૂર્વસૂત્ર કરતાં પૃથક્ નિર્દેશ હોવાથી 'नवा'ની અનુવૃત્તિ અટકી ગઈ.

तद्युक्ते हेतौ २/२/१००

અ.અ.સૂ. : तद्युक्ते हैतौ एक-द्वि-बहौ गौणात् नाम्नः सप्तमी ।

અર્થ : કર્મ વડે યુક્ત હેતુ અર્થમાં વર્ત્તતાં ગૌણ નામથી સપ્તમી વિભક્તિ થાય છે.

સ. : **तद्युक्ते**→तेन युक्तः इति तद्युक्तः, तस्मिन्निति ।

ઉદા. चर्मणि द्वीपिनं हन्ति, दन्तयोर्हन्ति कुञ्जरम् ।
केशेषु चमरीं हन्ति, सीम्नि पुष्कलको हतः ॥

ચામડાં માટે ચિત્તાને હણે છે. બે દાંત માટે હાથીને હણે છે. કેશ માટે ચમરી ગાયને હણે છે. તેમજ, કસ્તુરી માટે હરણ હણાય છે.

★ આ ઉદા.માં હેતુભૂત चर्मन् વિ. કર્મરૂપ द्वीपिन् વિ.થી યુક્ત છે. માટે આ સૂત્રથી चर्मन् વિ.ને સપ્તમી થઈ છે.

પ્ર.ઉદા. तद्युक्त इति किम् ? वेतनेन धान्यं लुनाति→વેતન માટે ધાન્યને લણે છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ કર્મ યુક્ત હેતુવાચી નામથી જ થાય છે. જ્યારે અહીં હેતુ અને કર્મ બન્ને ભિન્ન છે. સંયુક્ત નથી માટે આ સૂત્રથી સપ્તમી ન થતાં હેતુ-कर्तृ०२.२.४४થી તૃતીયા થઈ છે.

વિશેષતા :

આ સૂત્ર દ્વારા નિર્દિષ્ટ વિભક્તિ કારક વિભક્તિ જાણવી, ઉપપદ વિભક્તિ નહીં કારણ કે ઉપપદ વિભક્તિ તેને જ કહેવાય કે જ્યાં કારકનાં અભાવમાં કોઈક ચોક્કસ પદનાં યોગમાં વિભક્તિનું ગ્રહણ કર્યું હોય. આમ, આ કારક વિભક્તિ હોવાનાં

કારણે અહીં હેતુ તરીકે કારક સ્વરૂપ વિશિષ્ટ હેતુનું જ ગ્રહણ કરવું કે જે હેતુ ક્રિયાનો આરંભ કરવા માટે વિશિષ્ટ નિમિત્ત તરીકે જણાતો હોય તેથી दात्रेण लुनाति (દાંતરડા વડે લણે છે) જેવા પ્રયોગોમાં આ સૂત્રથી સપ્તમી થતી નથી.

अप्रत्यादावसाधुना २/२/१०१

અ.અ.સૂ. : अप्रत्यादौ असाधुना एक-द्वि-बहौ गौणात् नाम्नः सप्तमी ।

અર્થ : પ્રતિ વિ.નો પ્રયોગ ન હોતે છતે અસાધુ શબ્દથી યુક્ત ગૌણ નામથી સપ્તમી વિભક્તિ થાય છે.

સ. : (૧) **अप्रत्यादौ**→प्रतिरादिर्यस्याऽसौ इति प्रत्यादिः, न प्रत्यादिरिति अप्रत्यादिः, तस्मिन्निति ।

(૨) **असाधुना**→न साधुरिति असाधुः, तेनेति ।

ઉદા. (૧) **असाधुर्मैत्रो मातरि**→મૈત્ર માતા પ્રત્યે સજ્જન (ભાવવાળો) નથી.

★ આ ઉદા.માં અસાધુથી યુક્ત ગૌણ નામ માતૃથી સપ્તમી થઈ છે.

પ્ર.ઉદા. अप्रत्यादाविति किम् ? असाधुर्मैत्रो मातरं प्रति/परि/अनु/अभि→મૈત્ર માતા પ્રત્યે સજ્જન નથી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ પ્રતિ વિ.નો યોગ ન હોય ત્યારે જ થાય છે. જ્યારે અહીં માતૃનો પ્રતિ વિ.ની સાથે યોગ છે. માટે આ સૂત્રથી સપ્તમી ન થતાં लक्षणवीप्स्ये०२.२.૩૬ વિ.થી દ્વિતીયા થઈ છે.

વિશેષતા :

અહીં આદિ પદ વ્યવસ્થાવાચી છે, તેથી પ્રતિ વિ. એમ અર્થ પ્રાપ્ત થતાં भागिनि च०२.२.३७थी અને लक्षणवीप्स्ये०२.२.३६थी દ્વિતીયા જ થાય છે. તેથી 'अप्रत्यादौ' પદની આવશ્યકતા નથી. પરંતુ હવે આ સૂત્રનાં 'अप्रत्यादौ'નાં નિર્દેશથી અસાધુ પદનાં યોગમાં પ્રતિ વિ. અવ્યય નહીં હોય તો આ સૂત્રથી સપ્તમી વિભક્તિ જ થશે અને જો અસાધુનાં યોગમાં પ્રતિ વિ.નો યોગ હોય તો लक्षणवीप्स्ये०२.२.३६ અને भागिनि च०२.२.३७थी દ્વિતીયા જ થશે.

साधुना २/२/१०२

અ.અ.સૂ. : अप्रत्यादौ साधुना एक-द्वि-बहौ गौणात् नाम्नः सप्तमी ।

અર્થ : પ્રતિ વિ.થી રહિત, સાધુ શબ્દથી યુક્ત ગૌણ નામથી સપ્તમી વિભક્તિ થાય છે.

ઉદા. साधुर्मैत्रो मातरि→મૈત્ર માતા પ્રત્યે સજ્જન છે.

★ આ ઉદા.માં સાધુથી યુક્ત માતૃ ગૌણવાચી નામને આ સૂત્રથી સપ્તમી થઈ છે.

પ્ર.ઉદા. अप्रत्यादावित्येव→साधुर्मातरं प्रति→(મૈત્ર) માતા પ્રત્યે સજ્જન છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ પ્રતિ વિ.નો યોગ ન હોય તો થાય છે. જ્યારે અહીં માતૃની સાથે પ્રતિનો યોગ હોવાથી આ સૂત્રથી સપ્તમી થઈ નહીં પરંતુ लक्षणवीप्स्ये०२.२.३६थी દ્વિતીયા થઈ છે.

વિશેષતા :

માત્ર સાધુ પદની જ અનુવૃત્તિ નીચેનાં સૂત્રમાં લઈ જવા માટે આ સૂત્રનો પૃથક્ નિર્દેશ કર્યો છે.

निपुणेन चाऽर्चायाम् २/२/१०३

અ.અ.સૂ. : अप्रत्यादौ निपुणेन च(साधुना) एक-द्वि-बहौ गौणात् नाम्नः सप्तमी, अर्चायाम् ।

અર્થ : પ્રતિ વિ.થી રહિત, નિપુણ અને સાધુ શબ્દથી યુક્ત ગૌણ નામથી સપ્તમી વિભક્તિ થાય છે જો અર્ચા અર્થ જણાતો હોય તો.

ઉદા. मातरि निपुणः/साधुः→માતા પ્રત્યે નિપુણ/સજ્જન છે.

★ આ ઉદા.માં નિપુણ અને સાધુથી યુક્ત ગૌણનામ માતૃને આ સૂત્રથી સપ્તમી થઈ છે.

પ્ર.ઉદા. (૧) अर्चायामिति किम् ? निपुणो मैत्रो मातुः/मातैवैनं निपुणं मन्यते→માતા જ મૈત્રને નિપુણ માને છે. એટલે કે મૈત્ર માતા પ્રત્યે ભક્તિ ભાવવાળો નથી છતાં માતા જ તેને સજ્જન માને છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ અર્ચા અર્થ જણાતે છતે જ થાય છે. જ્યારે અહીં અર્ચા અર્થ નથી માટે આ સૂત્રથી સપ્તમી ન થતાં શેષે ૨.૨.૮૧થી ષષ્ઠી થઈ છે.

(૨) **अप्रत्यादावित्येव→निपुणो मैत्रो मातरं प्रति→**મૈત્ર માતા પ્રત્યે સજ્જન છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ પ્રતિ વિ.નો યોગ ન હોય તો થાય છે. જ્યારે અહીં પ્રતિ વિ.નો યોગ હોવાથી આ સૂત્રથી સપ્તમી ન થતાં भागिनि च०२.२.३७थी द्वितीया थઈ છે.

વિશેષતા :

જિ. : પૂર્વસૂત્રથી સાધુ શબ્દનાં યોગમાં સપ્તમી સિદ્ધ જ હતી તો પણ અહીં ચકાર દ્વારા સાધુ શબ્દનું ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : અહીં **सिद्धे सत्यारम्भो नियमार्थः ૧/૨૫** ન્યાયની પ્રવૃત્તિ થઈ છે. તેથી તે ન્યાયાનુસારે અહીં નિયમ થાય છે કે, પૂર્વસૂત્રથી પણ સાધુનાં યોગમાં અનર્ચા અર્થમાં સપ્તમી વિભક્તિ નહીં જ થાય. તેથી પૂર્વસૂત્રમાં નિર્દિષ્ટ ઉદા.નો અર્થ માત્ર તત્ત્વાખ્યાન અર્થાત્ વાતને જણાવવા સ્વરૂપે જ કરવો. પણ અર્ચા-અનર્ચાની વિવક્ષા ન કરવી. જ્યારે આ સૂત્રમાં નિર્દિષ્ટ ઉદા.નો અર્થ અર્ચા અર્થાત્ લોકપ્રશંસા આદિનાં વિષય તરીકે કરવો.

स्वेशेऽधिना ૨/૨/૧૦૪

અ.અ.સૂ. : **स्वेशे अधिना एक-द्वि-बहौ गौणात् नाम्नः सप्तमी ।**

અર્થ : **स्व**=શાસન કરવા યોગ્ય અને **ईश**=શાસન કરનાર અર્થમાં વર્ત્તતાં અધિથી યુક્ત ગૌણ નામથી સપ્તમી વિભક્તિ થાય છે.

સ. : **स्वेशे**→स्वश्च ईशश्च इति स्वेशः, तस्मिन्निति ।

ઉદા. (૧) **अधिमगधेषु श्रेणिकः**→મગધદેશનો અધિપતિ શ્રેણિક.
(૨) **अधिश्रेणिके मगधाः**→શ્રેણિક રાજાનાં આધિપત્યવાળો મગધદેશ.

★ આ ઉદા.માં અધિથી યુક્ત મગધ અને શ્રેણિક અનુક્રમે સ્વ અને ઈશ વાચી છે. માટે આ સૂત્રથી તે બન્નેને સપ્તમી થઈ છે.

વિશેષતા :

જિ. : પરસ્પર આધાર-આધેયભાવની વિવક્ષામાં सप्तम्यधिकरणे ૨.૨.૯૫થી સપ્તમી થવાની જ હતી તો આ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો ?

સમા. : અહીં આધાર-આધેયભાવની અવિવક્ષામાં સ્વામીત્વનો સંબંધ હોવાથી ષષ્ઠીની પણ પ્રાપ્તિ હતી તેનો બાધ કરી સપ્તમી કરવા આ સૂત્રનો નિર્દેશ છે.

उपेनाऽधिकिनि ૨/૨/૧૦૫

અ.અ.સૂ. : अधिकिनि उपेन एक-द्वि-बहौ गौणात् नाम्नः सप्तमी ।

અર્થ : ઉપ શબ્દથી યુક્ત અધિકવાચી ગૌણ નામથી સપ્તમી વિભક્તિ થાય છે.

ઉદા. उपखार्यां द्रोणः→દ્રોણ ખારીથી અધિક છે.

★ આ ખારી/દ્રોણ પ્રાચીન પ્રમાણવાચી નામ છે. જેનું માપ આ પ્રમાણે છે : ૪ આઢક=દ્રોણ અને ૧૬ દ્રોણ=૧ ખારી. (વિ.શ. આપ્ટે શબ્દકોષ) આમ, દ્રોણ કરતાં ખારીનું પ્રમાણ મોટું હોવા છતાં પણ સંખ્યાની દૃષ્ટિએ દ્રોણ અધિક છે. અને તે જેને વિશે અધિક છે તે ખારી અધિકી છે. તેથી અધિકીવાચી ખારી શબ્દને આ સૂત્રથી સપ્તમી થઈ છે.

વિશેષતા :

અહીં ધ્યાનમાં લેવું કે, સંખ્યાની અપેક્ષાએ ખારી કરતાં દ્રોણ અધિક છે. અર્થાત્ ૧ ખારી=૧૬ દ્રોણ થાય છે માટે ખારીનાં પ્રમાણમાં દ્રોણનો સમાવેશ થાય છે. અને આ રીતે કોઈપણ અધિકવાચી નામમાં જે તેનાં કરતાં અધિક છે. તેનો સમાવેશ કરવાનો જ છે. તેથી અહીં આધાર-આધેય ભાવનો સંબંધ હોવાથી

સપ્તમી સિદ્ધ જ છે. પરંતુ તેની અવિવક્ષામાં અન્ય ષષ્ઠી વિ. વિભક્તિનો બાધ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

यद्भावो भावलक्षणम् २/२/१०६

અ.અ.સૂ. : यद्भावः भावलक्षणम् एक-द्वि-बहौ गौणात् नाम्नः सप्तमी ।

અર્થ : ભાવ=ક્રિયા. જેની ક્રિયા વડે અન્યની ક્રિયા ઓળખાય તદ્વાચી ગૌણ નામથી સપ્તમી વિભક્તિ થાય છે.

સ. : (૧) यद्भावः→यस्य भाव इति ।

(૨) **भावलक्षणम्→**भावोऽस्य लक्ष्यते येन तदिति ।

ઉદા. गोषु दुह्यमानासु गतः→ગાય દોહવાતે છતે તે ગયો.

★ આ ઉદા.માં ગાયને દોહવાની ક્રિયા વડે ગમન ક્રિયા જણાય છે. તેથી ગૌણ નામ ગોને આ સૂત્રથી સપ્તમી થઈ છે. અને દુહ્યમાન તેનાં વિશેષણ સ્વરૂપે હોવાથી તેને પણ સપ્તમી થઈ છે.

વિશેષતા :

(૧) અહીં પૂર્વની ક્રિયા પર ક્રિયા જણાવવામાં લક્ષણભૂત છે. તેથી ઈત્થંભૂતલક્ષણ તરીકે હેતુ-કર્તૃ૦૨.૨.૪૪થી તૃતીયાની પ્રાપ્તિ હતી. આ સૂત્ર દ્વારા તૃતીયાનો બાધ કરીને સપ્તમી વિભક્તિ કરી છે. તેથી આ તૃતીયાનું અપવાદ સૂત્ર છે.

(૨) આ સૂત્રનાં વિષય તરીકે અસ્તિ, ભવતિ વિ. ક્રિયાપદ દ્વારા પૂર્વક્રિયા ગમ્યમાન હોય અને સાક્ષાત્ પ્રયોગમાં ન દર્શાવ્યું હોય તો પણ આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે. જેમકે, आम्रेषु पक्वेषु आगतः-આંબા પક્વ થયે છતે આવ્યો. અહીં થયે છતે=जातेषु ક્રિયા સાક્ષાત્ જણાવી નથી. પણ ગમ્યમાન છે.

સપ્તમી વિભક્તિનું સારાંશ કોષ્ટક

સૂત્ર	ઉપપદ/નિમિત્ત	કયા નામને	નિત્ય/ વિકલ્પ	કોનો અપવાદ	ઉદાહરણ
सप्तम्यधि०९५	–	અધિકરણ	નિત્ય	ષષ્ઠી	**दिवि** देवाः ।
नवा सुजर्थैः०९६	સુજર્થક પ્રત્યયાન્ત નામ	કાળરૂપ અધિકરણ	વિકલ્પે	ષષ્ઠી (વિક.)	**द्विरह्नि**/अह्नौ भुङ्क्ते ।
कुशलाऽऽयु०९७	આસેવા અર્થમાં કુશલ, આયુક્ત	આધાર	વિકલ્પે	ષષ્ઠી(વિક.)	કુશલો **विद्यायाम्**/**विद्यायाः** ।
स्वामीश्वरा०९८	સ્વામી, ઈશ્વર, અધિપતિ, દાયાદ, સાક્ષી, પ્રતિભૂ, પ્રસૂત	–	વિકલ્પે	ષષ્ઠી(વિક.)	**गोषु**/**गवां** સ્વામી ।
व्याप्ये क्तेनः ९९	क्त પ્રત્યયથી ૫૨ इन પ્રત્યયાન્ત	કર્મ	નિત્ય	દ્વિતીયા	અધીતી **व्याकरणे** ।
तद्युक्ते हेतौ १००	કર્મથી યુક્ત	હેતુવાચી	નિત્ય	તૃતીયા	**चर्मणि** द्वीपिनं हन्ति ।
अप्रत्यादाव०१०१	અસાધુ, પ્રતિ વિ.નો યોગ ન હોય તો.	–	નિત્ય	દ્વિતીયા	असाधुर्मैत्रो **मातरि** ।
साधुना १०२	સાધુ, પ્રતિ વિ.નો યોગ ન હોય તો.	–	નિત્ય	દ્વિતીયા	साधुर्मैत्रो **मातरि** ।
निपुणेना०१०३	અર્થાર્થક નિપુણ, સાધુ	–	નિત્ય	દ્વિતીયા	**मातरि** निपुणः/साधुः ।
स्वेशेऽधि०१०४	અધિ	સ્વ-ઈશવાચી	નિત્ય	ષષ્ઠી	अधि**मगधेषु** श्रेणिकः ।

સૂત્ર	ઉપપદ/નિમિત્ત	કયા નામને	નિત્ય/ વિકલ્પ	કોનો અપવાદ	ઉદાહરણ
उपेनाऽधि०१०५	उप	અધિકવાચી	નિત્ય	ષષ્ઠી	उप**खार्यां** द्रोणः ।
यद्भावो०१०६	એક ક્રિયા બીજી ક્રિયાને જણાવનારી હોય.	લક્ષણવાચી ક્રિયા	નિત્ય	તૃતીયા	गोषु **दुह्यमानासु** गतः ।
सप्तमी चा०१०९	નિર્ધારણ અર્થમાં અવિભાગ હોતે છતે	–	નિત્ય	પંચમી	क्षत्रियो **नृणां/नृषु** शूरः ।
क्रियामध्ये-ध्व०११०	બે ક્રિયાની મધ્યમાં	માર્ગ-કાળવાચી	નિત્ય	ષષ્ઠી	**क्रोशे** लक्ष्यं विध्यति ।
अधिकेन०१११	અલ્પાર્થક અધિક	અધિકવાચી	નિત્ય	ષષ્ઠી	अधिको द्रोणः **खार्याम्** ।
हेत्वर्थै०११८	હેતુ અર્થવાળાં નામ	–	નિત્ય	તૃતીયા	**धने हेतौ** वसति ।
सर्वादेः०११९	હેતુ અર્થવાળાં નામ	સર્વ વિ.	નિત્ય	તૃતીયા	**कस्मिन् हेतौ** वसति ।

गते गम्येऽध्वनोऽन्तेनैकार्थ्यं वा २/२/१०७

अ.अ.सू. : गते गम्ये यद्भावो भावलक्षणम् अध्वनः नाम्नः अन्तेन ऐकार्थ्यं वा ।

अर्थ : કોઈક અવધિ સુધી વિવક્ષિત માર્ગનો છેડો તે અન્ત.

જેની ક્રિયા વડે અન્ય ક્રિયા જણાવાતી હોય તે અધ્વવાચી નામનો તેનાં અન્તવાચી નામની સાથે ઐકાર્થ્ય=સમાનાધિકરણપણું વિકલ્પે થાય છે.

એટલે કે, અહીં અંતવાચી નામની વિભક્તિ અધ્વવાચી નામને થાય છે પણ જો ગત શબ્દ ગમ્યમાન હોય તો.

ઉદા. गवीधुमतः सांकाश्यं चत्वारि योजनानि/चर्तुषु योजनेषु→ ગવીધુમ નગરથી ચાર યોજન ગયે છતે સાંકાશ્ય નગર છે.

★ આ ઉદા.માં સાંકાશ્ય અન્તવાચી નામ છે. અહીં તે નામની સાથે ચાર યોજન સ્વરૂપ માર્ગની પૂર્ણ થવાની ક્રિયા દ્વારા સાંકાશ્ય નગરની પ્રાપ્તિ સ્વરૂપ ક્રિયા દર્શાવે છે. તેથી, તે માર્ગનાં અંતવાચી સાંકાશ્ય નગરની મધ્યે અધ્વવાચી ચાર યોજન માર્ગને આ સૂત્રથી સમાન વિભક્તિ થાય છે. તેનાં ફળ સ્વરૂપે આ સૂત્ર દ્વારા સાંકાશ્યની પ્રથમા વિભક્તિ યોજન નામને પણ થાય છે.

★ **गत इति किम् ? दग्धेषु/लुप्तेष्विति वा गतौ मा भूत्→** જ્યાં ગતાર્થ જણાતો હોય ત્યાં જ આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે. દગ્ધાર્થ કે લુપ્તાર્થ જેવી બીજી કોઈ ક્રિયા જણાતી હોય તો આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી.

★ **गम्य इति किम् ? गतप्रयोगे मा भूत्→**
ગત શબ્દ જો ગમ્ય હોય તો જ સૂત્રપ્રવૃત્તિ થાય છે. પણ જો ગતનો સાક્ષાત્ પ્રયોગ જણાતો હોય ત્યાં આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી.

પ્ર.ઉદા. (૧) **अध्वन इति किम् ? कार्त्तिक्या आग्रहायणी मासे→**
કા.સુ.પૂનમથી મા.સુ.પૂનમ એક મહિનો ગયે છતે આવે છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ અધ્વવાચી નામથી જ થાય છે. જ્યારે અહીં कार्त्तिकी વિ. કાળવાચી નામ છે. માટે આ સૂત્રથી આગ્રહાયણીની સાથે કાર્ત્તિકીને સમાનાધિકરણ થયું નહીં.

(૨) **अन्तेनेति किम् ? अद्यनश्चर्तुषु गव्यूतेषु भोजनम्→**
આજે આપણે ચાર ગાઉ ગયે છતે ભોજન છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ અન્તવાચી નામથી થાય છે. જ્યારે અહીં ભોજન માર્ગનો અંતવાચી નથી. પણ ક્રિયા સ્વરૂપ છે. માટે આ સૂત્રથી માર્ગવાચી चतुर्‌ની સાથે ભોજનનું સમાનાધિકરણ થઈ સપ્તમી થશે નહીં.

षष्ठी वाऽनादरे २/२/१०८

અ.અ.સૂ. : **अनादरे यद्भावः भावलक्षणम् एक-द्वि-बहौ गौणात् नाम्नः षष्ठी वा ।**

અર્થ : અનાદર જણાતે છતે જેની ક્રિયા વડે અન્યની ક્રિયા ઓળખાય તેમાં વર્ત્તતાં ગૌણ નામથી ષષ્ઠી વિભક્તિ વિકલ્પે થાય છે.

ઉદા. **रुदतो लोकस्य/रुदति लोके प्राव्राजीत्**→લોકો રડતે છતે તેને દીક્ષા લીધી.

★ આ ઉદા.માં રડવાની ક્રિયા વડે દીક્ષા લેવાની ક્રિયા ઓળખાય છે. અને લોકને વિશે થતો અનાદર પણ જણાય છે. તેથી 'लोक'ને આ સૂત્રથી વિકલ્પે ષષ્ઠી થઈ છે. તેમજ, વિકલ્પ પક્ષમાં यद्भावो०२.२.१०६થી સપ્તમી થઈ છે.

વિશેષતા :

જિ. : આ સૂત્રમાં 'यद्भावो भावलक्षणम्'નો અધિકાર વર્ત્તી રહ્યો છે. જેનાં વિષયમાં પૂર્વસૂત્રથી સપ્તમી થાય છે. તથા, પૂર્વાપરથી જણાતાં અનાદર અર્થની વિવક્ષા કરવામાં આવે તો આ સૂત્રથી ષષ્ઠી વિભક્તિ પણ થાય છે. આમ, અહીં સૂત્રમાં વિકલ્પનાં વિધાન વિના જ માત્ર ષષ્ઠીનો નિર્દેશ કરવામાં આવે તો પણ કાર્ય સિદ્ધ થઈ જ જાય છે. તો વિકલ્પનું વિધાન શા માટે કર્યું ?

સમા. : જો 'षष्ठी अनादरे' એવું વિકલ્પ રહિત સૂત્ર બનાવવામાં આવે તો અનાદર અર્થ હોય ત્યારે આ સૂત્રથી માત્ર ષષ્ઠી વિભક્તિ જ થાય.

सप्तमी चाऽविभागे निर्धारणे २/२/१०९

અ.અ.સૂ. : **निर्धारणे एक-द्वि-बहौ गौणात् नाम्नः सप्तमी च(षष्ठी), अविभागे ।**

અર્થ : **નિર્ધારણ**=જાતિ, ગુણ, ક્રિયા વિ.નાં સમુદાયમાંથી એક દેશને બુદ્ધિપૂર્વક જુદું પાડવું તે. નિર્ધારણ જણાતે છતે ગૌણ નામથી સપ્તમી અને ષષ્ઠી વિભક્તિ થાય છે.

પરંતુ અવિભાગ=નિર્ધારણ કરાતાં એક દેશનું સમુદાયની સાથે કંઈક ઐક્ય. તે જણાતે છતે.

સ. : **अविभागे**→न विभाग इति अविभागः, तस्मिन्निति ।

ઉદા. (૧) **જાતિ : क्षत्रियो नृणां/नृषु शूरः**→મનુષ્યોમાં ક્ષત્રિય શૂરવીર છે.

(૨) **ગુણ : कृष्णो गवां/गोषु बहुक्षीरा**→ગાયોમાં કાળી ગાય બહુ દુધવાળી છે.

(૩) **ક્રિયા : धावन्तो यातां/यात्सु शीघ्रतमाः**→ચાલતાં માણસોમાં દોડતાં માણસો વધારે શીઘ્ર ગતિવાળાં છે.

(૪) **વ્યક્તિ : युधिष्ठिरः श्रेष्ठतमः कुरूणां/कुरुषु**→કુરૂઓમાં યુધિષ્ઠિર શ્રેષ્ઠ છે.

★ આ ઉદા.માં ક્ષત્રિયત્વ જાતિ વિ.થી ક્ષત્રિય વિ.નું પૃથક્કરણ કર્યું છે. અને મનુષ્યરૂપે તે એક જ છે. માટે આ સૂત્રથી નૃ વિ. ગૌણ નામથી ષષ્ઠી અને સપ્તમી થઈ છે.

પ્ર.ઉદા. **अविभाग इति किम् ? मैत्रश्चैत्रात् पटुः**→મૈત્ર ચૈત્રથી હોંશિયાર છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ સમુદાયમાંથી છૂટા પડેલ દેશનું કંઈક ઐક્ય જણાતું હોય તો જ થાય છે. જ્યારે અહીં મૈત્રથી ભિન્ન ચૈત્ર છે. માટે આ સૂત્રથી ષષ્ઠી/સપ્તમી ન થતાં पञ्चम्यऽपादाने ૨.૨.૬૯થી પંચમી થઈ છે.

વિશેષતા :

(૧) સૂત્રમાં અવિભાગેનાં ગ્રહણ દ્વારા અવિભાગનાં વિષયમાં અવધારણનો આશ્રય કરાય છે. આથી જે વાક્યમાં સ્પષ્ટ શાબ્દિક રીતે અવિભાગનું નિર્ધારણ કરાતું હોય ત્યાં જ આ સૂત્રની પ્રવૃત્તિ

થાય છે. અન્યથા क्षत्रियाः शूरतराः જેવા ગમ્યમાન પ્રયોગ આ સૂત્રનો વિષય બનતાં નથી.

(૨) નિર્ધારણ એક દેશનાં વિભાગ સ્વરૂપ છે. અને જ્યાં વિભાગ હોય ત્યાં વિયોગ થતો હોવાથી અપાદાન સંજ્ઞા થાય છે. અને અપાદાન સંજ્ઞામાં પઞ્ચમ્યપાદાને ૨.૨.૬૯થી પંચમીની પ્રાપ્તિ હોય છે. માટે આ સૂત્ર પંચમીનાં અપવાદ સ્વરૂપ છે.

(૩) યદ્યપિ અહીં સપ્તમીનો અધિકાર શરૂ થવાથી ષષ્ઠીનો અધિકાર અટકી જાય છે. પણ **चकारो यस्मात्परस्तत्सजातीयमेव समुच्चिनोति ૨/૬૧** ન્યાયાનુસારે સૂત્રમાં ગ્રહણ કરેલાં ચકાર દ્વારા ચકારની પૂર્વે રહેલ પ્રથમાન્ત સપ્તમીથી પૂર્વસૂત્રગત સજાતીય પ્રથમાન્ત ષષ્ઠીનો અધિકાર ગ્રહણ થશે.

તેમજ, **चानुकृष्टं नानुवर्त्तते ૨/૬૨** ન્યાયાનુસારે ચકારથી ગ્રહણ કરેલ ષષ્ઠીનો અધિકાર ઉત્તરસૂત્રમાં નહીં જાય.

क्रियामध्येऽध्वकाले पञ्चमी च ૨/૨/૧૧૦

અ.અ.સૂ. : क्रियामध्येऽध्वकाले एक-द्वि-बहौ गौणात् नाम्नः पञ्चमी च(सप्तमी) ।

અર્થ : બે ક્રિયાની મધ્યમાં અધ્વ અને કાલવાચી ગૌણ નામથી પંચમી અને સપ્તમી વિભક્તિ થાય છે.

સ. : (૧) **क्रियामध्ये**→क्रियायार्मध्यमिति क्रियामध्यम्, तस्मिन्निति ।
(૨) **अध्वकाले**→अध्वा च कालश्च इति अध्वकालम्, तस्मिन्निति ।

ઉદા. (૧) **इहस्थोऽयमिष्वासः क्रोशात्/क्रोशे लक्ष्यं विध्यति**→ અહીં રહેલ આ બાણાવલી એક ક્રોશ દૂર સુધીનાં લક્ષ્યને વીંધે છે.

★ આ ઉદા.માં બાણ ફેંકવા સ્વરૂપ એક ક્રિયા અને લક્ષ્ય વીંધવા સ્વરૂપ બીજી ક્રિયા છે. આ બે ક્રિયાની મધ્યમાં માર્ગવાચી ક્રોશને આ સૂત્રથી પંચમી અને સપ્તમી થઈ છે.

વિશેષતા :

પૂર્વ પ્રમાણે અહીં પણ પઞ્ચમીનાં ગ્રહણથી સપ્તમીનો અધિકાર અટકી જાય છે. પણ **चकारो यस्मात्परस्तत्सजातीयमेव समुच्चिनोति ૨/૬૧** ન્યાયાનુસારે સૂત્રમાં ગ્રહણ કરેલાં ચકાર દ્વારા સપ્તમીનું ગ્રહણ થશે. તેમજ, **चानुकृष्टं नाऽनुवर्त्तते ૨/૬૨** ન્યાયાનુસારે ચકારથી ગ્રહણ કરેલ સપ્તમીનો અધિકાર ઉત્તરસૂત્રમાં જશે નહીં.

જિ. : ક્રોશે સ્થિતં લક્ષ્યં વિધ્યતિ આ રીતે ક્રોશને અધિકરણ સંજ્ઞાની પ્રાપ્તિ હોવાથી સપ્તમી થઈ શકે છે. તેમજ, બાણ એક ક્રોશ નીકળીને લક્ષ્યને વીંધે છે. એવો અર્થ પ્રાપ્ત થતો હોવાથી गम्ययप:૦૨.૨.૭૯થી પંચમી પણ સિદ્ધ છે તો આ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો ?

સમા. : તમારી વાત સાચી છે, પરંતુ અહીં પંચમી અને સપ્તમી સિવાય ક્રિયાકારક વિ. સંબંધની અપેક્ષાએ શેષે ૨.૨.૮૧થી ષષ્ઠી થવાની પણ પ્રાપ્તિ છે. તેનો બાધ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

अधिकेन भूयसस्ते ૨/૨/૧૧૧

અ.અ.સૂ. : अधिकेन भूयसः एक-द्वि-बहौ गौणात् नाम्नः ते (सप्तमी-पञ्चम्यौ) ।

અર્થ : અલ્પીયોવાચી અધિક શબ્દનાં યોગમાં ભૂયોવાચી ગૌણ નામથી સપ્તમી અને પંચમી વિભક્તિ થાય છે.

ઉદા. अधिको द्रोणः खार्यां/खार्याः→ખારીમાં અધિક એક દ્રોણ.

વિશેષતા :

(૧) ઉપરોક્ત સૂત્રમાં ગ્રહણ કરેલ સપ્તમીની અનુવૃત્તિ **चानुकृष्टं नाऽनुवर्त्तते** ૨/૬૨ ન્યાયાનુસારે આ સૂત્રમાં આવતી નથી માટે સૂત્રમાં 'તે' પદ દ્વારા સપ્તમી અને પઞ્ચમી બન્નેનું ગ્રહણ કરેલ છે.

(૨) अधिको द्रोणः खार्याः/खार्याः અહીં અધિક-અધિકી સંબંધ હોવાથી શેષે ૨.૨.૮૧ સૂત્ર દ્વારા ગૌણ નામ ખારીને ષષ્ઠીની પ્રાપ્તિ હતી. તથા, અધિક શબ્દ કર્ત્તાવાચી હોવાથી અધિક-અધિકી સંબંધની અવિવક્ષામાં કર્મવાચી ખારી નામને कर्मणि ૨.૨.૪૦થી દ્વિતીયાની પણ પ્રાપ્તિ હતી. તે બન્નેનો બાધ કરીને આ સૂત્ર દ્વારા સપ્તમી અને પંચમીનું વિધાન કરાય છે.

तृतीयाऽल्पीयसः ૨/૨/૧૧૨

અ.અ.સૂ. : अधिकेन अल्पीयसः एक-द्वि-बहौ गौणात् नाम्नः तृतीया ।

અર્થ : ભૂયોવાચી એવા અધિકનાં યોગમાં અલ્પીયોવાચી ગૌણ નામથી તૃતીયા વિભક્તિ થાય છે.

ઉદા. अधिका खारी द्रोणेन→એક દ્રોણ વડે અધિક ખારી.

★ આ ઉદા.માં ખારી દ્રોણ કરતાં અધિક પ્રમાણવાળું છે. માટે ભૂયોવાચી ખારીનાં યોગમાં અલ્પીયોવાચી દ્રોણને આ સૂત્રથી તૃતીયા થઈ છે.

વિશેષતા :

આ સૂત્રનાં વિષયમાં ઉદા. કર્મણિ પ્રયોગ હોવાથી દ્રોણ વિ. કર્ત્તારૂપ ગૌણ નામથી हेतु-कर्तृ०૨.૨.૪૪થી તૃતીયા થતી હતી.

પરંતુ અધિક-અધિકી સંબંધની વિવક્ષામાં શેષે ૨.૨.૮૧થી ષષ્ઠી વિભક્તિ થાય છે. તેનો બાધ કરી પુનઃ તૃતીયા કરવા આ સૂત્રનો નિર્દેશ છે.

જિ. : પૂર્વ સૂત્રમાં અધિક શબ્દ અલ્પીયોવાચી તરીકે ગ્રહણ કરેલ છે. અને આ સૂત્રમાં ભૂયોવાચી તરીકે ગ્રહણ કરેલ છે. તો એક જ શબ્દનાં તદ્દન વિરુદ્ધ અર્થ કેવી રીતે ગ્રહણ થાય ?

સમા. : વસ્તુતઃ અધિક શબ્દ અધિકરુઢ અર્થમાં વિભાજન કરાય છે. અને અધિરુઢ શબ્દમાં થતાં પ્રત્યય કર્ત્તરિ અને કર્મણિ બન્ને અર્થમાં લાગે છે. તેથી જ્યારે કર્ત્તરિમાં ક્તની વિવક્ષા કરાય ત્યારે 'જે (પ્રમાણ) ચઢે તે' એવો અર્થ પ્રાપ્ત થતો હોવાથી અધિક અલ્પીયોવાચી જણાય છે. તથા, જ્યારે કર્મણિમાં ક્તની વિવક્ષા કરાય ત્યારે 'જેને ચઢાય છે તે' એવો અર્થ પ્રાપ્ત થતો હોવાથી અધિક શબ્દ ભૂયોવાચી પ્રાપ્ત થાય છે.

અહીં ધ્યાનમાં લેવું કે, ચઢનાર પોતે અલ્પ હોય છે. જે વધારે પ્રમાણને ચઢવાનો પ્રયાસ કરે તે. આમ, ચઢનાર અલ્પીયોવાચી થાય છે. અને જેને ચઢાય તે ભૂયોવાચી થાય છે.

पृथग्-नाना पञ्चमी च २/२/११३

અ.અ.સૂ. : **पृथग्-नाना एक-द्वि-बहौ गौणात् नाम्नः पञ्चमी च (तृतीया) ।**

અર્થ : પૃથગ્ અને નાના શબ્દથી યુક્ત ગૌણ નામથી પંચમી અને તૃતીયા વિભક્તિ થાય છે.

સ. : **पृथग्-नाना→**पृथग् च नाना च इति पृथग्-नाना, तेनेति (अव्ययात् टा लोपः) ।

ઉદા. (૧) **पृथग् मैत्रात्/मैत्रेण→**મૈત્રથી અલગ.

(૨) **नाना चैत्रात्/चैत्रेण→**ચૈત્રથી ભિન્ન.

★ આ ઉદા.માં પૃથગ્ અને નાનાનો યોગ હોવાથી ગૌણ નામને આ સૂત્રથી પંચમી અને તૃતીયા થઈ છે.

વિશેષતા :

(૧) યદ્યપિ અહીં પઞ્ચમીનો અધિકાર શરૂ થવાથી તૃતીયાનો અધિકાર અટકી જાય છે. પણ **चकारो यस्मात्परस्तत्सजातीयमेव समुच्चिनोति ૨/૬૧** ન્યાયાનુસારે સૂત્રમાં ગ્રહણ કરેલાં ચકાર દ્વારા ચકારની પૂર્વે રહેલ પ્રથમાન્ત તૃતીયાથી પૂર્વ સૂત્રગત સજાતીય પ્રથમાન્ત તૃતીયાનો અધિકાર ગ્રહણ થશે.

તેમજ, **चानुकृष्टं नाऽनुवर्त्तते ૨/૬૨** ન્યાયાનુસારે ચકારથી ગ્રહણ કરેલ તૃતીયાનો અધિકાર ઉત્તરસૂત્રમાં નહીં જાય.

(૨) અન્ય વ્યાકરણકારો પૃથગ્ અને નાનાનાં યોગમાં દ્વિતીયાને પણ ઈચ્છે છે. તેથી તેમનાં મતે પૃથગ્ મૈત્રમ્ આવો પણ પ્રયોગ થઈ શકે છે.

જિ. : પૃથગ્ અને નાના શબ્દ અન્યાર્થક છે. તેથી પ્રભૃત્યાન્યાર્થ૦ ૨.૨.૭૫થી પંચમી વિભક્તિની પ્રાપ્તિ હતી જ. તો આ સૂત્રમાં કાર્ય સ્વરૂપે પંચમીનો નિર્દેશ શા માટે કર્યો ?

સમા. : વસ્તુતઃ પૃથગ્ અને નાના શબ્દ અસહાય અર્થમાં પણ વપરાય છે. જે અન્યાર્થ નથી. તેથી અસહાય અર્થમાં વપરાતાં પૃથગ્ અને નાના શબ્દનાં યોગમાં પંચમી કરવા માટે આ સૂત્રમાં પંચમીનો નિર્દેશ છે.

ऋते द्वितीया च २/२/११४

અ.અ.સૂ. : ऋते एक-द्वि-बहौ गौणात् नाम्नः द्वितीया च (पञ्चमी) ।

અર્થ : ऋते શબ્દથી યુક્ત ગૌણ નામથી દ્વિતીયા અને પંચમી વિભક્તિ થાય છે.

ઉદા. ऋते धर्मं/धर्मात् कुतः सुखम्→ધર્મ વિના સુખ ક્યાંથી ?

★ આ ઉદા.માં ऋतेનો યોગ હોવાથી ગૌણ નામને આ સૂત્રથી દ્વિતીયા અને પંચમી થઈ છે.

વિશેષતા :

(૧) યદ્યપિ અહીં દ્વિતીયાનો અધિકાર શરૂ થવાથી પઞ્ચમીનો અધિકાર અટકી જાય છે. પણ **चकारो यस्मात्परस्तत्सजातीयमेव समुच्चिनोति ૨/૬૧** ન્યાયાનુસારે સૂત્રમાં ગ્રહણ કરેલાં ચકાર દ્વારા ચકારની પૂર્વે રહેલ પ્રથમાન્ત દ્વિતીયાથી પૂર્વસૂત્રગત સજાતીય પ્રથમાન્ત પઞ્ચમીનો અધિકાર ગ્રહણ થશે.

તેમજ, **चानुकृष्टं नाऽनुवर्त्तते ૨/૬૨** ન્યાયાનુસારે ચકારથી ગ્રહણ કરેલ પઞ્ચમીનો અધિકાર ઉત્તરસૂત્રમાં નહીં જાય.

(૨) પાણિની વ્યાકરણકારો ऋतेનાં પ્રયોગમાં દ્વિતીયાને ઈચ્છતાં નથી પણ શિષ્ટ પ્રયોગનાં અનુસરણ રૂપે चित्रं यथाश्रयमृते પ્રયોગનો સ્વીકાર કરે છે.

विना ते तृतीया च २/२/११५

અ.અ.સૂ. : विना एक-द्वि-बहौ गौणात् नाम्नः ते (द्वितीया-पञ्चम्यौ) तृतीया च ।

અર્થ : વિના શબ્દથી યુક્ત ગૌણ નામથી દ્વિતીયા, પંચમી અને તૃતીયા વિભક્તિ થાય છે.

ઉદા. વિના वातं/वाताद्/वातेन→વાયુ વિના.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં 'તે' પદ દ્વારા દ્વિતીયા અને પંચમીનું ગ્રહણ કર્યું છે. તથા, ચકાર દ્વારા દ્વિતીયા, પંચમી અને તૃતીયાનો સમુચ્ચય કરેલ છે.

(૨) કેટલાંક અન્ય વ્યાકરણકારો દ્વિતીયાને ઈચ્છતાં નથી.

तुल्यार्थैस्तृतीया-षष्ठ्यौ २/२/११६

અ.અ.સૂ. : तुल्यार्थैः एक-द्वि-बहौ गौणात् नाम्नः तृतीया-षष्ठ्यौ ।

અર્થ : તુલ્ય અર્થવાળાં શબ્દથી યુક્ત ગૌણ નામથી તૃતીયા અને ષષ્ઠી વિભક્તિ થાય છે.

સ. : (૧) **तुल्यार्थैः→**तुल्योऽर्थो येषां ते इति तुल्यार्थाः, तैरिति ।
(૨) **तृतीया-षष्ठ्यौ→**तृतीया च षष्ठी च इति ।

ઉદા. मात्रा/मातुस्तुल्यः } માતાની
मात्रा/मातुस्समः } સમાન.

★ આ ઉદા.માં તુલ્યાર્થક તુલ્ય અને સમનો યોગ હોવાથી ગૌણ નામને આ સૂત્રથી તૃતીયા અને ષષ્ઠી થાય છે.

વિશેષતા :

જિ. : અહીં પૂર્વસૂત્રથી તૃતીયાની અનુવૃત્તિ આવતી જ હતી તેમજ, સંબંધમાં શેષે ૨.૨.૮૧થી ષષ્ઠી સિદ્ધ જ હતી તો બન્ને વિભક્તિનો વિકલ્પ ગ્રહણ કરી 'तुल्यार्थै वा' આવું સૂત્ર શા માટે ન દર્શાવ્યું ?

સમા. : જેમ સંબંધની વિવક્ષામાં ષષ્ઠી પ્રાપ્ત થતી હતી તેમજ, ગવાં તુલ્યઃ સ્વામી વિ. પ્રયોગમાં સ્વામીશ્વરાધિપતિ૦૨.૨.૯૮થી સપ્તમી પણ થાય છે. તેનો નિષેધ કરવા માટે અહીં ષષ્ઠીનું ગ્રહણ કર્યું છે. અને ષષ્ઠીનાં ગ્રહણ દ્વારા પૂર્વ સૂત્રથી આવતી તૃતીયાની અનુવૃત્તિ અટકી જાય તેથી તેનું પુનઃ ગ્રહણ કર્યું છે. આમ, તુલ્ય અર્થવાળાં શબ્દનાં યોગમાં માત્ર તૃતીયા અને ષષ્ઠી વિભક્તિ જ થશે.

द्वितीया-षष्ठ्यावेनेनाऽनञ्चेः २/२/११७

અ.અ.સૂ. : अनञ्चेः एक-द्वि-बहौ गौणात् नाम्नः द्वितीया-षष्ठ्यौ ।

અર્થ : અઞ્ચ્ સિવાયનાં એન પ્રત્યયાન્તથી યુક્ત ગૌણ નામથી દ્વિતીયા અને ષષ્ઠી વિભક્તિ થાય છે.

સ. : (૧) **द्वितीया-षष्ठ्यौ**→द्वितीया च षष्ठी च इति ।

(૨) **अनञ्चेः**→न अञ्चि इति अनञ्चिः, तस्मादिति ।

ઉદા. पूर्वेण ग्रामं/ग्रामस्य→ગામથી નજીક પૂર્વ દિશામાં.

★ આ ઉદા.માં પૂર્વ શબ્દને અદૂરે એન૦૭.૨.૧૨૨થી એન પ્રત્યય થઈ પૂર્વેણ બને છે. તેથી પૂર્વેણથી યુક્ત ગૌણ નામ ગ્રામને આ સૂત્રથી દ્વિતીયા અને ષષ્ઠી થઈ છે.

પ્ર.ઉદા. अनञ्चेरिति किम् ? प्राग् ग्रामात्→ગામની નજીક પૂર્વ દિશામાં.

★ અહીં અદૂરે એનઃ ૭.૨.૧૨૨થી એન પ્રત્યય લાગે છે. પરંતુ લુબઞ્ચેઃ ૭.૨.૧૨૩થી તેનો લોપ થઈને એન પ્રત્યયાન્ત પ્રાચ્ શબ્દ બને છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ અञ્च् સિવાયનાં પ્રયોગમાં થાય છે. જ્યારે અહીં અञ્च् હોવાથી આ સૂત્રથી દ્વિતીયા અને ષષ્ઠી ન થતાં પ્રભૃત્યન્યાર્થ૦૨.૨.૭૫થી પંચમી થઈ છે.

વિશેષતા :

અહીં નજીકમાં રહેલ દેશ-કાળ અને ક્ષેત્રમાં વર્ત્તતાં પૂર્વ વિ.થી એન પ્રત્યય થતો હોવાથી એન પ્રત્યયાન્ત શબ્દ દિક્ શબ્દ સ્વરૂપ થાય છે. તેથી આ સૂત્ર પ્રભૃત્યન્યાર્થ૦૨.૨.૭૫નું અપવાદ સૂત્ર છે.

हेत्वर्थैस्तृतीयाद्याः २/२/११८

અ.અ.સૂ. : हेत्वर्थैः एक-द्वि-बहौ गौणात् नाम्नः तृतीयाद्याः ।

અર્થ : હેતુ=નિમિત્ત. હેતુ અર્થવાળાં નામથી યુક્ત ગૌણ નામથી તૃતીયા વિ. વિભક્તિઓ થાય છે.

સ. : (૧) **हेत्वर्थैः**→હેતુરર્થો યેષાં તે ઇતિ હેત્વર્થાઃ, તૈરિતિ ।

(૨) **तृतीयाद्याः**→તૃતીયા આદ્યા યાસાં તા ઇતિ ।

ઉદા. धनेन हेतुना/धनाय हेतवे/धनाद्धेतोः/धनस्य हेतोः/धने हेतौ वसति→ધનનાં હેતુથી વસે છે.

★ આ ઉદા.માં ધન સ્વરૂપ હેતુવાચી ગૌણ નામથી તૃતીયા વિ. વિભક્તિઓ થઈ છે.

વિશેષતા :

(૧) ऋणाद्धेतोः ૨.૨.૭૬થી હેતુભૂત ઋણવાચી ગૌણ નામને નિત્ય પંચમી તથા, गुणादस्त्रियां૦૨.૨.૭૭થી હેતુભૂત જ્ઞાનાદિ ગુણવાચી ગૌણ નામને વિકલ્પે પંચમી થાય છે. પરંતુ આ સૂત્ર પર હોવાથી હેતુભૂત ઋણવાચી વિ.નામ પણ હેતુ અર્થક નામનાં યોગમાં હોય તો તેને પણ તૃતીયા વિ. વિભક્તિઓ જ થાય છે.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, હેત્વર્થક શબ્દો વાક્યમાં બે પ્રકારે વપરાય છે.

(i) સમાનાધિકરણ હેત્વર્થક સ્વરૂપ અને (ii) વ્યધિકરણ હેત્વર્થક સ્વરૂપ.

જેમકે, (૧) ધન રૂપ હેતુથી વસે છે. અહીં ધન અને હેતુ વિશેષણ-વિશેષ્યરૂપ સમાનાધિકરણમાં રહેલાં છે. તથા, (૨) ધનનાં હેતુથી વસે છે. અહીં ધન અને હેતુમાં માત્ર સંબંધની વિવક્ષા છે. પણ સમાનાધિકરણ ગૌણ નામથી જ તૃતીયા વિ. પ્રત્યય થાય છે. અન્યથા શેષે ૨.૨.૮૧થી ષષ્ઠી જ કરવી. જેમકે, ધનસ્ય હેતુના વસતિ ।

(૩) અન્ય વ્યાકરણકારો હેતુ શબ્દનાં યોગમાં સર્વ વિભક્તિ ન કરતાં માત્ર ષષ્ઠી જ કરે છે. તેથી તેમનાં મતે ધનસ્ય હેતોઃ આવો જ પ્રયોગ સિદ્ધ થાય છે.

सर्वादेः सर्वाः २/२/११९

અ.અ.સૂ. : सर्वादेः एक-द्वि-बहौ गौणात् नाम्नः सर्वाः ।

અર્થ : હેતુ અર્થવાળાં શબ્દથી યુક્ત સર્વ વિ. ગૌણ નામથી સર્વ વિભક્તિઓ થાય છે.

સ. : **सर्वादेः**→सर्व आदिर्यस्याऽसौ इति सर्वादिः, तस्मादिति ।

ઉદા. को हेतुः/कं हेतुं/केन हेतुना/कस्मै हेतवे/कस्माद्धेतोः/कस्य हेतोः/कस्मिन् हेतौ वसति→કયા હેતુ વડે તે રહે છે.

★ આ ઉદા.માં હેતુવાચી किम् સર્વાદિને આ સૂત્રથી પ્રથમા વિ. સર્વ વિભક્તિઓ થઈ છે.

વિશેષતા :

(૧) અહીં ઉપરોક્ત સૂત્રથી તૃતીયા વિ. વિભક્તિઓ થવાની જ હતી. પરંતુ આ સૂત્ર દ્વારા સર્વાદિ નામને હેતુ અર્થવાળા નામનાં યોગમાં પ્રથમા વિ. વિભક્તિ થાય છે.

(૨) કેટલાંક વાર્ત્તિકાકાર હેતુ અર્થવાળાં ગૌણ નામથી યુક્ત સર્વાદિને પ્રથમાનો નિષેધ કરે છે. તો કોઈક દ્વિતીયા વિભક્તિનો નિષેધ કરે છે.

(૩) અહીં ધ્યાનમાં લેવું કે, સર્વાદિ બહુવ્રીહિ સમાસ વિ. થઈ અન્ય પદનું વિશેષણ બને ત્યારે સર્વાદિ તરીકે ગૌણ થતાં **गौण-मुख्ययोः मुख्ये कार्ये संप्रत्ययः** ૧/૨૨ ન્યાયાનુસારે આ સૂત્રથી સર્વ વિભક્તિઓ થાય છે.

असत्त्वारादार्थात् टा-ङसि-ङ्यम् २/२/१२०

અ.અ.સૂ. : असत्त्वारादार्थात् टा-ङसि-ङ्यम् ।

અર્થ : અસત્ત્વવાચી દૂર અને નજીક અર્થવાળાં શબ્દોથી ટા, ङसि, ङि અને अम् પ્રત્યય થાય છે.

સ. : (૧) **असत्त्वारादार्थात्→**न विद्यते सत्त्वं यस्याऽसौ इति असत्त्वः, आरादर्थो यस्याऽसौ इति आरादर्थः, असत्त्वश्च आरादर्थश्च इति असत्त्वारादर्थः तस्मादिति ।

(૨) **टा-ङसि-ङ्यम्→**टाश्च ङसिश्च ङिश्च अम् च इति । (प्रथमा जस्, सूत्रत्वात् लोपः ।)

ઉદા. (૧) **दूरेण/दूरात्/दूरे/दूरं ग्रामस्य/ग्रामात् वसति→**

(૨) **विप्रकृष्टेन/विप्रकृष्टात्/विप्रकृष्टे/विप्रकृष्टं ग्रामस्य/ग्रामात् वसति→**ગામથી દૂર રહે છે.

(૩) **अन्तिकेन/अन्तिकात्/अन्तिके/अन्तिकं ग्रामस्य/ग्रामात् वसति→**

(૪) **अभ्याशेन/अभ्याशात्/अभ्याशे/अभ्याशं ग्रामस्य/ग्रामात् वसति→**ગામથી નજીક રહે છે.

★ આ ઉદા.માં અસત્ત્વવાચી દૂર અને વિપ્રકૃષ્ટ વિ. આરાદર્થક નામને આ સૂત્રથી ટા, ઙસિ, ઙિ અને અમ્ પ્રત્યય થયા છે.

પ્ર.ઉદા. असत्त्व इति किम् ? दूरः/अन्तिकः पन्थाः→દૂર/નજીક એવો માર્ગ.

★ આ સૂત્રની પ્રવૃત્તિ અસત્ત્વવાચી આરાદર્થકનાં વિષયમાં જ થાય છે. જ્યારે અહીં અસત્ત્વવાચી દૂર અને અન્તિક શબ્દ નથી માટે આ સૂત્રની પ્રવૃત્તિ થઈ નહીં.

વિશેષતા :

કારક પ્રકરણમાં અત્યાર સુધીનાં સૂત્રમાં પ્રથમા, દ્વિતીયા, તૃતીયા એમ વિભક્તિનો જ નિર્દેશ કરવામાં આવ્યો હતો. જ્યારે આ સૂત્રમાં ટા વિ. વિભક્તિનાં પ્રત્યયો ગ્રહણ કર્યા છે. આમ, કરવા દ્વારા અહીંથી 'गौणात्'થી પ્રાપ્ત થતો ગૌણ નામનો અધિકાર અટકાવવામાં આવ્યો છે.

★ **બહુવત્ કરતાં સૂત્રો :**

जात्याख्यायां नवैकोऽसङ्ख्यो बहुवत् २/२/१२१

અ.અ.સૂ. : जात्याख्यायां असङ्ख्यः एकः बहुवत् नवा ।

અર્થ : જાતિનું કથન હોતે છતે સંખ્યા વિશેષણથી રહિત એ.વ.માં રહેલું નામ બહુવત્ (બ.વ.માં) વિકલ્પે થાય છે.

સ. : (૧) **जात्याख्यायाम्**→जातेः आख्या इति जात्याख्या, तस्यामिति ।
(૨) **असङ्ख्यः**→न विद्यते सङ्ख्या यत्राऽसौ इति ।

ઉદા. **संपन्ना यवाः/संपन्नो यवः**→આ વખતે જવ ખૂબ પાક્યો.

★ આ ઉદા.માં યવ જાતિવાચી નામ હોવાનાં કારણે એ.વ.માં પ્રયોગ થાય પરંતુ અહીં યવને સંખ્યા સ્વરૂપ વિશેષણ ન હોવાથી આ સૂત્રથી વિકલ્પે બ.વ. થયું છે.

પ્ર.ઉદા. (૧) **जातीति किम् ? चैत्रः**→ચૈત્ર (છે).

★ આ ઉદા.માં ચૈત્ર સંજ્ઞાવાચી નામ છે. જાતિવાચી નથી માટે આ સૂત્રથી બહુવત્ થયું નહીં.

(૨) **आख्यायामिति किम् ? काश्यपा प्रतिकृतिः काश्यपः**→ કાશ્યપની પ્રતિકૃતિ કાશ્યપ જ છે.

★ આ ઉદા.માં પ્રતિકૃતિ જાતિવાચી નામ છે. પણ કાશ્યપ સ્વરૂપ વિશેષ વ્યક્તિની પ્રતિકૃતિનું કથન છે. માટે તે પ્રસિદ્ધ જાતિનું કથન નથી. તેથી આ સૂત્રથી બ.વ. થયું નહીં.

(૩) **असङ्ख्य इति किम् ? एको व्रीहिः संपन्नः सुभिक्षं करोति**→સંપન્ન એવો એક ચોખો સુકાળને કરે છે.

★ આ ઉદા.માં સંખ્યાવાચી વિશેષણથી યુક્ત જવ જાતિવાચી હોવાથી આ સૂત્રથી બહુવત્ વિકલ્પે થયું નહીં.

વિશેષતા :

(૧) **जायेतेऽनया भिन्नेष्व-भिन्नावभिधानप्रत्ययाविति जातिः ।** કોઈક રીતે સમાન ભાવવાળાં પણ ભિન્ન પદાર્થમાં જેના વડે ભિન્નતાનો બોધ થાય તે જાતિ. જેમકે ઘટ તરીકે સમાન પણ બે ભિન્ન ઘટમાં ઘટત્વ દ્વારા અભિન્નતાનો બોધ થાય છે. માટે ઘટત્વ

જાતિ છે. અને તેને જણાવનારું નામ ઘટ તે જાતિવાચક નામ છે. આમ, જાતિવાચક શબ્દો દ્વારા જાતિનું કથન કરાય છે.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, संपन्ना यवाः ઉદા. ગત જવ ઘણાં હોવાથી બ.વ.માં જ પ્રાપ્ત થતાં હતાં પરંતુ તેમાં યવત્વ સ્વરૂપ જાતિની વાચ્યતા રહેલી હોવાથી એ.વ.નો જ નિર્દેશ કરી શકાય. કારણ કે યવ ઘણાં હોવા છતાં પણ યવત્વ સ્વરૂપ જાતિ તો એક જ ગણાય છે. તેથી એ.વ.નો વિકલ્પે બ.વ. કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે. તથા, અહીં સૂત્રમાં એક પદ દ્વારા એ.વ.નો નિર્દેશ કર્યો હોવાથી દ્વિ.વ.માં રહેલાં જાતિનું કથન કરનારાં શબ્દોથી આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં.

अविशेषणे द्वौ चाऽस्मदः २/२/१२२

અ.અ.સૂ. : अविशेषणे द्वौ च (एकः) अस्मद् बहुवत् नवा ।

અર્થ : દ્વિ.વ. અને એ.વ.માં વર્ત્તતાં અને વિશેષણ રહિત અસ્મદ્ સર્વનામ બહુવત્ વિકલ્પે થાય છે.

સ. : **अविशेषणे**→न विद्यते विशेषणं यत्र तदिति ।

ઉદા. आवां ब्रूवः/वयं ब्रूमः→અમે બે બોલીએ છીએ.
अहं ब्रवीमि/वयं ब्रूमः→હું બોલું છું.

★ આ ઉદા.માં વિશેષણ રહિત અનુક્રમે દ્વિ.વ. અને એ.વ.માં વર્ત્તતાં અસ્મદ્ સર્વનામને આ સૂત્રથી વિકલ્પે બ.વ.નાં પ્રત્યયો થાય છે.

પ્ર.ઉદા. अविशेषण इति किम् ? आवां गार्ग्यौ ब्रूवः→ગાર્ગ્ય એવા અમે બે બોલીએ છીએ.

★ આ ઉદા.માં ગાર્ગ્ય વિશેષણથી યુક્ત અસ્મદ્ છે. માટે આ સૂત્રથી વિકલ્પે બહુવત્ થયું નહીં.

વિશેષતા :

(૧) યદ્યપિ અહીં 'દ્વૌ'નો અધિકાર શરૂ થવાથી एकः‌નો અધિકાર અટકી જાય છે. પણ **चकारो यस्मात्परस्तत्सजातीयमेव समुच्चिनोति ૨/૬૧** ન્યાયાનુસારે સૂત્રમાં ગ્રહણ કરેલ ચકાર દ્વારા ચકારની પૂર્વે રહેલ પ્રથમાન્ત 'દ્વૌ'થી પૂર્વસૂત્રગત તત્સજાતીય પ્રથમાન્ત 'एकः'નો અધિકાર ગ્રહણ થશે.

તેમજ, **चानुकृष्टं नाऽनुवर्त्तते ૨/૬૨** ન્યાયાનુસારે 'एकः'નો અધિકાર ઉત્તરસૂત્રમાં જશે નહીં.

(૨) અહીં 'अविशेषणे' પદમાં પ્રસજ્યનઞ્ અને પર્યુદાસનઞ્ દ્વારા અર્થઘટન થઈ શકે છે. (a) પર્યુદાસનઞ્-વિશેષણ ભિન્ન કોઈપણ પદ પ્રયોગમાં હોતે છતે સૂત્રની પ્રવૃત્તિ થાય છે. (b) પ્રસજ્યનઞ્-વિશેષણ પ્રયોગમાં ન હોતે છતે સૂત્રની પ્રવૃત્તિ થાય.

અહીં પ્રસજ્યનઞ્‌નો આશ્રય કર્યો હોવાથી પ્રયોગનાં વિશેષણનો અભાવ ગ્રહણ કરવો. અન્યથા જો પર્યુદાસનઞ્‌નો આશ્રય કરીએ તો अहं चैत्रो ब्रवीमि જેવા પ્રયોગમાં પણ ब्रवीमि સ્વરૂપ વિશેષણ ભિન્ન(વિશેષ્ય) પદનો પ્રયોગ હોવાથી આ સૂત્રની પ્રવૃત્તિ થવાની આપત્તિ આવે.

જિ. : દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયની અપેક્ષાએ આત્માદિ દ્રવ્યો એક અને અનેક સ્વભાવવાળાં છે. તેથી દરેક પદાર્થની તે-તે વિવક્ષામાં એ.વ. અને બ.વ. સિદ્ધ જ હતું તો સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો ?

સમા. : આ સૂત્રનાં નિર્દેશ દ્વારા અહીં ગ્રંથકારશ્રી જણાવે છે કે, નયની અપેક્ષાએ એકત્વ અને બહુત્વ પ્રાપ્ત હોવા છતાં પણ વ્યાકરણની દૃષ્ટિએ ભાષા પ્રયોગમાં વિશેષણ સહિત એ.વ.માં વર્ત્તતાં अस्मद्‌ને બ.વ.નો જ નિષેધ થાય છે.

फल्गुनी-प्रोष्ठपदस्य भे २/२/१२३

અ.અ.સૂ. : भे फल्गुनी-प्रोष्ठपदस्य द्वौ बहुवत् नवा ।

અર્થ : નક્ષત્રમાં વર્ત્તતાં ફલ્ગુની અને પ્રોષ્ઠપદનું દ્વિ.વ. બહુવત્ વિકલ્પે થાય છે.

સ. : **फल्गुनी-प्रोष्ठपदस्य**→फल्गुनी च प्रोष्ठपदा च इति फल्गुनीप्रोष्ठपदम्, तस्येति ।

ઉદા. (૧) कदा पूर्वे फल्गुन्यौ/कदा पूर्वाः फल्गुन्यः→પૂર્વ ફાલ્ગુની નક્ષત્ર ક્યારે છે ?

(૨) कदा पूर्वे प्रोष्ठपदे/कदा पूर्वाः प्रोष्ठपदाः→પૂર્વ પ્રોષ્ઠપદા નક્ષત્ર ક્યારે છે ?

★ આ ઉદા.માં દ્વિ.વ.માં વર્ત્તતાં ફલ્ગુની અને પ્રોષ્ઠપદ નક્ષત્રવાચી નામને આ સૂત્રથી બ.વ.નાં પ્રત્યયો વિકલ્પે થયા છે.

વિશેષતા :

અહીં **चानुकृष्टं नाऽनुवर्त्तते** ૨/૬૨ ન્યાયાનુસારે 'एकः'નો અધિકાર ન આવ્યો હોવાથી દ્વિવચનમાં જ રહેલાં ફલ્ગુની આદિ શબ્દનું ગ્રહણ કરવું. જો કે કેટલાંક વ્યાકરણકારો એકવચનાન્ત ફલ્ગુની આદિ શબ્દનું એકવચનાન્તપણું સ્વીકારતાં નથી. તેથી તેઓનાં મતે દૃશ્યતે ફલ્ગુની એવા પ્રયોગો પ્રાપ્ત થતાં નથી.

गुरावेकश्च २/२/१२४

અ.અ.સૂ. : गुरौ एकः च(द्वौ) बहुवत् नवा ।

અર્થ : ગુરૂ=માનને યોગ્ય. તે અર્થમાં વર્ત્તતાં દ્વિ.વ. અને એ.વ. શબ્દ બહુવત્=બ.વ.માં વિકલ્પે થાય છે.

ઉદા. (૧) **युवां गुरू/यूयं गुरवः**→તમે બે ગુરૂ છો.

(૨) **एष मे पिता/एते मे पितरः**→આ મારા પિતા છે.

★ આ ઉદા.માં માનને યોગ્ય ગુરૂ અને પિતાને આ સૂત્રથી વિકલ્પે બ.વ.નાં પ્રત્યયો થયા છે.

વિશેષતા :

યદ્યપિ एकः‌નો અધિકાર શરૂ થવાથી દ્વૌનો અધિકાર અટકી જાય છે. પણ **चकारो यस्मात्परस्तत्सजातीयमेव समुच्चिनोति** ૨/૬૧ ન્યાયાનુસારે સૂત્રમાં ગ્રહણ કરેલાં ચકાર દ્વારા ચકારની પૂર્વે રહેલ પ્રથમાન્ત एकः‌થી પૂર્વ સૂત્રગત તત્સજાતીય પ્રથમાન્ત દ્વૌનો અધિકાર ગ્રહણ થશે. તથા, **चानुकृष्टं नाऽनुवर्त्तते** ૨/૬૨ ન્યાયાનુસારે દ્વૌનો અધિકાર ઉત્તર સૂત્રમાં જશે નહીં.

॥ **इतिश्रीसिद्धहेमचन्द्रशब्दानुशासनलघुवृत्तिविवरणे द्वितीयेऽध्याये द्वितीयः पादः समाप्तः** ॥

श्लोक : मूलार्कः[1] श्रूयते शास्त्रे, सर्वकल्याणकारणम् ।
अधुना मूलराजस्तु, चित्रं लोकेषु गीयते ॥

• • •

१. આ શ્લોકોને સ્વતંત્ર કાવ્ય તરીકે સં.સૌ. (પરિ. પુસ્તિકા)માં સંપાદિત કરેલ છે. તેનો અર્થ, અન્વય, સમાસ વિ. ત્યાંથી જ જાણી લેવા.

કારક પ્રકરણનાં ઉત્સર્ગ અને નિષેધ સૂત્રો

ઉત્સર્ગ સૂત્ર	નિષેધ સૂત્ર
क्रियाहेतुः०१	न.२८
स्वतन्त्रः०२	नोपसर्गात्०२८
कर्तुर्व्या०३	नोभयो०८९
साधकतमं०२४	तृन्नुदन्ता०९०
कर्माभिप्रेय०२५	क्तयोरसदा०९१
अपायेऽवधि०२९	अकमेरु०९३
क्रियाश्रयस्य०३०	एष्यदृणेनः९४
नाम्नः प्रथमैक०३१	
कर्मणि४०	
क्रियाविशे०४१	
हेतु-कर्तृ०४४	
कृताधैः ४७	
चतुर्थी ५३	
पञ्चम्या०६९	
शेषे ८१	
सप्तम्य०९५	

• • •

કારક પ્રકરણનાં અપવાદ અને વિકલ્પ સૂત્રો

સૂત્ર	કોનો અપવાદ	કોનો વિકલ્પ
વાઽકર્મણા૦૪	–	કર્તૃ
ગતિ-બોધા૦૫	કર્તૃ	–
ભક્ષેર્હિંસા૦૬	કર્તૃ	–
વહેઃ પ્રવેયઃ ૭	કર્તૃ	–
હૃ-ક્રો૦૮	–	કર્તૃ
દૃશ્યભિ૦૯	–	કર્તૃ
નાથઃ ૧૦	–	કર્મ
સ્મૃત્યર્થ૦૧૧	–	કર્મ
કૃગઃ પ્રતિ૦૧૨	–	કર્મ
રુજાર્થસ્ય૦૧૩	–	કર્મ
જાસ-નાટ૦૧૪	–	કર્મ
નિ-પ્રેભ્યો૦૧૫	–	કર્મ
વિનિમેય૦૧૬	–	કર્મ
ઉપસર્ગાદ્૦૧૭	–	કર્મ
કરણં ચ ૧૮	કરણ (કર્મ-કરણ યુગપત્)	–
અધેઃ શીઙ્૨૦	અધિકરણ	–
ઉપાન્વધ્યાઙ્૨૧	અધિકરણ	–
વાઽભિનિ૦૨૨	અધિકરણ	–

सूत्र	કોનો અપવાદ	કોનો વિકલ્પ
काला-ध्व०२३	—	આધાર (કર્મા-કર્મ યુગપત્)
स्पृहेर्व्या०२४	—	કર્મ
क्रुध्-द्रुहे०२७	ષષ્ઠી	—
आमन्त्र्ये ३२	ષષ્ઠી	—
गौणात् समया०३३	ષષ્ઠી	—
द्वित्वेऽधो०३४	ષષ્ઠી	—
सर्वोभयाऽभि०३५	ષષ્ઠી	—
लक्षणवीप्स्ये०३६	ષષ્ઠી	—
भागिनि च०३७	ષષ્ઠી	—
हेतु-सहार्थे०३८	તૃતીયા	—
उत्कृष्टे०३९	ષષ્ઠી	—
कालाऽध्वनो०४२	ષષ્ઠી/સપ્તમી	—
सिद्धौ तृतीया ४३	દ્વિતીયા	—
सहार्थे ४५	ષષ્ઠી	—
यद्भेदै०४६	ષષ્ઠી	—
काले भान्नवा०४८	—	ષષ્ઠી/સપ્તમી
प्रसितोऽत्सुका०४९	—	સપ્તમી
व्याप्ये०५०	—	દ્વિતીયા
समो ज्ञो०५१	—	દ્વિતીયા
दामः संप्रदाने०५२	ચતુર્થી	—

सूत्र	કોનો અપવાદ	કોનો વિકલ્પ
तादर्थ्ये ५४	ષષ્ઠી	–
रुचि-कृप्यर्थ०५५	ષષ્ઠી	–
प्रत्याङः०५६	ષષ્ઠી	–
प्रत्यनो०५७	દ્વિતીયા	–
यद्वीक्ष्ये०५८	દ્વિતીયા	–
उत्पातेन०५९	ષષ્ઠી	–
श्लाघ-ह्नु०६०	દ્વિતીયા	–
तुमोऽर्थे०६१	ષષ્ઠી	–
गम्यस्या०६२	દ્વિતીયા	–
गते र्नवा०६३	–	દ્વિતીયા
मनयस्य०६४	–	દ્વિતીયા
हित-सुखा०६५	–	ષષ્ઠી
तद्भद्रा०६६	–	ષષ્ઠી
परिक्रयणे ६७	–	તૃતીયા
शक्तार्थ-वषड्०६८	ષષ્ઠી	–
आङाऽवधौ ७०	ષષ્ઠી	–
पर्यपाभ्यां०७१	ષષ્ઠી	–
यतः प्रतिनिधि०७२	દ્વિતીયા	–
आख्यातर्यु०७३	ષષ્ઠી	–
गम्ययपः०७४	દ્વિતીયા/સપ્તમી	–

સૂત્ર	કોનો અપવાદ	કોનો વિકલ્પ
प्रभृत्यन्यार्थः०७५	ષષ્ઠી	–
ऋणाद्धेतोः ७६	તૃતીયા	–
गुणादस्त्रियां०७७	–	ષષ્ઠી
आरादर्थैः ७८	–	તૃતીયા
स्तोकाऽल्प०७९	–	તૃતીયા
अज्ञाने ज्ञः०८०	તૃતીયા	–
रि-रिष्टात्०८२	પંચમી	–
कर्मणि०८३	દ્વિતીયા	–
द्विषो वाऽ०८४	–	દ્વિતીયા
वैकत्र द्वयोः ८५	–	દ્વિતીયા
कर्त्तरि ८६	તૃતીયા	–
द्विहेतो०८७	–	દ્વિતીયા/તૃતીયા
कृत्यस्य वा ८८	–	તૃતીયા
वा क्लीबे ९२	–	તૃતીયા
नवा सुजर्थैः ९६	–	ષષ્ઠી
कुशलाऽयु०९७	–	ષષ્ઠી
स्वामीश्वरा०९८	–	ષષ્ઠી
व्याप्ये क्तेनः ९९	દ્વિતીયા	–
तद्युक्ते हेतौ १००	તૃતીયા	–
अप्रत्यादा०१०१	ષષ્ઠી	–

सूत्र	કોનો અપવાદ	કોનો વિકલ્પ
साधुना १०२	ષષ્ઠી	–
निपुणेन चा०१०३	ષષ્ઠી	–
स्वेशेऽधिना १०४	ષષ્ઠી	–
उपेनाऽधि०१०५	ષષ્ઠી	–
यद्भावो०१०६	તૃતીયા	–
गते गम्ये०१०७	તૃતીયા	–
षष्ठी वा०१०८	–	સપ્તમી
सप्तमी चा०१०९	પંચમી	–
क्रियामध्ये०११०	ષષ્ઠી/સપ્તમી	–
अधिकेन०१११	ષષ્ઠી	–
तृतीयाऽल्पी०११२	ષષ્ઠી	–
पृथग्नाना०११३	ષષ્ઠી	–
ऋते द्वितीया०११४	ષષ્ઠી	–
विना ते०११५	ષષ્ઠી	–
तुल्यार्थै०११६	ષષ્ઠી	–
द्वितीयाषष्ठ्०११७	પંચમી	–
हेत्वर्थै०११८	તૃતીયા	–
सर्वादेः०११९	તૃતીયા	–
असत्त्वारा०१२०	પ્રથમા	–

• • •

અભ્યાસ-૧

(અધ્યાય-૨, પાદ-૨)

પ્ર.૧. નીચેનાં પદો દર્શાવતાં સૂત્રો અર્થ સહિત લખો : (કોઈપણ-૧૦) ૧૦

(૧) દ્વિહેતોઃ (૨) હ્વા (૩) અકમેઃ (૪) અભિવદોઃ (૫) વ્યાપ્યં (૬) આધારઃ (૭) ચાસ્મદઃ (૮) કાલા-ધ્વનોઃ (૯) અન્તેન (૧૦) હનુ (૧૧) અભિના (૧૨) અનઞ્ચેઃ

પ્ર.૨. નીચેનાં કાર્ય કરનારાં સૂત્રનાં અ.અ.સૂ. લખો : (કોઈપણ પાંચ) ૫

(૧) કર્મને સપ્તમી કરનાર સૂત્ર

(૨) આધારને કર્મ કરનાર સૂત્ર

(૩) કરણને કર્મસંજ્ઞા કરનાર સૂત્ર

(૪) આધારને કર્મ કરનાર સૂત્ર

(૫) કરણને કર્મસંજ્ઞા કરનાર સૂત્ર

(૬) કર્મને ષષ્ઠી કરનાર મુખ્ય સૂત્ર

પ્ર.૩. નીચેનાં ન્યાયો સૂત્રમાં ઘટાવો : ૨૫

(૧) વિવક્ષાતઃ૰ (૨) ગૌણ-મુખ્યયોઃ૰ (૩) સકૃદ્‌ગતે૰ (૪) નિરનુબન્ધગ્રહણે સામાન્યેન (૫) યેન નાવ્યવધાનં૰

પ્ર.૪. નીચે દર્શાવેલ ધાતુનો ઉપયોગ કરી કર્ત્તરિ, કર્મણિ તેમજ પ્રેરક કર્ત્તરિ, કર્મણિ વાક્યની રચના કરો : ૨૫

(૧) જલ્પ્ (૨) અદ્ (૩) જિમ્ (૪) કૃ (૫) અભિ+વદ્

પ્ર.૫. નીચેનાં પ્રશ્નોનાં ઉત્તર આપો : ૨૫

(૧) દ્વિષો વા૰૨.૨.૮૪ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો ?

(૨) પ્રતિદાન, અતિકુત્સન, ઉપયોગ, પરિક્રયણ શબ્દોનાં અર્થ ઉદા. સહિત સમજાવો.

(૩) દરેક કારકનાં મુખ્ય વિભક્તિ કરનારાં સૂત્રો જણાવી વિવેચનમાં દર્શાવેલાં કારકનાં પેટા ભેદ નામ માત્ર જણાવો.

(૪) करणं च ૨.૨.૧૯ સૂત્ર વિશેષતા સાથે સમજાવો.

(૫) मन्यस्यऽनावा०૨.૨.૬૪ સૂત્રમાં રહેલ બ.વ.નું પ્રયોજન જણાવો.

• • •

અભ્યાસ-૨

(અધ્યાય-૨, પાદ-૨)

પ્ર.૧. નીચેનાં સંસ્કૃત વાક્યોમાં સૂત્રાનુસારે થતી સંજ્ઞા/વિભક્તિ દર્શાવી ગુજરાતીમાં અનુવાદ કરો :

(૧) शत्रुञ्जयो तीर्थानां/तीर्थेषु वा श्रेष्ठतमः ।

(૨) न मा लोष्ठायागम्ये ।

(૩) गुरुः सदा शिष्याय हितमेव वाञ्छत्यतो गुरोर्विनयेन शीघ्रं मोक्षं विन्दन्ते शिष्याः, ततश्च गुणेषु श्रेष्ठो विनयः ।

(૪) यथा रजन्यां चन्द्रः तारकाणां श्रेष्ठश्शोभते तथैव पृथ्व्यां नराणां श्रेष्ठो जिनो महावीरश्शोभते ।

(૫) गुरोर्विनयेन विना मोक्षः नैव विद्यते ।

(૬) पतन्ति यथा तरोः पुष्पाणि, पतन्ति तथा तस्य नेत्राभ्यामश्रूणि ।

(૭) पृथ्व्यां सूर्याद्विना प्रकाशो नाऽऽगच्छति ।

(૮) पुरुषार्थमृते साफल्यं कुतः ?

(૯) न हि दयाया ऋते धर्मस्सम्भवति ।

(૧૦) अलं अभव्यानामुपदेशस्य दानेन ! यतस्ते न किमपि सम्यगाचरन्ति ।

(૧૧) शिशुर्जनकेन साकमेवेष्यति, न तु जनकमन्तरा यतो शिशोर्जनकेऽतीव स्नेहो विद्यते ।

(૧૨) दोषा अस्मभ्यं केवलज्ञानं धारयन्ति ।

(૧૩) एषाः सर्वा अपि स्थूलिभद्रस्य सौदर्या दीक्षाया अनन्तरं संसारस्य न स्मरन्ति ततश्च सुखं विन्दन्ते ।

(૧૪) यथा मयूराय मेघो रोचते तथा यदि जिना अस्मभ्यं रोचन्ते तर्हि वयं मोक्षं विन्दामहे ।

(१५) एते सर्वेऽपि यात्रायै गिरनारं गच्छन्ति । वयमपि गिरनारमेवेष्यामः ।

(१६) धर्मो भव्यायैव रोचते, न सर्वेभ्यः ।

(१७) हे रथनेमे ! त्वां शंसाम्यहं यदुत यदि त्वमेतन्न कस्मा अपि कथयसि तर्ह्यपि जिन एतत् सर्वं बोधत्येव ।

(१८) नेमिस्तीर्थङ्करो गिरनारायारोहति, तत्र प्रव्रजति, तत्रैव च केवलज्ञानं लभते ।

(१९) स्वजना ज्ञातयो वाऽपि न मरणस्यानन्तरं कस्याऽपि स्मरन्ति । अत एतादृशं संसारं ये सम्यग् त्यजन्ति ते भव्याः प्राज्ञाश्च ।

(२०) दुःखैः कष्टैश्च रौद्रोऽयं संसारः, नाऽस्ति संसारे किमपि सारम् ।

(સરલ સંસ્કૃતમાંથી સાભાર)

• • •

અભ્યાસ-3

(અધ્યાય-૨, પાદ-૨)

પ્ર.૧. નીચેનાં ગુજરાતી વાક્યોમાં સૂત્રાનુસારે થતી સંજ્ઞા કે વિભક્તિ દર્શાવી સંસ્કૃતમાં અનુવાદ કરો :

(૧) ચોરનાં ધનનું હરણ કરવું. અતિ આશ્ચર્યકારક હતું.

(૨) રાજાની પાસે ધન માંગતા યાચકો પર્વત પર જનારા છે.

(૩) આ માણસ વડે દિવસમાં ૬ વાર સોનાનાં વાસણમાં પાણી સારી રીતે પીવા યોગ્ય છે.

(૪) અમદાવાદથી ૫૦ ગાઉ ગયે છતે અમારા વડે મુંબઈ નગરી પ્રાપ્ત કરવા યોગ્ય છે.

(૫) લઈ જવા યોગ્ય પુસ્તકોને જ્ઞાનભંડારમાં લઈ જનાર સતત ત્રણ માસ પોતાનાં ઘરમાં રાખે છે.

(૬) સમ્યગ્દર્શન વડે નિગોદ પર શ્રદ્ધા કરવાનાં સ્વભાવવાળી બાઈએ સાધુઓને આહારનું દાન આપ્યું અને તેણે સંયમની સ્પૃહા કરી.

(૭) પાંડવો દેખતે છતે દુઃશાસન વડે દ્રૌપદીનાં ચીર ખેંચાયા, આ જોઈને દ્રોણાચાર્ય કૌરવો પર ક્રોધિત થયાં.

(૮) કેવલજ્ઞાન વડે વિશ્વને જોનાર અમારા ભગવાન ક્ષેત્રે-ક્ષેત્રે ફરીને ભવ્ય જીવોને ઉપદેશ આપતાં સમવસરણાદિ લક્ષ્મી વડે શોભે છે.

(૯) ગુરુ શિષ્યોને તત્ત્વ જણાવે છે. એના દ્વારા શિષ્યો વડે ચિંતન કરીને પોતાનાં જીવનનો ઉદ્ધાર કરાય છે.

(૧૦) આખા વિશ્વનું કલ્યાણ થાઓ.

(૧૧) કાદવામાંથી કીડા પણ ઉત્પન્ન થાય છે. પણ લોકો કમળને જ 'પંકજ' કહે છે. નહીં કે કીડાને.

(૧૨) સાધુઓને ચોરથી, વાઘથી કે સંકટોથી ભય નથી પણ દોષોથી ભય છે.

(૧૩) આંખે કાણો કે પગે ખોડો માણસ પણ જો ભવ્ય હોય તો મોક્ષને મેળવે છે.

(૧૪) કુલમાં જેમ આદિનાથ ભગવાનનું કુલ શ્રેષ્ઠ છે, ફુલોમાં જેમ કમળ શ્રેષ્ઠ છે. તેમ તીર્થોમાં શત્રુંજય શ્રેષ્ઠ છે. શત્રુંજયની સમાન કોઈ પણ તીર્થ પૃથ્વી ઉપર નથી.

(૧૫) રાજાનાં દીકરાને રાજામાં જેવો વિશ્વાસ નથી, તેવો વિશ્વાસ શિષ્યને ગુરુમાં છે.

(૧૬) શિષ્ય ગુરુ કરતાં શરીરથી જુદો છે. પણ ઈચ્છાથી તો તે ગુરુથી અભિન્ન જ છે.

(૧૭) જે ઈચ્છા ગુરુની તે જ ઈચ્છા જે શિષ્યની હોય, તે શિષ્ય બધાં શિષ્યોમાં શ્રેષ્ઠ છે.

(૧૮) આ હોંશિયાર લોકો રોજ દેરાસર જાય છે.

(૧૯) શ્રી મહાવીર તીર્થંકર રાજગૃહી નગરમાં જાય છે. અને બધાં લોકોને ઉપદેશ આપે છે.

(૨૦) ભરત રાજા રોજ બધાં શ્રાવકોને ભોજન આપે છે.

(૨૧) મોક્ષ અમને ગમે છે. અમે મોક્ષની સ્પૃહા કરીએ છીએ.

(૨૨) મુનિઓ બધાંને સંપ્રતિ રાજાની કથાને કહે છે.

(સરલ સંસ્કૃતમાંથી સાભાર)

• • •

ધાતુનાં પ્રકાર :

ધાતુઓનાં ૪ પ્રકાર છે : (૧) **સકર્મક** (૨) **દ્વિકર્મક** (૩) **નિત્ય-અકર્મક** અને (૪) **અવિવક્ષિતકર્મક.**

(૧) **સકર્મક ધાતુ :** જે ધાતુનાં પ્રયોગમાં કર્મનો ઉલ્લેખ કર્યો હોય તેવા ધાતુઓ સકર્મક કહેવાય છે. **ઉદા. वीरो धर्ममुपदिशति→** અહીં उप+दिश्નાં પ્રયોગમાં ધર્મને કર્મસંજ્ઞા થાય છે. માટે उप+दिश् ધાતુ સકર્મક કહેવાય છે.

(૨) **દ્વિકર્મક ધાતુ :** જે ધાતુઓને વિશે પ્રયોગમાં પ્રધાન અને ગૌણ બે કર્મ હોય તે ધાતુઓને દ્વિકર્મક કહેવાય છે. **ઉદા. गां दोग्धि पयः→**અહીં दुह् ધાતુનાં પ્રયોગમાં पयस् અને गोને કર્મસંજ્ઞા થાય છે. માટે दुह् ધાતુ દ્વિકર્મક કહેવાય છે.

★ **नी-ह्व-वहि-कृषो ण्यन्ता दुहि-ब्रू-पृच्छि-भिक्षि-चि-रुधि-शास्वर्थाः पचि-याचि-दण्डि-कृ-ग्रह-मथि-जिप्रमुखा द्विकर्माणः ॥**

દ્વિકર્મક ધાતુઓનાં (ધાતુ પાઠ પ્રમાણે) ક્રમાંક :

णींग् प्रापणे-८८४	प्रच्छंत् ज्ञीप्सायाम्-१३४७	दण्डण्-दण्डनिपाते-१८६८
ह्वंग् हरणे-८८५	भिक्षी याच्ञ्याम्-८८०	डुकृंग् करणे-८८८
वहीं प्रापणे-९९६	चिंगट् चयने-१२९०	ग्रहीश् उपादाने-१५१७
कृषं विलेखने-५०६	रुधृंपी आवरणे-१४७३	मन्थश् विलोडने१५४७
ण्चन्त घ्रां गन्धो०३	शासूक् अणुशिष्टौ-१०९५	जिं जये-८
दुहींक् क्षरणे-११२७	डुपचींष् पाके-८९२	
ब्रूग्क् व्यक्तायां०११२५	डुयाचृंग् याच्ञायाम्-८९१	

★ આ ધાતુઓ દ્વિકર્મક છે. તેમનાં કર્ત્તરિ પ્રયોગમાં બન્ને કર્મને દ્વિતીયા થાય છે. પણ, કર્મણિ પ્રયોગમાં नी, हृ, वह् અને कृष् ધાતુઓનાં મુખ્ય કર્મને પ્રથમા અને ગૌણ કર્મને દ્વિતીયા થાય છે.

તથા, તે સિવાયનાં ધાતુઓનાં મુખ્યકર્મને દ્વિતીયા અને ગૌણ કર્મને પ્રથમા થાય જે નીચેનાં ઉદા.થી જાણી લેવું.

ધાતુ	કર્ત્તરિ પ્રયોગ	કર્મણિ પ્રયોગ
नी	ग्राममजां नयति । બકરીને ગામમાં લઈ જાય છે.	**अजाः** ग्रामं नीयते । બકરી ગામ તરફ લઈ જવાય છે.
हृ	निवासं घासं हरति । ઘાસ ઘર ભેગું કરે છે.	**घासो** निवासं ह्रियते । ઘાસ ઘર ભેગું કરાય છે.
वह्	ग्रामं भारं वहति । ભાર ગામમાં લઈ જાય છે.	**भारो** ग्रामं उह्यते । ભાર ગામ તરફ લઈ જવાય છે.
कृष्	हलं महीं कर्षति । હળ જમીન તરફ ખેંચે છે.	**हलो** महीं कृष्यते । હળ જમીન તરફ ખેંચાય છે.
ण्यन्त घ्रां	पुष्पाणि जिनदासं घ्रापयति । જિનદાસને ફૂલ સુંઘાડે છે.	**जिनदासो** पुष्पाणि घ्राप्यते । जिनदासं **पुष्पाणि** घ्राप्यन्ते । જિનદાસને ફૂલ સુંઘાડાય છે.
दुह्	गां दोग्धि पयः । ગાયના દૂધ દોહે છે.	**गौः** दुह्यते पयः । ગાયનું દૂધ દોહવાય છે.
ब्रू	भव्यान् धर्मं ब्रूते । ભવ્ય જીવોને ધર્મ કહે છે.	**भव्याः** धर्मं उच्यते । ભવ્ય જીવોને ધર્મ કહેવાય છે.

ધાતુ	કર્ત્તરિ પ્રયોગ	કર્મણિ પ્રયોગ
प्रच्छ्	जनं मार्गं पृच्छति । માણસને રસ્તો પૂછે છે.	**जनो** मार्गं पृच्छ्यते । મનુષ્ય માર્ગને પૂછાય છે.
भिक्ष्	गां राजानं भिक्षते । રાજા પાસે ગાય માંગે છે.	**राजा** गां भिक्ष्यते । રાજા પાસે ગાય મંગાય છે.
चि	वृक्षं पुष्पाणि अवचिनोति । વૃક્ષથી પુષ્પો તોડે છે.	**वृक्षो** पुष्पाणि अवचीयते । વૃક્ષોથી પુષ્પો તોડાય છે.
रुध्	शठं गृहमवरुणद्धि । લુચ્ચાને ઘરમાં રોકે છે.	**शठं** गृहोऽवरुध्यते । લુચ્ચો ઘરમાં રોકાય છે.
शास्	मनुष्यं धर्मं शास्ति । માનવને ધર્મનો ઉપદેશ આપે છે.	**मनुष्यो** धर्मं शिष्यते । માનવને ધર્મનો ઉપદેશ અપાય છે.
पच्	तण्डुलानोदनं पचति । તંડુલનાં ભાત બનાવે છે.	**तण्डुलाः** ओदनं पच्यन्ते । તંડુલનાં ભાત બનાવાય છે.
याच्	नृपं धनं याचते । રાજા પાસે ધનની યાચના કરે છે.	**नृपो** धनं याच्यते । રાજા પાસે ધન મંગાય છે.
दण्ड्	देवदत्तं शतं दण्डयति । દેવદત્તને ૧૦૦નો દંડ કરે છે.	**देवदत्तो** शतं दण्ड्यते । દેવદત્તને ૧૦૦ દંડ કરાય છે.
कृ	मृदं घटं करोति । માટીનો ઘડો બનાવે છે.	**मृदो** घटं क्रियते । માટીનો ઘડો બનાવાય છે.
ग्रह्	द्रव्यं धान्यं प्रतिगृह्णाति । પૈસા આપી અનાજ લાવે છે.	**द्रव्यो** धान्यं प्रतिगृह्यते । પૈસા આપી અનાજ લવાય છે.

ધાતુ	કર્ત્તરિ પ્રયોગ	કર્મણિ પ્રયોગ
मन्थ्	समुद्रममृतममथ्नात् । સમુદ્રથી અમૃત વલોવ્યું.	**समुद्रो** अमृतं अमथ्यत । સમુદ્રથી અમૃત વલોવાયું.
जि	गर्गान् शतं जयति । ગર્ગ પાસે ૧૦૦ને જીતે છે.	**गर्गाः** शतं जीयन्ते । ગર્ગ પાસે ૧૦૦ જીતાય છે.

જિ. : भिक्ष् અને याच् ધાતુ એક અર્થવાળો હોવા છતાં તે બન્નેનું પૃથક્ ગ્રહણ કેમ કર્યું ?

સમા. : याच् ધાતુ અનુસરવું અર્થવાળો છે. અને भिक्ष् ધાતુ માંગવું અર્થવાળો છે. આમ, બન્ને ધાતુનાં અર્થ જુદાં-જુદાં હોવાથી તે બન્નેનું પૃથક્ ગ્રહણ છે.

જિ. : કર્મણિ પ્રયોગમાં દુહાદિનાં ગૌણ કર્મને અને ની વિ.નાં મુખ્યકર્મને જ કર્મજ પ્રત્યય (પ્રથમા) કેમ થાય ?

સમા. : કારણ કે ક્રિયા કરતાં જેને પહેલાં પ્રાપ્ત કરાય તે અંતરંગ હોય છે. તેથી તેને જ કર્મજ પ્રત્યય થાય છે. આમ, दुह् વિ. ક્રિયામાં ગાય વિ.ને પહેલાં પ્રાપ્ત કરાય. અને ની વિ.માં અજા વિ.નો વિનિયોગ પહેલાં થાય માટે दुह् વિ.નાં ગૌણ કર્મને અને ની વિ.નાં મુખ્યકર્મને પ્રથમા થાય છે.

(૩) **નિત્ય-અકર્મકધાતુ :** જે ધાતુઓને ભૂત, ભાવિ અને વર્ત્તમાનમાં કર્મ હોતું જ નથી. તે ધાતુઓને નિત્ય-અકર્મક કહેવાય છે.

આ ધાતુઓનો ભાવે પ્રયોગ થાય છે. અને ક્રિયા પ્રધાન હોવાથી ધાતુને નપું. એ.વ. અથવા ત્રી.પુ.એ.વ.નો પ્રત્યય લાગે છે. અને કર્ત્તાને હેતુ-कर्तृ०२.२.४४થી તૃતીયા થાય છે.

નીચેનાં અર્થવાળાં ધાતુઓ અકર્મક ગણાય છે.

लज्जा-सत्ता-स्थिति-जागरणं, वृद्धि-क्षय-भय-जीवित-मरणम् ।
कौटिल्योत्सुक्य-भ्रम-यत्न-ग्लानि-जरा-सामर्थ्य-क्षरणम् ॥
शान्ति-ध्वनि-मज्जन-वैकलव्यं, जृम्भण-रम्भण-रोदन-हसनम् ।
शयन-क्रीडा-रुचि-दीप्त्यर्थं, धातुगणं तमकर्मकमाहुः ॥

શરમાવવું, હોવું, વિકલ થવું, બગાસું ખાવું, ઊભા રહેવું, જાગવું, વધવું, ક્ષય પામવો, ડરવું, જીવવું, મરવું, વાંકા થવું, ઉતાવળા થવું, ભમવું, પ્રયત્ન કરવો, ખેદ પામવું, ઉતાવળ કરવી, રડવું,ઘરડાં થવું, ખરવું, શાંત થવું, અવાજ થવો, ડૂબવું, હસવું, સૂઈ જવું, રમવું, ગમવું, શોભવું આ અર્થવાળાં ધાતુઓ અકર્મક જાણવાં.

તે સિવાય જન્મ થવો, નાચવું, ધ્રુજવું, થાકી જવું, મૂંઝાવવું, ફૂટવું, વસવું, રહેવું, બળવું, સડવું, ઊડવું વિ. અર્થવાળાં જેટલાં પણ ધાતુઓ છે. તે પણ નિત્ય-અકર્મક જાણવા.

(૪) **अविवक्षितकर्मक धातु :** જે સકર્મક ધાતુઓમાં કર્મની વિવક્ષા કરી નથી તે ધાતુઓ અવિવક્ષિતકર્મક કહેવાય છે. **ઉદા. रामः खादति**અહીં કર્મની વિવક્ષા કરેલી નથી. માટે આવા અવિવક્ષિતકર્મક ધાતુમાં ભાવે પ્રયોગ થાય છે. તેથી, રામેણ ખાદ્યતે આવો પ્રયોગ થાય છે. અને અહીં ભાવ=ક્રિયા પ્રધાન હોવાથી ધાતુને નપું.એ.વ. અથવા ત્રી.પુ.એ.વ.નો પ્રત્યય લાગે છે.

• • •

આ પુસ્તકમાં આવતાં ન્યાયોનાં સામાન્ય અર્થ

(૧) **अदाधनदाद्योरनदादेरेव** ૨/૩→જે સ્થાને સૂત્રમાં અદાદિ અને અનદાદિ બંને ગણનાં ધાતુનાં ગ્રહણની સંભાવના હોય, ત્યાં અનદાદિ (બીજા સિવાયનાં ગણ)નો જ ગ્રહણ થાય છે.

(૨) **अपेक्षातोऽधिकारः** ૧/૧૨→અપેક્ષા પ્રમાણે જ કોઈપણ અધિકારની પ્રવૃત્તિ કે નિવૃત્તિ થાય છે.

(૩) **अर्थवद्ग्रहणे नाऽनर्थकस्य** ૧/૧૪→અર્થવાળાં પ્રત્યય કે પ્રકૃતિનું ગ્રહણ સંભવતું હોય ત્યારે અનર્થક પ્રત્યય કે પ્રકૃતિનું ગ્રહણ થતું નથી.

(૪) **उक्तार्थानामप्रयोगः** ૧/૨૮→અન્ય પ્રત્યયાદિ વડે જેઓનો અર્થ ઉક્ત થઈ ગયો હોય તે દ્વિતીયાદિ વિભક્તિ વિ. પ્રત્યયાદિનો પ્રયોગ કરવો નહીં.

(૫) **उपपदविभक्तेः कारकविभक्तिर्बलीयसी** ૧/૪૬→ઉપપદ વિભક્તિ કરતાં કારક વિભક્તિ બળવાન હોય છે.

(૬) **एकानुबन्धग्रहणे न द्व्यनुबन्धकस्य** ૧/૩૩→સૂત્રમાં કહેલ એક અનુબંધવાળાં શબ્દનું ગ્રહણ થતું હોય, ત્યારે બે અનુબંધવાળા શબ્દોનું ગ્રહણ થતું નથી.

(૭) **गौण-मुख्ययोः मुख्ये कार्ये संप्रत्ययः** ૧/૨૨→ગૌણ અને મુખ્ય બે કાર્યને વિશે સંભવતાં હોય ત્યારે મુખ્યને વિશે કાર્ય જાણવું.

(૮) **चकारो यस्मात्परस्तत्सजातीयमेव समुच्चिनोति** ૨/૬૧→ વ્યાકરણસૂત્રમાં च અવ્યય જે શબ્દની પરમાં હોય તે શબ્દનાં સજાતીય જ બીજા શબ્દનો સમુચ્ચય કરે છે.

(૯) **चानुकृष्टं नानुवर्त्तते** ૨/૬૨→ચકાર વડે અનુકૃષ્ટ-પૂર્વસૂત્રથી ખેંચાયેલ પદ આગળનાં સૂત્રમાં જતું નથી.

(૧૦) **द्वन्द्वात्परः प्रत्येकमभिसम्बध्यते** ૩/૧૫→દ્વન્દ્વ સમાસથી પર જે શબ્દ મૂકેલો હોય તેનો દ્વન્દ્વ સમાસનાં ઘટકીભૂત તમામ શબ્દો સાથે સંબંધ થાય છે.

(૧૧) **धातवोऽनेकार्थाः** ૨/૪૩→ધાતુઓનાં અનેક અર્થો હોય છે.

(૧૨) **नान्वाचीयमाननिवृत्तौ प्रधानस्य** ૧/૩૧→સંગ્રહ કરાતાં કાર્યનો અભાવ થયે, પ્રધાનપણે વિહિત કાર્યનો અભાવ થતો નથી.

(૧૩) **नामग्रहणे लिङ्गविशिष्टस्याऽपि ग्रहणम्** ૧/૧૬→ વ્યાકરણ-શાસ્ત્રમાં સર્વત્ર નામ માત્રનો નિર્દેશ કરેલો હોય ત્યારે સ્ત્રીલિંગાદિથી વિશિષ્ટ નામનું પણ ગ્રહણ થાય છે.

(૧૪) **निमित्ताभावे नैमित्तिकस्याऽप्यभावः** ૧/૨૯→નિમિત્તની નિવૃત્તિ થયે છતે નિમિત્તથી થયેલાં કાર્યની પણ નિવૃત્તિ થાય છે.

(૧૫) **निरनुबन्धग्रहणे सामान्येन** ૨/૫→સૂત્રમાં જ્યારે અનુબંધરહિત શુદ્ધ પ્રત્યયાદિનું ગ્રહણ કરેલું હોય ત્યારે સામાન્યથી પ્રત્યયાદિનું ગ્રહણ થાય છે.

(૧૬) **प्रकृतिग्रहणे स्वार्थिकप्रत्ययान्तानामपि ग्रहणम्** ૨/૧→ કેવળ પ્રકૃતિનું ગ્રહણ થયે સ્વાર્થિક પ્રત્યયાની પ્રકૃતિનું પણ ગ્રહણ કરવું.

(૧૭) **यत्राऽन्यत् क्रियापदं न श्रूयते तत्राऽस्ति-र्भवन्तीपरः प्रयुज्यते** ૨/૬૫→વાક્યનાં અંગભૂત પદ સમુદાયમાં અન્ય કોઈ ક્રિયાપદનું શ્રવણ થતું ન હોય ત્યાં ભવન્તી=વર્તમાના વિભક્તિ પરક અસ્ ધાતુનો પ્રયોગ કરાય છે.

(૧૮) **यथासङ्ख्यमनुदेशः समानाम् ૧/૧૦→**બે જુદાં જુદાં પદોની અંદર રહેલાં શબ્દોની સંખ્યા અને વચન સમાન હોય તો તે શબ્દો વચ્ચે અનુક્રમ જાણવો.

(૧૯) **येन नाप्राप्ते यो विधिरारभ्यते स तस्यैव बाधकः ૧/૪૦→** જે વિધિની એકાંતે પ્રાપ્તિ હોતે છતે જે બાધક વિધિનો આરંભ કરાય છે. તે બાધક વિધિ એકાંતે જેની પ્રાપ્તિ હોય તેવા જ બાધ્યવિધિનો બાધ કરે છે. પરંતુ જે વિધિની ક્યારેક પ્રાપ્તિ અને ક્યારેક પ્રાપ્તિ ન હોય તેવા બાધ્યવિધિનો બાધ કરતો નથી.

(૨૦) **येन नाव्यवधानं तेन व्यवहितेऽपि स्यात् ૨/૧૩→**જે સ્થળે વિવક્ષિત કાર્ય કરવામાં અમુક વર્ણાદિથી અવશ્ય વ્યવધાન થાય જ. તે સ્થળે તે વર્ણનું વ્યવધાન હોતે છતે પણ કાર્ય થાય જ છે.

(૨૧) **लक्षण-प्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैव ग्रहणम् ૧/૧૫→** લક્ષણ અને પ્રતિપદોક્ત બે વિધિનો સંભવ હોય ત્યારે પ્રતિપદોક્ત વિધિનું જ ગ્રહણ કરવું.

(૨૨) **विवक्षातः कारकाणि ૧/૧૧→**પ્રયોગ કરવાની ઈચ્છાનુસારે અપ્રાપ્ત હોવા છતાં પ્રથમાં વિ.કારક રૂપે થાય છે. ક્યારેક પ્રાપ્ત હોવા છતાં કારકરૂપે થતાં નથી. તો ક્યારેક અન્ય કારકરૂપે પણ થાય છે.

(૨૩) **सकृद्गते स्पर्धे यद्बाधितं तद् बाधितमेव ૨/૨૩→**બે વિધિની એકત્ર પ્રાપ્તિ હોવામાં એકવાર જે વિધિનો બાધ થયો હોય તે બાધિત જ રહે.

(૨૪) **संज्ञा न संज्ञान्तरबाधिका ૨/૨૭→**વ્યાકરણશાસ્ત્રમાં એક સંજ્ઞા બીજી સંજ્ઞાનો બાધ કરનારી બનતી નથી.

(૨૫) **सन्नियोगशिष्टानामेकापायेऽन्यतरस्याऽप्यपायः** ૧/૩૦→જ્યાં એક સાથે બે કાર્યો કહેલાં હોય, ત્યાં એક કાર્યનો અભાવ થયે બીજું પણ કાર્ય થતું નથી.

(૨૬) **संभवे व्यभिचारे च विशेषणमर्थवत्** ૨/૫૭→જે વિશેષ્યમાં વિશેષણનો સંભવ હોય અને વ્યભિચાર હોય તે વિશેષ્યને વિશે વિશેષણ કહેવું સાર્થક છે.

(૨૭) **सर्वत्रापि विशेषेण सामान्यं बाध्यते न तु सामान्येन विशेषः** ૩/૬→વ્યાકરણશાસ્ત્રમાં સર્વત્ર વિશેષ વિધાન વડે સામાન્ય વિધાનનો બાધ થાય છે. પણ સામાન્ય વિધાન વડે વિશેષ વિધાનનો બાધ થતો નથી.

(૨૮) **सर्वं वाक्यं सावधारणम्** ૨/૫૮→તમામ વાક્યો અવધારણ= નિશ્ચય અર્થ સહિત એવા જ અર્થનો બોધ કરાવે છે.

(૨૯) **साहचर्यात् सदृशस्यैव** ૨/૬→સાહચર્યથી સહચારી પ્રત્યયાદિનું ગ્રહણ થાય છે પણ અસહચારી નહીં.

(૩૦) **सिद्धे सत्यारम्भो नियमार्थः** ૧/૨૫→જ્યારે કોઈક કાર્યનું વિધાન કર્યા પછી ફરી તે જ કાર્યનું વિશેષ વિધાન કરેલું જણાતું હોય ત્યારે તે વિધાન નિયમ માટે થાય છે.

• • •

સંદર્ભસ્થાનો (૨.૨.૧ થી ૨.૨.૧૨૪)

નોંધ : અહીં દર્શાવેલ સંદર્ભ સ્થાનો શ્રી વિજયલાવણ્યસૂરીશ્વર જ્ઞાનમંદિર દ્વારા પ્રકાશિત, પ.પૂ.આ.ભ.શ્રીવિજયલાવણ્યસૂરીશ્વરજી મ.સા. દ્વારા સંપાદિત બૃહન્ન્યાસ વિ. ટીકાથી યુક્ત 'શ્રી સિદ્ધહેમચન્દ્ર શબ્દાનુશાસનમ્' પુસ્તકાનુસારે દર્શાવેલ છે.

વિશેષતા/ જિજ્ઞાસા	સંદર્ભસ્થાન	પેજ નં./ લીટી નં.	વિશેષતા/ જિજ્ઞાસા	સંદર્ભસ્થાન	પેજ નં./ લીટી નં.
૨.૨.૧			વિ.૩	गत्यर्थादीनां०	૮૬/૨૫
વિ.૨	करोतीति०	૭૭/૫૨	વિ.૪	अन्ये तु०	૮૬/૭૦
વિ.૩	क्रियाकाल०	૮૦/૨૩	વિ.૫	नित्यग्रहणं०	૮૭/૭
વિ.૪	स्व-पराश्रयेति०	૮૦/૧૫	વિ.૬	अत्र गत्या०	૮૭/૨૫
વિ.૫	कारकप्रदेशाः०	૭૭/૫૪	જિ.૧	शब्द-कर्म०	૮૭/૩૦
જિ.૧	चैत्रादेस्तु०	૮૦/૧૪	જિ.૨	नित्याकर्मणामित्यत्र०	૮૭/૬૦
જિ.૨	अथ संज्ञा०	૭૮/૧૧	**૨.૨.૬**		
જિ.૩	तथा क्रियमाणे०	૭૮/૧૩	જિ.૧	आहारार्थत्वात्०	૮૯/૨૫
૨.૨.૨			**૨.૨.૭**		
વિ.૧	कर्तृ प्रदेशाः०	૮૦/૪૭	વિ.૧	प्रवीयते०	૯૦/૨
જિ.૨,૩	यद्येवं पाचयत्यो०	૮૦/૭૬	જિ.૧	प्राप्त्यर्थस्य०	૯૦/૭
૨.૨.૩			**૨.૨.૮**		
વિ.૧	तत् त्रेधा०	૮૧/૬૧	વિ.૧	यदा हरति०	૯૦/૫૨
વિ.૩	कर्म-व्याप्यं०	૮૨/૩૬	વિ.૨	ह्र साहचर्यात्०	૯૦/૬૪
૨.૨.૪			**૨.૨.૯**		
વિ.૨	अविवक्षित०	૮૬/૨૧	વિ.૧	दृशेर्बोधा०	૯૧/૧૬
૨.૨.૫			વિ.૨	णिजन्त०	૯૧/૧૯
વિ.૨	नयतेः प्रापण०	૮૭/૧૩			

વિશેષતા/ જિજ્ઞાસા	સંદર્ભસ્થાન	પેજ નં./ લીટી નં.
૨.૨.૧૦		
વિ.૧	नाथतेश्चोपतापै०	૯૧/૭૪
વિ.૨	अणिकर्त्ता०	૯૧/૬૩
૨.૨.૧૧		
જિ.૧	ननु कर्माविवक्षा०	૯૨/૨૨
૨.૨.૧૨		
વિ.૧	सतो गुणा०	૯૨/૩૨
૨.૨.૧૪		
વિ.૧	जसण् ताडने०	૯૩/૭૩
વિ.૨	जास-नाट०	૯૪/૫
જિ.૧	ननु हिंसाया०	૯૪/૫૬
૨.૨.૧૫		
વિ.૧	रागादीन्०	૯૫/૨
વિ.૨.	बहुवचनं०	૯૪/૬૩
૨.૨.૧૬		
વિ.૧	वचनभेदो०	૯૫/૨૬
વિ.૨	प्रकृतिग्रहणे०	૯૫/૪૪
૨.૨.૧૯		
વિ.૧	करणं वेत्येव०	૯૬/૩૩
જિ.૧	अथाक्षान्०	૯૬/૩૭
૨.૨.૨૦		
જિ.૧	अथ किमर्थ०	૯૭/૪૬
૨.૨.૨૧		
વિ.૧	अन्वादि०	૯૭/૬૦
વિ.૨	अदाद्यनदा०	૯૭/૬૨
૨.૨.૨૨		
જિ.૧	व्यवस्थितविभाषे०	૯૮/૨૫
૨.૨.૨૩		
વિ.૧	कालो-मुहूर्त्तादि०	૯૮/૬૦
વિ.૨	अकर्मणामित्यत्र०	૯૯/૬૮
વિ.૩	अन्ये तु सकर्म०	૯૯/૧૦
૨.૨.૨૪		
વિ.૧	यदाह०	૧૦૦/૪૧
વિ.૨	करणप्रदेशाः०	૧૦૦/૨૪
જિ.૧	तमग्रहणा०	૧૦૦/૧૭
જિ.૨	अस्य च०	૧૦૦/૨૦
જિ.૩	ननु प्रकृष्टो०	૧૦૧/૬
૨.૨.૨૫		
વિ.૧	विशिष्टश्च०	૧૦૨/૨૫
વિ.૨	कैश्चिद्०	૧૦૨/૮
વિ.૩	संप्रदान०	૧૦૧/૩૫
૨.૨.૨૬		
વિ.૧	सम्प्रदानसंज्ञा०	૧૦૨/૪૦
૨.૨.૨૭		
વિ.૧	अमर्ष-क्रोधः०	૧૦૨/૫૪
વિ.૨	क्रुधंच०	૧૦૩/૨૧
જિ.૧	अत्रेदं विचार्यते०	૧૦૩/૩૮
૨.૨.૨૮		
વિ.૧	क्रुधि-द्रुही०	૧૦૩/૪૯
૨.૨.૨૯		
વિ.૧	अपायश्च	૧૦૪/૧૪

विशेषता/ જિજ્ઞાસા	संदर्भस्थान	पेज नं./ લીટી નં.	विशेषता/ જિજ્ઞાસા	संदर्भस्थान	पेज नं./ લીટી નં.
वि.२	तदेतत्	१०४/६	२.२.४१		
जि.१	ननु कायसंसर्ग०	१०६/६५	वि.१	द्वितीयार्थं०	१२४/६
२.२.३०			२.२.४२		
वि.१	तत् षोढा०	१०७/३९	वि.१	भावादपी०	१२५/४२
वि.२	अत्रापि०	१०७/३३	२.२.४३		
वि.३	अधिकरणा०	१०७/५५	वि.१	द्वितीया०	१२६/१४
२.२.३१			जि.१	ननु यदि०	१२६/४१
वि.१	कर्मादिशक्तिषु०	१०९/५	२.२.४४		
वि.३	यत्रापि त्याद्यन्तं०	१०९/४१	जि.२,३	ननु इत्थंभूत०	१२८/१५
२.२.३३			२.२.४५		
वि.२	बहुवचनाद०	११५/५	वि.१	अर्थग्रहणात्	१२८/५४
जि.१	अथान्तरा०	११५/२९	जि.१	ननु च०	१२९/५६
२.२.३४			२.२.४६		
वि.१	बहुवचन०	११६/१५	वि.१	आख्या०	१२९/७४
२.२.३६			जि.१	कृत-भवत्यादि०	१३०/१
वि.१,२,३	लक्ष्यते०	११६/४७	२.२.४७		
२.२.३७			वि.१	कृत०	१३१/३६
वि.१	चकारेण०	११७/६७	२.२.४८		
२.२.३८			वि.१	स्थाल्या०	१३२/१३
वि.१	हेतु र्द्वि०	११८/४७	जि.१	चित्रा माणविका०	१३२/२८
वि.३.	अन्ये तु०	११८/७	२.२.४९		
वि.४	तृतीयोऽ०	११८/९	वि.१	करण तृतीया०	१३२/४५
जि.१	ननु द्वितीया०	११८/४१	वि.२	बहुवचन०	१३२/४७
२.२.४०			वि.३	प्रसित०	१३२/६४
जि.१	यत्र पुनरेक्त०	११९/६०	२.२.५०		
			वि.१	तृतीया वीप्स०	१३२/७४

વિશેષતા/ જિજ્ઞાસા	સંદર્ભસ્થાન	પેજ નં./ લીટી નં.
વિ.૨	आदिशब्द०	૧૩૩/૧૬
૨.૨.૫૧		
વિ.૧	नवाऽधिकारे०	૧૩૩/૪૧
વિ.૩	मातुः संज्ञाता०	૧૩૩/૪૧
૨.૨.૫૨		
જિ.૧	इह संपूर्वस्थ०	૧૩૪/૬
૨.૨.૫૫		
વિ.૧	वचनसाम्यं०	૧૩૫/૩૦
વિ.૨	अत्र रुचि०	૧૩૫/૫૨
૨.૨.૫૬		
વિ.૧	अत्र एव च०	૧૩૬/૭૪
૨.૨.૫૭		
જિ.૧	अथ श्रुवा डो०	૧૩૭/૨૪
૨.૨.૫૮		
વિ.૧	विप्रश्नविषय०	૧૩૭/૫૫
વિ.૨	दैवे एवे०	૧૩૭/૪૨
૨.૨.૫૯		
વિ.૧	षष्ठ्य०	૧૩૮/૩૪
જિ.૧	निमित्तं द्विधा०	૧૩૮/૪૮
૨.૨.૬૧		
જિ.૧	न च तुमर्थं०	૧૩૯/૫૪
જિ.૨	एधेभ्यो०	૧૪૦/૧૮
૨.૨.૬૩		
વિ.૧	कृद्योगे०	૧૪૦/૩૦
વિ.૨	गतिशब्दस्य०	૧૪૦/૬૯
૨.૨.૬૪		
વિ.૧	मनूयि बोधने०	૧૪૧/૪૧
વિ.૨	कुत्सामात्रे०	૧૪૧/૩૨
વિ.૩	बहुवचन०	૧૪૧/૩૯
વિ.૪	उक्त कर्मणि०	૧૪૧/૩૭
જિ.૧	नावन्नयोरपि०	૧૪૧/૨૫
૨.૨.૬૬		
વિ.૧	हित-सुख०	૧૪૨/૫૫
વિ.૨	भद्र-क्षेमार्थ०	૧૪૩/૪
૨.૨.૬૮		
વિ.૨	स्वस्ति०	૧૪૩/૬૨
વિ.૩	पृथग्योगादिति०	૧૪૩/૭૧
જિ.૧/૨	यद्येवं०	૧૪૩/૬૭
જિ.૩	बहुवचन०	૧૪૩/૩૨
૨.૨.૭૧		
જિ.૧	ननु अपेन०	૧૪૫/૩૪
૨.૨.૭૨		
વિ.૧	तुल्यार्थैः०	૧૪૬/૫૪
૨.૨.૭૩		
જિ.૧	अपादानत्वेनैव०	૧૪૬/૫૯
૨.૨.૭૪		
વિ.૧	द्वितीया-सप्तम्योः०	૧૪૭/૧૯
૨.૨.૭૫		
વિ.૧	दिशि द्रष्टा०	૧૪૮/૩૪
વિ.૨	गम्यमानेनाऽपि	૧૪૮/૩૮
વિ.૩	बहुवचनं	૧૪૯/૪૩
જિ.૧	इतर शब्दो	૧૪૮/૪૭

विशेषता/ जिज्ञासा	संदर्भस्थान	पेज नं./ लीटी नं.
२.२.७६		
जि.१	हेतु र्हि	१५०/१
२.२.७७		
वि.१	अस्त्यग्नि	१५०/३५
२.२.७८		
जि.१	आरात् शब्द०	१५१/४
जि.२	अथ दूरं हितं०	१५१/५
२.२.८०		
वि.१	वेति०	१५२/७३
वि.२	अथवा सर्पिषि०	१५२/३२
२.२.८१		
वि.१	प्रथमापवादो०	१५५/३
वि.२	स्वस्वामि०	१५४/६४
जि.१	अत्र संबन्धस्य०	१५३/१४
जि.२	कथं राज्ञः०	१५३/१७
२.२.८२		
वि.१	रिप्रभृतयः०	१५५/४८
२.२.८३		
वि.१	कृत इति०	१५६/२९
२.२.८४		
वि.१	तृन्नुदन्ता०	१५६/४८
वि.२	अन्येतु०	१५६/५३
२.२.८५		
वि.१	अन्ये तु नी०	१५७/६५
जि.१	ननु कृत इत्य०	१५७/१३
जि.२	ननु कर्मणीत्य०	१५७/२४
२.२.८७		
वि.१	गम्यमानेऽपि०	१५७/५८
वि.२	भेदिका चैत्रस्य०	१५८/३५
वि.३	अन्ये तु घञल्	१५७/६७
२.२.८९		
जि.१	ननु द्विकर्मकेषु०	१५९/२४
२.२.९०		
वि.१	आनेति उत्सृष्टा०	१५९/४४
	णकच् एधाना०	१५९/५१
२.२.९१		
वि.१	क्तयोः०	१६०/३०
२.२.९२		
वि.१	पूर्वेण प्रतिषेधे०	१६१/२१
२.२.९४		
वि.१	इन इति०	१६१/६०
२.२.९६		
वि.१	सुजर्थै०	१६२/२०
जि.१	अधिकरणे०	१६२/२३
२.२.९७		
वि.१	आधारस्या०	१६३/३
२.२.९८		
वि.१	सप्तम्यर्थं०	१६३/२४
जि.१	स्वामीश्वरा०	१६३/२२
२.२.९९		
वि.१	वर्त्तमानाद् गौणात्०	१६३/४८

વિશેષતા/ જિજ્ઞાસા	સંદર્ભસ્થાન	પેજ નં./ લીટી નં.
૨.૨.૧૦૦		
વિ.૧	न च०	૧૬૪/૩૨
	यदर्थ क्रिया०	૧૬૪/૬૫
૨.૨.૧૦૧		
વિ.૧	इहादिशब्द०	૧૬૫/૧૯
૨.૨.૧૦૩		
જિ.૧	अनर्चायां०	૧૬૫/૩૯
૨.૨.૧૦૪		
વિ.૧	स्वस्वामी०	૧૬૬/૩૯
૨.૨.૧૦૫		
વિ.૧	अत्राप्याधार०	૧૬૬/૬૭
૨.૨.૧૦૮		
વિ.૧	वाशब्दमन्तरेण०	૧૬૯/૧૪
૨.૨.૧૦૯		
વિ.૧	पञ्चमी०	૧૬૯/૩૬
વિ.૨	सर्वत्रैव निर्धारण०	૧૬૯/૫૦
૨.૨.૧૧૦		
જિ.૧	क्रोशे स्थितं०	૧૭૦/૩૭
૨.૨.૧૧૧		
વિ.૨	अत्राधिका०	૧૭૧/૫૨
૨.૨.૧૧૨		
વિ.૧	कर्त्तरी तृतीया०	૧૭૧/૬૬
જિ.૧	भूयस इत्यु०	૧૭૧/૫૧
	सामर्थ्याविति०	૧૭૧/૬૪
૨.૨.૧૧૩		
વિ.૨	अन्ये तु०	૧૭૧/૭૨
જિ.૧	यदा पृथग्०	૧૭૧/૭૦

વિશેષતા/ જિજ્ઞાસા	સંદર્ભસ્થાન	પેજ નં./ લીટી નં.
૨.૨.૧૧૪		
વિ.૧	चकारेणा०	૧૭૨/૧૪
વિ.૨	द्वितीयाम०	૧૦૨/૯
૨.૨.૧૧૫		
વિ.૧	तच्छब्दस्य०	૧૭૨/૨૯
વિ.૨	द्वितीयाम्	૧૭૨/૨૭
૨.૨.૧૧૬		
જિ.૧	तृतीयाम०	૧૭૨/૪૨
૨.૨.૧૧૭		
વિ.૧	अनञ्चेरिति०	૧૭૩/૧૪
૨.૨.૧૧૮		
વિ.૧	हेतौ तृतीया०	૧૭૩/૪૨
વિ.૨	प्रत्यासत्तेरिति०	૧૭૩/૩૮
વિ.૩	अन्ये तु०	૧૭૩/૨૬
૨.૨.૧૧૯		
વિ.૨	प्रथमाम्ने०	૧૭૩/૫૭
વિ.૩	क्रियाया सर्वे०	૧૭૩/૬૧
૨.૨.૧૨૦		
વિ.૧	गौणादिति०	૧૭૪/૩૧
૨.૨.૧૨૧		
વિ.૧	जायेतेऽनया०	૧૭૪/૬૦
૨.૨.૧૨૨		
વિ.૨	अविशेषणे०	૧૭૬/૧૮
જિ.૧	एकाऽनेक०	૧૭૫/૫૯

●●●

—: નોંધ :—

પ્રિન્ટીંગ: જય જિનેન્દ્ર અમદાવાદ મો: ૯૮૨૫૦ ૨૪૨૦૪